લૉર્ડ ચેસ્ટરફીલ્ડનો

પોતાના પુત્રપ્રતિ ઉપદેશ.

તથા

કોલ્ટૉનૂ રચિત સંક્ષિપ્ત સુવાકય.

ભાષાન્તર કર્ત્તા.

સ્વ. રા. સા. હરિદાસ વિહારિદાસ દેશાઇ

તથા

ગો. ત્રિ. દેશાઇ અને સ્વ. પ્રૉ. મ. ન. દ્વિવેદી

આવૃત્તી ચોથી.

પ્રસિદ્ધકર્ત્તા,

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની,

બુકસેલર્સ, એન્ડ પબ્લીશર્સ.

મુંબાઇ.

ઇ. સ. ૧૯૨૦

મૂલ્ય રૂ. ૧-૮-૦



સ્વ. રાવસાહેબ હરિદાસ વિહારીદાસ દેસાઇ.

જન્મ તા. ૨૯ મી જુલાઇ ૧૮૪૦. | અવસાન તા. ૧૭ મી જુન ૧૮૯૫.

 With the courtesy of R. G. Tripathi.

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઈ.

લૉર્ડ ચેસ્ટરફીલ્ડનો

પોતાના પુત્રપ્રતિ ઉપદેશ.

તથા

કોલ્ટૉનૂ રચિત સંક્ષિપ્ત સુવાકય.

ભાષાન્તર કર્ત્તા,

સ્વ. રા. સા. હરિદાસ વિહારિદાસ દેસાઈ

તથા

ગો. વિ. દેશાઇ અને સ્વ. પ્રૉ. મ. ન. દ્વિવેદી.

આવૃત્તી ચોથી,

પ્રસિદ્ધકર્ત્તા,

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની,

બુકસેલર્સ, એન્ડ પબ્લીશર્સ.

મુંબાઈ.

ઈ. સ. ૧૯૨૦

મૂલ્ય રૂ. ૧-૮-૦

Fourth Edition 1920.

ચોથી આવૃત્તિ ૧૯૨૦.

Printed by Chintaman Sakharam Deole, at the Bombay Vaibhav Press, Servants of India Society's Building, Sandhurst Road, Bombay.

Published by N. M. Tripathi & Coy., Booksellers aud Publishers, Princess Street, Bombay.

પ્રસ્તાવના.

શ્રી વિક્રમ સંવત્ ૧૯૨૪—ઇસવી સન ૧૮૬૮—ના બુદ્ધિવર્ધક ગ્રન્થના અંક ૧—૨ માં " ચેસ્ટરફીલ્ડનો પોતાના પુત્રને ઉપદેશ " એ નામથી મૂલ ઇંગ્રેજી પુસ્તક—Lord Chesterfield's Advice to His Son તેનું ભાષાંતર પ્રસિદ્ધ થવાનો આરંભ થયો હતો. અને પછી બહુ અંકોમાં તે ભાષાંતરનું મુદ્રાંકિત થવું ચાલતું રહ્યું હતું. આ ભાષાંતરના આદિમાં જે સંક્ષિપ્ત પ્રવેશક વા ઉપોદ્ઘાત બુદ્ધિવર્ધક ગ્રન્થના તંત્રીની વતી તે સમયે લખવામાં આવ્યો હતો તે આ લખનારે જ બહુભાગે નીચે પ્રમાણે લખ્યો હતો.

" શ્રી સરવતી અને શ્રી લક્ષ્મીનો જ્યાં સંગમ થાય છે, ત્યાં અદ્ભુત સુખશોભા થાય છે. એ સંયોગ દેશના ઉદયનું સુચિન્હ અને સૂચિપત્ર છે.

એ સરસ્વતી અને લક્ષ્મીનો સંગમ પોતાના દેશમાં જોયાથી દૂરદર્શી દેશાભિમાનીઓને જે આનન્દ થાય છે એથી અધિક બીજા કશાથી થતો નથી.

ગીતિ.*

' અન્યોન્ય વિરોધીનિનો એકાશ્રય દુર્લભ બનવો જ કદા '
' શ્રી સરસ્વતી બેનો પણ સંગમ સાધુ—હિતર્થ થાવ સદા. '

---

* परस्परविरोधिन्योरेकसंश्रयदुर्लभम् ।
संगतं श्रीसरस्वत्योर्भूतयेस्तु सदा सताम् ॥

એ મહાકવિ કાલીદાસે **વિક્રમોર્વશીય** ત્રોટકમાં પુરહુવા રાજા પાસે ભરતદ્વારા કરાવેલી યાચના છે, તે યથાર્થ છે. હાલ આપણા રાજ્યકર્તા ઇંગ્રેજોનો જે મહાન પ્રતાપ છે તે એ સંગમ થયાને લીધે જ થયો છે. એટલે હવે એ વિષયનો નિર્ણય કરવા અનુમાન પ્રમાણની અપેક્ષા રહે એવું નથી.

ઉપરની વાર્તા અને લખવાનો પ્રસંગ અમને નીચેના કારણથી આવ્યો છે.

લોર્ડ ચેસ્ટરફીલ્ડ એક પ્રતાપી પુરૂષ હતો:–એટલે કે તે બલવાન, બુદ્ધિમાન, ધનવાન, અને રાજ્યશક્તિમાન હતો. ઈ. સ. ૧૬૯૪ માં લંડન નગરમાં તે જન્મ્યો હતો.

કેમ્બ્રીજ પાઠશાળામાં તેમણે વિદ્યાભ્યાસ કર્યો. પછી સન ૧૭૧૪ માં યુરોપખંડ ઉપર પ્રવાસ કરવાને તે ગયો. તે સંધીમાં તેના કાકા જનરલ સ્ટાન્હોપને પ્રથમ જ્યાર્જના મંત્રીનું પદ મળતાં ચેસ્ટરફીલ્ડને સ્વદેશ તેડાવ્યો. યૌવનદશા પ્રાપ્ત થતા પહેલાં તો તે ઇંગ્રેજી જ રાજ્યસભા (Parliament) માં એક સભાસદરૂપે વરાયો. તેનામાં ભાષણ કરવાની શક્તિ બહુ સારી હતી. તેના પક્ષના પ્રતિપક્ષીઓને તો તેની એટલી ભીતિ લાગી કે કંઇક મિષે સભામાંથી તે દૂર થાય, એવો લાગ તે ખોળતા. સન ૧૭૨૬ માં તેના પિતાનું મરણ થતાં ચેસ્ટરફીલ્ડને તેનું સ્થાન તથા સારો ગ્રાસ મળ્યાં. તેમ થતાં તેને રાજ્યસભાનાં ઉપરિસ્થ ગૃહ (Upper House of Parliament) માં જવું પડ્યું. બીજા જ્યૉર્જના સમયમાં તેને રાજ્યાધિકાર મળવા માંડ્યા. અન્તે સન ૧૭૪૫ માં તે આયર્લંડનો લોર્ડ લેફ્ટિનન્ટ (રાજપ્રતિનિધિ) થયો. ત્યાં તેણે સમતા તથા

મર્યાદાથી લોકપ્રીતિ સંપાદન કરી એવી સારી રીત્યા રાજ્ય ચલાવ્યું છે કે, ત્યાંના લોકો ઉપકાર માની તેને હજી સંભારે છે. સન ૧૭૪૬ માં તેને રાજ્યના મંત્રી (Secretary of State) નું પદ આપવામાં આવ્યું, જે તેણે મંદપ્રકૃતિને લીધે તથા કંઇક અન્ય કારણથી બે વર્ષમાં છોડી દીધું.

એ પ્રમાણે ધનની તથા અધિકારની અનુકૂલતા હતી તોપણ તે લખવાના યશસ્વી કાર્યમાં પશ્ચાત ન હતો. The World (જગત) આદિ અનેક પત્રોમાં તે અનેક વિષયો લખી પ્રસિદ્ધ કરાવતો. તે એવા તો સરસ લખાતા કે વિદ્વાન ડાકટર જાન્હ-સન જેવા પણ તેના વખાણ કરતા. સન ૧૭૭૩ માં ૭૯ વર્ષના વયે તે મરણ પામ્યો.

એ કુલીન પુરૂષ, મહાવિવેકી, અનુભવી અને બહુ પ્રકારે પૂર્ણ હતો. તેણે પોતાના પુત્રોને પત્ર લખ્યા હતા તે તેની પ્રપંચદક્ષતા સારૂ હજી પણ પ્રસિદ્ધ છે. તેના ગ્રંથોમાં તેનો 'પોતાના પુત્રપ્રતિ ઉપદેશ' નામનો ગ્રંથ એક મુખ્ય ગણાય છે. તેમાં સંસારવ્યવહારોપયોગી અનેક વિષયોપર પોતાના અનુભવેલા વિચાર સંક્ષેપમાં લખ્યા છે. તે આ ગ્રંથના વાંચ-નારના વાંચ્યામાં આવશે જ; એટલે તે વિષયે અત્ર વિવેચન કરવાની અગત્ય નથી.

એવા એક ભારે સમૃદ્ધિમાન, પ્રતાપી, અનુભવી, કુલીન પુરૂષના વિચારનું ભાષાંતર, આપણા દેશનો એક પ્રતાપી, કુલીન યુવક કરે, એ બહુ સન્તોષદાયક છે. પૂર્વોક્ત ગ્રન્થનું ભાષાંતર એક ધનવાન, વિદ્વાન, યુવકે કરવા માંડયું છે. તેણે કૃપા કરી

અમારા માસિક પત્ર દ્વારા એ પ્રસિદ્ધ થવા મોકલ્યું છે. તે બહુ ખુશી સાથે માન્ય કરીએ છીએ. આ પ્રસંગે અમારા બીજા ધનવન્ત ગૃહસ્થોને સૂચના કરીએ છીએ કે લોકકલ્યાણાર્થે લખવાનું કાર્ય સર્વ કરતાં ઉત્તમ અને કીર્તિદાયક છે. ઇશ્વરકૃપાથી એ શુભ કાર્ય કરવાની જેનામાં શક્તિ હોય તેણે એ લાભદાયક કાર્ય કરવાનો અવસર જવા દેવો નહિ. લખનારની પંક્તિમાં નામ લખાય એ સમાન બીજું થોડું છે. ગ્રંથકારની પંક્તિમાં નામ આવે એ કેટલું મૂલ્યવત છે તે આપણાં મહારાણી વિક્ટોરિયા જેવાં ગ્રંથકારની પંક્તિમાં નામ લખાવવા યત્ન કરે છે તે ઉપરથી જ સ્પષ્ટ જણાઇ આવશે.

પૂર્વોક્તઃ—'આપણા દેશનો એક પ્રતાપી કુલીન યુવક'—ભાષાન્તર કર્તા, જેનું નામ તે સમયે આપવામાં આવ્યું નથી, તે કોણ છે, તેનું તો આ પુસ્તકનું મુખપત્ર જ હવે પ્રકાશન કરે છે કે, તે નડીયાદના બહુપ્રસિદ્ધ દેસાઈકુલના જયેષ્ટ, અને સૌરાષ્ટ્રરાજ્યના પ્રધાન–રાજમાન્ય રાજ્ય શ્રીયુત હરિદાસ વિહારિદાસ છે. તેમણે ભાષાન્તર કરતાં જે ભાગ શેષ હતો તેનું ભાષાંતર તેમના જ કનિષ્ઠ બાંધવ રા. રા. ગોપાળદાસ વિહારિદાસ દેશાઈ તથા સાક્ષર રા. મણિલાલ નભુભાઈ દ્વિવેદી એઓએ પૂર્ણ કર્યું છે.

લૉર્ડ ચેસ્ટરફીલ્ડનામાં પ્રાપંચિક બુદ્ધિ વિશેષ હતી. અન્તરંગ સાધન પ્રકૃતિથી જગતને આકર્ષ્યા કરતાં, બહિરંગસાધન–આકૃતિથી જગતને મોહપાશમાં નાંખવા, તેનો પ્રયત્ન અધિક હતો, એમ તેના ચરિત તથા લેખથી જણાય છે. અન્તરના સ્થાયિભાવવિષયમાં તેનું યથેચ્છ લક્ષ દેખાતું નથી. બહિ-

રના અનુભાવ ઉપર તે પોતે બહુ લક્ષ રાખતો; અને તેના પુત્ર પ્રતિ ઉપદેશમાં પણ તે તરી આવે છે. બાહ્યવિનય તથા બાહ્ય શિષ્ટાચારમાં જ વ્યવહારકુશળતા વસે છે એમ માની તે પ્રમાણે વર્ત્યો જણાય છે. કાચા રંગની પેઠે તુરત તો, ગુણાભાસ, યુક્તિ, વિનય, સભ્યાચારાદિ ચાતુર્ય, સામાન્ય લોકને આકર્ષે છે, પણ અન્તે તે ચાતુર્ય ફીકું પડી ઉડી જઇ તે ધારણ કરનારને હાનિ નહિ, તો લાભ તો નથી જ કરતું. સત્ય જ નિત્ય છે. અન્તરની વિશુદ્ધિ વા સદ્ગુણો જ સદા પ્રકાશી રહી સ્વ-પરને લાભપ્રદ તથા સુખપ્રદ થાય છે. સામાન્ય રીત્યા તો ગમે તેમ જોવામાં આવે, પરન્તુ સમજુ મનુષ્યો તો આભાસથી ન છેતરાતાં ગુણની પરીક્ષા કરી તદનુસાર જ તેનું મૂલ્ય આંકે છે. બાહ્યની સભ્યતા કરતાં અન્તરના સમભાવથી (Sympathy) તેઓ અધિક પ્રસન્ન થાય છે. રાજ્યાધિકાર, ધનાઢ્યતા, કે એવી જ કોઈક ચંચલ સંપત્તિને લીધે ગુણાભાસોથી લોકોને છેતરવા કેટલાંક મનુષ્યો સમર્થ થાય છે, પણ તે સ્વભાવે ક્ષણ-ભંગુર સંપત્તિથી ચાલતાં, જે ધારણાથી છલ કરવામાં આવ્યું હોય છે તેથી વિપરીત જ ફલ થાય છે. એમ બહુ પ્રસંગે જોવામાં આવે છે.

સભ્ય લૉર્ડ ચેસ્ટરફીલ્ડ અને વિદ્વાન ડાકટર જાન્હસનના સંબંધનો એક પ્રખ્યાત પ્રસંગ અત્ર નીચે ઉતાર્યો છે તે ઉપ-રથી બહુ વિચાર સુઝવાનો સંભવ છે.

તે સમયે ઇંગ્લંડમાં કેવી સ્થિતિ હતી, રાજ્યાધિકારીનો અને વિદ્યાધિકારીનો પરસ્પર કેવો સંબંધ રહેતો, અધિકાર-વાન, ધનવાન આદિ અન્યવાન કરતા સ્વાશ્રયી વિદ્યાવાન

અધિક સમયસુધી કેટલું ઉચ્ચ પદ ભોગવે છે, એ આદિ આ પ્રસંગથી સહુજ જણાઈ આંવે છે.

લૉર્ડ ચેસ્ટરફીલ્ડ એક જાતિની બુદ્ધિથી યુક્ત તો હતો જ. તેની સ્વાર્થદૃષ્ટિએ પણ તેને દેખાડયું હતું કે વિદ્વાનોનો વ્યાસંગ બહુ ઉપયોગી અને લાભકારક છે. તેથી વિદ્વાનોને આકર્ષવા તે પ્રયત્ન કરતો હતો. ડાકટર જાન્હસને ઇંગ્રેજી કોષ રચવાનો સંકલ્પ કર્યો છે જાણી ચેસ્ટરફીલ્ડે તેની પ્રશંસા દ્વારાએ એ શુભ કાર્ય સાથે સંબંધ કરવા ઇચ્છયું. પરસ્પરના સ્નેહી સંબંધીઓ દ્વારા તેમ અનુસંધાન પણ થયું. કોષની રચના વિષયનું પ્રથમ પત્ર લોર્ડ ચેસ્ટરફીલ્ડને સંબોધાયું. ચેસ્ટ-રફીલ્ડે પોતાના ગૃહમાં તેડાવી ડાકટર જાન્હસનની આગત-સ્વાગત કરવા માંડી અને સભ્યતા તથા વિવેકાભાસ પૂર્ણ દેખાડ્યાં. બાહ્યાંતરમાં ભેદ હતો તે ડાકટર જાન્હસનના જાણ-વામાં તે વેળા ન આવ્યું.

પરન્તુ–अतिपरिचयादवज्ञा सततगमनादनादरो भवति ॥

કહેવાય છે કે, અતિ પરિચય ન રાખ્યા છતાં પણ ડાકટર જાન્હસનથી અવજ્ઞા થવા માંડી. એક દિવસ મળવા જતાં બહુ-વાર સુધી બહિર બેશી રહેવા પડયું. અને તેમ થવાનું અવજ્ઞા વિના બીજું કારણ ન જણાયાથી ડાકટર જાન્હસને ચેસ્ટરફી-લ્ડના ઉપેક્ષા અને અનાદર જોઇ પછી જાન્હસને પણ તે પ્રતિના અપેક્ષા આદર તથા સ્નેહ મમતા છોડી દીધાં.

ઇ. સ. ૧૭૫૫ માં ડાકટર જાન્હસનનો કોષ પ્રસિદ્ધ થ-વાનો સમય આવ્યો. ચેસ્ટરફીલ્ડ એમ આશા રાખતો કે કોષ પોતાને અર્પણ થાય. વચ્ચે ઉપેક્ષા દર્શાવેલી તેની કટુતા કહાડી

નાંખવા ચેસ્ટરફીલ્ડે The World જગત્ નામના પત્રમાં અંક ૧૦૦+૧૦૧ ના વિષયો લખી કોપકર્તાની અને કોપની પ્રશંસા લખી, પરોક્ષ રીત્યા તે વાર્તા ડાકટર જાન્હુસનને જણાવી પણ ખરી પરન્તુ એ સામ* ઉપાયની યુક્તિ નિષ્ફલા ગઇ. અન્તરભાવ વિનાનાં મુખ મધુર શબ્દથી હવે જાન્હુસન છેતરાય તેમ નહતું આ પ્રસંગે ડાકટર જાન્હુસને લોર્ડ ચેસ્ટરફીલ્ડને એક પત્ર લખ્યો છે તે હજી પણ પ્રખ્યાત છે, પરંતુ તે વેળા તો તે બહુ જ ઉદ્દીપક ગણાઇ બહુ જનની ચર્ચાનો વિષય થયો હતો તે પત્ર નીચે પ્રમાણે હતો.

February 7th, 1755.

To,

THE RIGHT HONOURABLE

THE EARL OF CHESTERFIELD.

MY LORD,—I have been lately informed, by the proprietor of the *World*, that two papers, in which my Dictionary is recommended to the public, were written by your Lordship. To be so distinguished, is an honour, which, being very little accustomed to favour from the great, I know not well how to receive, or in what terms to acknowledge·

When, upon some slight encouragement, I first visited Your Lordship, I was over-powered, like the rest of mankind, by the enchantment of Your address, and could not forbear to wish that I might boast myself *levainqueur du rainqueur de la terre*; that I might obtain that regard for which I saw the world contending; but I found my attendance so little encouraged, that neither pride nor modesty would continue it. When I had once

* પ્રિય વાક્ય બોલી સાંત્વન કરવું. તે.

addressed Your Lordship in puplic, I had exhausted all the art of pleasing which a retired and uncourtly scholer can possess. I had done all that I could; and no man is well pleased to have his all neglected; be it ever so little.

Seven years, my Lord, have now past since I waited in your outward rooms or was repulsed from your door during which time I have been pushing on my work through difficulties, of which it is useless to complain, and have brought it, at last, to the verge of publication, without one act of assistane, one word of encouragemet, or one smile of favour. Such treatment I did not expect, for I never had a patron before.

The shepherd in Virgil grew at last acquainted with Love, and found him a native of the rocks.

Is not a patron, my, Lord one who looks with unconcern on a man struggling for life in the water, and, when he has reached ground, encumbers him with help? The notice which you have been pleased to take of my labours had it been early, had been kind; but it has been delayed till I am indifferent, and cannot enjoy it; till I am solitary, and cannot impart it; till I am known, and do not want it. I hope it is no very cynical asperity, not to confess obligations where no benefit has been received, or to be unwilling that the public should consider me as owing that to a patron, which providence has enabled me to do for myself.

Having carried on my work thus far with so little obligion to any favourer of learning, I shall not be disappointed though I should conclude it, if less be possible, with less; for I have long been wakened from that dream of hope, in which I once boasted myself with so much exultation.

My Lord,

Your Lordship's most humble and

Most obedient servant,

SAM. JOHNSON.

એ પ્રસંગ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે સ્વાશ્રયી પુરૂષો કોઈની અપેક્ષા રાખ્યા વિના પણ મહાકાર્યો કરી શકે છે. જગતની સામાન્ય દૃષ્ટિમાં કોઈ ગમે તેવો મ્હોટો ગણાતો હોય પણ નિઃસ્પૃહીને તે તૃણવત્ છે.

ગુણાભાસ દર્શાવવામાં ચેસ્ટરફીલ્ડ બહુ ચતુર છતાં પણ તેને તેમાંથી કશો સ્થાયી લાભ થયો નથી. અન્તે તેને પોતાને પણ તેનો મોહ નષ્ટ થઇ ગયો હતો અને ઉત્તરાવસ્થામાં તે પશ્ચાત્તાપસહિત મનભંગ અને દુઃખી થયો હોય એમ તેના જ એક વાકય ઉપરથી અનુમનાય છે. એક પ્રસંગે તેણે કહ્યું છે કે:—

"Lord Tyrawly and I have been dead these two years; but we do not choose to have it known."

" લૉર્ડ ટયરાલી અને હું બે વર્ષથી મુવા છિયે પણ તે જાણવા દેવું અમને રૂચતું નથી.

લોકોમાં તેનું એવું વિસ્મરણ અને એવી અવજ્ઞા થઈ હતી કે તેના જેવા કુશલ મનુષ્યને ભાવવિનાના અનુભાવથી અન્તે થતી હાનિનું ભાન થયા વિના રહે જ નહિં.

તેણે જે અમરકર વિદ્યાનો આશ્રય લીધો હતો અને પ્રસ્તુત " પુત્ર પ્રતિ ઉપદેશ " આદિ જે લખાણ કર્યાં હતા તેને લીધે જ, બહુજનનાં મન આકર્ષી કીર્ત્તિ સંપાદન કરવાની તેના અંતઃકરણની બલવત્તરા ઇચ્છા હતી તે, કંઇ અંશે સિદ્ધા થઇ છે.

સામાન્ય લોકમાં બાહ્યોપચારનું તાત્કાલિક બલ જોવામાં આવે છે તેથી તે કેટલેક અંશે ઉપયોગી છે. પરન્તુ તેનાં મૂલ

અન્તરના સદ્ગુણુમાં હોય તો તેનું સૌન્દર્ય કંઇક અપર જ થાય છે. વસ્ત્રની સુન્દરતા પણ હોય તો તેનો પ્રતાપ અસાધારણ થાય છે.

દૃશ્યનીતિ–રીતિનાં મૂલ, ગુપ્ત વા અગોચર અંતરના સદ્ગુણોમાં હોય તો તેનું બલ તો બહુ જ છે. એ ઉભયનો સંયોગ સર્વને અવશ્ય સુખપ્રદ થાય છે. એક સ્વાભાવિક સુન્દર વાટિકા હોય તેમાં અનેક સપુષ્પફુલ વૃક્ષ, વનસ્પતિ, વલ્લિ આદિ હોય છે તે, તેના સંબંધીઓનાં મનને રંજન તથા હરણ કરી તેમને સુગંધ અને સુસ્વાદ પણ આપે છે. પરન્તુ કોઈ વૃક્ષાદિની પુષ્પફલવાળી શાખાઓ કાપી લાવી કૃત્રિમ વાટિકા રચી હોય તે. તુરત તો કદાપિ મનોહર લાગે પણ તેના મુલ અન્તરમાં ન હોવાથી, પછી વેળા વીતતાં તે કરમાઇ સુકાઇ બગડે છે. અને અન્તે તે નિર્જીવ વસ્તુ દુર કરવા યોગ્ય જ થાય છે. તે જ પ્રકારનો–અન્તરના વિશુદ્ધ ભાવરૂપી મુલસહિતના બહિરના સજીવ વિવેક વિનયાદિ અનુભવમાં, અને નિર્જીવ કૃત્રિમ અનુભાવમાં નિર્જીવ અન્તર છે. અને તેમ છે એ કારણથી લોર્ડ ચેસ્ટરફીલ્ડના આ "પુત્ર પ્રતિ ઉપદેશ" સાથે મુલ પુસ્તકના આધુનિક પ્રસિદ્ધ કર્તાએ, રેવરેન્ડ કૉલ્ટાન નામના ધર્માધિકારીકૃત Lacon 'સંક્ષિપ્ત સુવાકય' માનો કેટલોક ભાગ તે જ પુસ્તકમાં આપ્યો છે એમ અનુમાય છે. અને એવા જ કારણથી–બાહ્યાન્તરગુણ પરસ્પર સહકારી થયે બહુ ઉપકારી થાય છે. તેથી–તે ઉભયદર્શક બંને ગ્રન્થનું ભાષાંતર અત્રે આપ્યું છે.

બાહ્યોપચાર સંબંધમાં આપણા દેશમાં એવો વિચાર છે કેઃ—

" उपचारः कर्तव्यो यावदनुत्पन्नसौहृदाः पुरुषाः ।
उत्पन्नसौहृदानामुपचारः कैतवं भवति " ॥

જ્યાં સુધી પુરૂષોમાં સ્નેહ–બાંધવતા–ઉત્પન્ન નથી થયાં ત્યાં સુધી ઉપચાર કરવો યોગ્ય છે, પરન્તુ સ્નેહ–બાંધવતા ઉત્પન્ન જેમનામાં થયા છે એવા પુરૂષોને ઉપચાર છે તે કપટરૂપ થાય છે.

મનુષ્યો પરસ્પર સંબંધમાં આવે છે તેના મુખ્ય ત્રણ પ્રકાર છે,–કાયિક, વાચિક તથા માનસિક. પરસ્પરનાં દર્શન-માત્રથી જે મન ઉપર છાયા પડે છે તે કાયિક આચારથી પડે છે. તે તન્નિષ્ટ સ્વરૂપથી, વસ્ત્રથી તથા અભિનય, ચેષ્ટા, હાવ આદિથી જણાય છે. ભાષણ થયાથી મન ઉપર જે ચિન્હ થાય છે તે વાચિક ઉપચારથી થાય છે. તે તન્નિષ્ઠ પ્રિય, અનુકૂલ, સવિનય ભાષણથી જણાય છે. મુખ્યત્વે આ બે વિષય–જેનો ઉપયોગ માત્ર પ્રત્યક્ષ સંબંધમાં આવનાર વિષે જ થઇ શકે છે–તે લૉર્ડ ચેસ્ટરફીલ્ડે પોતાના " પુત્રપ્રતિ ઉપદેશ "માં વર્ણ્યા છે.

તૃતીય પ્રકાર માનસિક વિચારનો છે. તે બહુકરી પ્રત્યક્ષ નથી દીસતો પરન્તુ પરિણામ અથવા કાર્યથી અનુમાન કરવા યોગ્ય છે. માનસિક વિચારથી મન ઉપર જે મુદ્રા પડે છે તે બલવતી હોય છે, અને બહુ વેલા સુધી રહે છે. તે બહું કરી અપરોક્ષ હોય છે, અને ફલ થયાથી જણાય છે. અને કોઇ સંબંધમાં તો તેના સ્વરૂપનો બાહ્ય પ્રકાશ નથી પણ જણાતો. પરંતુ તે જ સર્વોપરી છે. અને તેના ઉપયોગનો પણ પ્રત્યક્ષ પરોક્ષ બહુ જ વિસ્તર છે. આ ત્રિજો પ્રકાર Lacon ના 'સંક્ષિપ્ત સુવાકય' જેવા લેખોમાંથી ગ્રહણ કરવાનો છે.

એ રીતે આચાર—ઉપચાર તથા વિચારની કંઈક વ્યવસ્થા છે. એ ત્રણેનું મેલન યથેચ્છ પ્રકારે જેનામાં હોય છે તેનાં પ્રતાપ તથા સામર્થ્ય અસાધારણ હોય છે. પરન્તુ એકત્ર એવું યથેચ્છ મિશ્રણ દુર્લભ છે. એ ત્રણમાં વિચાર એ જીવન જેવો મુખ્ય છે, માટે કોઈ જન સંબંધી કંઈ પણ અભિપ્રાય બાંધવો હોય તો તેનો મુખ્ય આધાર વિચાર ઉપર જ રાખવો યોગ્ય છે.

આશા છે કે આ દેશના સત્ત્વગુણપ્રિય લોક—રજોગુણનાં પરિણામ જે બાહ્યના આચાર—ઉપચાર, તેના કરતાં અન્તરના વિચાર તથા વિશુદ્ધિ ઉપર વિશેષ પ્રીતિ અને વિશ્વાસ રાખશે. ઈશ્વર સર્વને સુમાર્ગે પ્રેરો એમ પ્રાર્થના—પૂર્વક આ પ્રસ્તાવના સમાપ્ત થાય છે.

મુંબઈ, ગિરગામ, સંવત્ ૧૯૪૬ ના વૈશાખ સુદી ૨. } મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી.

અનુક્રમણિકા.

સંક્ષિપ્ત—સુવાક્ય.

સાક્ષરજીવન.

કર્તાની ત્રણ રંગની છેલ્લામાં
છેલ્લી છબી સાથે.

વિદ્વાન્

પ્રો. બળવંતરાય ક. ઠાકોર, બી. એ. ના
ઉપોદ્‌ઘાત તથા ટિપ્પણ સાથે,
સત્તર વર્ષપર લખાયલો
અપૂર્વ લેખ.

કર્તા,

સ્વ. રા. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી,
બી. એ. એલએલ. બી.

મૂલ્ય રૂપીયા બે.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપનિ, મુંબાઈ.

ગુલામગિરીનો ગજબ.

[આઠ ચિત્રો તથા કર્તાની છબી સાથે]

ગુલામગિરીના ત્રાસથી પીડિત લોકોના જીવનનું કરૂણાભર્યું ચિત્ર આલેખતી નવલકથાનો અનુવાદ.

મૂળ અંગ્રેજી લેખક,

મિસીસ હેરીએટ બીચર સ્ટૉ.

અનુવાદક,

અ. સૌ. વિમળા સેતલવાડ.

મૂલ્ય રૂપીયા બે.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપનિ, મુંબાઈ.

ઉષાકાન્ત.

આઠ ચિત્રો તથા કર્તાની છબી સાથેની
જાણીતી સાંસારિક નવલકથા.

લેખક,

સ્વ. રા. ભોગીન્દ્રરાવ રતનલાલ દિવેટીયા. બી. એ.

ગુજરાતના આ જાણીતા લોકપ્રિય વાર્તાકાર સ્વ. રા. ભોગીન્દ્રરાવ દિવેટીયાને કોણ ઓળખતું નથી? એમની અનેક નવલકથાઓ પ્રેમથી અને રસથી ગુજરાતી પ્રજા વાંચે છે. ઉષાકાન્ત એમની જાણીતી અને લોકપ્રિય નવલકથા છે, આ તેની નવી બીજી આવૃત્તિ છે. તેમાં આઠ સુન્દર ચિત્રો છે. ઘણા વખત પછી આ નવી આવૃત્તિ તૈયાર થઇ છે.

મૂલ્ય રૂપીઆ બે.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપનિ, મુંબઈ.

મારી વીસ વાર્તાઓ.

[આઠ ચિત્રો તથા કર્તાની છબી સાથે.]

સુન્દર વાર્તાઓનો સંગ્રહ.

લેખક,

રા. કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ.

બી. એ., એલએલ. બી.

વીસ વાર્તાઓ—૧. અબલાઓનો એકકો. ૨. કારાગૃહની કિશોરી, ૩. માલતી મંડપ. ૪. નગરશેઠની ચતુરાઇ. ૫. મનંતરાય અને દિકરી. ૬. કોઈ કહેશો એ શું કરશે? ૭. એલએલ. બી. નો અભ્યાસ. ૮. એક દુઃખદાયક દૃશ્ય. ૯. એક ફકીરની કહાણી. ૧૦. સ્વદેશી માલ કેમ આવ્યો ? ૧૧. એક છોકરીના મનનો ઉભરો. ૧૨. જમાઇરાજ. ૧૩. કૉલેજની રજામાં. ૧૪. જુનું કે નવું ? ૧૫. વસુનાં નવાં શિક્ષક. ૧૬. પરીક્ષાનું પરિણામ. ૧૭. બટુકનો બાપ કોણ ? ૧૮. લેફ્ટનંટ મહેતા વી. સી. ૧૯. કમનસીબની કહાણી. ૨૦. ઈન્દિરા.

મૂલ્ય રૂપીઆ બે.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપનિ, મુંબાઈ.

લલિતનાં કાવ્યો.

[લેખકની છબી સાથે.]

લેખક,

રા. લલિત ઉર્ફે રા. જન્મશંકર મ. બુચ.

રા જન્મશંકર મહાશંકર બુચ, ગુજરાત કાઠીયાવાડમાં કોમળ ભાવમિશ્રિત કાવ્યોના લેખક તરિકે આજ વર્ષોથી લલિતના ઉપનામથી પ્રસિદ્ધ છે. આ કાવ્યો ગુર્જર પ્રજામાં હોંશે વંચાય છે અને રા. લલિતનું નામ ગુર્જર પ્રજાના હોઠે રમી રહ્યું છે.

[આવૃત્તિ બીજી]

મૂલ્ય રૂપીઆ એક.

"Lalit's performances are sure to live long" —Modern Review, Decr. 1918.

"લલિતનાં કાવ્યો લાંબા કાળ સુધી જરૂર વંચાશે."
—મોડર્ન રીવ્યુ, ડીસેમ્બર ૧૯૧૮.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપનિ, મુંબાઈ.

Printed by C. S. Deole, at the Bombay Vaibhav Press, Servants of India Society's Building, Sandhurst Road, Girgaum, Bombay.

and

Published by N. M. Tripathi, Manager N. M. Tripati & Co. Bookseller, Kalbadevi Road, Bombay.

લોર્ડ ચેસ્ટરફીલ્ડનો પોતાના પુત્ર પ્રતિ ઉપદેશ.

અસાવધ મન.

બહુ કરીને અસાવધ માણસ ઘણો મંદ બુદ્ધિવાળો અથવા ઢોંગી હોય છે, અને તેથી પોતાના સમાગમવાળા લોકોને ઘણો અણગમતો થઈ પડે છે. સભ્યતાની સાધારણ રીતોમાં તે અપૂર્ણ હોય છે. તે પોતે સામાન્ય ચાલતી વાતચિતમાં ભાગ લેતો નથી, પણ જાણે સ્વપ્નામાંથી ઉઠતો હોય તેમ, પોતાની આગલી જ વાત કહાડી વારેવારે ચાલતી વાતમાં વચ્ચે બોલી ઉઠે છે. વિચારમાં ગરક થઈ ગયેલો માલમ પડે છે, પણ વાસ્તવિક રીતે કશા વિચારમાં હોતો નથી. પોતાના પક્કા ઓળખીતાઓને પણ નજર નાંખતાં વાર જ તે ઓળખી શકતો નથી, અગર ભોગજોગે તેમ બન્યું તો પોતે બીજા કામમાં ગુંથાયેલો હોય તેવી રીતે તેમની જોડે વાતચિત કરે છે. તે પોતાની હમેશ પહેરવાની તથા વાપરવાની વસ્તુઓની બીલકુલ સંભાળ રાખતો નથી. એક વસ્તુ અહિંયાં તો બીજી ત્યાં એવી રીતે અથડાતી મૂકે છે. આવી રીતની વર્તણુક તે, ગમે તો એક કાલે એક કામથી વધારે કામ ન કરી શકે એવા છેક અસાવધ મનની, અથવા કોઇ મહાભારત અને અગત્યના કામમાં પૂર્ણ રોકાઇ ગયેલું ધરાય, એવા ઢોંગી મનની, ખરી નિશાની છે. સૃષ્ટિની ઉત્પત્તિ પછી આજ સુધીમાં સર આઇસાક ન્યૂટન,, મિસ્ટર લોક, અને કદાચિત્ બીજા પાંચ છ મહાન્ પુરૂષોએ અસાવધ-

પાણું રાખ્યુ હોય તો ઘટારત કહેવાય, કેમકે તેઓએ જે શોધો કરી છે, તેને માટે એવું એકાગ્ર ચિત્ત રાખવાની અગત્ય હતી. પણ આવું મન રાખવાની છૂટ બીજા કોઇ પુરૂષોને લેવાંનો હક નથી. તેમને તેવી છટ અપાય પણ નહિ.

જે વિષય ચાલતો હોય પછી તે ગમે તે પ્રકારનો હોય પણ તેના ઉપર જે માણસ પોતાનું ધ્યાન આપી શકતો નથી, તે કોઈ પણ દરજ્જે કામ કરવાને અથવા વાતચિત કરવાને યોગ્ય નથી. જ્યારે લક્ષ નહિ આપનાર માણસને હું જોઉં છું, ત્યારે તેનાથી દૂર જતું રહેવું મને ઠીક લાગે છે; કેમકે અનવધાન અને અસભ્યતા હું સહન કરી શકતો નથી તેથી જે જગાએ એવા પ્રકારનું માણસ હોય ત્યાં મારે રહેવું પણ છેક અશકય થઈ પડે છે.

અસાવધ માણસની પાસે રહેવા કરતાં મડદાની પાસે રહેવું મને ઠીક લાગે, કેમકે મદડાથી કાંઇ ગમત ન થાય તો ખેર, પણ તે મારો તિરસ્કાર તો નથી જ કરતું. અને અસાવધ માણસ તો ગુહ્ય રીતે પણ સ્પષ્ટ બતાવે છે કે મારી તરફ લક્ષ આપવું જોઇએ એવો હું એના મનમાં યોગ્ય નથી. વળી તે કોઈ દહાડો પોતાના સોબતીઓની વર્ત્તણુક, રીતભાત, વિગેરેનું અવલોકન કરી શકતો નથી. જો સુજ્ઞ પુરૂષો તેને પોતાની મંડળીમાં દાખલ કરે તો તે તેમની સોબતમાં આખી જીંદગી કાઢે તથાપિ તે તેવોને તેવો જ રહેવાનો. બહેરા માણસ અને અસાવધ માણસ જોડે વાત કરવી તેમાં ભેદ નથી. કોઈ માણસ આપણી વાતને સમજતો નથી, સાંભળતો નથી, અને તેની દરકાર રાખતો નથી, એવું આપણને સાફ માલમ પડ્યા છતાં તેની સાથે વાત કરવી એ ઉઘાડી ભૂલ જ છે.

ધ્યાન.

કેટલાએક માણસો ચાલતા કામ ઉપર પૂરૂં ધ્યાન આપી શકતા નથી કે આપતા નથી, અને તે કામ કરતી વેળા બીજાં બધાં કામ પોતાના વિચારથી દૂર રાખી શકતાં નથી. એવા માણસો કામ કરવાને અને સુખ ભોગવવાને યોગ્ય થતા નથી. કોઇ સભામાં કે જમણવારમાં અગર બેઠકમાં જઈને ત્યાં આગળ કોઈ માણસ પોતાના મનમાં ભૂમિતિના સિદ્ધાંત સિદ્ધ કરતો હોય તો, તે સોબતી શા કામનો ? અને વળી જે સુખને માટે તે ગયેલો તે સુખ તેનાથી ભોગવવાનું નહિ. વળી એકાંતે બેસીને સિદ્ધાંત શિખતો હોય તે વેળા ગમતનો વિચાર કરે, તો મને લાગે છે કે તે કોઇ દહાડો ગણિતશાસ્ત્રમાં કુશલ થવાનો નહિ.

જો એક વેળામાં માત્ર એક કામ કરશો તો આખા દહાડામાં દરેક કામ કરવા તમને પૂરતો વખત મળશે; પણ જો એક વખતે બે કામ લઈ બેસશો તો આખા વર્ષનો વખત પણ થોડો પડશે.

ઉતાવળ, ગરબડાટ, અને ગભરાટ એ જેમ નબળાં અને હલકા મનનાં નિઃસંશય ચિહ્ન છે, તેમ જ જાગ્રુ અને એકાગ્ર લક્ષ એ પણ એક ઉત્તમ બુદ્ધિની નિશાની છે.

ખરેખાત, લક્ષ આપ્યા વગર કશું બનતું નથી. કાંઈ પણ કાર્યમાં એક ચિત્ત ન રાખી શકે તેવાં મનુષ્યો ખરેખરૂં જોતાં તો વિચારશક્તિ વગરનાં છે, અને તેથી તે બેવકુફ અને ઘેલા ગણાય છે. તમારે દરેક વસ્તુ ઉપર નજર રાખવી જોઈએ એટલું જ નહિ પણ તે નજર એવી ત્વરાથી કરવી જોઈએ કે સભામાં બેઠેલા બધા લોકો, તેમની હીલચાલ, તેઓની મુખમુદ્રા

અને તેઓના શબ્દ એક સાથે તમારા ધ્યાનમાં આવી જાય. અને તે પણ વળી ધારીને એકી નજરે જોયા વગર અને તમે ચિકિત્સા જોનાર છો એમ જણાવા દીધા વગર નજરે તળે કહાડી લેવું જોઈએ. આવું ત્વરાવાળું અને અદ્દશ્ય અવલોકન જીવતરમાં આપણને અતિશય લાભકારક થઇ પડે છે, અને એવી ટેવ માત્ર ચીવટ વા સંભાળ રાખ્યાથી પડી જાય છે; અને આપણે શું કરીએ છીએ તે વિષે લક્ષ રાખવું નહિ અને વિચાર-હીન રહેવું, જેને અસાવધપણું કહે છે, તેથી ઉલટા એવા મૂર્ખ વા ઘેલા જેવા બની જવાય છે કે, પછી મને પુછો તો તેમાં ને એમાં કાંઇ ઝાઝો ફેર રહેતો નથી. મૂર્ખનામાં મૂળથી વિચારશક્તિ હોતી નથી, ઘેલા માણસમાંથી જતી રહી હોય છે, અને અસાવધ માણસનામાં જે વખત તે એવો અસાવધ હોય તે વખત હોતી નથી.

ટુંકામાં દુનિયાનું ખરેખરૂં જ્ઞાન પુરેપુરૂં ધ્યાન આપ્યા વગર કોઈ દહાડો મળતું નથી; ઘણા વૃદ્ધ માણસોએ આ દુનિયામાં બહુ વર્ષ વાસ કર્યો છે તોપણ તેઓએ ઉછાછળાપણું અને લક્ષ ન રાખ્યાથી દુનિયાનું કાંઇ જ્ઞાન મેળવ્યું હોતું નથી; અને તેથી તેઓ આટલી ઉમરે પહોંચ્યા છતાં પણ કેવળ નાના બાળક સરખા છે. બહારની કેટલીક રીતભાત જેને અનુસરીને તમામ લોક વર્તે અને કેટલીક હીકમતો જે મેળવવાને ઘણાક યત્ન કરે છે તે રીતભાત અને હીકમતોથી થોડે દરજ્જે તેમની ખરી વર્તણુક ઢંકાયલી રહે છે. આથી વળી તેમનો બહારનો ડોળ પણ સાધારણ રીતે બીજાને મળતો દેખાય છે. પરન્તુ ધ્યાન દેઈ જોનારા ડાહ્યા અને ચતુર માણસો તેમનો ખરો સ્વભાવ શો છે તેની પરીક્ષા કરી કહાડે છે.

સામા માણસની મરજી સંપૂર્ણ સંપાદન કરવાને, આ વિના બીજા કેટલાએક વિષયોમાં સાધારણ ધ્યાન રાખવાની જરૂર છે. જો એ પ્રમાણે લક્ષ રાખી શકાતું નથી તો તેથી સામા માણસને પોતાના ટેક અને માનને લીધે ખોટું લાગે છે; કારણ સ્વાભિમાન અને સ્વપ્રીતિ મનુષ્યપ્રાણીના સ્વભાવ સાથે સરજેલાં છે. વળી આપણે સામા માણસને કેટલું ચાહીએ છીએ અને કેવી તરેહનું ગણીએ છીએ, તે બતાવવાને માટે પણ એવું ધ્યાન રાખવું અવશ્યનું છે. તમે કોઈને ભોજન કરવાને સારૂ તેડ્યા હોય તો તેમને અમુક ભોજન ઉપર પ્રીતિ છે એવું અગાઉ જોયેલું યાદ લાવી તે જ ભોજન જમાડવું જોઇએ. અને તમે આવી જાતની સંભાળ રાખી છે, એવું બોલાવેલા ગૃહસ્થોને બતાવવાને તમારે વાતચિત કરતાં બોલી જવું કે તમને આવું જમણ પ્રસન્ન છે એવું મને એક વખત માલમ પડયું હતું, તેથી આપને વાસ્તે આજ પણ તે પ્રમાણે કરાવ્યું છે. તમારા કીમતી જમણ અગર બીજી ગમે તે અમૂલ્ય ચાકરીના કરતાં આવી રીતે વર્તવાથી તેમના મનમાં વધારે આનન્દ અને ગર્વ ઉત્પન્ન થશે, કે મારૂં અહિં આટલું બધું સન્માન છે. ઘણાએકને કેટલીએક વસ્તુ બિલકુલ ગમતી નથી, તે કારણસારૂ તમે તેની મશ્કરી કરો અને બેદરકારપણાથી અથવા ભૂલથી, તેવી વસ્તુ વિના ચાલે એવું હોય તોપણ તેને પીરસાવો તો પ્રથમ તો તેનું અપમાન કર્યું, અને તે ઉપરાંત તેને તુચ્છ ગણી કાઢયો એવું તેના મનમાં આવશે; અને તે હમેશાં તેનાં મનમાં યાદ રહેશે. આવી નાની નાની વાતો ઉપર જેમ જેમ તમે ધ્યાન આપશો, તેમ તેમ સામા માણસના મનમાં,—મારા ઉપર આટલું બધું લક્ષ આપે છે,—એવું વધારે વધારે આવતું જાય, અને તેથી તેનું મન તમારામાં લીન થઈ જાય. તમે તમારા મનમાં

વિચાર કરો કે તમને જ આવી રીતનું અલ્પ વિષયોમાં બીજા માન આપે તો, સ્વપ્રીતિ અને અભિમાનને લીધે તમે કેટલા બધા પ્રફુલ્લિત થશો. એ સ્વાભિમાન અને પ્રીતિ દરેક જીવતા મનુષ્યમાં રહેલાં જ છે. પછી તમે જુઓ કે તમારૂં મન તે માણસનામાં કેટલું બધું ચોટી જાય છે અને તે કહે અથવા કરે તે પ્રમાણે કરવાને તમારામાં કેવી ઇચ્છા થાય છે; એવી જ રીતે તમે જો સારા માણસ પ્રત્યે વર્તો તો તમને પણ તે જ પ્રમાણે ફાયદો થાય.

નાના પ્રકારની અસભ્યતા.

ઘણાએક સારા અને અક્કલવન્ત પુરૂષોને કઢંગા ડોળ કરવાની ટેવ હોય છે, તેમ જ બીજી ખરાબ ટેવો હોય છે. તેઓની રીતભાત અસભ્ય હોય છે, તેથી કરીને તેઓ તરફ અણગમો અને ધિક્કાર પેદા થાય છે. જે પછી તેમના બીજા મૂલ્યવાન સદ્‌ગુણથી દૂર થઇ શકતા નથી, અને ઢંકાઇ પણ જતા નથી. અસભ્યતાનો દુર્ગુણ બે વાતોથી ઉત્પન્ન થાય છે–એક તો સારી સોબત નહિ રાખી હોય તેથી, અથવા બીજું તે તરફ લક્ષ નહિ આપ્યું હોય તેથી.

જ્યારે કોઈ અનાડી માણસ સારા ગૃહસ્થોની મંડળી બેઠી હોય તેમાં ગયો હોય તો બેસવા જતાં પહેલાં તો તેની કાછડી નિકળી જાય, કાછડી ખોસી રહ્યો ન હોય તેટલામાં પાટલી નિકળી જાય, એટલામાં પગતળે આંટેવાળી આવીને લથડીયું ખાય, તે સંભાળવા જતાં ખેસ પડી જાય, એવી એવી રસ્તામાં ક્રિયાઓ કરતાં ભાઈસાહેબ વખતે જમીન ઉપર પડી ગયા તો,

બેઠેલા ગૃહસ્થોને હસવાનું થાય. અને તેમ ન બન્યું તો તેનો વિચાર કર્યા વગર ન બેસવું ઘટે ત્યાં બેસી જાય. બેઠા પછી સ્વસ્થ થતાં પહેલાં બે ચારવાર પાઘડીના તોરા ઘાલવા પડે, તથા ખેસ સમો રાખવો પડે. પોશાક તરફ મહેરબાની થઇ રહી, એટલે નાકમાં આંગળાં ઘાલે અને છીંકો ખાય, તેથી પાસે બેઠેલા હોય તેમના ઉપર થોડા છાંટા ઉડે. ધોતીઆની પાટલી ઉંચકી નસકોરાં સાફ કરીને પાછી પહોળી કરી જુવે, તેથી પાસેનાઓને ચીતરી ચઢે. આ વખતે મોંના તથા આંખના ચાળા થાય તે તો જુદા. જ્યારે હાથમાં કાંઇ હોતુ' નથી ત્યારે સખના રહેવું હાથને પણ ગમતુ' નથી. વખતે હાથ પાઘડી ઉપર હોય, છાતી આગળ કસો આમળતા હોય, બાંહ્યો કાંડે ચઢાવતા હોય, વિગેરે ગ્રામ્ય વર્તણુક કરતા હોય છે. ટુ'કામાં બીજા સભ્ય પુરૂષોના જેવી વર્તણુક તેનામાં બીલકુલ હોતી જ નથી. એટલું તો ખરૂં છે કે આ બધી વાત હાનીકારક નથી, પણ તે મ'ડળીમાં કેવળ હાસ્યાસ્પદ અને અણગમતી થઇ પડે છે. માટે જે પુરુષો પોતાના સોબતીઓને ખુશી કરવા ચાહતા હોય તેમણે આ બધી કુટેવોનો ચિવટ રાખી ત્યાગ કરવો. વળી તે ભાઈ જ્યારે પ'ગતમાં જમવા બેઠા હોય ત્યારે પ્રથમ તો રીતસર બેસતાં જ આવડે નહિ ને પલાંઠી વાળીને બેઠા હોય તો પાછા ફડાંભેર થાય, અને ફડાંભેર બેઠા હોય તો ચપટ બેસે. એવી રીતે વારે વારે કર્યા જાય. શરીર હાલે, કોળીઓ ભરે તો અરધુ' મોંમાં અને અરધુ' થાળીમાં પડે, અને પલાંઠી તથા લુગડું પહેર્યું હોય તે ઉપર વેરાય. નરમ ચીજોનો સરડકો ભરે તો થોડુંક મોંમાં જાય, અને બાકીનું હાથથી કદાપી કહોણી સુધી ઉતરે ને લુગડાં બગડે. મોંમાં અન્ન હોય ને બોલવા જાય તે

વખતે બેદરકારપણાને લીધે બોલ સાથે દાણા પણ બહાર નીકળી પડે. કેટલી બાબતો ના કરવી જોઈએ તેનો વિચાર કર્યાથી જ તમે સહેલથી લક્ષમાં લાવી શકશો કે તમારે શી રીતે ચાલવું, અને સભ્ય અનુભવી પુરૂષોની રીતભાત કેવી છે, તે ઉપર યોગ્ય ધ્યાન આપ્યાં કરશો તો તમે એ બધી રીતભાતોથી જાણીતા થશો. અને તે પ્રમાણે વર્તવાની ટેવ પણ તમને પડી જશે.

એ જ પ્રમાણે વાતચિત કરવામાં પણ અસભ્યતા હોય છે. કઠોર ભાષા બોલવી, ખરાબ ઉચ્ચાર કરવો અને અપશબ્દ બોલવા એ ખરાબ અને નીચ સોબતની નિશાની છે. આપણે વાતચિતમાં કોઈ એવી હલકા લોકોની રીતભાત તથા ટેવને અનુસરીને બનેલી કહેવત બોલીએ તો તેથી આપણો પણ તોલ થાય કે આપણે હલકા લોકોની સોબતમાં રહેલા છીએ. તેમ જ મનની પણ એક અસભ્યતા છે, તે સંભાળથી દૂર કરવી. જેમકે કોઈક નામ ભુલી જવું, અગર તેને બદલે બીજું કહેવું, કોઈની વાત કરતાં એમનું નામ શું જે એવું કહેવું, વા છેક અસભ્ય અને અયોગ્ય કોઈને માન આપવું અથવા યોગ્ય હોય તેને માન ના આપવું, અને કોઈને થોડું આપવું ઘટે તેને અતિશય વધારે આપવું, એ પણ અસભ્યતા છે. કોઈ વાત તમે પુરેપુરી જાણતા ના હો, તે વાત કહેવા બેસો અને પછી અધવચ એમ કહેવું પડે કે બાકીની હું ભુલી ગયો છું એ પણ ઘણું શરમભરેલું છે. જે વાતની જે માણસ પૂર્ણ રીતે માહિતી ધરાવતો હોય તેને જ તે વાત કહેવી. નહિ તો તેમ કરવાથી સાંભળનારાઓને ગમત થવાને બદલે કંટાળો અને ગુંચવણ થશે.

લજ્જા.

કેટલાએક છોકરાઓને શરમાવાની બહુ ટેવ હોય છે. જ્યારે સુજ્ઞ પુરૂષ તેમની સાથે વાત કરે છે ત્યારે છેક ધબ થઇ જાય છે, તેઓ બરાબર ઉત્તર દેઇ શકતા નથી અને લજવાઇ જઇને ભાગ્યું તુટયું બોલે છે. આવી રીતે મારી મશ્કરી થશે, એવી કારણ વિના બીક રાખ્યાથી ઉલટી પોતાની મશ્કરી થાય છે. અમર્યાદ શરમ અને વિનયપૂર્વક શરમ એ બેમાં ખરેખરો અને ઘણો ફેર છે. અમર્યાદ શરમવાળાની મશ્કરી થાય છે, અને વિનયપૂર્વક શરમવાળાનાં વખાણ થાય છે. જો આપણાથી ગાભરા થયા વગર અથવા મોં ચઢાવ્યા વગર, સારા માણસો બેઠાં હોય તે ઓરડામાં જઇ તેમની સાથે બોલાતું નથી તો, તેઓ આપણને ધિક્કારે છે. જે માણસ અધીરો, બીકણ અને શરમાળ હોય છે, તેનાથી દુનીયામાં કદી આગળ વધી શકાવાનું નથી, અને તેનાથી કોઇ કામ બનતું નથી. ચાલાક, ઘાલમેલ કરનાર અને તીખો માણસ હમેશાં તેને પછાડી મૂકી વધી જશે. બોલવા બોલવામાં ઘણો ફેર છે. કોઇ માણસ કોઇ વાત એવી રીતે કહે કે તેથી તે નિર્લજ ઠરે, અને તે જ વાત બીજો કોઇ બીજી રીતે કહે તો તેથી તે નમ્ર અને યોગ્ય માણસ ઠરે, અક્કલવાન અને અનુભવી પુરૂષો પોતાના હક્ક જાળવવામાં અને પોતાની મતલબ પાર પાડવામાં, છેક બેશરમું માણસ હઠ કરે તેના જેટલી બલકે વધારે હઠ હીમતથી અને સ્થિર મનથી કરે છે, પણ તેનામાં મોટો ગુણ એ છે કે તે જેની સાથે હઠ કરે છે, તે બધાં બહારથી નમ્રતા બતાવ્યાં કરે છે. આવી વાત કરવાથી તે સામાનાં મન હરણ કરે છે. અને પોતાની વાત પણ બર લેઇ જાય છે. પણ એ જ હઠ કઠોર શબ્દથી અને

ચીઢાએલા મ્હોથી થતી હોય તો સામા લોકો કંટાળી દુઃખી થાય છે, અને પોતાની વાત કેટલે દરજ્જે પાર પડે છે, એ તો વિચાર કરતાં સહજ લક્ષમાં આવશે.

ઘણા લોક મંડળીમાં જતાં શરમાય છે. આપણામાં જ્યારે કંઈ વિચિત્રપણું ન હોય ત્યારે પછી આપણે શામાં શરમાવાનું છે? જેવી રીતે આપણે પોતાના ઘરમાં શરમાયા વગર અને સહેલથી જઇએ છીએ તેવી રીતે જુદા ગૃહસ્થોની મંડળીમાં શા વાસ્તે જવું ના જોઈએ? દુર્ગુણ અને અજ્ઞાન એ બંનેથી માત્ર શરમાવવું જોઈએ. પણ જ્યારે એ ખોડ આપણામાં નથી ત્યારે આપણને બેધડક ગમે ત્યાં જવાને હરકત નથી. શરમથી જ જુવાનીઆઓ ખરાબ સોબતમાં પડે છે. જેમ બીકણ અતિશય બીકથી કોઈ વખત મરણીઓ થાય છે, તેમ કેટલાએક શરમમાં ને શરમમાં રહી, તેથી થતી હેરાનગતિથી કાયર થઇ ઉલટો બેશરમ થઇ જાય છે. બેશરમપણા જેવું બીજું કોઇ વધારે દુઃખદાયક નથી માટે તે પણ તજવું જોઈએ. એ બેની વચમાંનો રસ્તો પકડવો, એ એક સારી સોબતમાં ઉછરેલા પુરૂષનું લક્ષણ છે; અને તે જ્યાં જાય છે ત્યાં તેને સુખ ઉપજે છે અને ખુશી રહે છે, તે શરમાતો નથી, તેમ બેશરમ પણ થતો નથી.

હલકા માણસ જ્યારે મંડળીમાં જાય છે ત્યારે શરમાઈ જાય છે અને ગાભરા બને છે: કોઈ પુછે ત્યારે ગભરાય છે, અને જવાબ દેતાં ઘણી હરકત પડે છે. પણ અનુભવી સભ્ય માણસને તેમ થતું નથી. તે સભામાં આનન્દ ભરેલો, સ્વસ્થ અને ચંચલ રહે છે. ચઢતી પાયરીના લોકથી તે જંખાઈ જતો નથી. ગભરાયા વગર તેમને યોગ્ય માન આપે છે. અને સાધારણ પુરૂષો

જોડે સહેલથી વાત કરે છે તેવી રીતે રાજા જોડે પણ બોલે છે. નાનપણમાં સારી સોબતમાં રહેવાથી અને મોટા લોક જોડે વાતચિતનો વ્યવહાર રાખવાથી આવો મોટો ફાયદો થાય છે. કેળવણીથી ઉછરેલો પુરૂષ પોતાથી ઉતરતા પુરૂષ જોડે મગરૂરી રાખ્યા વગર વાત કરે છે ને ચઢતા લોક જોડે માનથી અને ચેનથી વાત કરે છે. વગર અનુભવી શ્રેષ્ઠ બુદ્ધિવાળો હશે તેના કરતાં થોડી બુદ્ધિવાળા પણ ગૃહસ્થને ઘટે તેવી રીતભાતવાળા માણસનાં વધારે વખાણ થશે. સભ્યતા અને વિવેકભરેલાં વચન એ બે ગુણ એક ઠેકાણે યુક્ત હોવા જોઈએ.

સંગતિ.

સારી સંગતિ રાખવાથી આપણા વિષે લોકોના મનમાં સારો વિચારો આવે છે. મુખ્યત્વે કરીને દુનિયામાં પહેલવહેલાં આગળ પડતી વખતે તો સારી સોબતની અવશ્ય જરૂર છે. જુદી જુદી ટોળીઓવાળા પોતાની મેળે પોતાને સારા કહે છે, તે કંઈ સારી સોબત કહેવાય નહિ. સારી સંગતિ એટલે ઘણુંકરીને કુલવાન્ પદવીવાળા અને આબરૂદાર ગૃહસ્થોનો સમાગમ. જ્યારે કોઈ કુલ અને પદવી વગરના પણ ઉત્તમ પ્રકારની કલા-કૌશલ્યમાં માહીતી મેળવી પ્રખ્યાત થયા હોય છે, ત્યારે તેમને ઘણી ખુશીથી સારી મંડળીમાં દાખલ કરવામાં આવે છે. સારી મંડળીમાં પણ ખીચડખાનું ભરાયલું હોય છે. ઘણાએક કુલહીન, હલકા, ગુણરહિત લોકો પોતાની આગળ પડવાની ચાલથી તેમાં માથું મારે છે, અને કેટલાએકને કોઈ સારા પુરૂષની સહાયથી તેમાં જવાનું બની આવે છે. આવી શિષ્ટાચારી મંડળીમાં રહ્યાથી ઉત્કૃષ્ટ રીતભાત અને સંસ્કૃત (સંસ્કારવાળી,

શ્રેષ્ઠજનથી બોલાતી) ભાષા શીખવાને બેશક બની આવે છે. કારણ કે તેઓ બંને ઉપર સરખું લક્ષ આપે છે. આવી જે મંડળીમાં માત્ર સંસ્કૃત ભાષા જ બોલાતી હોય, અને સુધરેલા સમયની ચાલુ થએલી રીતભાતો તેમાં હોય નહિ, તો તેને સારી મંડળી કહેવી નહિ કેમકે સંસ્કૃત ભાષા બોલતાં આવડી તેથી તે બધા સારા હોય એમ સંભવતું નથી, તેમ જ ગમે તેવા બુદ્ધિશાળી હોય પણ તેમની સ્થિતિ નીચી હોય, તો તેમને સારા સોબતીઓની પાયરીમાં ગણવા નહિ. માટે એવા લોકની સાથે વધારે સહવાસ રાખવો નહિ, તેમ જ તેમનો ધિક્કાર પણ કરવો નહિ. જે ટોળીમાં ફક્ત વિદ્વાનો હોય તે ટોળી માનપાત્ર છે, પણ જેને આપણે સુસંગત કહીએ છીએ, તે નહિ, કેમકે તેમને દુનિયાની જોડે બહુ થોડો સંબંધ હોવાથી તેમનામાં દુનિયાની સુધરેલી રીતભાત હોતી નથી. જો આપણે એવી ટોળીમાં જઈ શકીએ એવું હોય તો કોઈ કોઇ વખત તેમ કરવું, તેથી બીજી મંડળીઓમાં આપણને માન મળશે. જેને ગમતું હોય અને પોતાનામાં અક્કલ હોય એવા જુવાનીઆઓને ખરેખરા અક્કલવાન અને કવિની મંડળીમાં જવાને ઘણી ખુશી ઉપજે છે; પણ જ્યારે અક્કલ ન હોય અને તેમાં જાઉં છું એવી મગરૂરી ધરાવતો હોય, તો તે કેવળ તેની મૂર્ખાઈ છે. પણ આવી મંડળીઓમાં વારે વારે જવું જોઈએ. અને ધૈર્ય તથા વિવેકથી જે વાત બનતી હોય તે ધ્યાનમાં રાખવી. જેમ સ્ત્રીઓ બંદુક જોઈને બીહે છે, કે રખેને પોતાની મેળે છુટીને મને વાગે તેમ ઘણા લોક અક્કલવાળા પુરૂષોથી શેહ ખાઇ જાય છે. આવું થવું ના જોઈએ. તેમનું પીછાન રાખવું યોગ્ય છે; અને તેમની પાસે વારે વારે જવું ઘણું લાભકારક છે. પણ સરત રાખવી કે બીજાની સોબત બંધ રાખવી નહિ, અને લોકના મનમાં

એવું આવે કે તમે બીલકુલ ફલાણી ટોળીના છો એટલો બધો પણ તેમની જોડે ઘટ્ટ સંબંધ કરી નાંખવો નહિ. બધું મુકી દઈને ટુંકામાં કહું છું કે તમારાથી ચઢતા ગૃહસ્થોની સોબત કરો, કેમકે તેમાં તમારી ચઢતી થાય છે, અને નીચી સોબતમાં પડતી થાય છે. અહિંઆં ચઢતા કહેવાનો અર્થ સારા કુળમાં નહિ પણ સારા ગુણમાં અને દુનિયામાં તેમને જે માન અપાતું હોય તેમાં, એમ સમજવો. સારી મંડળીઓ બે જાતની છે. એક સરકારમાં સારૂં માન અને આગેવાની ધરાવતા હોય અને જાતે બુઝરગ હોય તેવાની; બીજી કોઇ પોતાના અસાધારણ ગુણથી પ્રખ્યાત થયા હોય અથવા કોઈ કાંઈ કિમતી કલાકૌશલ્યમાં પ્રવીણ ગણાયા હોય તેવાની. નીચી સોબત ઘણી કરવી નહિ. તે દરેક વાતે નીચી છે. પદવીમાં નીચી, અક્કલમાં નીચી, રીતભાતમાં નીચી અને ગુણમાં પણ નીચી છે. આપણી બેવકુફાઈ અને કસુરનું મૂળ દુરભિમાન છે. અને તે જ દુરભિમાનથી, મુખ્ય થવાની મતલબે, ઘણા જણા છેક નીચી સોબતમાં પડે છે, અને ત્યાં એમને હુકમ કરવાનું ફાવે છે, અને વળી તેમાં વખાણ થાય છે તથા ચહવાય છે. પણ તે તુરત નીચ થાય છે અને સારી સોબતમાં ભળવાને અયોગ્ય બને છે. કેવી સોબત કરવી અને કેવી ન કરવી એ વિષે તમને બતાવ્યા પછી, મંડળીની રીતભાત જોઈને ગ્રહણ કરતાં પહેલાં, કેવી રીતની સંભાળ રાખવી, તે વિષે નીચે થોડું લખુ છું. જ્યારે કોઈ જુવાન માણસ પહેલવહેલાં દુનિયામાં પેસતી વખત કોઈ ટોળીમાં દાખલ થાય છે. ત્યારે પોતે તે ટોળીમાંના લોક ચાલતા હોય તે વર્તણુકને અનુસરીને ચાલવાનો નિશ્ચય કરે છે, પણ તેમ કરવામાં તે ભૂલ ખાઇ જાય છે. તેમણે મોટાઇનાં અને

શોકીનનાં વ્યસન તો સાંભળ્યાં હોય છે. તે ટોળીમાં કેટલાએક પ્રખ્યાત હોય છે અને જેમને તે ટોળીવાળા બીજા ચાહે છે, તથા વખાણે છે, તેમને તે છાકટા થયેલા, વ્યસની, જુગારી, જુવે છે. તેથી તે દુર્ગુણ પોતે પણ ગ્રહણ કરે છે. કારણ તેમની ખામીઓને પૂર્ણતા માને છે અને તે દુર્ગુણને લીધે જ તેમની મોટાઈ અને તેજ છે એમ સમજે છે. પરન્તુ સત્ય વાત તદ્દન ઉલટી છે, કેમકે તેમને તેમની અક્કલથી, વિદ્યાથી અને તેમના બીજા ગુણથી આબરૂ મળેલી હોય છે. ફક્ત તેમના આવા સાધારણ અને શોકીનપણાના દુર્ગુણોથી વિચારવંત પુરૂષો તેમને હલકા ગણે છે તથા વખોડે છે. આ ઉપરથી સાફ માલમ પડશે કે આવી મિશ્રિત વર્તણુકમાં સારા ગુણોને લીધે જુજ ખરાબ ગુણોને લોક માફ કરે છે, પણ પસન્દ કરતા નથી. જો કોઇ માણસમાં માઠા ભાગ્યે કાંઇ દુર્ગુણ હોય અને તેનાથી દૂર ન થાય તો તેટલાથી જ સન્તોષ માનવો, પણ બીજા લોક પાસેથી નવીન ગ્રહણ કરવા નહિ. પોતાના જ દુરાચરણી મનથી યુવાનો ખરાબ થાય છે, તેના કરતાં દશ ગણા બીજાના દુર્ગુણનો સ્વીકાર કરવાથી થાય છે.

સારા સોબતીઓના ખરેખર ગુણ હોય તે જ તમે લ્યો. તેમનો વિવેક, તેમની ચાલ, તેમના મધુર શબ્દ, અને તેમની વાતચિત કરવાની ઉમદા ઢબ તમે ગ્રહણ કરો; પણ તમારે ખચીત માનવું કે આ બધું છતાં તેમનામાં કાંઇક દુર્ગુણ હોય તો તેટલી ખામી છે. અને જેમ ઘણા ખુબસુરત માણસના ચેહેરા ઉપર કમનસીબે એક મસ હોય, માટે તેવો કૃત્રિમ મસ આપણે આપણા ચહેરા ઉપર કરતા નથી, તેમ ઘણી વાતે પૂર્ણ માણસમાં પણ થોડા અવગુણ હોય, તે લેવાને આપણે યત્ન કરવો

નહિ; તમારે ઉલટું એમ ધારવું કે જો મસ ન હોત તો પેલા ખુબસુરત આદમીમાં બાકી શું રહેત ? તેમ સારા સોબતીઓમાં આટલા અવગુણ ન હોય તો બીજું શું વધારે જોઈતું હતું.

સુજ્ઞમંડળમાં તમને સારો આવકાર મળે એવા ગુણવાળા થવાને સૂચના આપ્યા પછી દુનિયાની સાથેના તમારા વ્યવહારમાં તમને તેટલી જ ઉપયોગી અને અગત્યની જણાય તેવી કાંઇ સૂચના અથવા સંભાષણના નિયમો તમારી આગળ મુકું છું.

સંભાષણના નિયમો.

વાતચિત કરવી.

જ્યારે તમે મંડળીમાં બેઠા હો ત્યારે વારે વારે બોલવું પણ એક વાત લંબાણથી કરવી નહિ. વારે વારે બોલવાથી જો સાંભળનારા ખુશી ન થાય તોપણ તેમને કંટાળો તો નહિ જ આવે. પરન્તુ મંડળમાં બહુ વાતચિત કરતાં પહેલાં તમારે તેમાંના લોકની ચાલથી માહિતગાર થવું જોઇએ.

તમારી કલ્પનાશક્તિમાં આવે તે બોલી નાખતાં પહેલાં તમારા સોબતીઓની સ્થિતિ અને રીતરીવાજથી તમારે જાણીતા થવું. ટોળીમાં સારા કરતાં વખતે નઠારા ઘણા હોય છે, અને જેને ઠપકો ખાવો ગમે એવા કરતાં ઠપકાને પાત્ર હોય એવાની સંખ્યા વધારે હોય છે. તમે કોઈ સદ્દગુણના સારા લંબાણથી વખાણ કરો, અને તે સદ્દગુણ ટોળીમાંના કેટલાકમાં પ્રસિદ્ધ રીતે ન હોય અથવા તમે કોઈ દુર્ગુણને સારી પેઠે વખોડો, અને તે દુર્ગુણથી કેટલાએક ગ્રસ્ત થઇ ગયેલા હોય, ત્યારે ટીકા, જો

કે સામાન્ય અને કોઈને લાગુ ન પાડેલ હોય તોપણુ લાગુ પડે એવી હોય તેથી ખાસ તેમના ઉપર જ કરી એમ મનાશે. ઉપરના વિચાર તમને પૂર્ણ રીતે એમ બતાવે છે કે તમારે જાતે વહેમી અથવા શંકા લેનાર ન થવું તેમ જ એમ પણુ ન ધારવું કે કોઇ બાબત તમને લાગુ પડી શકે તેથી તે તમારે જ માટે કહી છે.

વાર્તા કહેવી અને તેમાંથી આડું ઉતરી જવું.

વાત કહેવાની ટેવ રાખવી જ નહિ. આ વખત કહેવી બરાબર યોગ્ય છે અને તે વાત ટુંકી છે એમ હોય તો જ કહેવી, નહિ તો કોઇ વખત તેમ કરવું નહિ. નજીવો વાતનો ભાગ મૂકી દેવો, પણુ એક વાત ઉપર ઉતરી જવાય નહિ તેની સંભાળ રાખવી, બનેલી વાતો વારંવાર કહેવાથી તમારામાં જાતની તર્કશક્તિની મોટી ખામી જણાય છે.

સામા પુરૂષનું બટન પકડવું.

તમારી વાત સંભળાવવાને કોટનું બટન, ખેસ કે હાથ કાંઈ ઝાલવું નહિ; કારણુ જો તે તમારી વાત સાંભળવાને ખુશી ન હોય તો તમારે તેમને પકડવા કરતાં તમારી જીભ જ પકડી રાખવી જોઈએ.

લાંબા વખત ટાહ્યલું કરનારા અને કાનમાં પેશી વાત કરનારા.

આવા માણુસો કાનમાં વાત કરવાને અથવા ન્હાને અવાજે પોતાની નિરૂપયોગી લાંબી વાત કહેવાને પણુ મંડળીમાંથી એક કમનશીબ માણુસને ખોળી કહાડે છે. આ અતિ ક્ષુદ્ર કામ છે, અને કેટલેક અંશે તે દગો છે; કારણુ વાર્તાનું ભંડોળ એક અવિભક્ત સામાન્ય મિલકત છે.

પણ આવો વાતોડો તમારી આગળ વાત કરવા મંડી જાય, તો ધીરજથી તમે જાણે કે ધ્યાન રાખો છો, એવું ડોળ બતાવીને તેની વાત સાંભળવી. કહેનાર માણસ ઉપકારને પાત્ર હોય, ત્યારે જ ઉપર પ્રમાણે કરવું; કેમકે તમે તેની વાત ધ્યાન દઇને સાંભળશો તો તે તમારો ઘણો આભારી થશે; તેમ જ તેની વાત અપૂર્ણ રાખી તેને છોડી ચાલ્યા જાઓ, અગર તમે કચવાઈ જઈ અધીરા થયા છો એમ તેને માલમ પડે, તો તેનાથી વધારે દુઃખ લાગવા જેવું કાંઈ છે નહિ.

આપણી સાથે બોલતું હોય તે ઉપર ધ્યાન ન આપવું.

તમારી સાથે જે વાત કરતો હોય તેને ફક્ત દેખાડવા માટે ધ્યાન આપો છો એવું ડોળ બતાવવાથી સામા માણસને બહુ જ લાગે છે, અને તે વાત કદી ભૂલી જતો નથી. ઘણા જણે બેદરકારપણા કરતાં પણ હલકી બાબત ઉપરથી ગુસ્સે થઈ જઇને એવી વર્ત્તણુક ચલાવનારને બહુ નુકસાન કર્યું છે, એવા ઘણા દાખલા મારા જાણવામાં છે. જ્યારે આપણે કોઇની જોડે વાત કરતા હોઈએ, ત્યારે તે આપણા સામું ન જોતાં તથા ધ્યાન દઈ ન સાંભળતાં ઉલટું આજુબાજુ ભિંતોતરફ જુએ, બારીતરફ નજર કરે, અથવા તમાકુ સુંઘવાની ડાબલી ઉઘાડી સુંઘવા મંડી જાય, તો એ ઉપરથી તેનું મન હલકું, ઉછાંછળું અને તોછડું છે, એવું સાફ જણાઇ આવે છે; એટલું જ નહિ પણ તે નીચી સોબતમાં ઉછરેલો છે એવું માલમ પડે છે. કોઇ માણસ ગમે તેવી તુચ્છ વાત કરતો હોય, તેના કરતાં પણ અતિશય વધારે તુચ્છ બાબત ઉપર તમારે ધ્યાન આપવું જોઈએ એવો તમારો મત છે એમ સ્પષ્ટ જણાવવું જોઈએ.

૨

જેના હૃદયમાં સ્વાભિમાન રહેલું છે, તેની વાત ઉપર તમે લક્ષ ન આપો ત્યારે તેના મનમાં ધિક્કારના અને વેર લેવાના કેવા વિચાર ઉત્પન્ન થાય તેનો તમે ખ્યાલ કરી જુઓ. હું ફરીથી તમને કહું છું કે ગમે તેવી સ્થિતિનો અથવા પદવીનો માણસ હશે, પણ એનામાં એ પ્રકારનું સ્વાભિમાન તથા ટેક હોય છે. તમારો ચાકર હશે તેને પણ માર્યાથી ખોટું ન લાગે તેના કરતાં વધારે તેને તરછોડો અને ધિક્કારો તેથી લાગશે; માટે તમારે જેમ યથાર્થ લક્ષ આપવું તેમ જ લક્ષ આપો છો એમ દર્શાવવું.

કોઈ બોલતો હોય તેની વચમાં બોલી ઉઠવું નહિ.

કોઈ બોલતો હોય તે વખત વચમાં બોલીને અથવા નવી વાત કહીને સાંભળનારનું લક્ષ ફેરવવું એ હલકામાં હલકી ચાલ ગણાય છે. આ વાતની તો ન્હાના છોકરાને પણ ખબર છે.

નવો વિષય કહાડવા કરતાં કોઈનો હોય તે ગ્રહણ કરવા વિષે.

જે ટોળીમાં તમે સામેલ હો તેમાં તમારી તરફથી નવો વિષય દાખલ કરો તેનાં કરતાં કોઈ કહેતું હોય તે સાંભળો એ દુરસ્ત છે. જો તમારામાં છત હશે, તો તે તમે દરેક બાબત ઉપર ઓછી વધતી તેમને બતાવી શકશો, અને તેમ ન હોય ત્યારે તો તમારી જાતની કહાડેલી વાત કરતાં બીજા કોઈની વાત ઉપર ટાહ્યલું કરવું બહેતર છે.

પોતાની ટોળીમાં પોતાની વિદ્વત્તા સંતાડી રાખવી.

કોઈ અમુક વખત સિવાય તમારે તમારી વિદ્વત્તા કોઈ દિવસ બતાવવી નહિ. વિદ્વાન પુરૂષોને માટે તે વિદ્વત્તાને રાખી

મૂકો અને વળી તે પણ તમારી મેળે તેમને બતાવવા કરતાં તે વિદ્વાનો તમારી પાસેથી જાણવાને ચાહે ત્યારે બતાવો. આવું કરવાથી તમે ઘણા નમ્ર છો એવું ગણાશે, અને તમારી પાસે મૂળ જ્ઞાન હશે તેના કરતાં વધારે છે એવી આબરૂ થશે. જે માણસ પોતાની વિદ્વત્તા દેખાડવાનો ઢોંગ કરતો હશે, તેને લોક વારેઘડીએ સવાલ પછશે, અને તે ઘડીએ પોકલ માલમ પડયું તો તેની મશ્કરી અને તિરસ્કાર થશે. જો કદાપિ ખરો પડ્યો તો લોક તેને મગરૂર ગણી કાઢશે.

ખરી યોગ્યતા હમેશાં પોતાની મેળે જ પ્રકાશિત થાય છે, પરન્તુ ગુણને કંઇ ડોળથી બતાવવામાં આવે છે ત્યારે તેની કિંમત બીજાં કારણથી ઘટી જાય તે કરતાં વધારે ઘટી જાય છે.

કાંઈ વિરૂદ્ધ બોલવું હોય તો તે સભ્યતા અને નરમાશથી બોલવું.

જ્યારે તમારે કોઇ માણસના મત તથા બોલવાથી વિરૂદ્ધ કહેવું હોય, ત્યારે તમારી બોલવાની ઢબ, ચેહેરાનો દેખાવ તથા શબ્દ અને સ્વર ઢોંગ કર્યા વગર સ્વાભાવિક નરમ અને શાન્ત રાખવાં જોઈએ. જ્યારે વિરૂદ્ધ બોલવું હોય ત્યારે "હું ભૂલતો ના હઉં તો" "મને ખાતરી નથી પણ મને લાગે છે કે" "હું ધારૂં છું કે" ઈત્યાદિ નરમાશનાં વાકયોથી શરૂઆત કરવી. તમને પોતાને કાંઇ ખોટું લાગતું નથી, અગર તમારા સામાવાળાઓને તમે ખોટું લગાડવા ધારતા નથી એવું બતાવવાને તકરારને અંતે સારા, મીઠા અને સામાને ખુશ કરે એવા શબ્દો તમારે વાપરવા, કેમકે બહુ વાર સુધી તકરાર ચાલે છે ત્યારે બંને બાજુવાળાનાં અંતઃકરણ વિરૂદ્ધ થાય છે.

બનતા સુધી તકરાર થવા જ દેવી નહિ.

તમારૂં ચાલે ત્યાં સુધી મંડળીમાં તકરારી અને વિરૂદ્ધ વાતચિત કરવી જ નહિ, કેમકે એવું થયાથી બંને બાજુવાળાનાં મન તકરાર ચાલે ત્યાંસુધીમાં પણ એક બીજા સાથે ઉંચાં થયા વિના રહેતાં જ નથી, અને જો એવી વાતચિત થઈ અને વધી ગઈ તો હળવે રહીને તેને મશ્કરીમાં લઈ જઈને અથવા નજીવી કરી નાંખીને ટુંકાવી દેવી.

હમેશાં શાંત સ્વભાવથી તકરાર કરવી.

આપણને લાગતું હોય અથવા જાણતા હોઇએ કે આપણી વાત ખરી છે, તો પણ આગ્રહથી અને જુસ્સાથી તકરાર કરવી નહિ. આપણે આપણો અભિપ્રાય ઘણી ધીમાસથી અને નમ્રતાથી આપવો; અને આમ કરતાં પણ પતે એવું ન હોય તો કહેવું કે આપણાથી એક બીજાની ખાતરી થઈ શકવાની નથી. તેમ આપણે ખાતરી કરવી જોઇએ એવી જરૂર પણ નથી, માટે આપણે બીજી વાત કહાડો, આવું કહીને વાત ફેરવી દેવાનો યત્ન કરવો.

જુદા જુદા મંડળમાં તેમની ખાસ રીતભાત પ્રમાણે વર્તવું.

દરેક માણસે એટલું ધ્યાનમાં રાખવું કે જુદા જુદા મંડળમાં તેમની દરેકની કાંઇ ને કાંઈ ખાસ રીતિ હોય છે. દરેક જનસમૂહની રૂચિઓ ભિન્ન ભિન્ન હોય છે, તેમ જ તેમના આવકાર દેવાના, બોલવાના અને બેસવા ઉઠવાના નિયમ પણ સહજ ફારફેરવાળા હોય છે. કોઈ પણ બાબત એક ઠેકાણે યોગ્ય હોય તે બીજે ઠેકાણે અતિ અયોગ્ય હોય છે. આવી ઝીણી

બાબતો તમારે અવશ્ય જાણવી જોઈએ, અને તે પ્રમાણે તમારે તમારી વર્તણુક રાખવી જોઈએ.

મશ્કરી, રમુજની વાર્તાઓ ઈત્યાદિ.

એક જાતની મશ્કરી, રમુજની વાત અગર તેવો કાંઈ ખેલ જે એક મંડળમાં બહુ પ્રિય હોય તે બીજામાં અપ્રિય હોય અને તેમને કંટાળો ઉપજાવે. એક મંડળમાં તેની ખાસ રીતભાત, વર્તણુક અને બોલવાની રૂઢીને લીધે અમુક શબ્દ, ચાળા અગર બીજી કોઈ ગમત બહુ જ પસંદ હોય, પણ તે ખાસ ગુણો જે મંડળમાં ન હોય ત્યાં તેના તે જ શબ્દો, ચાળા, ગમત વિગેરે બીલકુલ પસંદ હોય જ નહિ. કોઇએક વાતથી એક મંડળમાં તમને બહુ આનંદ થયો હોય, પણ તેથી ભિન્ન રૂચિવાળા બીજા મંડળમાં તે વાત તમે કરવા જુઓ તો ત્યાં તે નિરસ લાગે એટલું જ નહિ, પણ અયોગ્ય કાળે અને પ્રસંગે તેમ થયું હોય તો તેથી મંડળના જનોને ક્રોધ ઉપજે. કોઇ કોઈવખતે કેટલાક માણસો કંઈ વાત કહેવા જાય ત્યાં શરૂઆતમાં જ એમ કહે કે " હું તમને એક અતિ ઉત્તમ વાર્તા કહું " અથવા " બહુ જ રમુજની વાર્તા કહું " આથી સાંભળનારાના મનમાં મોટી આશા બન્ધાય છે અને દૈવયોગે તે વાત તેવી ન નિકળી તો સાંભળનાર નિરાશ થાય છે. અને એ ઉત્તમ રમુજી વાર્તા કહેનાર મૂર્ખ બને છે.

આત્મપ્રશંસા.

બની શકે તો કોઈ પણ પ્રસંગે તમારા પોતાવિષે કાંઇ બોલતા નહિ. કેટલાક લોક કાંઇ કારણ અગર તેવી કાંઇ જરૂર પડ્યા સિવાય એકાએક પોતાના વખાણ કરવા મંડી જાય છે

એ તદ્દન બેવકુફાઈ છે. બીજા કેટલાક તો તેમના વિચાર પ્રમાણે બહુ યુક્તિથી આત્મપ્રશંસા કરવી શરૂ કરે છે. એક બનાવટની વાત ઉભી કરી કહેશે કે “ લોકો મારા ઉપર અમુક દોષ મૂકે છે, અમુક ખરાબ બાબતો મારે વિષે કહે છે, ” વિગેરે કહીને પોતાનો બચાવ કરે છે; અને તેવું કરવામાં પોતાના સદ્ગુણોની એક નામાવલિ કહી જાય છે. વાત કરતાં વળી નીચે પ્રમાણે ઉપોદ્ઘાત કરે છે: “ હું કબુલ કરૂં છું કે આ પ્રમાણે મારે માટે વાત કરવી તે ઘણું ખોટું છે, મને તેમ કરવા તરફ બહુ તિરસ્કાર છે અને આ પ્રમાણે નિંદાની ખાતર અન્યાયથી મારા ઉપર દોષ મૂકવામાં ન આવ્યા હોત તો હું કદી મારા ગુણવિષે કાંઇ બોલત પણ નહિ. ” પણ બિચારા એટલું સમજતા નથી કે મિથ્યાભિમાન ઉપર નાંખેલો આવો વિનયરૂપી પાતળો પડદો એટલો તો પારદર્શક છે કે તે જે પુરૂષોને જરાક પણ ઉંડા ઉતરી જોવાની શક્તિ હોય છે તેમનાથી ઢાંકેલી વસ્તુ (મિથ્યાભિમાન) છૂપી રાખી શકાતી નથી.

કેટલાક માણસો તેથી વધારે વિનયથી અને પ્રપંચથી પોતાનું કામ ચલાવે છે. તેઓ પ્રથમ પોતામાં અવગુણ છે એમ બતાવે અને પછી તે અવગુણો પોતાનામાં હોવાને લીધે તેઓ કમનસીબ છે એમ કહી મુખ્ય સદ્ગુણો તેમનામાં નથી તેથી તેઓ દોષવાન છે એમ કબુલ કરે છે અને પોતાના અવગુણો નીચે પ્રમાણે કહી બતાવે છે: “ દુઃખીઆરા લોકને જોઇને મને દયા આવ્યા વગર રહેતી નથી અને તેમને મદદ કરવાનો પ્રયાસ કર્યા વિના રહેવાતું નથી, મારા જાતિભાઇઓને હું દુર્દશામ જોઉં તો તેમને તેમાંથી મુક્ત કર્યા વિના મારે ચાલે જ નહિ; તથાપિ ખરેખર જોતાં તો એમ છે કે મારી સ્થિતિ તેમ કરવાને

યોગ્ય નથી. હું કબુલ કરૂં છું કે કેટલીક વખત સત્ય બોલવું એ મૂર્ખાઇ છે તો પણ મારે સાચું બોલ્યા શિવાય ચાલે જ નહિ. ટુંકામાં આ બધા અવગુણોને લીધે દુનિયામાં જીવવાને જ હું લાયક નથી તો પછી ઉત્કૃષ્ટ થવાની તો વાત શી. પણ હવે ઉમર બહુ થઈ એટલે પડેલી ટેવ બદલાતી નથી, અને તેટલા માટે હવે અમારે જેમ તેમ કરી બાકીના દિવસ પૂરા કરવાના છે."

નાટકગૃહની રંગભૂમિપર આ પ્રમાણે બનવું બહુ હાસ્ય કરવા લાયક અને સાધારણ નિયમથી બાહાર હોય છે, તોપણ જગતરૂપી નાટકની સાધારણ રંગભૂમિ ઉપર વારંવાર જોવામાં આવે છે. મિથ્યાભિમાન અને ગર્વ મનુષ્યપ્રકૃતિમાં એટલાં તો દૃઢ હોય છે કે તે છેક હલકી બાબતોમાં પણ જોવામાં આવે છે. અને ઘણી વખત કોઈ કામ વિષે તેઓ જે કહે તે સત્ય છે એમ માન્ય કરીએ તો પણ તેની વ્યાજબી રીતે કાંઇ પ્રશંસા કરવી યોગ્ય નથી. તેવા કામને માટે પણ લોકો પ્રશંસા મેળવવા ભમે છે. કદાચિત્ કોઈ માણસ એમ ખાતરીથી કહેશે તે ટપ્પા મકી છ કલાકમાં સો માઇલ ઘોડા ઉપર ગયો. આ વાત ઘણું કરીને તો જુઠી હોય પણ ધારો કે તે ખરી હોય તો તેમાં શું થયું? બહુ તો એમ કહેવાય કે તે બહુ હુશિયાર "પોસ્ટ બોય"—હલકારો છે. બીજો આવીને વળી કેટલાક સોગન ખાઇ કહેશે કે એક જ બેઠકમાં હું છ અથવા આઠ સીસા દારૂના પી ગયો. ધાર્મિકબુદ્ધિથી તો એમ માનવું જોઈએ કે તે માણસ જૂઠો જ છે. કારણ જો તેમ ન માનીએ તો તેને પશુ જ માનવો જોઈએ.

મિથ્યાભિમાનથી માણસો આવી આવી હજારો મૂર્ખાઈઓ કરે છે પણ પોતાના મતલબમાં ફતેહ પામતા નથી. એ

દુઃખ નિવારણ કરવાનો ફક્ત એક જ ઉપાય છે, તે એ કે આપણે પોતાને માટે કદિ પણ બોલવું નહિ. પણ કોઇ બનેલી વાતનું વર્ણન કરતાં પોતાને માટે કાંઇ બોલવું પડે તો તમે પ્રશંસા શોધો છો એમ પરોક્ષ કે અપરોક્ષ અર્થ થાય એવો એક શબ્દ પણ ભલે ચૂકે બોલ્રી જશો નહિ. આપણી ચાલચલગત ગમે તેવી હો તે એની મેળે જણાશે; પણ તમે કહી બતાવશો તે ઉપરથી લોકો તેવી જ માનશે નહિ. આપણે કંઈ પણ કહીશું તેથી આપણી ખામીઓ ઢંકાશે નહિ, તેમ તેથી આપણી પૂર્ણતા અજવાળામાં નહિ આવે, પણ ઉલટું તેથીને કરી ખામીઓ અજવાળામાં આવશે અને પૂર્ણતા ઢંકાઇ જશે. આપણે આપણા ગુણ વિષે મુંગા રહીએ તો જે માણસો આપણી ઇર્ષ્યા, તિરસ્કાર કે હાંસી કરતા હોય તેમનાથી આપણા ગુણનાં યોગ્ય વખાણ થતાં અટકાવી કે ઓછાં કરી શકાવાનાં નથી.

પણ આપણા પ્રશંસક આપણે જ થઇએ, તો પછી તે બહુ યુક્તિથી ગુપ્ત રાખીએ તોપણ લોકો આપણા વિરૂદ્ધ થશે, અને આપણી કાર્યસિદ્ધિમાં નિરાશ થઇશું.

બોલવામાં ગુઢ કે અપ્રસિદ્ધ શબ્દો વાપરવા નહિ.

બોલવામાં ક્વચિત્ પણ ગુઢ કે અપ્રસિદ્ધ શબ્દો ન આવી જાય, એવી સાવચેતી રાખવી. કારણ તેથી સામા માણસને કંટાળો આવે છે, એટલું જ નહિ પણ તમારી વૃત્તિ ઉપર સંશય ઉપજે. જો તમે તેમને અસ્પષ્ટ જણાઓ તો તેઓ પણ તમારી સાથે તેવા જ થશે. તેથી પછી તમે કંઈ જાણશો નહિ. બુદ્ધિની પરાકાષ્ઠા તો એ છે કે તમારે બોલતી વખત અંતરમાં ડહાપણ અને સંકોચ રાખવો, અને બહિર, ભોળપણ, સ્પષ્ટ-

વક્તાપણું અને અને સરળતા રાખવાં; અને પોતે સાવચેત રહી સ્વાભાવિક દેખાય તેવી સ્પષ્ટતાનો ડોળ ઘાલી સામાને અસાવધ કરવા તમે કંઇ પણ અવિચાર અને અસાવધાનતાથી બોલશો તેનો લાભ મંડળીના ઘણા માણસો લઇ જશે.

જેની સાથે બોલતા હો તેના મ્હો સામું જોઈ બોલો.

હમેશાં જેની જોડે વાતચિત કરતા હો તેના મ્હો સામું જોઈ બોલો. આ પ્રમાણે ન કરો તો એમ ન સમજાય કે તમે કંઇ થોભીલા છો. આ ઉપરાંત તમારી વાતથી સાંભળનારને શી અસર થઇ તે, તેના મ્હો ઉપરથી તમને જાણવાનો લાભ મળી શકવાનો નહિ. માણસોના ખરા અભિપ્રાય જાણવાને હું મારા કાન કરતાં આંખ ઉપર વધારે આધાર રાખું છું, કારણ કે મારે અમુક વાત જાણવી જોઇએ એવી તેમની ઈચ્છા થાય તે જ ફક્ત કાન કહી શકે છે, પરંતુ આંખો તો જે વસ્તુ મારે જાણવી જોઈએ એવો તેમનો ઈરાદો ન હોય તોપણ તે વસ્તુ જણાવ્યા વગર તેમનાથી ભાગ્યે જ રહી શકાય.

ચુગલી.

કોઇની ખાનગી વાત ખુશીથી સાંભળવી પણ નહિ તેમ તેનો સંગ્રહ પણ ન કરવો, કારણ બીજા લોકોની ચુગલી તરત તો આપણી ઈર્ષ્યાને અગર અહંકારને સંતુષ્ટ કરશે, પણ શાંત વિચાર કરશો તો એમ જણાશે કે એવા સ્વભાવથી નુકશાન-કારક પરિણામ નિપજે છે. ચોરીની પેઠે ચુગલીમાં પણ તે ગ્રહણ કરનાર ચોરના જેટલો જ ખરાબ ગણાય છે.

સાર્વજનિક ટીકા કરવી નહિ.

વાતચિત કરવામાં કોઇપણ જાતની સમાજો ઉપર ખરાબ વિચાર દર્શાવશો નહિ, તેથી કરીને વગર જરૂરે તમારા ઘણા

દુશ્મનો થાય છે. પુરૂષોમાં તેમ સ્ત્રીયોમાં સારા હોય છે તેમ નઠારા પણ હોય છે, અને વખતે નઠારા કરતાં સારાનો ભાગ વધારે હોય છે, અને તે જ પ્રમાણે વકીલો, યોદ્ધાઓ, ધર્મોપદેશકો, દરબારીઓ, નગરવાસીયો આદિ સર્વમાં હોય છે. તેઓ સર્વ મનુષ્ય છે, સઘળા એક જ વૃત્તિને–વિચારને આધીન છે. તેમની જુદી જુદી કેળવણીને આધારે તેમની રીતિમાં માત્ર ફેર છે, પણ તેમના કોઈના સમૂહ ઉપર ટીકા કરવી એ જેટલું અન્યાયી છે, તેટલું મૂર્ખાઇ ભરેલું છે. કોઈ એક માણસને ખોટું લાગ્યું હોય તો તે ક્ષમા કરે છે; પણ સમૂહથી તેમ થતું નથી. ધર્મગુરૂઓનું ખોટું બોલવામાં ઘણા યુવાનો ગૃહસ્થનું લક્ષણ જાણે છે અને હોંશિયારીનું ચિહ્ન સમજે છે. આમ સમજવામાં તેઓ ઘણા ઠગાય છે, કારણ કે ધર્મગુરૂઓ પણ મનુષ્ય જ છે, કાંઇ ખાસ પોશાક પેહેરે છે તેથી કાંઈ સારા કે ખરાબ કહેવાય નહિ, પ્રજાઓ અને બીજા સમૂહો ઉપર તેમાંની દરેકને લાગુ પડે તેવી ટીકા બુદ્ધિવગરના લોક કરે છે. તેઓ હોંશીઆરમાં ખપવાને માટે આવી સામાન્ય બાબતો ઉપર વાત કરે છે. વ્યક્તિની પરીક્ષા, તેમની જાતિ, ધંધા કે હોદ્દા ઉપરથી નહિ પણ પણ તેમના વિષે તમારા પોતાના અનુભવ ઉપરથી કરવી.

ચાળા.

નીચા અને ન્હાના મનના માણસો ચાળા પાડવામાં સાધારણ અને પ્યારી ગમત સમજે છે, પણ મહાજનો તેને અતિશય નિંદે છે. મશ્કરીની પંક્તિમાં પણ ચાળા પાડવાની કુટેવ, નીચમાં નીચ અને છેક અસભ્ય ગણાય છે. આપણે ચાળા પાડવા નહિ, અને બીજા પાડતા હોય તે પસંદ કરવું નહિ.

વળી જેના ચાળા પાડીએ તેને અપમાન લાગે છે, અને મેં તમને આગળ ઘણીવાર કહેલું છે તે પ્રમાણે એ અપમાન કદી ભૂલાતું નથી.

સોગન ખાવા.

સારા માણસોની મંડળીમાં કેટલાકને વાતચિત કરતાં મધ્યે મધ્યે સોગન ખાતાં આપણે ઘણીવાર સાંભળીએ છીએ. તેઓ સમજે છે કે એવું કરવાથી આપણે વાતને દીપાવીએ છીએ. પણ એ તો તેમની મોટી ભૂલ છે; કેમકે જેઓ સોગન ખાય છે તેઓનો તે મંડળ સારૂ છે એમ કહેવરાવવામાં લેશ માત્ર પણ ભાગ નથી. એવા લોક ઘણુંકરીને હલકી કેળવણી લીધેલા હોય છે, કેમકે સોગન ખાઈ ખાતરી કરી આપવાના કાંઇ પણ કારણ વગર સોગન ખાવા એ કામ જેવું દુષ્ટ છે તેવું જ તે નાદાનીભરેલું અને કઢંગુ છે.

મ્હોં કે નાક ચઢાવવું.

મંડળીમાં બેસીને આપણે જે કાંઈ વાત કહીએ તે જો ગર્વિષ્ઠ તથા તિરસ્કારભરેલું મ્હોં કરીને અથવા ગભરાયલા દેખાવથી યા નાદાનીથી ખાલી દાંત પીસી કહિયે, તો તેને કોઇ ગણકારશે નહિ અને બધા નિંદશે. વળી જો આપણે બડબડીએ અગર ન સમજાય તેવી રીતે તોછડાઇ ભરેલું બોલીએ, તો તેની ઉપરનાથી પણ માઠી વલે થાય.

તમારી પોતાની તેમ બીજા લોકની ખાનગી હકીકતની વાત કોઇના આગળ કરવી નહિ.

તમારા પોતાના અગર બીજાના ઘર કુટુંબ સંબંધી વાત તમારે કોઇ પણ વખત કરવી નહિ. કારણ કે તમારા ઘરની વાત બીજાને નકામી હોય, એટલું જ નહિ પણ તે સાંભ-

ળતાં તેને કંટાળો પણ આવે, તેમ બીજાના ઘરની વાત તમારે પણ નિરૂપયોગી છે. ઘરકુટુંબ સંબંધી વિષય ઘણા બારીક વિવેકનો છે. અને તેથી તે સંબંધી વાત કરતાં કોઇને પણ માઠું લાગે નહિ તો સારૂં ભાગ્ય સમજવું. દરેક કુટુંબના બાહ્ય દેખાવ ઉપર વિશ્વાસ રાખવો નહિ, કારણ કે તેમાંના વધુવરનો, માબાપ છોકરાંનો, અને દેખીતા મિત્રોનો અંતરનો સંબંધ તે દેખાવથી એટલો તો જુદો હોય છે કે આપણો બહુ પવિત્ર હેતુ હોય તો પણ આપણી વાતમાં કોઇને કંઈપણ પ્રતિકૂલ હોય, એવું આવી જાય છે, કેમકે તમારી હકીકત સામા લોકને નકામી અને કંટાળો ઉપજાવનારી હોય, અને બીજાની હકીકત તમારે પણ નકામી જેવી જ. આ ઘણી બારીકીની વાત છે. ભાગ્યે જ તમારાથી એકાદાને પણ માઠું લાગે તેવી વાત કહેવાયા વગર રહેવાય.

કહેવામાં સ્પષ્ટતા.

રસ વગરની અથવા સમજાય નહિ એવી મશ્કરી અથવા ટોળ, મંડળીમાં કોઇ કરે તે મૂર્ખ બન્યા વગર રહે જ નહિ. અને જ્યારે તેણે ધાર્યું હોય કે મારી વાત બધા પસંદ કરશે, પણ તેમ નહિ થતાં બધા છેક મુંગા રહે ત્યારે અથવા ભોગજોગે તેને કોઈ મશ્કરી સમજાવવાનું કહે ત્યારે ભાઇસાહેબની કેવી કઢંગી અને ગભરાયલી સ્થિતિ થાય તે વર્ણવવા કરતાં વધારે સહેલાઈથી કલ્પી શકાશે.

ગુપ્તપણું.

જે વાત તમે એક ટોળીમાં સાંભળી હોય તે વાત બીજી ટોળીમાં કરતાં તમારે સંભાળ રાખવી. કોઈ વાત દેખીતી નિર્જીવ માલમ પડે, પણ તે ફેલાઈ જવાથી આપણે કલ્પી

શકીએ, તેના કરતાં પણ વધારે ખોટું પરિણામ વખતે તેમાંથી નીપજે છે. વાતચિતમાં એકમેકનાં મનમાં એવો વિશ્વાસ હોય છે કે જો ખુલ્લી રીતે તે વાત છાની રાખવાની કહી ના હોય તોપણ તે બીજે ઠેકાણે નહિ કરવાને સામો માણસ બંધાયલો છે. પણ આવી રીતે જેના મનમાં વાત ટકે નહિ એવાને તો હજારો વિઘ્ન અને પંચાતો આવી પડે છે. અને જ્યાં તે જાય ત્યાં તેને કોઇ ગણે નહિ અને તેનાથી બીહીને વાત કરે.

જેવું માણસ તેવી વાત.

જે માણસ સાથે તમે વાત કરતા હો, તે માણસને યોગ્ય તમારે હંમેશાં વાત કરવાનું રાખવું કેમકે મારા ધાર્યા પ્રમાણે તમને ધર્માધ્યક્ષો, પંડિત, સેનાપતિ અને સ્ત્રી સાથે એક જ બાબત અને સરખી રીતે વાત કરવાનું દુસ્તર નહિ લાગે.

મંડળીમાં કંઈ વાત અગર મશ્કરી થતી હોય તે તમે તમારા ઉપર ખેંચી લેતા નહિ અગર તમારા વિષે તે કહેછે એમ વહેમ લાવતા નહિ.

સાધારણ અને હલકી કેળવણીવાળા માણસો જ્યારે સારા માણસોના મંડળમાં આવી પડે છે, ત્યારે એમ ધારે છે, કે તેઓ પોતે મંડળના ધ્યાનનો વિષય છે. ત્યાં જો કોઈ કંઈ છાની વાત કરે તો તેઓ નિશ્ચયપૂર્વક એમ જ ધારવાના કે આપણી જ વાત તેઓએ કરી. કોઇ હસે તો એમ માને કે મારૂં જ હાસ્ય કર્યું. કદાચિત્ કોઈએ કંઈ અસ્પષ્ટ વાત કરી હોય અને તે બલાત્કારે પોતાને લાગુ પડી શકે તેવી હોય તો તેવાઓને એમ ખાતરી થાય કે તે પોતે પોતાને જ ઉદ્દેશીને કહી છે. એમ થતાં પરિણામે પ્રથમ પોતાનો ચહેરો ઉતરી જાય અને પછી ક્રોધ થાય. કુલીન પુરૂષ તો પોતાના સંબંધમાં એટલી

સ્પષ્ટ વાત થઈ હોય કે પોતાની આબરુ ખાતર તે વાત સામે યોગ્ય રીતે પોતાનો તિરસ્કાર બતાવવાની જરૂર પડે તે સિવાય સભામાં પોતાનું અપમાન થયું કે ઓછી કિંમત થઈ કે હાસ્ય થયું એમ ધારતા જ નથી અને કવચિત્ ધારે તો તે દર્શાવતા નથી. પણ નજીવી બાબતોમાં હલકું માણસ કજીઆખોર અને અદેખું તથા આતુર તામસી હોય છે. મ્હારી નિન્દા સામા લોક કરે છે, એવો તેના મનમાં વહેમ આવે છે, અને જે જે કહ્યું તે બધું મ્હારા ઉપર કહ્યું એવું ધારે છે. જો મંડળીમાં હસવાનું ચાલે તો તે પોતાના મનમાં સમજે કે આ તો મને હસે છે. પછી પોતે ગુસ્સે થઇને કાંઈ ઘણું અસભ્ય વચન કાઢે છે, અને પોતાની સમજ પ્રમાણે ખરી હીંમત બતાવવા જતાં પોતે ફસાઈ પડે છે. હલકા માણસની વાતચિત ઉપરથી જ માલમ પડી આવે કે તે સારા સંસ્કાર કે સુસંગતવાળો નથી. પોતે ઘણું કરીને વાતચિત કરે તે પણ પોતાના ઘરસંસારી વિષયની, ચાકરોની તથા પોતાના કુટુંબમાં પોતે સરસ રીતે વ્યવસ્થા કરતો હોય તેની અને વળી કોઈ પડોશીઓની હોય, અને તે પણ રસવાળી વાતોની પેઠે જોરથી કહે. એને બીજું શું કહીએ ? એવા માણસને તો ગપાટા મારનાર કહેવો.

ગાંભીર્ય.

જોવામાં અને હાલવા ચાલવામાં કેટલુંક બહારનું ભારેખમપણું રાખવાથી ભાર પડે છે. એથી કાંઇ અક્કલવાળો તથા યોગ્ય આનંદવાળો દેખાવ ઢંકાઈ જતો નથી. શરીરનું અયોગ્ય ચાપલ્ય અને નિરન્તર હસતો ચહેરો એ હલકાપણાનાં દૃઢ ચિહ્ન છે.

મિતવ્યયતા અથવા કરકસર.

અક્કલવાળો માણસ ફાયદા તથા માન મેળવીને ખરચ કરે છે, તેના કરતાં મૂર્ખ માણસ ફાયદો તથા માન એ બેમાંનું એકે મેળવ્યા વગર વધારે ઉરાડી દે છે. અક્કળવાળો જેમ વખતનો ઉપયોગ કરે છે, તેમ પૈસાનો પણ કરે છે; અને પોતાને અગર બીજાને ઉપયોગનો અગર વ્યાજબી રમુજ ઉપજાવે તેવા કામ સિવાય બીજામાં પોતે એક પળ તેમ એક પૈસો કદી ખરચતો નથી. મૂર્ખ પોતાને જેનો ખપ ન હોય તે ખરીદ કરે, અને જેનો ખપ હોય તેમાં કદી દમડી ખરચે નહિ. રમકડાંવાળાની દુકાને ગયા એટલે તો પોતે ઢળી જ પડે. તમાકુની દાબડીઓ, ઘડીઆળો વિગેરે તો તેનું ગજવું ખાલી કરાવ્યા વગર રહે જ નહિ. પોતાના ચાકર તથા વેપારીઓ પોતાના અન્ધેરનો લાભ લઈ પોતાને ઠગે અને થોડા કાળ પછી, પોતાની પાસે ન્હાના પ્રકારની વગર ઉપયોગી હસી કાઢવા જેવી વસ્તુઓ છતાં પોતાને અચંબો લાગે કે જીન્દગીને ખરેખરી જરૂરીઆતની સુખવાળી વસ્તુઓ તો મારી પાસે છે જ નહિ.

કાળજી અને વેત રાખ્યા વગર અઢળક દોલત હોય તેથી બધું જરૂરીઆતી ખરચ પુરૂં પડે નહિ. અને કાળજી તથા વેત રાખ્યાથી ઘણું કરીને થોડામાં થોડી દોલતથી પણ જરૂરીઆતી બધું ખરચ કરી શકાય. જ્યાં સુધી બની શકે ત્યાં સુધી તમે જે જે ખરીદ કરો તેના નાણાં રોકડાં આપવાં. બીલ (ઉધાર) ની વાત કરવી નહિ. બનતાં સુધી નાણાં પણ પોતાની સમક્ષ ચૂકવી આપવાનો રીવાજ રાખવો સારો છે. ચાકરોની ઘાલમેલ થવા દેવી નહિ. તેઓ વળી તે માંહેથી દલાલી ખાઈ જવાનું તાકે, કાંઈ સાધારણ ઘરખરચની વસ્તુઓનું મહીને મહીને બીલ

કરાવવાની જરુર પડે તો તેમ કરવું, પણ તે બીલનાં નાણાં પોતાને હાથે વખતસર ચુકવી આપવામાં આળસ કરવું નહિ. કરકસરની ધુંધમાં અંજાઇ જઈને આ વસ્તુ સસ્તી છે માટે ખરીદ કરો અથવા જરા મોટાઈની મગરૂરીમાં ગરક થઇ આ વસ્તુ ભારે કીમતની છે તે આપણે જોઇએ માટે ખરીદ કરો; આવી રીતે એમાંથી ગમે તે વિચાર કરી કાંઈ જણસ ખરીદ કરતા નહિ. શું આવ્યું અને શું ખરચ્યું તેનો એક ચોપડામાં હીસાબ રાખવો જોઇએ. કેમકે જે માણસ પોતાની આવક અને જાવક જાણે છે તે કદી ફસાઈ પડતો નથી, અથવા ઘસાઇ જતો નથી. આવું કહેવાથી મારી મતલબ તમારે એવી ના સમજવી કે જુજ જુજ ખરચનો દોકડે દોકડાનો હીસાબ રાખવો. એ તો ખાલી વખત ગુમાવવા જેવું છે. આળસુ બખીલ એવી નજીવી વસ્તુઓ ઉપર છો ધ્યાન આપતા, પણ તમારે સરતમાં રાખવું કે સંસારની બીજી રીતિઓ પેઠે કરકસરપણામાં પણ યોગ્ય બાબતો ઉપર યોગ્ય ધ્યાન આપવું અને નિર્જીવ વિષયો ઉપર યોગ્ય ધિક્કાર બતાવવો એ તમારે જરૂરનું છે.

મિત્રતા.

યુવાન પુરૂષોને ઘણુંખરૂં મનમાં આવે તે કહી દેવાની ટેવ હોય છે, જેથી કરી લુચ્ચાઈમાં પાકા થયલા માણસોનો તેઓ બીચારા ભોગ થઇ પડે છે. કોઈ લુચ્ચો માણસ તેમને કહેશે કે હું તમારો મિત્ર છું, તો ખરે જ તેને ખરો મિત્ર ગણે અને આ ક્ષણિક મિત્રતાના વચનથી તેમાં વગર વિચારે બેહદ વિશ્વાસ રાખે; તેથી પોતાને હમેશાં નુકશાન થાય એટલું જ નહિ પણ ઘણી વખત નાશકારક પરિણામ નીપજે. આવી મ્હોડે બોલીને દર્શાવેલી મિત્રતાથી સાવધ રહેવું. તેવા મિત્ર આવે ત્યારે

તેમને ઘણી સહુકાઈથી મળવું પણ તેમના બોલવામાં કંઇ ભરોસો રાખવો નહિ. તેમની જોડે વાતચિત કરવી પણ વિશ્વાસ રહિત. પહેલી જ મુલાકાતમાં અથવા થોડાક ઓળખાણમાં લોકો મિત્ર થઇ જાય છે એવું કદી ધારતા નહિ. ખરી મિત્રતા તો હળવે હળવે થાય છે, અને અન્યોન્યના ગુણના જ્ઞાન વગર તે મિત્રતા કદી વધીને પાકી થતી નથી.

યુવાનોમાં વળી એક જાતની નામની મિત્રતા હોય છે. તે મિત્રતા તેટલી વખત તો ખરેખરી હોય છે, પણ સારા ભાગ્યે લાંબીવાર ટકતી નથી. અચાનક એકઠો સમાગમ થવાથી અને વ્યસન તથા વિષયના એક રસ્તામાં પડવાથી આવી મિત્રતા એકદમ બન્ધાઈ જાય છે. ધન્ય છે આ મિત્રાચારને! અને તે વળી વિષયાસક્તિ અને વ્યસનથી દૃઢ થયેલી! આવી મિત્રાચારી તો નીતિ અને ઉચ્ચ રીતભાત વિરૂદ્ધ કેવળ તરકટ જ છે, અને તેવા મિત્રોને ન્યાયાધિકારીઓએ શિક્ષા કરવી જોઈએ.

આવા નીચ સંબન્ધને મિત્રતાનું નામ આપવું એ શું તેમની બેવકુફાઇ અને અજ્ઞાન નથી? ખોટા કામમાં ખરચવાને એક બીજાને નાણાં ધીરે છે. પોતાની દુષ્ટ મતલબ સાધવાને માટે બચાવ કરવાના અને સામા થવાના કજીઆમાં તેઓ ઉભા રહે છે. એકમેકને તેઓ જાણુતા હોય તેટલું બધું અને ન જાણુતા હોય તેટલું જૂઠું પણ કહી દે છે. કાંઈક વાંધાથી તુરત ભાઈબન્ધાઇ તૂટી જાય છે. અને જાણે કોઈવાર મળ્યા ન હોય તેમ એક બીજાને કોઈ સંભારતું નથી. અને સંભારે છે તો આ યોગ્ય વિશ્વાસ પોતે મૂકેલો હોય અગર પોતામાં મૂકાયલો હોય તેને હસી કાહાડવાને અગર તેનો ઘાત કરવાને પ્રસંગે જ.

જે વાત સાધારણ રીતે કહેવાથી પણ શક્ય માલમ પડે, તેવી વાતને તમારા મનમાં ઉતારવાને કોઇ સમ ખાઈને તથા ખાતરીથી ભાર દઇને કહે ત્યારે તમારે જાણવું કે તે તમને ઠગવાને આવ્યો છે, અને એ વાત તમારા મનમાં ઉતારવામાં એને કાંઇ નફો છે; નહિ તો તે એટલી બધી યુક્તિ કરે નહિ.

મિત્ર અને સોબતીમાં ઘણો ફેર છે, એ વાત લક્ષમાં રાખવી. કેમકે ઘણો મળતાવડો અને સભ્ય સોબતી ઘણો અયોગ્ય અને નુકસાન કરે એવો મિત્ર થઇ પડે, અને ઘણી વખત તો એમ જ થાય છે તમારા મિત્ર વિષે લોકનો જેવો અભિપ્રાય હશે તેવો જ તમારા વિષે લોકનો જેવો અભિપ્રાય હશે તેવો જ તમારા વિષે તેઓના મનમાં આવશે. સ્પેન દેશની એક કહેવત છે કે—"તમે કહોની સાથે રહો છો; એ મને કહો તો હું તમને કહું કે તમે કેવા છો." કોઈ માણુસ લુચ્ચાની અથવા નાદાનની મિત્રતા કરે ત્યારે સામાના મનમાં સહજ આવે કે, તને કોઈ દુષ્ટ કામ કરવાનું છે, અથવા તેવું કામ કર્યું હશે તેને સંતાડવું છે. તમારે તો એટલી સાવચેતી રાખવી કે ખળ અને મૂર્ખની દોસ્તીમાં પડવું જ નહિ. ખળ અને મૂર્ખની સંખ્યા વધારે હોય છે અને તેવાઓની સાથે મિત્રતા જો તેવા સંબન્ધને એ નામ આપી શકાય તો-કરવાનું તમે યુક્તિથી ના કહો તો અકારણ તેમની સાથે દ્વેષ થવાનો પ્રસંગ તો આવે જ નહિ. અને એવા લુચ્ચા અને નાદાન લોકની સાથે લઢાઈ કે દોસ્તી કરવા કરતાં, હું તો તેમનાથી નિર્ભયપણે અલગ રહેવાનું વધારે પસંદ કરૂં, તમે તેમના અવગુણ અને મૂર્ખાઇનો ધિક્કાર ઉઘાડી રીતે બેલાશક બતાવો, પણ તેથી તમને તેઓ પોતાની જાતના (પિંડના) દુશ્મન છો એવું ગણવાના નહિ. તેમની ભાઈબંધાઈ કરતાં તેમની દુષ્મ-

નાઇ ઓછી નુકસાનકારક છે. અંતરમાં તો બધાંની જોડે ઘણું કરીને પડદો રાખીને કામ કરવું. અને મ્હોડે બધા જોડે ખુલાસેથી બોલવું. કેમકે દીલરખા દેખાયાથી આપણે ઘણા અણગમતા થઈએ છીએ. તેમ દીલ ખુલવી દીધાથી ઘણું નુકસાન છે. એ બાબતનો ખરેખરો મધ્યમ ગુણ તો કોઈનામાં માલમ પડવાનો નહિ. ઘણા જણ નજીવી બાબતોમાં પણ મશ્કરી થાય એવા ગુઢ અને દીલરખા હોય છે: અને ઘણા જણ તો હોય તે બધું એ મૂર્ખાઇપણામાં બકી જાય છે.

કુલીનતા.

કુલીનતાની બરાબર વ્યાજબી વ્યાખ્યા એ થઇ છે કે "ઘણી સારી સમજણ, કાંઇ સારો સ્વભાવ, અને થોડુંક બીજાઓને માટે મન મારવું કે જેથી પોતાને માટે બીજો પણ મન મારે—એટલા બધા ગુણોનું પરિણામ." ઉચ્ચ સંસ્કાર ત્વરાથી પામી શકાતા નથી તેમ જ નિઃશેષ પણ ગ્રહણ થઇ શકતા નથી. એ તો ન્હાનપણમાં જ મેળવવા જોઈએ, નહિ તો તે કદી સહેલાઈથી મેળવાતા નથી. અને બાલ્યાવસ્થામાં એક વખત તે સંસ્કાર દૃઢ થયા તો પછી તે હમેશ સુધી ટકે છે, અને અભ્યાસ જેવા થઇ જાય છે. "હૉરેસ" નામનો પંડિત કહી ગયો છે કે "યુવાન પુરૂષોને ન્હાના હોય ત્યારે સારી ટેવ અને સારા વિચાર બતાવવા એ ઘણું લાભકારક છે." આપણાં સારાં સોહોજ અથવા કેળવણીથી જે કોઇ માણસ એકદમ આપણને જોઈને આપણા ઉપર લોભ રાખે, પછીથી ઘણી વારે અક્કલની બુજતો થાય. મુગલાઈ કરવામાં અને પગે લાગવામાં કાંઇ કુલીનતા ગણાતી નથી. સરલ, સભ્ય અને માન ભરેલી વર્તણુકથી ખાનદાની જણાઈ આવે છે.

અક્કલ વગર પણ ખાનદાની ઘણી વખત રદ પડી જાય છે. કેમકે અમુક વખતે અમુક મનુષ્યને એક વાત સારી સભ્ય લાગી તે જ વાત બીજે અવસરે બીજા માણસને જંગલી લાગવાની ખાનદાનીની પણ રીતિઓ છે જેમકે કોઈને "હા" કે "ના" "જી" "સાહેબ" "મહેરબાન" કે "મહારાજ" લગાડ્યા વગર કહેવું એ કેવળ અસભ્ય છે તેમ જ કોઇ આપણને પૂછે અને તે ઉપર ધ્યાન આપવું નહિ અને તેનો સભ્યતાથી જવાબ દેવો નહિ એ પણ તેવું જ અસભ્ય છે. આવી ચાલથી આપણી સાથે જે વાત કરતું હોય તેના મનમાં ખાતરી થાય કે આપણે તેને ધિક્કારીએ છીએ અને જવાબ દેવો અગર લક્ષ આપવું એટલું બધું તે લાયક માણસ છે એમ આપણે ધારતા નથી.

ખાનદાનમાં ઉછરેલો માણસ પોતાની સાથે કોઈ વાત કરશે ત્યારે તે તેને સભ્યતાથી જવાબ આપવાનું ભૂલવાનો નહિ; કોઇ ઠેકાણે ગયા તો પોતે છેલ્લો બેસશે, અને કોઇ ઉંચે બેસવાનું કહે ત્યારે જે જગા પોતાને યોગ્ય હશે ત્યાં બેસશે. ભોજન કરવા બેસશે ત્યાં પેહેલો ખાવા મંડી નહિ જાય, હળવે રહીને સભ્યતાથી ખાશે, અને બધાની જોડે ખાઈને ઉઠશે, અને આ બધું પોતે હસમુખી કાન્તિથી કરશે-કાંઇ નાખુશીથી કરવું પડે છે એમ મ્હોં ચઢાવીને કરવાનો નહિ.

સંપૂર્ણ સાદા સંસ્કાર મેળવવામાં જેટલી મુશ્કેલી થઇ પડે છે, તેથી વધારે મુશ્કેલી બીજામાં પડતી નથી-તેમ જ એવા સંસ્કાર ગ્રહણ કરવા જેટલા અગત્યના છે તેટલા બીજા નથી. અતિશય મુગલાઇ તથા છેક ઉદ્ધતપણું તેમ જ છેક શરમ રાખવામાં સારા સંસ્કાર કહેવાય જ નહિ. એ તો તેમનાથી

ન્યારા છે. કેટલીક વખત થોડીક દૃઢતા પણ અવશ્ય જોઈએ જ, અને નમ્રતા બતાવવી એ તો લાયકીનું લક્ષણ જ છે.

સોનાની પેઠે સદ્ગુણમાં અને વિદ્યામાં પણ પોતપોતાની જાતિનું બળ હોય છે, પણ તેમને આપ્યાં ન હોય ત્યારે તેમનું તેજ ઘણું ખરૂં ઢંકાયલું રહે છે. ઝાંખા સોના કરતાં ઘસેલા પીતળને ઘણા લોક પસંદ કરશે. ફ્રાન્સના લોકો પોતાના આનંદમય, સરલ અને લાયકીવાળા ગુણોથી કેટલાં બધાં પાપ ઢાંકેલાં રાખે છે!

લાર્ડ બેકન નામનો મહાન્ પંડિત કહે છે કે—“જેના મ્હોંની આકૃતિ આનંદમય હોય છે, તેને હુમેશાં જ્યાં જાય ત્યાં માન મળે છે.” ખચીત આનંદમય દેખાવથી આપણી યોગ્યતા તરત ઉઘાડી પડી જાય છે અને એથી પોતાને જ્યાં ત્યાં સુગમ પડે છે.

ઉચ્ચ કુળના સંસ્કારવાળાએ દરબારની રીતભાતિથી પણ જાણીતા રહેવું. જુદી જુદી દરબારોમાં રાજાને માન આપવાનો પ્રકાર જુદી જુદી રીતનો હોય છે, અને આપણે તેથી અજાણ્યા હોઈએ ત્યારે બનવાનું થાય; માટે પહેલેથી જ તેની પૂછપરછ કરી જાણીતા થવું,

જે લોકો એમ અંગીકાર કરે છે કે આ તો આપણાથી ખરેખરા અતિ શ્રેષ્ઠ છે, છતાં તેમને જે માન આપવું જોઈએ તે નહિ આપે, એવા તો તેમાંથી કોઈક જ નીકળવાના. અનુભવી અને વિવેકી માણસ તો ખરેખરો વિવેક કરે અને વળી તે કરે તે સ્વાભાવિક અને સરલ રીતે કાંઈપણ ડોળ જણાવ્યા વગર. સુસંગતમાં રહેલો ના હોય તે માણસ વિવેક કરે તો

તે કઢંગો લાગે, અને સામાને માલમ પડી આવે કે ભાઇએ તે કોઈ દહાડો કર્યો નથી ને કરવા જાય છે. વળી તે કરતાં એને ઘણી મુશ્કેલાઈ પડે છે. કોઇ ટોળીને સારી ગણીને તેમાં આપણે ગયા અને પછી ત્યાં આળસ મરડવું, ચીસો પાડવી, કાન ખોતરવા અને બીજાં ગાંડાં કહાડવાં એ કેવળ નઠારૂં છે. ત્યાં ગયા ત્યારે તો પછી બીજા બધા જે ઘાટથી બેસતા, ઉઠતા, બોલતા હોય તે પ્રમાણે આપણે ગભરાઈ ગયા વગર ગંભીરાઇથી ખુશી થઈ ચાલવું.

કોઈ ઠેકાણે જુદા જુદા માણસોનો સમુદાય થયો હોય, અને ત્યાં જેને આવવા દીધો, તેનો તે વખતે બીજા બધાના જેટલો સરખી રીતનો હક છે, અને તેથી તેની સાથે સભ્યતાથી વર્તવું જોઈએ. મોકળાશથી ફરવું હરવું. બોલવું, એની હરકત નહિ, પણ બેપ્રીકરાઈ અને ભલી જવાની વાત ત્યાં બીલકુલ ચાલે જ નહિ. કોઇએ તમને બોલાવી સલામ કરી અને પછી તમારી જોડે નજીવી અને મૂર્ખાઈની વાતો કરવા માંડી, તે વખતે તેને બિલકુલ લક્ષ નહિ આપીને તમે તેને મર્ખ ગણો છો, અને તેની વાત સાંભળવાને અયોગ્ય ધારો છો, એવું તેને જણાવા દેતા નહિ. આવું કરવું એમાં આપણું જંગલીપણું ઠરી જાય છે. એકઠા થયા હોય તેમનો બધાનો સરખો હક જે વસ્તુમાં છે તેને તમે એકલા દબાવી પડતા નહિ; જેમ કે કાંઈ ખાવાનો પદાર્થ અથવા સારી નરસી બેસવાની જગ્યા. પણ તમારે તો ઉલટું તેવી વસ્તુને પહેલી ના કહીને બીજાને આપવા માંડવી, એમ કર્યાથી તમને આખર નુકશાન થવાનું નહિ; કારણ સામો પણ તમને આપવાનું કરશે. તેથી છેલ્લે સરવાળે તમને તમારા સરખા હકનો ભાગ મળ્યા વગર રહેશે નહિ.

ત્રીજી જાતની કુલીન રીતિ તો સ્થળસ્થળની ભિન્ન ભિન્ન છે. પણ તેનો આધાર ઉપરની બંને જાત ઉપર છે. મૂળતત્ત્વ તે ઉપરનાં જ, અને તેમાં જેવી જ્યાંની રીતભાત તેટલી ઉમેરણી કરવી; જે ઉપરનાં તત્વ જાણતો હોય તેને આ રીતિ તો લક્ષ આપ્યાથી તથા અવલોકન કર્યાથી સહજ પ્રાપ્ત થાય છે. વાસ્તવિક જોતાં તો કુલીનતાને ઓપ ચડાવવાનું, તેજ આપવાનું કે છેવટનો સંસ્કાર આપવાનું જ છે. તેથી અક્કલવાન્ માણસ જ્યાં જ્યાં જાય ત્યાંની સ્થાનિક રીતભાતો ઉપર સરત રાખે, અને કોઈ સારા સંસ્કારવાળા સુવિનીત પુરૂષો ચાલતી રીતભાતમાં પંકાતા હોય તેમને જોઈને શીખે એટલું જ પુરતું છે. તેણે સરત રાખવી કે એ સારા લોકો પોતાના શ્રેષ્ઠની સાથે કેવાં માનથી વાત કરે છે, પોતાના બરાબરીઆને કેવી રીતે બોલાવે છે, અને પોતાનાથી ઉતરતાઓની સાથે કેવી રીતે વર્તે છે. ઝીણી ઝીણી વાતો પણ જવા દેવી નહિ. એતો ચિતારાના છેવટના ચિત્ર ઉપર કારીગરીના હાથ કરતી વખત સંભાળથી એક બે હાથ ફેરવે, અને તે છબીનો ડોળ ફરી જાય; તેમ એવી સંભાળ રાખવામાં માણસની ગણનામાં પણ ફેર પડે છે. આ વાતની અનાંડીને ખબર પડતી નથી. એ તો પરીક્ષક જ કારીગરની પરીક્ષા કરે, આ જે પિંડની લાવણ્યતાઓ છે તે ઘણી કામની છે. આપણી બુદ્ધિથી કાંઈ સમજાવવા જઈએ ત્યાર પહેલાં આપણા વિચાર સામાના મનમાં એ લાવણ્યતાથી ઉતરી જાય, એથી સામાનું મન હરણ કરી લેવાય અને મારા ધાર્યામાં તો એ મોહિનીરૂપ છે. એની અસર એટલો અચંબો પમાડનારી છે, કે તેમને ઈશ્વરી ગુણ ગણેલા છે.

ટુંકામાં મનુષ્યજાતિનો પ્રેમ અને વખાણ મેળવવાને માટે જેવાં વિદ્યા, આબરૂ અને સદ્ગુણ જરૂરનાં છે, તેવી રીતે

સભ્યપણું અને સારી કુલીનતા, વાતચિતમાં અને સાધારણ વ્યવહારમાં ગમતા થવાને જરૂરનાં છે. દુનિયામાં સઘળા મ્હોટી અક્કલવાળા હોતા નથી, થોડા હોય છે, અને જેમનામાં સારી બુદ્ધિ હોતી નથી તેઓ જે બુદ્ધિમાન હોય છે તેમની બુજ પણ કરી શકતા નથી. પણ બધા તો ઉપરચોટી સમજણ, જેવી કે સલુકાઇ, ભલપણ અને સામા માણસને ગમે એવું બોલવું ચાલવું, એ ઉપરથી ગણતરી કરે; કારણ કે એથી બોલવા ચાલવાનું ઠીક પડે, અને તેથી તેમને સારી અસર થાય છે.

આ બાબત બંધ કરતી વખત હું તમને એટલું જ કહું છું કે સુશીલતા વગર સંપૂર્ણ શ્રેષ્ઠ વિદ્યા હોય તો પણ કંટાળો ખવાય એવા અને અપમાન મળે એવા પાંડિત્યમાં ખપી જાય છે, એ તમારે નક્કી જાણવું. અને વિદ્યા વગર સુશીલતા હોય તે પણ કેવળ નકામી છે. તેમ જ વિદ્યાથી સુશીલતાને મજબુત ટેકો મળે છે. અને સુશીલતાથી વિદ્યા દીપી ઉઠે છે; અને બધાને ગમતી થાય છે. જે માણસ સંપૂર્ણ રીતે ઉચ્ચ સંસ્કારમાં મ્હોટો થયો ન હોય, તે સારી સંગતને લાયક નથી, અને સારી સંગતવાળા તેને સામેલ પણ કરતા નથી. અને જે માણસને બીલકુલ તેવા સારા સંસ્કાર મળ્યા નથી, તે તો સોબત કરવાને તેમ કાર્ય સંબન્ધને માટે છેક અયોગ્ય હોય છે.

માટે તમારા વિચારનો અને કાર્યનો મહાન્ ઉદ્દેશ ઉચ્ચ કુલના સંસ્કાર પામવા એ જ રાખો. જે લોકો પોતાની સુશિલતાને માટે પ્રખ્યાત થયેલા છે તેમની રીતભાતનું સંભાળથી અવલોકન કરતા રહો, અને તેમની સુશિલતાની તમે નકલ કરો. એટલું જ નહિ પણ તેથી ચઢી આગળ થવાનો યત્ન કરો. કે

આખરે તમે તેમની બરાબરી શરી શકો. તમે નિશ્ચયથી જાણુજો કે દાનધર્મ અથવા દયાનો ગુણુ જેવો ધર્મસંબન્ધી સદ્‌ગુણોમાં શ્રેષ્ઠ છે, તેવી સારી કેલવણીની યોગ્યતા વ્યાવહારિક બીજી યોગ્યતાઓ કરતાં અધિક છે. જુઓ, તે ગુણુ આપણી બીજી યોગ્યતાઓને કેવો દીપાવે છે, અને વળી આપણામાં ખામી હોય તેને કેવી રીતે ઢાંકી દે છે!

ભૂષણુ અથવા લાવણ્યતા.

શરીરની, ચ્હેરાની, અને બોલવાની રીતિની લાવણ્યતા અવશ્ય જોઇએ. એક જ વાત કોઈ સભ્યપુરૂષ મનોરંજક ઢબમાં લાવણ્યતાથી અને સ્પષ્ટ રીતે કહે, તેથી અન્ય પુરૂષ રાજી થાય, પણુ તે જ વાત કોઇ અસભ્ય માણુસ ચીડાયલું મ્હોડું કરીને બરબડે, તો તેથી તે જ પુરૂષ કંટાળો પામે. કામદેવની સ્ત્રી રતિને પણુ કવિયો એ બે ત્રણુ ભૂષણુયુક્ત ગણે છે, તે એવું દર્શાવવાને કે સૌંદર્ય પણુ તેના વિના નિરૂપયોગી છે. સરસ્વતીને પણુ એ ત્રણુ ભૂષણો જોઇએ જ! કેમકે તે વિના બીજાં આકર્ષણુ વિદ્યામાં થોડાં જ છે.

સમાન યોગ્યતાવાળા પુરૂષોમાં અમુક જનો આપણુને બીજા કરતાં વિશેષ પ્રસન્ન કરે છે અને આપણું મન હરી લે છે. એ વિષય ઉપર આપણે સૂક્ષ્મ દૃષ્ટિથી નજર કરીએ તો એમ અનુભવ થાય છે કે જેઓ આપણુને ખુશી કરી શકે છે, તેમનામાં લાવણ્યતા હોય છે, અને બીજાઓમાં તે હોતી નથી.

મનોરંજક આકૃતિ અને સુંદર શરીર તથા અવયવોના યોગ્ય સૌષ્ઠવવાળી સ્ત્રીઓ કોઈનું મન રંજન કરી શકતી નથી, તે મેં ઘણું જોયું છે; અને સામાન્ય સૌષ્ઠવવાળી સ્ત્રીઓ ઘણાને મોહિત કરે છે તે પણ મારી દૃષ્ટિએ પડયું છે. એટલું તો તમે નિશ્ચયપૂર્વક માનજો કે રતિની લાવણ્યતા રતિવગર જેટલી શોભા આપે, તેટલી શોભા તે લાવણ્યતા વિના રતિ એકલીથી અપાય નહિ. મનુષ્યજાતિમાં પણ લાવણ્યતા નથી હોતી તેથી બહુ પ્રસંગે ઉત્તમ દૃઢ ગુણવાળા પુરૂષોનો અનાદર થાય છે, તેમનું અપમાન થાય છે, અને તેમને કહાડી મૂકવામાં આવે છે. અને બીજી બાજુએ ક્ષુદ્ર બુદ્ધિ, થોડું જ્ઞાન, અને ઓછી યોગ્યતાવાળા માણસોમાં જો એ લાવણ્યતા હોય છે, તો તેમને માન તથા ઉતેજન મળે છે અને તેમની પ્રશંસા થાય છે.

હવે આ ભૂષણો તથા લાવણ્યતા કિયાં કિયાં છે, તે વિષે અને તેમને સંપાદન શી રીતે કરવાં તે વિષે કાંઇ સમજૂત આપવા હું આગળ ચલાવું છું.

ભાષણ.

પ્રથમતઃ ભાષણ ઉપરથી જ મનુષ્યની તુલના ઘણી વખત થઇ જાય છે. સામો માણસ ખુશી થાય એવું તેનું બોલવું હોય, તો પછી તેનામાં ગુણ ન હોય તોપણ તે ગુણાલંકૃત છે, એવું લોક તુરત જ પોતાની ઇચ્છા ઉપરાંત ઠોકી બેસાડે છે. બીજી તરફથી તેનું ભાષણ કઠોર હોય, તો તેના વિષે લોક અણચિન્ત્યો ખોટો વિચાર લાવે છે, અને પછી તેનામાં જે યોગ્યતા ખરેખરી રીતે હોય છે, તે યોગ્યતાવાળો તે છે એવું માનતા નથી. યુરોપમાં કુલીન સ્ત્રીના હાથમાંથી પંખો પડી ગયો, તો હલકો માણસ તેને ઉચકી લઈને તે સ્ત્રીને જેમ આપશે, તેમ કેળવણી

પામેલો ગૃહસ્થ પણ તેટલું જ કરશે; પરંતુ તેમાં અંતર ઘણો છે. ગૃહસ્થ પંખો આપતી વેળા લાવણ્યતાના શબ્દ બોલી તે સ્રીને ખુશી કરશે, અને હલકો માણસ તોછડાઈથી પંખો આપવા જશે એટલે ઉલટો તેનો અપહાસ થશે. ગૃહસ્થની વર્તણુક યોગ્યતાવાળી જોઇએ, અને તેની હાલચાલ ગંભીર જોઇએ. કોઈ મંડળમાં પોતે જાય, ત્યારે તેણે પોતાની ચાલમાં અને બોલવામાં અવશ્ય સંભાળ રાખવી જોઈએ, હલકાઈ વગર તેમણે માનવંતા થવું જોઈએ, અતિશય મળતાવડા થયા વગર સરળ થવું જોઈએ, ડોળ ઘાલ્યાવગર સભ્ય રહેવું જોઇએ, અને કોઈ દેખાતા પ્રપંચ તથા યુક્તિ કર્યાવગર મન મેળવી લે એવા થવું જોઈએ. સ્રી અને પુરૂષો બંને પોતાની બુદ્ધિ કરતાં પોતાના હૃદય ઉપર આધાર રાખી ઘણીવાર ચાલે છે, હૃદયનો રસ્તો ઇન્દ્રિયદ્વારાએ છે માટે તેમનાં ચક્ષુ અને કાનને ખુશી કરો. એટલે અર્ધું કામ તો તમારૂં થયું જ સમજો.

પ્રસન્ન કરવાની કલા.

ઘણી જુની અને સાચી કહેવત છે કે જે જે રાજાઓ પોતાની રૈયતના હૃદયમાં રાજ કરે છે તે જ રાજા અતિ નિર્ભય અને સ્વતંત્રપણે રાજ્ય ચલાવે છે. તેમની સેના કરતાં તેમની લોક પ્રત્યે ભલાઈ તેમનું રાજ્ય વધારે સાચવી રાખનાર છે, અને રૈયતના મનમાં ભય હોય તેના બદલામાં તેમનામાં હેત હોય તો તેથી તે રૈયત વધારે આજ્ઞામાં રહે છે. ખાનગી પુરૂષોના સંબન્ધમાં ઉપરનું ધોરણ પ્રમાણમાં કેટલેક અંશે યથાર્થ લાગુ પડે છે. જે માણસનામાં બધાંને ખુશી કરવાની અને જેની સાથે વાત કરે તેની પ્રીતિ મેળવવાની મ્હોટી યુક્તિ હોય છે, તે માણસ એ યુક્તિથી બળવાળું થાય છે; અને તેવું

બળ બીજા કશાથી મેળવાતું નથી. એ બળથી તેનો ઉદય અનાયાસે થાય છે, અને તેને સહાય પણ મળે છે; તેમ જ એ બળથી તેનો નાશ થતો અટકે છે. તમારી સમવયના થોડાક જ ચુવાન પુરૂષો મળતાવડાપણા જેવા અગત્યના ગુણવિષે પૂરતો વિચાર કરે છે, અને જ્યારે મ્હોટા અને ડાહ્યા થાય છે, ત્યારે આગલી ચુવાવસ્થાના તોરમાં ખોયેલું તે પાછું મેળવવાનો યત્ન કરે છે, પણ તેમાં તેઓ નિષ્ફળ થાય છે. આવું ઉપયોગી સાધન ત્રણ મુખ્ય કારણોથી તેમનાથી મેળવાતું નથી. એક તો ગર્વ, બીજી પ્રમત્તતા, અને ત્રીજી ખોટી લજ્જા.

પહેલી બાબતમાં મને તમારા વિષે વહેમ નથી. તમારા મનમાં એવી નીચી વાત આવે જ નહિ, આપણા ઓરડા સ્વચ્છ કરનાર એક સેવક અથવા જોડા લહેનાર ખીદમતગારના કરતાં તમે સ્વાભાવિક રીતે શ્રેષ્ઠ છો, એમ તમે માની શકતા નથી. તેમ મને વિશ્વાસ છે કે તમે તેવું માનતા પણ નથી. તો પણ સંપત્તિથી તમને હિતકર જે અન્તર પડેલો છે, તે જોઈ તમે આનંદ પામો એ વગર કારણનું નહિ કહેવાય. તમે આ બધા લાભનું સુખ ભોગવો, પણ આ લાભોથી ભાગ્યહીન હોય તેમને અપમાન પહોંચાડતા નહિ, અથવા એવું કાંઈ કરતા નહિ, કે જેથી તેમને એ લાભની ન્યૂનતા યાદ આવે. હું મારા પિંડથી જ વાત કહું કે સમાનની સાથે વર્ત્તતાં હું જેટલી સંભાળ રાખું છું, તેના કરતાં મારા સેવકોની તથા જે લોક મારાથી ઉતરતા કહેવાય છે તેમને સાથે વર્તતાં હું વધારે સંભાળ રાખું છું, અને તે એટલા જ ભયથી કે સંપત્તિએ જે અંતર અયોગ્ય રીતિએ પાડ્યો છે, તે અંતર સામા માણસને જણાવવાની મારી ઈચ્છા છે, એવા દુષ્ટ અને હલકા વિચારનો વહેમ રખેને મારા

ઉપર તેઓ લાવે. યુવાન પુરૂષો પૂરતું ધ્યાન આ બાબત ઉપર આપતા નથી, પણ મિથ્યા કલ્પના કરે છે, કે આજ્ઞા કરવાની ઢબ અને અધિકારદર્શક સ્વર વાપરવો એ હિમંત અને જુસ્સાનું ચિહ્ન છે.

બીજા પ્રતિ યોગ્ય લક્ષ ન રાખવાથી અહર્નિશ આપણે ગર્વિષ્ઠ અને બીજાના તિરસ્કાર કરનાર ગણાઈએ છીએ. કોઈ વખત અન્યાયથી પણ કેટલાએક આપણને એવા ગણે છે; પણ જ્યાં એક વાર એવા ગણાયા, એટલે વ્હોંટી ચુકયા. આ બાબતમાં યુવાન પુરૂષોને સરખી રીતે અતિશય શિક્ષા દેવાની છે, કારણ તેઓ સામાને અતિશય ક્રોધ ઉત્પન્ન કરે છે. પોતાની અમુક ઓળખાણની ટોળી સાથે અને અક્કલવાળી, સુંદર તથા પદવીવાળી તેજસ્વી અને મ્હોટાઈએ પહોંચેલી એવી કેટલીક વસ્તુઓથી તેમનું સર્વ લક્ષ ઘેરાયલું હોય છે. અને બીજા સર્વ પોતાના દૃષ્ટિપાતને પણ યોગ્ય નથી એવો તેમનો એટલો બધો વિચાર હોય છે કે સાધારણ સભ્યતા પણ તેમને બતાવવાની ભૂલ કરે છે.

હું જ્યારે તમારી વયનો હતો, ત્યારે મારામાં જે મ્હોટી ખોડો હતી, તેમાંની આ એક ખોડ હતી; એ હું તમારા આગળ પ્રસિદ્ધ રીતે માની દઉં છું. થોડીક દરબારી મંડળીથી હું મોહિત થઇ ગયો હતો, અને તે ટોળીને ખુશી રાખવાને હું ઘણું લક્ષ રાખતો તેથી પ્રત્યેક બીજી વસ્તુને હું નકામી અને સાધારણ સભ્યતાને પણ પાત્ર ગણતો નહિ. પ્રધાનો, વિદ્વાનો, સુન્દર સ્ત્રીઓ અને એવાં તેજસ્વી અને નામાંકિત મનુષ્યોને હું સંપૂર્ણ તત્પરતા અને ચતુરાઈથી માન આપતો. પણ મારા અતિશય અવિવેક અને મૂર્ખાઈથી મેં બાકીના બીજા લોક

સામું જોયું નહિ અને તેથી તેઓ મારા ઉપર નારાજ થયા. આવી મૂર્ખાઇથી મેં મ્હારી મેળે સ્ત્રી અને પુરૂષ બંને જાતિનાં હજારોને શત્રુ કર્યાં; મેં તેમને બીલકુલ માલ વગરનાં ગણ્યાં ખરાં, પણ જ્યાં મારે તેમનો અતિશય ખપ ત્યાં તો તેઓ મને હેરાન કરવાનાં મુખ્યત્વે કરીને સાધન થઈ પડ્યાં. ખરેખરૂં તો મારી મૂર્ખાઇથી આવું બન્યું તથાપિ લોકના મનમાં આવ્યું કે હું ગર્વિષ્ઠ પણ છું સાધારણ પક્ષે બેડોળ સ્ત્રીઓ અને મધ્યમ પંક્તિના પુરૂષોને હું નાદાનીથી ધિક્કારવા લાયક જેવાં ધારતો, બોલાવતો અને ગણતો. અને જેટલાંને મેં ઉલટી વર્તણુકથી શત્રુ કર્યાં છે તેટલાંને તેમના તરફ એકસરખી સહેજસાજ સભ્યતા અને લક્ષ બતાવ્યાથી મિત્ર કરત.

એ વાત ખરી કે આ કામ ઘણી વખત બહુ અણગમતું થઈ પડે છે, તથા સુસ્ત ને કંટાળા ભરેલા પુરૂષોને તેમ જ વૃદ્ધ અને બેડોળ સ્ત્રીઓને કોઈ કેટલીક નાખુશીથી લક્ષ આપે છે; પણ બધા લોકનાં વખાણ અને મળતાપણું મેળવવાને છે, એટલું વેઠવું એ બહુ જુજ છે. એથી સારી પેઠે વધારે મહેનત કરીને પણ એ મેળવવાં ઘણાં યોગ્ય છે. તમને એક સલાહ આપીને આ બાબત બંધ કરૂં છું કે—તમારે જે પુરૂષોનો અને સ્ત્રીઓનો ખપ હોય તેમને તમે અમુક તત્પરતા અને બોલીથી તમારાં કરી લ્યો, અને સરખો સભ્યતા તથા લક્ષ બતાવીને દરેક જણને એટલા ખુશી રાખો કે જો તે તમને સારી રીતે ચાહે નહિ, તો તમારા વિષે સારૂ પણ બોલે અથવા છેવટ તમારી બાબતમાં કેવળ અલગ રહે.

ખોટી લાજ રાખ્યાથી યુવાન પુરૂષોને ઘણા મિત્રો કરવામાં હરકત પડે છે, એટલું જ નહિ પણ તેથી ઘણા શત્રુ ઉભા

થાય છે. તેઓ પોતે જાણે છે કે આ વાત કરવી યુક્ત છે, પણ તે કરવાને શરમાય છે, અને કોઈ ગૃહસ્થ કે સ્ત્રી તુરત મશ્કરી કરશે એવી ભીતિ ન હોત તો તે વાત કરત પણ ખરા. મારે પણ આવું બન્યું હતું; ને જ્યારે હું મારા વિચાર પ્રમાણેની સારી ટોળીમાં હોઉં, ત્યારે કોઈ તેવું હલકું માણસ મને મળે તથા બોલાવે નહિ, એવું હું ઘણી વખત ઈચ્છતો. ફક્ત તે વખત મારી મશ્કરી થશે, એવી ભીતિથી મેં શરમાઈને અને કઢંગી રીતે તેવા હલકા માણસોને જવાબ આપેલો, અને તેથી તેમને નાખુશ પણ કરેલા. આ વખતે મારે કરવો જોઈએ એવો આટલો વિચાર કરેલો નહિ, કે જે લોક હાલ મારી મશ્કરી કરે છે, તેના તે જ લોક પછીથી મને વધારે માન આપશે.

તમારી વિચારશક્તિને જે ખરૂં લાગતું હોય તે, તથા તમારા કરતાં વધારે અનુભવી ને પ્રખ્યાતિ પામેલા અને સારી ચાલ ને સારી સમજણવાળા પુરૂષોને તમે જે કાંઈ કરતાં જુવો તે કરવાને તમે બ્હીક અથવા શરમ રાખ્યા વગર હમેશાં મંડ્યાં રહેજો.

આટલું બધું કહ્યા પછી છેવટ તમે કદાચિત્ એમ કહેશો, કે દરેક જણને ખુશી રાખવાનું કામ અશકય છે. હું એ વાત માન્ય કરૂં છું; પણ એ ઉપરથી એમ તો સમજવું જ નહિ, કે તેથી પોતાથી બને તેટલા જણને ખુશી રાખવાનો કોઈ યત્ન કરવો નહિ. નહિ ! હું વળી વધારે કબૂલ કરૂં છું કે કોઈ માણસને થોડાએ શત્રુ ના હોય એવું બનવું અશકય છે, પણ હું તમને મારા લાંબા અનુભવથી સાચું કહું છું કે જેને પુષ્કળ મિત્ર અને છેક થોડા શત્રુ હોય તે માણસ મહાબલવાન છે, તેના ઉપર અદેખાઈ થોડામાં થોડી થશે, અને એવી રીતે તે બહુ ઉંચી

સ્થિતિએ ચઢશે; અને જો પડતી આવી તો તે છેક હળવે હળવે ઉતરશે, અને તેની બધાને દયા આવશે. આ વાત ખચીત તમારે કરવા જેવી જ છે. મેં તમને જે રીતિ બતાવી તે પ્રમાણે કરો. વધારામાં એક વાત અને તેને ટેકો આપવાને બે દાખલા બતાવી હું આ વિષય પુરો કરૂં છું.

આરમન્ડનો માજી ડયુક આ રાજ્યમાં નબળામાં નબળો પુરૂષ હતો, પણ તે સાથે તે શાણો અને મળતાવડોએ હતો. પોતાના સરળ, નરમ સ્વભાવની સાથે રાજદરબારમાં તથા છાવણીમાં પોતે કેળવાએલો હોવાથી એનામાં એવી ખરેખરી સુજનતા, કોઇનું મન હરણ કરે એવી રીતભાતો, અને યુક્તિથી લક્ષ આપવાની ટેવ આવી હતી કે, તેવા ગુણોથી એ નામે બુદ્ધિની જે ખામી હતી, તે ઢંકાઈ હતી, બાકી એનામાં ઘણું કરીને જરા પણ અક્કલ નહોતી. આવા ગુણોથી બધા લોક તેના ઉપર વ્હાલ રાખતા, પણ તેમને તેને માટે બહુ માન ન હતું. આન નામની રાણીના મરણ પછી તેના ઉપર તોહમત આવ્યું હતું; અને ફક્ત રીતિ પ્રમાણે તેની તપાસ કરવાની જરૂર હતી, કારણ કે જે જે લોકને અવશ્ય ગુન્હેગાર ઠરાવવાના હતા તેમની સાથે કામ કરવામાં તે સામેલ હતો. તેવા વખતમાં પક્ષાપક્ષ તો ઘણી હતી, તોપણ એને ખરાબ કરવો એવા જરા પણ ઇરાદા રહિત અને સકતાઈ વગર તેના ઉપર આ તોહમત મૂકવામાં આવેલું હતું. બીજા કોઈની ઉપરના તોહમતનો સવાલ પ્રજાગ્રહના જેટલા સભાસદો સ્વીકારે તેના કરતાં ઘણા થોડા જણે આ ડયુકની ઉપરનું તોહમત સ્વીકાર્યું હતું. સેક્રેટરી આફ સ્ટેટ મી૦ સ્ટાનહોપે, આ ડયુક ઉપર તોહમત મૂક્યું હતું, અને બીજે દિવસે માજી રાજાની રૂબરૂ એ ડયુકને ઉભો કરવાનો હતો.

પણ મિ. સ્ટાનહોપે સપાટામાં રાજાને સમજાવી એ ડયુકની કાંઈ ગોઠવણ કરવી ઠરાવી. પણ રાચેસ્ટરના માજી મોટા પાદરી નામે આટરબરીએ ધાર્યું કે ડયુક આરમન્ડને ખોવાથી જેકો-બાઇટના પક્ષને હરકત થશે. તેથી પોતે એકદમ જઈને આ ગરીબ મંદ બુદ્ધિવાળા ડયુકને નાશી જવાનું સમજાવ્યું, અને ખાતરી કરીને કહ્યું કે તને ફક્ત છેતરીને અપમાનભરેલી તાબેદારીમાં નાંખવાનો છે, કાંઇ તેથી તને માફી મળવાની નથી. જ્યારે એના ઉપર છેલ્લું મોતની સજાનું વારંટ થયું, ત્યારે લોકોનાં મન ઉકળ્યાં, અને શહેરમાં ગભરાટ ઉત્પન્ન થયો. દુનિયામાં એને કોઇ ખાસ દુશ્મન ન હતો, પણ ઉલટા હજારો મિત્ર હતા. આવું થવાનાં માત્ર કારણો, એક તો કોઇને રાજી રાખવાની એની સ્વાભાવિક હોંસ અને બીજું કોઇને ખુશી કરવાને તેની અક્કલથી નહિ, પણ તેની કેળવણીથી મેળવેલાં સાધન એ બે હતા. બીજો દાખલો માલબરોના માજી ડયુકનો છે. ખુશી કરવાની કળાની અગત્યતા તે જાણતો હતો, તેથી તેણે તે કળા સારી રીતે સંપાદન કરી હતી. કોઇ માણસે કોઈ વખત એ કળાને કામે લગાડી ફાયદો લીધો હશે, તેના કરતાં એણે વધારે લીધો હતો. જેને તે ધારતો તેને તે પોતાનો કરી લેતો. દરેક જણને પોતાના કરી લેવામાં વધતો ઓછો પણ લાભ છે, એવું તે સમજતો હતો, તેથી દરેકને પોતાનો કરી લેવામાં તેનું મન હતું. પ્રધાનના તથા મોટા સરદારના હોદ્દાની તેની સત્તાથી તેના રાજકીય અને સામા પક્ષના શત્રુઓ ઘણા થયા હતા, પણ એકેય તેનો ખાસ અંગી શત્રુ ન હતો. જે લોકોએ ખુશીથી માર્લબરોના ડયુકને કાઢી મૂકયો હોત, તેનું અપમાન કર્યું હોત, અને કદાચિત તેને ગુન્હેગાર ઠરાવ્યો હોત, તે વખત

તે જ લોકો મી૦ ચર્ચિલને, જો કે તેની ખાનગી ચાલ, સર્વ દુર્ગુણોમાંના બહુ અણગમતા અતિ લોભ જેવા દુર્ગુણથી લાંછનવાળી થયેલી હતી, તોપણ ચાહતા હતા. એણે સામાને ખુશી કરવાને એને તેનું મન હરી લેવાને પોતાની બધી અક્કલ કામે લગાડી હતી. તેના ચહેરા ઉપર અન્યાસાધ્ય મીઠાશ અને નરમાશ હતી. બોલવાની રીતિમાં લાવણ્યતા તથા દરેક હાલચાલમાં મોટાઈની નિશાનીઓ હતી, અને તે છેક હલકા માણસને ખુશી કરે એવી હલકી બાબતો ઉપર પણ એક સરખું અને બારીક ધ્યાન આપતો હતો. એનામાં જે કળા હતી તે આજએ કળાને તે સારી પેઠે ઓળખતો હતો, અને તેના લાભ તેણે ચાખ્યા હતા; કેમકે એના જેટલું અંતરમાં રાજ્યલોભવાળું, ગર્વવાળું અને અતિ લોભવાળું બીજું કોઇ ન હતું.

ગમતની પસંદગી.

સજ્જન હોય છે તે હમેશાં પસંદ ગમતોમાં જ સામેલ થાય છે. સાધારણ લોકોમાં ચાલતી ગમતો ગ્રહણ કરવાથી આપણી છાપ હલકાઈની પડી જશે, એવું સમજે છે; તેથી તેવી ગમતોમાં તે પડતો નથી. તેમ જ વાજીંત્ર વગાડવું એ સજ્જનને છાજતું નથી એવું મારે કહ્યા વગર ચાલતું નથી. ગાયનની કળા હમેશાં ઉંચી કળાઓમાંની એક કળા ગણાય છે, અને તે ઘેરઘટારેત ગણાતી નથી, પણ કોઈ છાકટું માણસ ગમતની બેઠકમાં વાંસળી કે સારંગી વગાડે તો તે હલકું કહેવાય. તમને ગાયનનો શોખ હોય તો તમે તે સાંભળો. સારંગીવાળાને પૈસા આપીને તેમની પાસે સારંગી વગડાવો; પણ તમે પંડે કદી સારંગી વગાડતા નહિ. એથી સજ્જન હોય તે પણ હલકો અને ધિક્કારવા યોગ્ય થાય છે, અને તે ઘણું કરીને ખોટી સોબ-

તમાં પડે છે; અને સારી રીતે ઉપયોગમાં લેવાય એવો વખત પાણીમાં નાખે છે.

વાતચિત.

વિવેકી મંડળીમાં જેવી સુઘડતાઇ ભરેલી વાતચિત થાય છે, તેવી વાત કરવાનું શિખવું જોઈએ. તમને આ વાત નજીવી માલમ પડશે, પણ તે મિશ્ર ટોળીમાં અને ભોજનપંક્તિમાં ઉપયોગી છે. વાત કરતાં કરતાં પરદેશની રાજદરબારી બાબતો પણ નિકળે છે; અને તે વખતે તેની ખરેખરી મઝા આવે છે. ઘણું ખરૂં જુદા જુદા રાજાઓની સેનાની સંખ્યા, તેનું સારાપણું કે ખોટાપણું અને તેની કવાયત કે પોશાક એ વિષે વાત ચાલે છે. કેટલીકવાર તો રાજા અને મોટા લોકનાં કુટુંબ, લગ્ન અને તેમનાં સગાં વિષે પણ વાત નિકળે છે, અને કોઈ વાર જાહેર ગમતો, નાચ અને વેષધારી રમતો વિગેરેના મહત્ત્વ વિષે બોલવામાં આવે છે. આવી વખતે ભોજનના સારા પદાર્થનાં વખાણ શી રીતે કરવાં, તે પણ જાણવું જોઈએ. એ વાત ખરી છે, કે આ બાબતો ઘણી નાની છે; પણ તે નાની ચીજોનો જ વારે વારે ઘણો ખપ પડે છે.

સ્વચ્છતા.

બધાએ પોતાનું અંગ બરાબર સ્વચ્છ રાખવું જોઈએ. હાથ, દાંત અને નખ તો અવશ્ય કરીને સાફ રાખવાં. ગંદુ મ્હોં રાખવાથી ખરેખરાં ખોટાં પરિણામ થાય છે, કેમકે તેથી દાંતમાં ખમાય નહિ એટલું દુઃખ થાય છે, તેમ જ તેમાં અમુક સડો પેસે છે; અને માથામાંથી બેહદ દુર્ગંધ આવે છે. તેથી સામા માણસને ગમતું નથી. મેલા હાથ અને બેડાળ નખ જેવું બીજું

કાંઈ વધારે ખોટું દેખાતું નથી. નખ વધવા દેવા નહિ. ગમે તેમ હોય પણ કાનમાં તથા નાકમાં આંગળાં ઘાલવાં નહિ, કારણ કે મંડળીમાં એવું કરવું એ ઘણું હલકું અને ગંદુ ગણાય છે. રોજ સવારમાં કાનને સાફ ધોવા જોઇએ, અને નાક સાફ કરીને પછી રૂમાલમાં કદી જોતા નહિ. આ બાબતો કહી બતાવવા જેવી નથી, એવું કદાચિત્ લાગશે; પણ જ્યારે જોઇએ છીએ, કે દરેક જણના અનુભવમાં આવવા છતાં વર્ણવી શકાય નહિ એવી હજારો નાની નામ વગરની બાબતો એકઠી મળીને પ્રસન્ન કરનારી એક મોટી બાબત થાય છે, ત્યારે હું ધારૂં છું કે તે નાની બાબતોને તુચ્છ કહેવી નહિ જોઇએ. વળી વધારામાં સ્વચ્છ અંગ અને અંગરખું જેટલાં તનદુરસ્તીને માટે જરૂરીયાતનાં છે, તેટલાં જ બીજા લોકોને ખોટું નહિ લગાડવાને માટે પણ જરૂરીયાતનાં છે. જે માણસ ઉપરની બાબતોમાં વીસ વર્ષની ઉમરે પ્રમાદી હોય છે, તે ચાલીશ વર્ષની ઉમરે ગંદો થાય છે, અને પચાસ વર્ષે સહેવાય નહિ એવો ગંદો થાય છે, ઉપરની વાત નિરંતર નિયમ પ્રમાણે બને છે, એવું હું હમેશાં ગણતો આવ્યો છું; અને મારી જીંદગીના અનુભવથી એ વાત સાચી છે એમ હું કહું છું.

આદરમાન.

સુશીલ ગૃહસ્થોને પોતાના ઉપરી, બરોબરીઆ ને ઉતરતા શોકમાં અથવા ખુશીમાં આદરભાવ કરતાં તમે સાંભળતા હો, તે ઉપર તમારે લક્ષ આપવું જોઇએ. વળી તેઓ પોતાનો સ્વર તથા મ્હોંનો ડોળ કેવો કરે છે, તેની પણ સરત રાખો; કારણ કે એવું બધું કરવાથી સામો માણસ ખુશી થાય છે. સુઘડ મનુષ્યના બોલવામાં અને તેવાના બોલવામાં ફેર હોય છે. તેવો

માણુસ તોછડા શુકન બોલશે, અને સુઘડ માણુસ વખતને અનુસરતો ડોળ રાખીને સલુકાઈથી બોલશે. કોઇ પરણ્યો હશે તેને ખુશી બતાવવી હશે તો હસમુખે મ્હોંએ તેન મળીને કહેશે “ વાહ ! શી ખુશીની વાત કહું ? મારા દીલમાં હર્ષ તો માતો નથી. ધન્ય ઘડી–ધન્ય દહાડો–ખુશી કહી બતાવવા કરતાં મને જોઈને જ કહી શકશો કે હું કેટલો બધો ખુશી થયો છું.” કોઈ દીલગીરીમાં આવી પડયો હશે, તો તેની પાસે જઈને જરા ભારેખમ મ્હોં કરી ધીમે સ્વરે કહેશે કે “ હું વાત સાંભળીને ઘણો જ શોકાતુર થયો છું, ઉપાય નહિ, પણ સ્નેહિઓને શોક થયા વગર રહેતો નથી, ”

વાણી.

ગમે તે ભાષામાં બોલીએ, પણ વિવેકથી બોલવાની જે વાણી છે, તેને દરેક ગૃહસ્થે સારી પેઠે શિખવી જોઇએ. સુઘડ વાણીથી તો વિવેકી અને સુસંગતવાળા માણુસની પરીક્ષા થાયછે.

પોશાક.

પ્રસન્ન કરવાની કળા મેળવવાનાં ઘણાં સાધનોમાંનું પોશાક પણ એક સાધન છે, માટે તે ઉપર પણ લક્ષ આપવું જોઈએ. કારણ કે માણુસના પોશાક ઉપરથી તેની ચાલ અને સમજણ વિષે કાંઈ અભિપ્રાય બાંધ્યા વગર આપણાથી રહેવાતું નથી. પહેરવા ઓઢવામાં જેટલો ઢોંગ, એટલી સમજણમાં ખોડ એમ સમજી મૂકવું. અક્કલવાળું માણુસ એવી તેવી છટા કરતું નથી. તે પોતાને માટે જ સાફ રહે છે, પણ બીજા સર્વ તો સામાને માટે તેવું કરે છે. પોતે જ્યાં રહેતો હોય, ત્યાંના અક્કલવાળા અને સુઘડ ગૃહસ્થો જેવો પોશાક પહેરતા હોય, તેવો તેણે પહેરવો જોઈએ. જો તેમના કરતાં વધારે છટા કરે છે, તો તે

ફક્કડમાં ખપે છે; અને ઓછું પહેરે છે તો રો'લામાં ગણાય છે. પણ હવે જુવાનના પોશાક પહેરવામાં વધારે ટાપટીપ કરે, તો કાંઈ હરકત નથી, કારણ કે જેમ જેમ ઉમ્મર થતી જશે, અને વિચાર આવતા જશે તેમ તેમ એ ટાપટીપમાંથી ઘટાડો થતો જશે.

સાધારણ માણસના અને ફક્કડના પોશાકમાં ફેર એટલો જ કે ફક્કડ પોતાના પોશાક ઉપરથી પોતાની કીંમત કરે છે, અને સમજણો તે જોઈને હસે છે, પણ પોતે જાણે છે કે પોશાક પહેરવામાં તે કારણથી ચૂક કરવી જોઇએ નહિ. આવી જાતની હજારો મૂર્ખાઇ ભરેલી રીતભાતો છે, પણ તે દોષવાળી નથી; માટે સમજણા પુરૂષોએ ખુશીથી તે રીતભાતો પ્રમાણે ચાલવું જોઈએ. પુરૂષદ્વેષી ડાઓજીનીસ એ રીતોને ધિક્કારતો હતો, તેમાં તેનું ડહાપણ હતું, પણ તે ધિક્કાર બતાવતો હતો, એમાં તેની મૂર્ખાઇ હતી.

પોશાકની બાબતમાં ફક્કડની બરાબરી અથવા તેનાથી ચઢીઆતા થવાનો આપણે યત્ન કરવો નહિ, પણ મશ્કરી નહિ થાય તથા અતડા પડાય નહિ, એટલા માટે પોશાક પહેરવાની જરૂર છે. આપણી ઉમ્મરના વિચારવંત પુરૂષો આપણે રહેતા હોઈએ ત્યાં જેવો પોશાક પહેરતા હોય, અને જેમના પોશાક અવ્યવસ્થિત કે ટાપાટીપવાળા છે, એવું કાંઇ આમ કે તેમ કહેવાનું ન હોય, તેવો પોશાક પહેરવાની હમેશાં સરત રાખવી.

એક વખત પોશાક સજ્યો, એટલે તેમાં ફરીથી લઈ રાખવું નહિ. રખેને પોશાક અવ્યવસ્થિત થઈ જતો, એવી ભીતિ રાખ્યા વગર જાણે કપડાં પહેર્યાં નથી, એવી રીતે સ્વાભાવિકપણે તમારે ચેનમાં રહેવું.

વિશ્વાસ.

નિરંતર (પોતામાં) વિશ્વાસ રાખવો એ અયોગ્ય રીતે નિર્લજ્જતા કહેવાય છે. મારી તરફથી તો હું કહું છું કે એમાં નિર્લજ્જતા નથી, પણ ઉલટું કોઈ માણસ દરેક ટોળીમાં શાંતિ અને નિસ્પૃહતાથી વર્તે, તો તે તેને બેહદ કામનું અને લાભકારક છે. મને પૂર્ણ ખાત્રી છે, કે કોઇ ઉપર પ્રમાણે વર્તે નહિ, તો તેનો વ્યવહાર પણ કદાપિ ચાલવાનો નહિ. જે કાંઇ ચિંતા અને ગભરાટથી કરવામાં આવે, તે કદાપિ સંતોષકારક થાય જ નહિ. જ્યાં સુધી કોઈ માણુસ શાંતિ અને નિઃસ્પૃહતાથી દરેક મંડળીમાં રહેતો નથી, ત્યાં સુધી તેને એ મંડળીમાં માન મળે છે, તથા તે સારો કહેવાય છે, એવું કોઇએ ધારવાનું નહિ. દેખીતી નમ્રતાની સાથે આત્મવિશ્વાસ અને પુરૂષાતન હોય, તો આપણી યોગ્યતા દેખાઇ આવવામાં કાંઈ વાંધો પડવાનો નહિ. તે ન હોય ત્યારે રસ્તે જતાં ઘણી અડચણો નડવાથી નાસીપાસ થવાય છે, તેમ છેક ઉઘાડી નિર્લજ્જતા બતાવ્યાથી તો તે અક્કલહીન અને નિરૂપયોગી ગણવાનો જ.

આકુલવ્યાકુલતા.

બુદ્ધિમાન માણુસ કંઈ કામ ઉતાવળથી કરશે, પણ આકુલતાથી કદી કરવાનો નહિ, કારણ કે તે સમજે છે કે. આકુલતાથી કર્યાથી આપણે જે કામ કરીએ છીએ, તે ઉલટુ અવશ્ય ઘણું બગડવાનું. કાંઇ કામ પુરૂં કરવામાં બુદ્ધિમાન પુરૂષો ઝપાટો મારશે, પણ તે ઝપાટો મારવાથી કામ સારૂં થવામાં કંઈ ખામી આવે, એવું બનવા દેનાર નહિ. ટુંકા મનના માણસો પાસે કાંઈ કામ કરવાનું આવે છે, ત્યારે તે ઘણું કરીને તો તેમને ભારે માલમ પડે છે, અને તેથી આકુલવ્યાકુલ થઈ જાય છે, આમથી

તેમ દોડે છે, ઘુંચવાય છે અને ગભરાય છે. તેમને દરેક કામ એકદમ કરવાનું મન થાય છે, પણ તેમાંનું કંઈ પણ તેમનાથી કદાપિ બનતું નથી. પણ બુદ્ધિમાન માણસ પોતે જે કામ લીધું હોય, તેને સારી રીતે કરવામાં જેટલો વખત જોઈએ તેટલો જ વખત લગાડે છે. તે કામમાં જાથુ મંડ્યા રહેવાથી જ કામનો નિકાલ લાવવાની તેની ત્વરા જણાઈ આવે છે. શાંત, એક સરખી રીતથી તેમાં મંડ્યો રહે છે, અને તે પુરૂં કર્યા પછી બીજું કામ હાથમાં ઝાલે છે.

ખડખડ હસવું.

વારે ઘડીએ અને તાણીને હસવું એ મૂર્ખાઇનું અને ખોટી રીતભાતનું ચિહ્ન છે. નાદાન વસ્તુઓથી તેવી ખુશી થઈ હોય તેને ખડખડ હસીને બતાવવાની લોકમાં રીત પડી છે, અને તેમાં તેઓ આનંદ માને છે. સંભળાય એવું ખડખડ હસવું એના જેવું બીજું કાંઈ ખોટું અને નીચું નથી, એવું મારા મનમાં છે. ખરી અક્કલવાળી અને બુદ્ધિશાળી વાતથી કદી કોઈને ખડખડ હસવું આવતું નથી. એવી વાતો મનને રંજન કરે છે, અને ચહેરાને હસમુખો કરે છે; પણ નીચી ઠઠ્ઠામશ્કરી અને હલકી વાતોથી ખડખડ હસવું આવે છે; અને બુદ્ધિવાન અને કુળવાન માણસો પોતે આવી વાતથી દૂર છે, એવું બતાવી આપે છે. કોઈ માણસ પોતાની પાછળ ખુરશી છે, એવું જાણીને બેસવા જાય અને ખુરશી તો ન હોય, તેથી તે ચતોપાટ પડી જાય તો બધી મંડળી ખડખડ હસશે; પણ કોઇ અકકલવાળું માણસ તેમ કરશે નહિ. ખડખડ હસવું એ કેટલું બધું હલકું અને અઘટિત છે, તેને માટે ઉપરની સાબીતી મારા મનમાં બસ છે. એથી જે અણગમતો ઘુંઘાટ થાય છે, તે અને કમકમી

આવે એવું બેડાળ મ્હોં થાય છે. તે વિષે જેટલું કહીએ તેટલું ઓછું.

ઘણા લોકોને જ્યારે બોલે છે ત્યારે, હસવાની ટેવ અસલથી પડી ગઈ હોય છે. ઘણી સારી અક્કલવાળા પુરુષોથી છેક સાધારણ વાત કહેતાં પણ હસ્યા વગર ચાલતું નથી, એવું મેં જોયું છે. જે તમને ઓળખતા નથી, તે તો તેમને મૂળમાંથી મૂર્ખ છે એમ ગણે છે.

પત્ર લખવા વિષે.

સારી રીતે પત્ર લખવા એ ઘણું કામનું છે. કેમકે આ ગુણનો કામકાજના તેમ જ ખુશીખુશાલીના પત્રો લખવામાં હમેશાં ખપ પડે છે. જોડણીમાં તથા લખવાની રીતિમાં ખોડ આવવી જોઇએ નહિ. વખતે સ્ત્રીઓથી ભૂલ થાય, તો તે ચાલે; તોપણ ચાલતાં સુધી તો ખોડ ન આવે તે સારૂં. સિસીરોના લખેલા પત્ર પત્રો શી રીતે લખાય તેના સંપૂર્ણ નમુના છે.

પત્રની ઢબ સહેલી અને સહજ લખાએલી જોઈએ, અને આપણે જેને પત્ર લખવાનો હોય, તે આપણી રૂબરૂમાં હોય અને જેટલું કહીએ, તેટલું જ પત્રમાં આવવું જોઈએ.

સિસીરો, કાર્ડીનલ ડી-ઓઝાટ, મેડેમ સિવીનિ, અને કોંટ બુઞી રાબુટીન આ ચાર જણ પત્ર લખવામાં ઉત્કૃષ્ટ ગણાય છે. સિસીરોએ એટીકસને તથા તેના પ્રિય મિત્રોને જે પત્ર લખેલા છે, તે મિત્રતાવાળી અને મળતાવડી ઢબમાં પત્ર શી રીતે લખવા તેના ઉત્તમ દાખલા છે. કામકાજના પત્રો શી રીતે લખવા એ કાર્ડીનલ ડી-ઓઝાટના સાદી અને ચોખ્ખી ઢબમાં લખેલા પત્રોથી માલમ પડી આવશે. આનંદ અને ગમ્મત ભરેલા પત્રોને

માટે કૌન્ટ બુઝી અને મેડમ સિવીનિના પત્રોની બરાબર કોઇ આવવાના નહિ. તે એવા તો સ્વાભાવિક રીતે લખેલા છે, કે દેખીતા લખેલા કાગળો છતાં જાણે કે બે અક્કલવાળા પુરૂષો મ્હોંએ વાતચિત કરતા ન હોય એવું લાગે છે.

પત્રને વાળવામાં, બીડવામાં, અને તે ઉપર શિરનામું કરવામાં સફાઈ રાખવાનું કદાપિ ચુકવું નહિ. પત્રના પણ બહારના દેખાવ ઉપરથી ખુશી અગર નાખુશી થવા જેવું હોય છે, માટે તે ઉપર પણ કાંઇ લક્ષ રાખવું જોઇએ.

નિન્દાનામ.

દુનિયાના કામકાજમાં પહેલવહેલું બહાર પડતી વખત ચુવાન પુરૂષોને પોતાની ખીજ પડી જવાથી જેટલું ભય રાખવનું છે, તેટલું બીજા કાંઇથી નથી, માટે ગમે તેમ કરીને ખીજ પાડવા દેવી નહિ. ઘણા વિચારવંત પુરૂષોમાં મનમાં પણ તે હલકો જણાવાનો, અને બીજા લોકોમાં તો એવી ખીજથી એની ખરાબી થવાની. હસવા જેવી ખીજ પડ્યાથી ઘણા જનનું બગડયું છે. મોટા લોકોમાં ઘણું કરીને રીતિભાતિ, ઉચ્ચાર, દેખાવ અને બોલવામાં કાંઇ જૂજ ખોડ હોય, તેથી ખીજનું નામ પડે છે. ખીજ પડવાથી તમારી કલ્પનામાં આવે તેના કરતાં વધારે નુકસાન તમને થાય છે; માટે એવી જૂજ ખોડો હોય તો તે મટાડી દેવી એટલે પછી ખીજ પાડનાર જ કોણ છે?

ભાષણ કરવામાં ઉચ્ચાર.

લાવણ્યતા ભરેલું બોલતાં આવડવા માટે રોજ તમારા મિત્રની આગળ મોટેથી વાંચો, અને જ્યારે તમે ઘણી ઝડપથી વાંચતા હો, અથવા જ્યાં જેટલો દમ લેવો જોઈએ, તેટલો લેતા

ન હો, અગર જ્યાં ન જોઈએ ત્યાં ભાર દેઇ વાંચતા હો, અથવા સમજાય નહિ એવી રીતે તમે શબ્દ બોલતા હો, ત્યારે તમને વાંચતા બંધ રાખીને તમારી ભૂલો સુધારે એવી તમે તમારા મિત્રને વિનંતિ કરો. વળી તમે તમારી મેળે તાણીને વાંચો અને તમારા કાનને સારૂં લાગે તેવી ઢબથી તમે બોલો. તમે વાંચતા હો કે બોલતા હો ત્યારે દાંત દેખાય નહિ એવી રીત રાખવાની સંભાળ રાખવી; અને દરેક શબ્દનો ઉચ્ચાર સ્પષ્ટ જૂદો જૂદો કરવાને માટે છેલ્લા અક્ષરનો ઉચ્ચાર અવશ્ય કરવો જોઈએ. પણ સર્વ કરતાં જેવી જેવી બાબત તેવી તેવી રીતે જૂદો જૂદો સ્વર બદલવાનું તમારે શિખવું જોઈએ. એકને એક સ્વર રાખવો નહિ. આવી વાતો ઉપર દરરોજ તમે સરત રાખશો, તો થોડી મુદતમાં તે સહેલી લાગશે; અને તે પ્રમાણે ચાલવાની તમને ટેવ પડશે.

બોલવાની રીતભાત અને સ્વરને પણ જેવાં તેવાં ગણવાં નહિ. કેટલાક લોક જ્યારે બોલે છે, ત્યારે ઘણું કરીને મ્હોં બન્ધ કરે છે અને પછી ગણગણ કરે છે, કે તેમનું બોલવું સમજાય જ નહિ. વળી બીજા એટલી બધી ઝડપથી બોલે છે અને થુંક ઉરાડે છે કે તેમનું બોલવું પણ સમજાય નહિ. કેટલાક જાણે બહેરાની આગળ બોલતા હોય તેમ હમેશાં મોટે સ્વરે બોલે છે, અને કેટલાક એટલું બધું ઝીણું બોલે છે કે કોઈ સાંભળી જ શકે નહિ.

આ બધી કુટેવો અણગમતી અને કઢંગી છે, અને ધ્યાન રાખ્યું હોય તો તે દૂર થઈ શકે છે. જે લોકોએ પોતાની કેળવણી ઉપર બીલકુલ લક્ષ આપ્યું નથી, તેવા સાધારણ લોકોમાં આવી દેખીતી નિશાનીઓ છે. આવી નાની બાબતો ઉપર લક્ષ

આપવાની કેટલી જરૂર છે, તેનો તમને વિચાર આવી શકવાનો નહિ, પણ મોટી ભારે સમજણવાળા પુરૂષોને આવી ન્હાની રીતભાતો ન હોવાથી અપમાન પહોંચેલું; અને જેમનામાં ભારે સમજણ નહિ પણ આવી વાતોમાં પ્રવીણ તેમને જ્ઞાન મળેલું મારા જોવામાં આવ્યું છે.

લખવાની પદ્ધતિ.

વિચારને શોભા આપનાર અથવા તેનો પોશાક કહીએ તો તે લખવાની પદ્ધતિ છે. તમારા વિચાર ભલે બહુ સારા હો, પણ જો તમારી ભાષા કઢંગી, કઠોર અને નીચ હશે, તો તમારા બાંધદાર સુંદર શરીરનો ચિંથરીઓ, મેલો અને જર્જરીત પોશાક પહેર્યાથી જેમ સર્વ તિરસ્કાર કરશે, તેમ તમારા વિચારનું પણ થશે. બધા જન કાંઈ મતલબ ઉપરથી ખુજ કરતા નથી, પણ ભાષા ઉપરથીયે થોડો ઘણો વિચાર બાંધે છે.

ગમે તે ભાષામાં તમે લખો, અગર બોલો, ત્યારે તમારે તેની ઢબ ઉપર સરત રાખવી. શુદ્ધ અને સુંદર ઢબની ટેવ પાડવી. છેક છુટથી વાતચિત કરતા હો, તેમાં અને કેવળ હાલચાલના કાગળોમાં પણ તમારી ઢબ વિષે તમારે વિચાર કરવો. તમે કાંઈ કહ્યું હોય, ત્યારે પહેલાં ન બને તો આખર પણ તમારે વિચાર કરવો, કે એ કરતાં વધારે સારૂં કહ્યું હોત તો કહી શકાત કે નહિ.

લખવું.

જે માણસ પોતાની આંખે જોઇ શકે છે, અને જમણા હાથનો ઉપયોગ કરી શકે છે, તે દરેક જણ પોતાની મરજીમાં આવે તેવા અક્ષર લખવાને શક્તિવાન્ છે. શિખાઉ છોકરાના

જેવા કાચા અક્ષર લખવા એ છેક વિવેક વગરનું છે. મારી કહેવાની મતલબ એવી નથી કે તમારે લહીઆના જેવા પાકા શોભીતા અક્ષર લખવા, પણ વંચાય એવા મરોડદાર અક્ષર ત્વરાથી લખવા શિખવું. વ્યાકરણ ઉપર લક્ષ રાખ્યાથી તમને શુદ્ધ લખતાં આવડશે. અને ઉત્તમ ગ્રન્થકારોનાં લખાણ ઉપર સરત રાખ્યાથી સુંદર ભાષા લખતાં આવડશે. પત્ર લખવાની પદ્ધતિ સહેલી અને સ્વાભાવિક જોઈએ એને જેમને આપણે પત્ર લખવાનો હોય તેમની પાસે આપણે હોઇએ, અને જે રીતે કહીયે, તેવી રીતે તેમાં લખવું જોઇએ.

હલકાં વચન.

ભાષામાં હલકાશ પણ આવવી જોઈએ નહિ. તે ઉપરથી આપણી સોબતની અને કેળવણીની પરીક્ષા થાય છે. હલકા માણસની નીચતા તે જેવી કહેવતો લખે તે ઉપરથી તુરત જણાઈ આવે. પોતાની ભાષા દીપાવવાને કઠણ શબ્દ લખવાનો ઢોંગ કરે છે, પણ વિવેકી પુરૂષ કહેવતો અને હલકાં વચન કદી લખતો નથી, તથા પોતાને ગમતા તેમ કઠણ શબ્દો લખવાનું પણ લક્ષ રાખતો નથી, પણ તે તો ઘણી શુદ્ધ રીતે અને વ્યાકરણના નિયમ પ્રમાણે બોલવામાં તથા બરાબર ઉચ્ચાર કરવામાં ઘણી સંભાળ રાખે છે. મતલબ કે ઉત્તમ મંડળીમાં જે પ્રમાણે ચાલતું હોય, તે પ્રમાણે વર્તે છે.

સામાન્ય કુટેવો નહિ પાડવા દેવા માટે ચેતવણી.

મનમાં ગણગણ કરવું, આંગળીઓ ઉપર આંગળીઓ વગાડવી, પગ ઠોકવા અને એવી બીજી અનાડી ટેવો સારી રીતભાતોમાં ગણાતી નથી; અને તેથી જ્યારે આપણે એવું

કરતા હોઈએ, ત્યારે એમ સમજાય કે જે પુરૂષો આપણી પાસે બેઠા હોય તેમને આપણે ગણુતા નથી, માટે તેવી કુટેવો છોડી દેવી.

છેક ઉતાવળે ખાવું અથવા છેક હળવે ખાવું એ પણ એક હલકાઈની નિશાની છે. ઉતાવળે ખાવાથી આપણે ગરીબ હોઇએ એવું અનુમાન થાય, અને હળવે ખાવાથી જો કોઇને ત્યાં જમવા ગયા હોઇએ, તેનું જમણ આપણને પસંદ નથી એમ સમજાય. કાંઈ વસ્તુ મ્હોંમાં મૂકતાં પહેલાં સુંઘવી નહિ. તમારી થાળીમાં આવેલી કોઇ ચીજ તમને પસંદ ન હોય તો તે રહેવા દેવી, પણ તેને સુંઘીને અગર તપાસીને તમારા મિત્રના મનમાં તેમને અણગમતો ખોરાક મૂકયો છે એવું આવવા દેતા નહિ.

બીછાના અગર જમીન ઉપર થુંકવાની ચાલ ઘણી ગંદી છે, ને તે પ્રમાણે વારેઘડીએ થાય ત્યારે બીછાનું વારંવાર બદલવાની ફરજ પડે છે. વળી આપણા પરિચિત જનો એમ ધારે કે આ ભાઈને આવો ઉંચો સામાન વાપરવાનો મળ્યો જ નથી. માટે જો બીજા કોઈ કારણને માટે નહિ તો માત્ર આ કારણને માટે ઉંચી કેળવણી લીધેલા પુરૂષે થુંકવાની ટેવ કહાડી નાંખવી જોઈ એ.

રસ્તામાં ઉતાવળા ચાલતા નહિ. એ પણ એક હલકાઇ છે. વેપારી એમ કરે તો નભે, પણ વિવેકી ગૃહસ્થને તો છાજે નહિ.

કોઇને અણચિન્ત્યા મળો, ત્યારે તેના મ્હોં સામું એક નજરે જોઇ રહેવું, એ પણ નીચું કામ ગણાય છે. એવી રીતે જોયાથી સામાને એમ વહેમ આવે કે તેના ચહેરામાં તમે કાંઈ વિચિત્ર જોયું અને તેથી તે ઉઘાડા ઠપકા જેવું થાય છે.

તેમ જ ખંજોળવાની—મ્હોંમાં, નાકમાં અને કાનમાં આંગળીઓ ઘાલવાની-જીભ બહાર કહાડવાની-આંગળીઓ વળગાડવાની, નખ કરડવાની, હાથ ઘસવાની-તાણીને નિઃશ્વાસ મૂકવાની-જુદી રીતે શરીરને કમકમાવવાની-મ્હોં વિકાસવાની અને બીજી ઘણી કુટેવોથી તમારે દૂર રહેવું. આ બધી સાધારણ માણસોની ટેવોની નકલો છે અને સદ્ગૃહસ્થોને એબ લગાડવા જેવી છે.

જગત્નું જ્ઞાન.

આપણે જ્યારે યુવાન હોઈએ, ત્યારે જ્ઞાનનો મોટો ભંડાર એકઠો કરવાને યત્ન કરવો જોઇએ, કેમકે કદાપિ આપણી દુર્વૃત્તિના કાળમાં એ ભંડારમાંથી ખરચવાનું બને નહિ, તોપણ એવો સમય આવે કે જે વેળા આપણું ટટ્ટુ ચલાવવાને એ ભંડારની જરૂર પડે છે.

જગતનું જ્ઞાન શી રીતે મેળવવું ?

જગત્નું જ્ઞાન માત્ર જગત્માંથી જ મળે છે; કાંઈ કોટડીમાં પેસી રહેવાથી મળતું નથી. ફક્ત પુસ્તકોથી પણ તમે તે જ્ઞાન કદી શિખવાના નથી; પણ પુસ્તકો વાંચ્યા વગર અવલોકન કરવામાં કેટલીક વાતો રહી જાય, તે પુસ્તક વાંચ્યાથી તમારા ધ્યાનમાં આવે છે. વળી પુસ્તકોમાં વાંચેલા અવલોકનની સાથે તમારા પિંડના મનુષ્ય જાતિ વિષેના અવલોકનનો મુકાબલો કરવાથી ખરી વાત મુકરર કરવામાં ઘણી મદદ મળે છે.

પુસ્તકો જાણવામાં લક્ષ અને સમજનો જેટલો ખપ પડે છે, તેટલો મનુષ્યજાતિને સંપૂર્ણ રીતે જાણવામાં પણ છે; અને વધારામાં ડહાપણ તથા પરીક્ષા કરવાનો ગુણ જોઈએ છીએ. હાલમાં મારે ઘણા ઉમ્મરે પહોંચેલા પુરૂષોની સાથે ઓળખાણ છે. એ બધાએ પોતાની બધી જીંદગાની અવિસ્તૃત જગતમાં કાઢી છે; પણ એવી તોછડાઈ તથા અપલક્ષણમાં તે ગયેલી છે કે તેઓ પંદર વર્ષની ઉમ્મરે જે જાણતા હતા, તેના કરતાં હાલ કાંઈ વધારે જાણતા નથી. માટે તમે તમારા મનમાં એવું ગુમાન નહિ કરતા કે સાધારણ લોક જોડે અમસ્તા ગપાટા હાંકવાથી આવું જ્ઞાન તમને મળી શકશે. વાતચિત કરવા કરતાં કાંઈ વધારે ઉંડા ઉતરવું જોઈએ. તમારે તેમને જોવા જોઈએ. તેમ તેમના વિષે જાણવું પણ જોઈએ. એટલા માટે જેની જોડે તમે વાતચિત કરવાનો ચાલ રાખતા હો, તે બધાની રીતભાત કેવી છે તે અતિશય સંભાળથી ખોળી કહાડો. તેમના પ્રબલ મનોવિકાર, તેમની મુખ્ય ખોડો, તેમની મગરૂબી, તેમની મૂર્ખાઈ, અને તેમના મનોભાવ, એ સર્વ જાણવાનો યત્ન કરો, તેમ જ તેની સાથે મનુષ્યપ્રાણીની કરણીના ખોટા અને ખરા, ડાહ્યા અને ગાંડા, ઉભરા જે આપણ વિચારશક્તિ સંપન્ન પ્રાણીયોને બેગંડા અને તુરંગવાળા કરે છે, તેને પણ શોધી કહાડો.

કોઈ પ્રતિ કદાપિ ધિક્કાર બતાવતા નહિ.

જગતમાં કોઈ માણસ બીલકુલ હલકું અને નજીવું છે એમ સમજવું નહિ. આ વખત કે બીજી વખત અગર એક કે બીજા કામમાં તમને તે ઉપયોગનો થઈ પડે એવી તેનામાં શક્તિ હોય છે, પણ તેવા માણસોને એકદમ ધિક્કારો ત્યારે

તે તમારા કામમાં બેશક આવે જ નહિ. આપણે કોઇનું ખોટું કર્યું હોય તો તે ભૂલી જાય, પણ તેને આપણે ધિક્કાર્યો હોય તો તે કોઇ દિવસ ભૂલવાનો નહિ. આપણું અભિમાન જ તે તિરસ્કારને નિરંતર સ્મરણમાં રાખે છે, માટે ખરા લક્ષથી સરત રાખો, કે કોઈનો ધિક્કાર કરવો વાજબી હોય તોપણ જો તમે તેને અચલ દુશ્મન કરવા ચહાતા ન હો, તો તમારો તિરસ્કાર ગુપ્ત રાખજો. એકંદર મનુષ્ય જાતિ પોતાના વાંક જણાઇ આવે તેના કરતાં પોતાની એબ અને કચાસ જણાવવા દેવામાં ઘણી જ નાખુશ હોય છે. તમે કોઇને ઉઘાડી રીતે લુચ્ચો કહેશો, ને તે જેટલો તમારા ઉપર રીસે ભરાશે તેના કરતાં જો તમે તેને નાદાન, મૂર્ખ, નીચ કુળનો અથવા અનાડી કેહેશો, તો તે તમારા ઉપર ઘણો વધારે ચીડાશે, અને બહુવાર સુધી તે કીનો રાખશે.

સામા પુરૂષનું હલકાપણું તમારે તેને જણાવવા દેવું નહિ.

સામા માણસનું, જ્ઞાન, પદવી, કે દ્રવ્યની બાબતમાં દુઃખદાયક કનિષ્ટતા તેને માલમ પાડવાને યત્ન કરવો એના જેવું બીજું કાંઇ અપમાન પહોંચાડનાર નથી. જ્ઞાનની બાબતમાં એવું બતાવવું એ હલકાઈની અને દુષ્ટ સ્વભાવની નિશાની છે. અને પદવી તથા દ્રવ્યની બાબતમાં એવું કરવું ગેરવાજબી છે કારણ કે એ બે વાતો તેના હાથમાં નથી. સુસ્વભાવ અને કુલીનતાવાળાના મનમાં પોતાના જેવા સામાને કરવાની હમેશાં હોંસ રહે છે; પણ કદી તેના મનમાં સામાને ખેદ પમાડવાનું અગર હલકો પાડવાનું આવતું નથી. વળી વધારામાં ઘણા દુશ્મન થવાને બદલે એમની મેળે મ્હોટા મિત્ર થાય છે. કોઈને પણ ખુશી કરવાને હમેશાં લક્ષ રાખવું, એ પ્રસન્ન કરવાની કળાનો એક મોટો જરૂરીયાત ભાગ છે. એ લક્ષ બતાવ્યાથી

સામા માણસો પોતાની મેળે આનન્દ પામે છે. ઘણી મોટી વસ્તુઓ કરતાં આથી સામાનું ધ્યાન વહેલું ખેંચી લેવાય છે, અને તે વશ પણ વહેલો થાય છે. દુનિઆદારીના વ્યાવહારિક ધર્મ બજાવવાની પણ દરેક માણસને કંઈ અંશે જરૂર પડે છે, પણ આવી બાબતો ઉપર લક્ષ રાખવું એ તો ખુશીનું કામ છે; અને કુલીનતા અને સારા સ્વભાવથી પોતાની મેળે એવી રીતે વર્તાય છે. જગત્ એવી વર્તણુકને સ્વીકારે છે, હમેશાં યાદ રાખે છે, અને બદલામાં આપણી સાથે તેવી રીતે વર્તે છે.

લોકની નબળાઈ તથા એબ કદાપિ પ્રસિદ્ધ કરતા નહિ.

કોઇ મંડળીને ગમત કરાવવાને કે પોતાની શ્રેષ્ઠતા બતાવવાને માટે બીજા લોકની એબ અને નબળાઈ ઉઘાડી કરવાનો ઘણા ચુવાન પુરુષો બહુ બલવાન લોભ રાખે છે, તેવા લોભમાં આપણે કદી લપટાઇ જવું નહિ. એવું કરવાથી આપણાં પહેલાં તો બધાં વખાણ કરે; પણ તેથી જે દુશ્મન થવાના તે તો હમેશાંના જ અને જે આપણાં વખાણ કરે તે પણ વિચાર કર્યેથી તો આપણને ધિક્કારશે, અને આપણાથી ભય પામશે. એ તો દુષ્ટ સ્વભાવ જ કહેવાય. બીજા લોકની એબ અને વિપત્તિઓ ઉઘાડી કરવા કરતાં સંતાડી રાખવાનું જ સારા અંતઃકરણવાળો પુરૂષ ઇચ્છે છે. આપણામાં જો ચાતુર્ય હોય, તો તે આપણે કોઈને પ્રસન્ન કરવાને વાપરવું જોઇએ; પણ કોઈને ખેદ પમાડવાને વાપરવું નહિ. સમશીતોષ્ણ કટિબંધના સૂર્યની પેઠે કોઇને કરમાવ્યા વગર આપણે પ્રકાશવું જોઇએ.

પ્રકૃતિ અને આકૃતિનું સંયમન.

જગતના વ્યવહારમાં કેટલીક નિર્દોષ કળાની આવશ્યકતા છે; અને જે પુરૂષ તે કળાનો જેમ સત્વર ઉપયોગ કરશે, તેમ

તે અન્ય પુરૂષોને વધારે પ્રસન્ન કરશે અને વહેલો વૃદ્ધિને પામશે. યુવાનો ઉત્સાહ અને ચપળતાને લીધે આવી કળાને નિરૂપયોગી માની ભૂલી જાય છે, અને કંટાળો આપે એવી ગણી તેને વર્જે છે. પરંતુ જગતના પાછળના જ્ઞાનથી અને અનુભવથી, તે કળાની અગત્ય સામાન્ય રીતે સમય વીત્યા પછી મોડી લક્ષમાં આવે છે. આ કળામાં મુખ્ય વાત પોતાના સ્વભાવ ઉપરનો અંકુશ, મનની સ્થિરતા, અને મુખનું ગાંભીર્ય છે. તેથી આપણા અંતરમાં થતા ઉદ્વેગ અને વૃત્તિઓ, શબ્દ, શરીર વ્યાપાર, મુખમુદ્રા ઉપરથી પ્રસિદ્ધ થતા બંધ પડે છે. અને જો તેમ ન થાય તો વધારે શાંત અને બુદ્ધિવાન પુરૂષો મહત્કાર્યમાં જ નહિ, પરંતુ જીંદગીના સઘળા સામાન્ય વ્યાપારમાં પણ આપણા ઉપર શ્રેષ્ઠતા મેળવે છે. જે પુરૂષને અણગમતી વાતો સાંભળવાની સહનશક્તિ નથી, અને ગમતી વાતો સાંભળીને જેનાથી એકાએક હર્ષ દર્શાવી મ્હોં મલકાવ્યા શિવાય ચાલતું નથી, તેનો દરેક પ્રપંચી શઠ અને વાચાળ ફક્કડ માણસ લાભ લીધા વગર મૂકતો નથી. શઠ હોય તે તમને ખુશી અગર ગુસ્સે કરશે, એવા હેતુથી કે તમે કાંઇ અજાણે બોલવા જાઓ અથવા તમારા અંતરની લાગણી મ્હોં ઉપર જણાવી દો. તે ઉપરથી તમારા અંતઃકરણનો તમારે એકલાને જ જાણવાનો ગુપ્ત ભેદ તે અનાયાસે કળી જશે. વાચાળ ફક્કડ પોતાની મૂર્ખતા અને અજાણપણાને લીધે તે ભેદ પ્રસિદ્ધ કરશે, અને તેનો બીજા લોકો લાભ લેશે.

જો ક્રોધના ઉભરાને તમે આધીન છો એમ તમને જણાય, તો તમારે એટલો તો મનમાં નિર્ણય કરવો કે જ્યાંસુધી તે આવેશ રહે ત્યાંસુધી એક શબ્દ પણ ઉચ્ચારવો નહિ. ક્રોધ

પણ ગાંડાપણું જ છે. તે બેમાં અંતર માત્ર એટલું જ છે કે એક થોડો કાળ રહે છે અને બીજું ઘણો કાળ ટકે છે.

ટુંકામાં તમે તમારી પ્રકૃતિ અને આકૃતિ ઉપર, તમારા અંતરમાં ચહાય તો લાગણી થતી હોય, પણ તેનો બંનેનો આવિર્ભાવ ન થાય એટલી તો સંપૂર્ણ પ્રભુતા મેળવો. આમ બનવું કદાચિત કઠિણ હશે, પરંતુ તે અશકય તો છે જ નહિ. અને એક તરફ બુદ્ધિમાન્ પુરુષ અશકય વસ્તુ પાછળ યત્ન કરતો નથી પણ બીજી તરફ તે કોઇ કાર્યના દુર્ઘટણાથી તો નિરાશ થતો જ નથી. ઉલટું એવો પુરૂષ તો પોતાના ઉદ્યમ અને તત્પરતાને દ્વિગુણિત કરે છે; તે સદાગ્રહ કરે છે, અને નિઃસંશય જીત પામે છે. કોઇ પણ વસ્તુ સંપાદન કરવાને તમારે પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ, એમ તમને તમારા સદ્વિચારથી જણાય અને તે પ્રસિદ્ધ રીતે ઉપયોગી હોય, તો તે વસ્તુની કઠિણતાથી માત્ર તમારા ઉદ્યમને પ્રદિપ્ત થવા દ્યો, પણ તેથી તમારા પ્રયત્નનો ભંગ થવા દેશો નહિ. એક રીતે તમે નિષ્ફળ થાઓ તો બીજી રીતે યત્ન કરો. કાર્યમાં પ્રવૃત્તિ કરો, ખંત રાખો અને તેથી અંતે તમે જય પામશો. અમુક કાર્ય સારૂં કેટલાક મનુષ્યોને સમજાવવા પડે છે, કેટલાકની ખુશામત કરવી પડે છે, કેટલાકને ભય બતાવવો પડે છે અને કેટલાકને ખીજવવા પડે છે; પંણ એકંદરે યુકિતથી અને યોગ્ય રીતે તેમની સાથે વ્યવહાર થાય અને તેમની જૂદી જૂદી ખામીઓ ઉપર અશ્રાંત હુમલો કરવામાં આવે, તો તે સર્વને ઠેકાણે લાવી શકાય છે. પરંતુ તેમ કરવાનો સમય વિવેકથી પસંદ કરવો. કારણ દરેક મનુષ્યને પોતપોતાનો ખુશ મિજાજનો વખ્ત હોય છે, પણ તે આખો દિવસ રહેતો નથી. અને

જે સમયે કોઈ માણુસ અમુક કાર્યના પૂર્ણ વિચારમાં હોય અથવા જે કાળે તે શોકમાં, ક્રોધમાં અથવા બીજા કોઈ પ્રતિકૂળ વિચારમાં હોય તે કાળે તમે તેને બીજા કોઈ કાર્ય વિષે કહો તો તે સમયની પસંદગી બહુ અયુક્ત જ છે.

બીજાના મનોભાવની પરીક્ષા તમારા મનોભાવથી કરો.

બીજાઓનાં મનની પરીક્ષા કરવાને માટે પ્રથમ તમે તમારા મનને જાણુવાને અભ્યાસ કરો, કેમકે મનુષ્ય તો ઘણું કરીને બધાં સરખાં જ હોય છે. જો કે એકને કોઇ જાતનો મનોવિકાર બીજા મનોવિકાર કરતાં ચઢીઆતો બળવાન હોય છે અને બીજાને બીજો કોઇ મનોવિકાર તેઓ બળવાન હોય છે તોપણુ તેમની દરેકની ક્રિયાઓ તો ઘણીખરી સરખી હોય છે. અને જે જે કારણોથી તમે સામાને ગમશો અથવા કંટાળા ભરેલા લાગશો અને તમારી સાથે તે ખુશી અથવા ગુસ્સે થશે, તે જ કારણોથી સામો માણુસ તમને ગમશે, અથવા કંટાળા ભરેલો લાગશે; અને તેનાથી ખુશી થશો અથવા ગુસ્સે થશો, તમારા પોતાના મનના સઘળા વ્યાપાર, ને તમારા મનોવિકારની પ્રકૃતિને, અને જૂદા જૂદા હેતુથી તમારી ઇચ્છા બંધાય છે તે હેતુને તમે અતિશય લક્ષ રાખીને તપાસશો, એટલે બધી મનુષ્યજાતિને તમે ઘણી ખરી રીતે પરખશો. એક દાખલો લો– તમારા કરતાં જ્ઞાનમાં, બુદ્ધિમાં, પદવીમાં, અથવા દોલતમાં કોઈ માણુસ શ્રેષ્ઠ છે, અને તમે તેના કરતાં તે બાબતોમાં કનિષ્ઠ છો એવું તમને તે જણાવે તો તમને ખોટું લાગે છે. તમારામાં એવી શ્રેષ્ઠતા હશે, તોપણુ તમે જે માણુસની શુભેચ્છા, તમારા લાભની ઉક્તિ, તમારામાં હિત, ચાહનાત અથવા મૈત્રિ મેળવવાનું ધારતા હશો, તેને શ્રેષ્ઠતા બેશક બતાવશો નહિ જ.

કટુ વચનથી, ચીડ ભરેલા દેખાવથી અથવા વારેઘડીએ વિરૂદ્ધ બોલે તેથી જો તમને રીસ ચઢે તથા ખોટું લાગે તો, તમે જેની ચાહનાત તથા મરજી મેળવવાને ઇચ્છતા હો, તેની સાથે એવી રીતે વર્તશો ? બેશક, નહિ. અને હું આશા રાખું છું કે ઘણું કરીને બધાની ચાહનાત મેળવવાનું તથા તેમને ખુશી રાખવાનું તમે ઇચ્છો છો. કાંઈ અક્કલવાળી નિંદાની કે તેવી રમુજની વાર્તા કહેવાની લાલચથી અને તેવી વાર્તાના દ્વેષને લીધે ઘણું કરીને જે વખાણ થાય છે તેથી, જે લોક એવી વાતો કહી શકે છે અને વળી બહુધા તો જે લોક ધારે છે કે આપણે કહી શકીએ અને તેમ કરવાને અશક્ત હોવા છતાં પણ તેઓ તે કહેવાનો યત્ન કરે છે, તેમને તેથી જેવા કટ્ટા શત્રુ થાય છે તેવા મ્હારા જાણ્યા પ્રમાણે બીજી કોઈ વાતથી થતા નથી. જ્યારે આવી વાતો તમારે માટે કોઇ કહે ત્યારે તમારા મનમાં કેટલો ગુસ્સો, બેચેન અને વેર ઉત્પન્ન થાય તેનો તમે ગંભીરતાથી વિચાર કરો. અને એ જ સાધનોથી તમારી સામે બીજાના મનમાં એવા વિચાર ઉત્પન્ન કરવા એ ડહાપણ ભરેલું છે કે નહિ તેનો તોલ કરો. એક મશ્કરી કરવાથી મિત્ર હોય તેને શત્રુ કરવો, એ ખરેખર મૂર્ખતા છે. પણ મારા મનમાં તો કોઈ ત્રાહિત મનુષ્યને પણ મશ્કરીથી દુશ્મન કરવો એ પણ કાંઇ છેક થોડી મર્ખતા નથી. જ્યારે આવી વાતો તમારા વિષે થાય ત્યારે, ખરેખરા ડહાપણનું કામ તો એ જ કે એવી વાર્તા આપણા ઉપર કહી જ નથી એવું જણાવવું, અને તમને એથી મનમાં કાંઇ ક્રોધ ઉપજ્યો હોય તો તે સંતાડીને અંતરમાં સમાવી દેવો. વળી જ્યારે તેઓ એવી ઉઘાડી રીતે તમારી ટોળ કરતા હોય, કે તમે તે વાતનો અર્થ સમજ્યા નથી; એવું ધારી

શકાય એમ ન હોય ત્યારે તમારે તે મંડળી સાથે ટોળ કરવામાં સામેલ થઈ જવું એ વધારે સારૂં છે. તે લોકે ટોળ બરાબર કર્યું છે એવું તમારે કહેવું, અને દેખીતા ખુશ મિજાજથી એ વાત પતાવી દેવી. પણ તે લોકોએ જીત મેળવી છે અને તમને ખોટું લાગ્યું છે, એ બંને ગુપ્ત રાખવાને બદલે પ્રસિદ્ધ થઈ જાય એવી રીતે કોઈ પ્રકારે પણ તમારે ઉત્તર દેવો નહિ. તે લોકે જે વાત કરી હોય, તે જો ખરેખર એવી હોય કે તેથી તમારી આબરૂને તથા નીતિવાળી ચાલને હાનિ પહોંચે, તો ગૃહસ્થ અને બુદ્ધિમાન પુરૂષને બે ઉપાય કરવાના છે. કાં તો અતિશય નમ્રતા બતાવવી, નહિ તો ખુલ્લા મેદાનમાં તેની સામે થઇ જવું.

બની શકે તો અપમાન કરનારાથી દૂર રહેવું.

જો કોઈ માણુસ તમને ખુલ્લી રીતે અને ઈરાદાથી અપમાન કરે અને બે આબરૂ કરી નાંખે તો તમારે તેને પેશ પહોચાડવો. પણ જ્યારે તે તમને ફક્ત ઇજા કરતો હોય, ત્યારે તો તમારે તેની જોડે બહારની હાલચાલમાં અતિશય સલુકાઇથી ચાલવું અને ગુપ્ત રીતે તેની વર્તણુકનો સવાયો બદલો વાળી આપવો એ જેવી બીજી જોકે વેર લેવાની રીત સરસ નથી. આવું કરવામાં કાંઇ વિશ્વાસઘાત કે કપટ કર્યું કહેવાય નહિ. જ્યારે તમે તે માણુસને કહો કે હું તારી સાથે મિત્રતા તથા ચાહનાત રાખું છું, અને તે વખતે પેટમાં તેના ઉપર વેર લેવાની યુક્તિઓ ચલાવો, ત્યારે તમે કપટ તથા વિશ્વાસઘાત કર્યો કહેવાય. આવું કરવાની હું તમને કોઇ પ્રકારે ભલામણ કરતો નથી; પણ તેને હું ઉલટો ધિક્કારૂં છું. મંડળીમાં સલાહ તથા સગવડ રહેવાને એકમેકની મરજીથી સભ્યતાનાં દરેક લક્ષણ વર્તવાં

તે ફક્ત રીતભાતને અનુસરીને ચાલવા માટે જ છે. એ મંડળીની એકત્રતા ને ખાનગી અણબનાવ તથા દ્વેષથી અડચણ થવી જોઇએ નહિ. સ્ત્રીઓ અને અલ્પ મનવાળા, જે મંડળ તેમના ઉપર કદાપિ દયા લાવતું નથી પણ ઉલટું તેમને હસે છે તે મંડળ સાથે રીસાઇને અને તકરાર કરીને ઉલટી ગમ્મત કરાવે છે. હું મારી જ વાત કહું કે કોઈ બરાબરીયાને મુદ્દાની બાબતમાં હું જરા પણ નમતું નહિ આપું, પણ કોઈ બીજા માણસના કરતાં તેની સાથે વધારે સભ્યતા બતાવવાને માટે હું ખંતીલો રહીશ. પહેલું તો આવી આપણી વર્તણુકથી બધા હસનારા આપણા તરફ થઇ જાય છે, અને તેમની સંખ્યા પણ મોટી હોય છે. અને બીજું એ કે સામા પક્ષવાળો પછી તે સ્ત્રી હોય કે પુરૂષ તે પણ અવશ્ય ખુશી થાય છે. એટલે આવે વખતે તેનાથી એવું કહ્યા વગર ચાલે જ નહિ કે "તમે આ બધી જીકરમાં ઘણી સારી રીતે વર્તણુક ચલાવી છે, તે અમારે કબુલ કરવું જોઇએ."

શત્રુ ઉપર ક્રોધ ચ્હડ્યો હોય તે સંતાડી રાખવો.

ટુંકામાં તમારી વર્તણુકનો આ એક દૃઢ નિયમ રાખવો કે જે ક્રોધને તમો જરા પણ તૃપ્ત કરી શકો નહિ, તેની કિંચિત્ માત્ર પણ નિશાની કદી જણાવવી નહિ; પણ જ્યાં તમારૂં ચાલે નહિ ત્યાં તમારે હમેશાં પ્રસન્ન જ દેખાવું. ઉદ્યોગી અને વ્યવસાઈને જંગતના વ્યવહારમાં અહર્નિશ ક્રોધાયમાન થવાનાં વાજબી કારણો મળે છે, અને તેને જો કોઈ સંતાડી તથા સમાવી ન શકે તો આ જગત્‌માં કોઈથી રહેવાત જ નહિ. જે માણુસ પોતાના સ્વભાવને અંકુશમાં રાખી શકતો નથી, તે માણસે તો બહેતર છે કે, આ જગત્‌નો ત્યાગ કરી દેઈને કોઇ

અઘોર વનમાં ખાખીના મઠમાં જઇ એકાંત વાસ કરવો જોઈએ. ચીડાઇને વ્યર્થ ક્રોધ બતાવવાથી, જેને તમે હાનિ કરી શકતા નથી, પણ તે તમને કરી શકે છે તેના ક્રોધને તમે ઉત્તેજન આપો છો. અને વળી તમારી જોડે લડવાને તથા તમને નુકસાન કરવા બહાનું શોધી કાઢવાને ટમટમી રહ્યો હોય, તેમને તેવું બહાનું તમે પોતે આપો છો, પણ તમે જો તેમની સાથે એથી ઉલટી રીતે વર્તો તો તેમને સભ્યતાની ખાતર પણ દબાઇ રહેવું પડે, અને વખતે તેનો દ્વેષ કાં તો દબાઇ જશે, કે ખુલ્લો પડી જશે. વધારામાં કજીયો કરવો, ચીડાવું અને રીસાવું એ છેક નીચું અને હલકું છે.

કોઈ માણુસની પ્રમાણિકતા ઉપર અતિશય ભરોસો રાખતા નહિ.

મનુષ્યમાત્ર એક જાતિના બંધારણનાં બનેલાં છે; તો પણ દરેકનામાં ઘણીએક વસ્તુઓ એવી રીતે ઓછી રહેલી છે, કે બે જણુ પૂરેપુરા એકબીજાને મળતા આવતા નથી. અને કોઈ માણસ બધી વખતે એકસરખો હોતો નથી. મહાન્ શક્તિવાન્ પુરૂષ કોઇ વખત બેવકુફાઈ ભરેલાં કામ કરે છે, બહુ ટેકીલા નીચાં કામ કરે છે; બહુ જ પ્રમાણિક પુરૂષો ખરાબ કામ કરે છે, અને ખરેખરા દુષ્ટ હોય છે, તે સારાં કામ કરે છે. માટે પ્રત્યેક પુરૂષની તમારે સારી રીતે પરીક્ષા કરવી. તેમના પ્રધાન મનોવિકારનો અડસટો તમારે અવશ્ય કાઢવો જોઈએ, અને તેમ કરતાં પહેલાં તેમના હલકા મનોવિકાર, તૃષ્ણા અને છંદને લક્ષ દઇને ખોળી કાઢવા અને પછીથી અડસટાનો નિશ્ચય કરવો. દુનિયામાં સહુથી વધારે પ્રામાણિક માણુસના જેવી કોઈની સાધારણ વર્તણુક હોય, તો તે બાબત વાંધો લેતા નહિ. કેમકે

તેમ કરવાથી તમે અદેખા અને ખરાબ સ્વભાવના ઠરશો. તેમ તમારે સાચાપણાનો વિશ્વાસ એટલો બધો નહિ રાખવો, કે જેથી તેની સત્તા નીચે તમે આવી જાઓ, અને તમારી આબરૂ દોલત, અથવા જીવને નુકસાન કરવું ધારે તો તે કરી શકે. અધિકાર, હિત અને હેત એ ત્રણે જાતના મનોવિકારમાં પ્રામાણિકપણાની જરૂર પડે છે, અને તેમાં પ્રામાણિકપણાની ખરેખરી કસોટી નિકળી આવે છે. એ ત્રણે મનોવિકારમાં પ્રામાણિક માણસ કદાચિત્ તમારી બરોબરી કરી શકતો હોય, તો પણ પ્રથમ તમારે તમારી મેળે એ પ્રમાણિક માણસોના વિકારોનું પૃથક્ અવલોકન કરવું, એટલે આ માણસનામાં કેટલો વિશ્વાસ મૂકવો એનો તોલ કરવાને તમે શક્તિવાન થશો.

સ્ત્રીપુરૂષની ખામીઓ અને મનોવિકારના સારી રીતે જાણીતા થાઓ.

કોઈ અમુક માણસ, પુરૂષ કે સ્ત્રીની મૈત્રી અને પ્યાર મેળવવાનું વિચારપૂર્વક ધારતા હો તો, જો તેનામાં કોઈ બલિષ્ઠ ગુણ હોય તો તે ખોળી કાહાડવો, અને તેની યોગ્ય પ્રશંસા કરવી. અને દરેક જણમાં હોય છે તેમ તેમાં જે એવી મોટી ખોડ હોય તે ખોળી કહાડવી અને તેની યોગ્ય કરતાં પણ વધારે પ્રશંસા કરવી. મનુષ્યો ઘણી બાબતોમાં બીજા કરતાં ચઢીઆતા હોય છે અથવા બીજા ધારે છે કે તેઓ ચઢીઆતા છે. અને પોતે અમૂક વિષયમાં શ્રેષ્ઠ છે એમ જાણે છે તેમાં તેમની યોગ્ય પ્રશંસા થયેલી સાંભળવાને તેઓ ચાહે છે તો પણ જે બાબતોમાં તેઓ ચઢીઆતા થવાની ઈચ્છા રાખે છે અને આપણે ચઢીઆતા છીએ કે નહિ તેનો તેમને શક છે તે બાબતોમાં તેમની અતિશય અને ઉત્તમ પ્રશંસા થયાથી તેઓ રાજી થાય

છે. એનો દૃષ્ટાન્ત જોવો હોય તો **કારડીનલ રીષલીઉ** પોતાના સમયમાં અને વખતે કહીએ તો બીજા સર્વ કરતાં ખરેખર મોટામાં મોટો રાજ્ય કારભારી હતો. એનામાં એક ખોટી પતરાજી હતી કે લોકો મને મોટામાં મોટો કવિ પણ ગણે. મહાન **કોર્નીલની** પ્રતિષ્ઠાની તેને ઈર્ષ્યા આવી અને એ કવિની સીડ નામની કવિતા ઉપર તેણે વિવેચન લખાવ્યું. તેથી જે લોકોને યુક્તિથી પ્રશંસા કરતાં આવડતી હતી તે લોક એની રાજકીય કામની હુશીઆરી માટે કાંઇ કહેતા નહિ. વખતે સ્વભાવિક રીતે બીજી વાતમાંથી કહેવાયું તો કહેવાયું; પણ તેઓ જાણતા હતા કે આવો ધુપ દેઈશું તો તેના ધુમથી આપણા ઉપર તેની મહેરબાની થશે તેથી તેને કવિની પદવી આપીને વખાણતા. આવું થવાનું કારણ એટલું જ કે કારડીનલ રીષલીઉને પોતાના રાજ્યકીય કામની હુશિયારીની ખાતરી હતી અને કવિપણાની બાબતમાં તેને ભરોસો ન હતો.

બધાના અભિમાન (પતરાજી) ની પ્રશંસા કરવી.

દરેક જણ પોતાને ગમતી વાત કરે તેનું અવલોકન કર્યાથી તે માણસનામાં પ્રબલ અભિમાન કીયું છે તે તમને સહુ જ જણાઈ આવશે; કેમકે પોતે ફલાણી બાબતમાં ચઢીઆતો છે એવું બીજા ધારે તેમાં પોતાની અતિશય ખુશી હોય તે ઘણી વખત વાત કહાડશે. આવી બાબત ઉપર તમે લક્ષ રાખશો એટલે તેની તમે એકદમ પરીક્ષા કરી લેશો.

સ્ત્રીજાતિને ઘણું કરીને પોતાના રૂપનું અભિમાન હોય છે; તેથી રૂપની ગમે તેટલી પ્રશંસા કરો તોપણ તે ખરી છે એમ જાણે. પરમેશ્વરે એવી કુરૂપ સ્ત્રી ભાગ્યે જ બનાવી હશે કે તેના

રૂપની કોઈ પ્રશંસા કરે તો તે ખોટી છે એવું પોતાના મનમાં જાણે. કદાપિ તેનો ચ્હેરો એવો કમકમાટ ભરેલો હોય કે તે પોતે પણ એ વિષે કેટલુંક જાણુતી હોય, તોપણ તે એવું માની લેછે કે મારો બાંધો અને સ્વરૂપ એવાં છે કે ચ્હેરાની એબને ઢાંકી દેછે. અને જો બાંધો બેડોલ હોય તો એમ ધારે છે કે મારો ચ્હેરો એવો સારો છે કે એ ખોડને માપમાં રાખે છે, અને જો ચ્હુરો અને બાંધો બંને ખરાબ હોય તો તો એમ માની લે છે જે મ્હારામાં એવી લાવણ્યતા છે કે રૂપવતીને પણ કોરે મૂકી દે. આ વાત ખરી છે. અને તેનો દાખલો જુઓ તો છેક કદરૂપી સ્ત્રી પણ ઘણી ટાપટીપ અને ઢપથી પોતાનો પોશાક પહેરે છે.

મારા કહેવાનો બીજો અર્થ સમજીને એમ ધારતા નહિ કે હું તમને નીચી અને કપટ ભરેલી પ્રશંસા કરવાની ભલામણ કરૂં છું. ના, કોઈ માણસના દુર્ગુણ અને દોષની પ્રશંસા કરતા નહિ, પણ ઉલટા તેમને ધિક્કારવા અને બનતા અટકાવવાનો યત્ન કરવો. પણ ન્યૂનતાવાળા અને નિરપરાધી તથાપિ હસવા જેવા અભિમાનવાળા લોકોની સાથે મિઠાશથી ન વર્તે એવો કોઈ મળી આવશે નહિ. કોઈ પુરૂષ પોતે હોય તેના કરતાં એમ ધારે કે હું વધારે ડાહ્યો છું, અને સ્ત્રી એમ ધારે કે હું વધારે સુંદર છું; તો એ તેમની ભૂલ તેમને તો સુખકારક છે અને બીજાને તે હાનિ કરતી નથી, માટે એવી બાબતમાં તેમનું મન રાજી કરીને બહેતર છે કે હું તેમને મારા મિત્ર કરી લેઈશ. પણ કાંઈ અર્થ વગર ખરેખરી વાત હોય તે તેમને કહી દઇને મારા શત્રુ કરવાનું નહિ કરૂં.

કોઈ પણ સદ્ગુણથી પોતે અતિશય ભરપૂર છે એવો ડોળ ઘાલનાર ઉપર શક લાવવો.

કોઈ પણ સદ્ગુણનો અસાધારણ રીતે ડોળ ઘાલનાર, જેઓ તે સદ્ગુણ બીજા કરતાં ઉત્તમ છે એમ બતાવે છે અને ખાસ પોતાનામાં જ એ સદ્ગુણ છે એમ પણ બતાવે છે, તેઓ ઉપર ઘણું કરી તે બાબતનો શક લાવવો જોઈએ. તે જૂઠા જ છે, એમ મારૂં કહેવું નથી. હું એટલું જ કહું છું કે તેમના ઉપર શક લાવવો, કારણ સાધારણ રીતે તેઓ ઢોંગી હોય છે. પણ હમેશાં તેવા જ હોય છે એમ ખાતરીથી માનવું નહિ. કારણ કે કોઇ કોઈ પ્રસંગે સાધુના વેશવાળા ખરેખરા ધર્મનિષ્ઠ, પતરાજખોર, ખરેખરા બહાદુર, રીતરિવાજના સુધારકો ખરેખરા પ્રામાણિક અને અતિ વિનીત ખરેખરા પવિત્ર મારા જાણવામાં આવ્યા છે. તેટલા માટે યથાશક્તિ તેના હૃદયના અંતઃસ્થાનમાં તમે પ્રવેશ કરો અને સાધારણ રીતે લોકમાં તેને માટે ખ્યાતિ હોય તે વગર તપાસ કરે માનતા નહિ. જગતમાં જે ખ્યાતિ હોય છે તે કોઈ મનુષ્યના વિશેષ ગુણની મુખ્ય બાબતો માટે તો ખરી હોય છે; પરન્તુ તેની સર્વ ખાસ હકીકતના સંબંધમાં હમેશાં અસત્ય હોય છે.

બેજેબેજે દોસ્ત થવા આવનારથી સાવચેત રહેવું.

જેઓ થોડું જ ઓળખાણ થયું હોય, તેટલામાં તો તમારા તરફથી ઇચ્છા બતાવ્યા સિવાય પોતાની અયોગ્ય મૈત્રી અને વિશ્વાસ અતિશય આગ્રહ કરી આપે આપે છે તેઓથી સાવધ રહેવું; કારણ કે પોતાની ઉપજીવિકા સારૂ પોતાની મૈત્રી અને વિશ્વાસનો તમારામાં પરાણે નિવેશ કરે છે. પરન્તુ આવી

સાધારણ ધારણા ઉપરથી તેવા માણસોને એકદમ અવિવેકથી તરછોડતા નહિ, પણ વિશેષ તપાસ કરો કે આ અણધારી માગણી, ઉત્સુક હૃદય અને મૂર્ખ મસ્તિકથી કે પ્રપંચી અને દગાવાળા અન્તઃકરણથી ઉત્પન્ન થઇ છે. તે જો ભલો અને મૂર્ખ હોય તો તેની મૈત્રી સ્વીકારવામાં કાંઇ હરકત નથી, પણ તેની યોગ્યતા પ્રમાણે તેની સાથે વર્તવું. પરન્તુ જો તે પ્રપંચી અને દગાખોર હોય તો તેની દોસ્તદારી તમે કબુલ રાખી છે, એમ બતાવવું બહુ ઉપયોગી છે; અને તેના હથિયારનો ઉપયોગ તમારે તેની સામે જ કરવો.

પ્રતિજ્ઞા ઉપર કહેલી વાત માનતા નહિ.

કોઈ પણ બાબત એટલી તો સંભવિત હોય કે તેને સાચી મનાવવાને માટે તેને સાધારણ રીતે કહેવી તે જ પૂર્ણ છે. છતાં મોટી મોટી પ્રતિજ્ઞા કરીને તે વાત કોઇ માણસ કહેતો હોય તો તમારે ખાતરીથી સમજવું કે જૂઠું બોલે છે; અને તે વાત મનાવવાને તેને અતિશય સ્વાર્થ છે. જો તેમ ના હોય તો તે આટલી બધી મહેનત કરે જ નહિ.

વિષયસુખના કારણથી થતા સંબન્ધથી દૂર રહેવું.

જે યુવાનો ફક્ત પરસ્પરની મોજમજાહને લીધે જ જોડાચલા હોય છે, તેઓમાં મૈત્રીનો અસંયમ હોય છે. આવી જાતના સંબંધનાં પરિણામ ઘણી વખત ખરાબ આવે છે. જીઆફતની મજાહથી અને જરા વધારે શરાબની લેહેજતથી જીરા લેહેરમાં આવેલા થોડા ઉત્સુક પણ અનુભવ વગરના માણસો ખરા અન્તઃકરણપૂર્વક અખંડ મૈત્રી પરસ્પર રાખવા પ્રતિજ્ઞા કરે છે, અને જરા પણ સંકોચ વિના પોતાની હૃદયગત

સર્વ વાર્તા ત્યાં પ્રસિદ્ધ કરે છે. આ વિશ્વાસ જેટલા અવિચારથી બંધાયલો હોય છે, તેટલા જ થોડા વિચારથી પાછો તુટી જાય છે. કારણ નવીન સ્થળ અને નવી ગમતોને લીધે આ અદૃઢ સંબન્ધ તરત છુટી જાય છે, અને તે અવિચારી વિશ્વાસનો ઘણો ખોટો ઉપયોગ થાય છે. યુવાનોના મંડળમાં તમે તમારો ભાગ લ્યો; એટલું જ નહિ પણ તમારી મંડળીને લગતી અને યુવાવસ્થાને યોગ્ય હોય તેવી જીઆફત સંબન્ધી ખુશાલી અને મોજમજામાં તમારાથી બને તો તમે સર્વ કરતાં ચઢતા થાઓ. જો તમારી મરજીમાં આવે તો તમારી પ્રેમવાર્તાઓથી તેમને જાણીતા કરો, પરન્તુ તમારા ગંભીર વિચારો તેમને કદી પણ કહેતા નહિ. જેઓ તમારા અનુભૂત મિત્ર હોય અથવા તમારાથી વધારે અનુભવી હોય અને આ દુનિયામાં તદ્દન જૂદે જ રસ્તે હોવાને લીધે તમારા પ્રતિસ્પર્ધી થાય એવો સંભવ ન હોય તેવાને જ માત્ર તે ગુપ્ત અભિપ્રાયો દર્શાવવા. કારણ કે મનુષ્ય જાતના વીર ગુણ ઉપર હું એટલે સુધી આધાર રાખવા સલાહ નહિ આપું કે જે તે માટે સ્પર્ધા થઈ છે, તે વસ્તુના સંબન્ધમાં તમારો પ્રતિસ્પર્ધી તમારો મિત્ર થશે એમ તમે માનો અગર આશા પણ રાખો.

બાહ્યતઃ અજાણપણું બતાવવું ઘણી વખત જરૂરનું છે.

કંઇ પણ વાતથી માહિતગાર છીયે, એમ ન જણાવવું એ પણ આ જગતના વ્યાવહારિક જ્ઞાનનો એક જરુરનો ભાગ છે. જેમકે કોઇ માણસ તમને કોઇ વાત કહેવા આવે અને તે વાત તમે જાણતા હો છતાં તે વિષે તમારે અજાણપણું બતાવવું એ સાધારણ રીતે સલાહકારક છે. જ્યારે તેઓ પૂછે કે "ફલાણી વાત શું તમે સાંભળી નથી ?" ત્યારે તમારે " ના જ"

કહેવી, અને તમે જાણુતા હો, તોપણ તેને તે વાત કહેવા દેવી. કારણ કે કેટલાક માણુસો પોતે વાત સારી રીતે કહી જાણે છે, એમ માનતા હોવાને લીધે તે વાત કહેવાની તેમને બહુ ખુબી હોય છે. કોઈ તો વળી તે વાત જાણે પોતે જ હુશિયારીથી ખોળી લાવ્યા હોય તેમ તે ગર્વથી કહે છે; અને બીજા કેટલાકને તો પોતે વિશ્વાસપાત્ર નથી તો પણ બીજા લોકો તેમના ઉપર વિશ્વાસ રાખે છે એમ બતાવવાનું મિથ્યાભિમાન હોય છે. તેથી તેઓ વાર્તા કહે છે. આ સર્વ માણુસો જો તમે વાત જાણો છો એમ કહો તો નિરાશ થાય અને તેથી કરીવે નાખુશ થાય.

કોઈની નિન્દાની અગર તેવી બેઆબરૂની વાત તમે હજાર વખત સાંભળી હોય, તો પણ તમારા અંતરમાં મિત્ર સિવાય સર્વના આગળ તેવી વાત વિષે કેવળ અજાણપણું જ બતાવવું. કારણ કે જે લોકના સંબન્ધમાં એ વાત ચાલતી હોય તેઓ તે વાત સાંભળનારને એક ચોરના જેવો ખરાબ ગણે છે. તેથી કરીને આવા લોકોના સંબન્ધમાં જ્યારે કાંઈ વાત ચાલતી હોય, ત્યારે તમે દૃઢ માનતા હો તો પણ તે વાત માનતા નથી એમ બતાવવું; અને તે વાતને હલકી પાડવાનો યત્ન કરવો. પણ ઉપરનું અજાણપણું બતાવવાની રીત રાખો તેની સાથે તમારે દરેક વાત પુરેપૂરી ખાનગી રીતે જાણવાની રીત રાખવી. અજાણપણાનો ડોળ ઘાલવો તે સઘળી જાતની ખબર મેળવવાની ઉત્તમ રીત છે, કારણ કે અલ્પકાળને માટે અને અતિ નિર્જીવ બાબતોમાં પણ બીજાથી હુશિયાર જણાવવાને ઘણા લોક એવાં તો મિથ્યાભિમાની હોય છે, કે તમે જેટલી વાતથી અજ્ઞાન હો તેટલી જ કહેવાને બદલે તેમણે જે ન કહેવું જોઈએ, તે

પણ કહી દે છે. વળી આવું અજાણપણું દર્શાવવાથી તમે અજીજ્ઞાસુ અને નિષ્કપટીમાં ખપશો. તથાપિ હકીકત મેળવવાને ખંતી રહેવું અને આજુબાજુ શું બને છે, તેની પૂરેપૂરી ખબર રાખવાને યત્ન કરવો; પણ તેમ કરવામાં વિવેક રાખવો અને હમેશાં ન બને તો ઘણું ખરૂં તો ઉઘાડા સવાલ પુછવા નહિ. કારણ તેમ કરવાથી લોકો ચેતી જાય અને વળી પુનઃ પુનઃ પૂછે તો કંટાળો ખાય. કોઇ વખતે તો તમારે જે જાણવું હોય તે તમે જાણો છો એમ બતાવી અનુમાન કરી તે વાત કહેવી કે પછી તેમાં કાંઈ ભૂલ હશે તો તે કોઇ કૃપાની અને પરાણે આભાર ચઢાવાની ખાતર સુધારી દેશે. કોઈ કોઈ વખતે તો તમારે એમ જ કહેવું કે મ્હેં આવું આવું સાંભળ્યું છે, અને વળી કોઈ પ્રસંગે તો તમે જાણુતા હો તેથી વધારે જાણો છો એવો ડોળ કરવો. આમ કર્યાથી તમારે જે જાણવું હશે તે જણાઇ આવશે પણ બનતા સુધી ઉઘાડા સવાલ પુછવા નહિ.

સભ્યતાની રીતની સરલતા ઘણી ઉપયોગી છે.

જનસ્વભાવ આખા જગત્માં એક જ છે પણ કેળવણી અને અભ્યાસને લીધે તે સ્વભાવને ઉપયોગમાં લાવવાની રીતો એટલી તો જૂદી જૂદી છે, કે તેને યથાર્થ ઓળખવાને તેના સર્વ રૂપમાં તેને જોવો જોઈએ. દાખલા તરીકે જુવો તો કીર્તિનો લોભ એક રાજ્યદ્વારી પુરૂષ, એક સૈનિક અને એક ધર્માધ્યાપક એ સર્વને સરખો છે. પણ તેમની જૂદા જૂદા પ્રકારની કેળવણી અને અભ્યાસને લીધે તે લોભને તૃપ્ત કરવાના જુદા જુદા રસ્તા લેશે. બીજાની સંભાળ રાખવાનો અને ઉપકાર કરવાનો સ્વભાવ જેને સભ્યતા કહે છે, તે મુખ્યત્વે કરીને સર્વ દેશોમાં એક જ હોય છે પણ એ સ્વભાવને અમલમાં લાવવાની

રીત–સારી કેળવણી–ઠેકાણે ઠેકાણે જૂદી હોય છે; અને દરેક સમજણો માણસ જે સ્થળે હોય ત્યાંની રીતભાત પોતે દાખલ કરે છે, અને તે પ્રમાણે વર્તે છે. સભ્યતાની રીતનું મળતાપણું અને વળી શકવું આ જગત્માં બહુ જરૂરનું છે એટલે કે જે બાબતો ખરાબ ન હોય તેમાં જ સર્વ કરતાં ચપલ બુદ્ધિ વધારે ઉપયોગી છે. ચપલ બુદ્ધિવાળો માણસ એક બાબત ઉપરથી બીજી બાબત ઉપર યોગ્ય રીતે ફરી શકે છે અને ગંભીર જોડે ગંભીર, ગમતી જોડે ગમતી અને મૂર્ખની સાથે મૂર્ખ થઇ શકે છે.

જૂદા જૂદા લોકની રીતભાત, ટેવ અને કુટેવને ઉમંગથી અને સરલતાથી અનુસરીને તેમની સાથે વર્તવા કરતાં બીજું કાંઇક વધારે આકર્ષણ કરે તેવું નથી. ટુંકમાં ચુવાન માણસને અડચણ જેવું કાંઇ લાગવું જ ન જોઈએ. ચુવાનોએ સારાં કામ માટે તૈયાર રહેવું જોઈએ, અને પ્રસંગાનુસાર પોતાનો સ્વભાવ સરળતાથી ઉમંગથી બદલવાને શક્તિવાન્ હોવું જોઈએ. ઉષ્ણુતા, શીતલતા, મોજમજાહ, પરહેઝગારી, ગંભીરતા, આનંદીપણું, શિષ્ટાચાર, સરલતા, વિદ્વત્તા, નિર્જીવકામ, ધંધો, ઉદ્યોગ અને શોખ આ સર્વ રીતો ટોપી પહેરે અને ઉતારી મૂકે તેટલી સહેલાઈથી દાખલ કરવા, મૂકી દેવા અને વખતે વખતે બદલવાને ચુવાનોએ શક્તિવાન્ થવું જોઇએ.

ઉત્સાહ (ઔદ્ધત્ય—પાણી.)

ચુવાન માણસો વારંવાર એમ કલ્પી લે છે કે ઉત્સાહ તથા બળથી સર્વ કામ પાર પડી જવાનું એટલે ઉપચાર રાખવો એ નીચપણાનું ચિહ્ન છે, અને મીઠી મીઠી વાતો કરવી તથા સર્વને ડોકું નમાવતા ચાલવું એ નીચ બુદ્ધિનાં કે નબળાં માણસોનું

કામ છે. આવા ભૂલ ભરેલા વિચારને લીધે તેમનાં વર્તનમાં અગ્મ્યતા, ઔદ્ધત્ય તથા રૂક્ષતા આવે છે. જે મૂર્ખ લોકને પોતાની ભૂલ સમજાતી નથી, તે આવાં અપલક્ષણને મરણપર્યન્ત વળગી રહે છે; બુદ્ધિશાળી માણસો અનુભવ પામતાં વિચાર કરી તેમને તરત જ તજી દે છે. જ્યારે તેમને પોતાના સ્વરૂપનું તેમ પોતાની જાતિનાં બીજાં માણસોનું જરા સૂક્ષ્મ અવલોકન થવા માંડે છે. ત્યારે તેમને માલુમ પડે છે કે સોમાં નવાણુંવાર તો સારી સત્યશીલ બુદ્ધિ, સર્વવિજયી પ્રેમ અને વિષયવાસનાની દાસી હોય છે; તે આટલું જાણ્યા ઉપરથી જ તેઓ પોતાથી જે જીવિત છે તેના તરફ ન વળતાં પોતાના જે વિજયી છે, તેને ઉપાસે છે. સામાન્ય રીતે એ તો પ્રસિદ્ધ જ છે કે જે વિજયી વીર છે, તેને ઘણી જ નરમ, દ્રાવક તથા કહેનાર ઉપર હેત થઇ આવે તેવી રીતે વાત જણાવવી જોઈએ.

પણ દુર્ભાગ્યે એવું બને છે કે જેમ નીશામાં મત્ત થયેલા સામાને પ્રમત્ત જાણે છે, તેમ યુવાનો પણ પોતાને જ ડાહ્યા ગણે છે; તેઓ ઉત્સાહમાત્રને જ સર્વમાં શ્રેષ્ઠ ગણે છે, તે અનુભવને હીસાબમાં લેતા નથી, એટલું જ નહિ પણ તેને કેવળ નિષ્ઠુરતારૂપ ગણી કાઢે છે. તેઓ આમ કહેવામાં અરધી ભૂલ કરે છે. કારણ કે અનુભવવિનાનો ઉત્સાહ ભય ભરેલો છે, તોપણ ઉત્સાહ વિનાનો અનુભવ નિર્માલ્ય તથા અપૂર્ણ જ છે. એ બેનો સંયોગ જે કવચિત જ બની આવે છે, તે ખરી પૂર્ણતાનું રૂપ છે; તમારે પણ જો એ ઉપાયનો યોગ કરી લેવાની ઇચ્છા હોય તો કરો, કેમ કે મારો તમામ અનુભવ તમારા આગળ તૈયાર છે, ને મારે તેના બદલામાં તમારા ઉત્સાહના એક કણનું પણ કામ નથી. એ બન્નેને કામમાં લો અને તે અન્યોન્યને પ્રેરે

તથા નિયમમાં રાખે એમ કરો. અહીં ઉત્સાહ શબ્દવડે જવાનીઆઓમાં જે ચંચળતા અને ઉદ્ધતાઈ હોય છે ને જેને લીધે તેઓ ધારેલા કામમાં આવતી અડચણોને અટકાવી શકતા નથી તે કહેવા ઈચ્છું છું; પણ એવા કોઈ ઉત્સાહ કે ટેક કે પાણી બતાવવા ઇચ્છતો નથી કે જેવડે નીચ લોકો અભિમાની, આત્મશ્લાઘા કરવાવાળા, તથા પોતાની કિમત ઓછી થઇ એવો વહેમ આણનારા અને નાના નાના પ્રસંગે પણ લોકને કરડા જવાબ આપનારા થઈ જાય છે. જેનામાં આવું પાણી હોય તે ખરેખર ગાંડો તથા બેવકુફ છે અને માણસમાંથી ઢોરમાં દાખલ કરવા લાયક છે.

જુના ઓળખાણનો અનાદર કરતા નહિ.

છેવટ આ વિષય ઉપર કહેવાનું કે, નવા અથવા નામીચા ઓળખીતાઓને લીધે જુના ઓળખાણવાળાઓનો કોઇ દિવસ અનાદર અગર તિરસ્કાર કરતા નહિ. જો તેમ કરશો તો તમે કૃતઘ્ની ગણાશો, અને તે લોકો તમને એ દોષની કદાપિ પણ ક્ષમા નહિ આપે. જેમ બને તેમ ખાસ મિત્રો વધારે કરવાની અને ખાસ શત્રુઓ ઓછા કરવાની કાળજી રાખો. ખાસ મિત્ર એટલે કોઈ જીવજાન અન ભરોંસાદાર મિત્રો એમ કહેવાની મારી મતલબ નથી; કારણ એવા તો કોઇ માણસ પોતાના જીવતા સુધી ભાગ્યે અરધી કોડી પણ મેળવી શકે. પણ 'મિત્ર' શબ્દ સાધારણ રીતે જે અર્થમાં વપરાય છે તેવા મિત્રો એમ સમજવું. અર્થાત્ જે માણસો તમારૂં સારૂં બોલે અને પોતાને હાનિ ન થાય ત્યાં સુધી તમારૂં ભુંડું નહિ કરતાં ભલું જ કરે એવા.

જૂઠું બોલવું.

જૂઠું બોલવા કરતાં વધારે અપરાધયુક્ત હલકું અને હશી કાઢવા લાયક બીજું કાંઈ નથી. એ કુચાલ, દ્વેષબુદ્ધિ,

બાયલાપણું કે અભિમાનથી ઉત્પન્ન થાય છે. પણ આમાંના કોઇ પણ ભાવથી ધારેલી મતલબ પાર પડતી નથી, કારણ કે વહેલું કે મોડું અસત્ય પકડાઇ જાય છે. જો આપણે દ્વષબુદ્ધિથી કોઇ પણ માણસની આજીવિકા અગર આબરૂને હાનિ પહોંચાડવા કંઇ જૂઠી વાત બાહાર પાડીએ, તો ખરેખર થોડો વખત સુધી તો આપણે તેને હેરાન કરી શકીએ; પણ આખરે તો ખચિત આપણને જ ખોટું દુઃખ થાય, કારણ કે આપણી જૂઠ ઉઘાડી પડી કે તરત જ આપણને એ બેઆબરૂનું કામ કર્યા બદલ બટ્ટો લાગે છે. અને ત્યાર પછી તેં માણસના ગેરલાભમાં જે કાંઈ કહેવામાં આવે તે ગમે તો ખરૂં હોય, તોપણ નિંદા તરીકે ગણાય છે. જૂઠું બોલવું અથવા આડું બોલવું (તે બન્ને સરખું છે.) આપણે જે કહ્યું હોય અથવા કર્યું હોય તેમાં આપણને નિર્દોષ ઠરાવવા અને તેથી જે જોખમ અને શરમ લાગવાની દહેશત રાખીએ છીએ, તેને દૂર કરવા જે જૂઠું અથવા આડું (તે બન્ને સરખું છે) બોલીએ છીએ તેથી આપણે આપણી બીક અને જૂઠ ઉઘાડાં પાડીએ છીએ; અને તે જોખમ અને શરમ દૂર કરવાને બદલે વધારીએ છીએ. મનુષ્ય જાતિમાં નીચામાં નીચા આપણે જણાઈએ છીએ, અને ખચિત આપણે તેવા જ ગણાવાના. કમનશિબે આપણે જો કાંઇ ખોટું કર્યું હોય, તો તે ખુલ્લી રીતે કબૂલ કરી દેવામાં કોઇ ઊંચા પ્રકારની મહાનુભાવતા સમાયલી છે. તે પાપના નિવારણનો રસ્તો ફક્ત તે જ છે અને માફી પણ તેમ કર્યાથી જ મળે છે. આવી પડેલું જોખમ ખસેડવાને માટે દ્વિઅર્થી બોલવું, ઉડાવવાની વાત કરવી, અથવા પ્રપંચ કરી ફરી જવું, તે એટલું તો ધિક્કારવા જેવું છે, અને તેમાં એટલો બધો ભય જણાઈ આવે છે કે જે

માણસ એ પ્રમાણે વર્તે છે તે શિક્ષાને પાત્ર થાય છે. એક બીજી જાતના અસત્યમાં મગ્ન રહેનારા પણ લોક છે જેઓ તેને નિર્દોષ ગણે છે. અને એક રીતે તેમ છે પણ, કેમકે તે પ્રમાણે વર્તવાથી બીજા કોઇને નહિ પણ તેમને દુઃખ થાય છે. આવી જાતનું સત્ય બેવકુફાઇથી ઉત્પન્ન થયેલા અભિમાનનું ખરાબ પરિણામ છે. આવા લોકો અદ્દભુત વાતોમાં મચ્યા રહે છે. જે ચીજો હયાતિમાં હોય નહિ તે તેવા માણસો કહેશે કે હમે જોઈ. જે ચીજો પોતે કોઈ દિવસ જોઈ ન હોય પણ તે ચીજો જોવા લાયક ગણાંતી હોય તેટલા માટે જ તેઓ કહેશે કે તે ચીજો અમે જોઈ છે. કોઇ પણ જગાએ અગર કોઈ પણ મંડળીમાં કંઈ અદ્દભુત બનાવ બને, અગર તેવી વાત થાય તો તેઓ આવી વાત નજરે જોઈ અગર કાને કાન સાંભળી એવું ખુલ્લી રીતે જાહેર કરશે. અગાઉ કોઇએ કરેલું અથવા અજમાવેલું નહિ એવું ચમત્કારિક કામ તેઓએ કર્યું એવું તે કહેશે. તેઓ પોતે જ પોતાની કલ્પિત વાતોના હમેશાં 'નાયક' હોય છે. તેથી તેઓને પ્રતિષ્ઠા મળે છે અગર કંઈ નહિ તો વર્તમાનકાળમાં તો મળે છે જ એમ તેઓ સમજે છે. પરંતુ ખરેખરૂં જોતાં તો તેઓની તદ્દન હાંસી અને તિરસ્કાર થાય છે. અને તેની સાથે તેઓ ઉપરનો વિશ્વાસ ઘણે દરજ્જે ઉડી જાય છે. કેમકે કોઇ પણ માણસ સ્વાભાવિક રીતે એમ જ અનુમાન કરી શકે કે ખાલી પતરાજીને લીધે જે માણસ કંઇ જૂઠું બોલે, તો સ્વાર્થને વાસ્તે તેથી વધારે જૂઠું બોલતાં તે કેમ સંકોચાય? ઘણું કરીને ન મનાય એવી મેં કોઇ પણ ઘણી જ ચમત્કારિક ચીજ જોઈ હોય, તો તે કહીને મારા સાચાપણા વિષે એક પળ પણ શક લાવવાનું કોઈને કારણ આપવા

કરતાં બેહેતર છે કે હું તે વાત કોઈને કહું જ નહિ. મરદને સત્યવક્તા તરીકે આબરૂની જેટલી જરૂર છે તેટલી સ્રીને પતિવ્રતપણાની નથી. તેનાં કારણો છે, કોઈ પણ સ્રી યથાર્થ પાતિવ્રત્યવાળી થયા વિના પણ સદ્‌વૃત્તિયુકત થઈ શકે, પરંતુ અતિશય સાચવટ વગર કોઈ માણુસ સદાચારી હોઈ શકે નહિ. કોઈ વખત તો બિચારી સ્રીની ભૂલ્યો માત્ર શારીરિક દોષજન્ય જ હોય છે. પણ માણુસમાં જૂઠનો દુર્ગુણ તે તો અંતઃકરણનો અને મનમાંનો હોય છે.

ઉભી આબરૂએ નિશ્ચિન્ત મન સહિત દુનિયા પાર કરાવનાર સત્ય શિવાય બીજું કોઈ છે જ નહિ.

સાચું બોલવું એ આપણો ધર્મ છે એટલું જ નહિ પણ તેથી આપણો સ્વાર્થ સચવાય છે. આની સાબિતીમાં કહેવું જોઈએ કે જે અતિ મૂર્ખ તે અતિ જૂઠું બોલનાર હોય છે. માણુસનામાં જેટલી અક્કલ હોય તેટલો જ તે સાચું બોલનાર હશે એવી આપણે નિર્ભયપણે પરીક્ષા કરીએ તો ચાલે.

આચરણનું પ્રૌઢત્વ.

આ જગતમાં ઉત્તમ ગુણવાન્ પુરૂષોને પણ માનવંતા થવાને અગર માન મળવાને કાંઈક આચરણનું પ્રૌઢત્વ અવશ્ય જરૂરનું છે.

ગર્વ.

ફુલાશ મારવા (કે પતરાજી કરવા) માં અને ખરેખરી હીમતમાં, અથવા ઠઠ્ઠામશ્કરી કરવામાં અને ખરેખરૂં રમુજી ટોળ કરવામાં જેટલો ફેર છે, તેટલો જ ગર્વ અને આચરણના પ્રૌઢત્વમાં છે. એટલું જ નહિ પણ બન્ને કેવળ વિરૂદ્ધ જ છે. કેમકે

ગર્વથી માણુસ જેટલો હલકો પડે છે, તેટલો બીજા કશાથી પડતો નથી. અહંકારી પુરૂષની બડાઈ ઉપર આપણને ક્રોધ આવવા કરતાં તિરસ્કાર અને અવજ્ઞા વિશેષ થઈ આવે છે. જેમ કે કોઇ વેપારી કોઇ ચીજને માટે આપણી પાસે હસવા લાયક બહુ જ મૂલ્ય માગે, ત્યારે આપણે તેને તે પ્રમાણે જ બહુ જ થોડું આપવાનું કહીએ છીએ, પણ જ્યારે તે વાજબી મૂલ્ય માગે ત્યારે તેની સાથે તકરાર કરતા નથી.

નીચ ખુશામત.

સારાસારનો વિચાર કર્યા સિવાય કોઇના મતથી વિરૂદ્ધ થવાથી અને ઉંચે સ્વરે વાદવિવાદ કરવાથી માણુસ જેટલો કંટાળો સામાને ઉત્પન્ન કરે છે, તેટલો જ અવિચારી ઢોંગ અને નીચ ખુશામતથી તે હલકો પડે છે. પણ પોતાનો અભિપ્રાય વિનયપૂર્વક પ્રતિપાદન કરવાથી અને અન્ય જનોનો સભ્યતાથી અંગિકાર કરવાથી પોતાનો મરતબો સચવાય છે. હલકા શબ્દો તથા શરીરના તરેહવાર ચાળા, અને બોલવાની ઢબથી, માણુસ હલકું ગણાય છે. કેમકે તે ઉપરથી એમ સમજાય છે કે કાં તો તે માણુસના મનનું વલણ ઘણું નીચું હશે, અથવા તેને હલકા પ્રકારની કેલવણી મળી હશે, કે સોબત જ તેવી હશે.

નજીવી જિજ્ઞાસા.

નજીવી બાબતોમાં જીજ્ઞાસા રાખવાથી અને નિરૂપયોગી બાબતોમાં બેળેબેળે લક્ષ આપવાથી માણુસ હલકું પડે છે. કેમકે આ બન્ને બાબતોને વાસ્તે એક પળ પણ વિચાર કરવાની જરુર પડતી નથી, તેમ તેમની યોગ્યતા પણ તેટલી નથી. આવું કરનાર માણુસો મ્હોટી બાબતોનો વિચાર કરવાને અ-

શકત છે એમ જે ધારવામાં આવે છે, તે વાજબી છે. કાર્ડી-નલ ચીંગીએ કાર્ડીનલ ડી રેટ્ઝને કહ્યું કે આજ ત્રણ વરસ થયાં હું એક જ સ્ટીલપેન (ટાંચ) થી લખું છું; અને હજું પણ તે સારી છે. તે જ વખતથી કાર્ડીનલ રેટ્ઝે ઘણી જ ડહાપણ-ભરેલી રીતિએ જાણી લીધું કે કાર્ડીનલ ચીગી હલકા મનનો છે.

રમુજી બોલવું અને યોગ્ય આનંદી સ્વભાવની સાથે ચહેરા ઉપર અને શરીરની હીલચાલમાં બાહેરની ગંભીરાઈ કેટલેક અંશે હોવાથી માણસને પ્રતિષ્ઠા મળે છે. જાણી જોઈને હમેશાં હસતું મ્હોડું રાખવાથી અને શરીરની અયોગ્ય ચંચળા-ઇથી માણસનું નકામાપણું જણાઈ આવે છે. કોઈ પણ માણસ દોડધુમ કરતો હોય, ત્યારે જણાય છે કે તેને જે કામ કરવાનું છે તે તેના ગજા ઉપરાંત છે. ત્વરા રાખવી, અને દોડધુમ કરવી એ બે નિરાળી બાબતો છે.

છેવટે, કોઇ પણ માણસ મુંગે મ્હોડે લાતો ખાઈને આવ્યો હોય, તે ભલી રીતે હીમતનો ડોળ ઘાલી શકે છે. જેમ દુર્ગુણ અને પાપથી પૂર્ણ કોઈ માણસ કોઇ પણ પ્રકારની મોટાઈનો ડોળ ઘાલી શકે છે, તેમ આવો માણસ બહારની સભ્યતા અને વિવેકી વર્તણુક વગર નીચો પડી જાય છે, પણ જો તે રાખે તો થોડો વધારે વખત બચી શકે છે. યોગ્ય વર્તણુક ભલે ડોળની હો પણ તેથી એ આવાં (સારાં) પરિણામ થાય છે.

સભ્યતા અને નમ્રતાવાળી વર્તણુક.

મનની દૃઢતા સહિત.

નમ્રતાની સાથે દૃઢતા જોડાયલી રાખવી એના જેવો માણુસની દરેક સ્થિતિમાં હમેશાં ઉપયોગી અને જરૂરનો નિયમ બીજો કોઈ પણ મારા જાણુવામાં નથી. નમ્રતાને ટેકો અને શોભા આપનાર દૃઢતા ન હોય તો, તે રાખનાર માણુસ ક્ષીણુતાને પામે છે. અને તેનામાં ક્ષોભયુકત વિનય અને મંદપણું આવી જાય છે. અને જો કોઈનામાં દૃઢતા જ હોય અને તેને નરમ પાડનાર નમ્રતા ન હોય તો તે માણુસ ગુસ્સાવાળો અને ક્રૂર થઈ જાય છે. તો પણ આ બે ગુણુ કવચિત્ સાથે મળેલા હોય છે. તામસી ગુસ્સાવાળો માણુસ ઘણી ઉદ્ધત પશુવૃત્તિવાળો હોવાને લીધે, નમ્રતાને ધિક્કારે છે. અને બધું કામ જડબેસલાખ દૃઢતાથી જ કરવાનું ધારે છે. જયારે તેવા માણુસને ફકત બીકણુ અને દમવગરના માણુસો સાથે કામ પડે છે, ત્યારે કોઈ કોઈ વખત મોટા દૈવયોગે તે ફતેહ પામે છે. પણુ સાધારણુ દશા એવી થવાની કે તેનાથી બીજા લોકો કંટાળો પામે, ચીડાય, અને તેથી તેનો તિરસ્કાર થવાને લીધે તે પોતાના કામમાં નિષ્ફળ થવાનો. બીજી બાજુ તરફ લુચ્ચો અને ખંધો માણુસ નમતાથી જ પોતાનું કામ કાઢી લેવાનું ધારે છે. જેવા જેવા બીજા માણુસો હોય, તેવો તેવો તે થાય છે. તેને પોતાનો કોઈ અભિપ્રાય હોય એમ દીસતું નથી અને વખતે સામા માણુસોના જે અભિપ્રાય હોય તેને હાજી હાજી કરી સ્વીકારે છે. તે માણુસ યુકિતથી મૂર્ખ માણુસોની પ્રીતિ (માન) મેળવે છે પણુ તરત જ પકડાઇ જાય છે, અને બીજા સર્વ તેનો તિર-

સ્કાર કરે છે. ડાહ્યો માણસ લુચ્ચા માણસથી, અને જુસ્સાવાળા માણસથી સરખી રીતે જ જુદો પડે છે અને તે જ ફકત દઢતા અને નમ્રતા બન્નેવડે વ્યવહાર ચલાવી શકે છે.

મધુર વચનથી હુકમો ફરમાવો.

આ બે ગુણના સંયોગથી પણ તેટલા જ અસરકારક અને ખુલ્લા ફાયદા થાય છે. જેમકે દાખલોઃ જો તમારી પાસે અધિકાર હોય અને હુકમ કરવાનો હક્ક હોય તો મીઠાશ અને નમ્રતાથી અપાયલા હુકમો, ખુશી અને ઉમંગથી, અને તેથી કરીને સારી રીતે પાળવામાં આવશે. પરંતુ જો ક્રૂરતાથી આપવામાં આવે તો તે હુકમ, બજાવવા કરતાં તે આપવાની રીત ઉપર માણસો વિશેષ વિચાર કરશેઃ કારણ અને દઢ નિશ્ચયથી એમ જણાવવું જોઇએ કે જ્યાં આગળ તમને હુકમ કરવાનો હક્ક છે, ત્યાં પાળવામાં પણ આવશે. પણ તે સાથે તાબામાં રાખવાની રીતમાં નમ્રતા હોય તો સામા માણસને આધીનપણામાં ઉમંગ રહે છે, અને પોતાની ઉતરતી પદવીનું દુઃખદાયક જ્ઞાન બની શકે તેટલું નરમ પડે છે.

પ્રસાદ નરમાસથી માગો.

જો તમે આશ્રય માગવાના હો, અગર તે હક્કથી માગતા હો તો પણ તમારે લાવણ્યતાથી યાચના કરવી જોઈએ, નહિ તો તમને ના કહેવાનું જેનું મન હશે તેને તેમ કરવાને તમારી માગવાની રીતથી નારા જ થવાનું મ્હોટું કારણ આપશો, પણ ઉલટું ડગે નહિ એવી ખંત અને વિવેક સહિત આગ્રહથી તમારે દઢતા અને નિશ્ચય બતાવવાં જોઈએ. માણસોનાં, અને મુખ્યત્વે કરીને ઉંચા દરજ્જાના માણસોનાં કૃત્યોનાં જે ખરાં

પ્રેરક કારણો તે સર્વથા સત્ય હોય એવું કવચિત જ સંભવે છે. આવા લોકો યોગ્યતાથી અથવા ઈનસાફથી જે કાર્ય કરવાનું હોય તે ન કરતાં તે જ કાર્ય આજીજીને લીધે અગર બીકને લીધે ઘણી વખત કરે છે. નમ્રતા અને મનોહરપણાથી તેમનું ચિત્ત તમારાથી બને તો હરી લ્યો. કંઈ નહિ તો તેમને નારાજ થવાનો ખોટો ઢોંગ કરવાનું અટકાવો. પણ તે લોકોના સારા સ્વભાવને અગર તેમના ઈનસાફને લીધે જે મેળવવાની તમે ફોગટ આશા રાખો, તે જ તેમની પાસેથી તેમના સુખના લોભને લીધે કે બીકને લીધે જબરાઈથી કઢાવવાને પૂરતી દૃઢતા અને નિશ્ચય બતાવવાને ચુકવું નહિ, ઉંચી પંક્તિના માણસો, માણસ જાતનાં દુઃખ અને જરૂરીઆતોના સંબંધમાં, શારીરિક વેદનાઓના સંબંધમાં વૈદ્યોની પેઠે, કઠણ હૃદયના થયેલા હોય છે. મ્હોટા માણસો, આખો દિવસ લોકોનાં દુઃખ નજરે જુએ છે અને સાંભળે છે. તેમાં એટલાં તો ખોટાં હોય છે કે ખરાં કયાં અને ખોટાં કયાં તે માલમ પડતું નથી, તેટલા માટે ન્યાય અને દયા સિવાયના મનોભાવને ઉપયોગમાં લાવવા જોઈએ. તેઓની કૃપા લાવણ્યતાથી સંપાદન કરવી જોઈએ. થાકયા વગર કરેલા કાલાવાલાથી તેઓના સુખના લોભને વ્યગ્ર કરવો જોઇએ. અથવા આપણા નરમ ન પડે તેવા ઉદ્વેગ વગરના ક્રોધને સારૂં દેખાય તેવી રીતે બતાવીને તેમના મનમાં ફીકર જાગૃત કરવી જોઈએ. આ સંસારમાં તુચ્છ ગણાયા વગર ચાહના થવાનો અને ધિક્કારાયા વગર ભય પમાડવાને મારી જાણમાં ઉપર આપેલી શિક્ષા જ ફક્ત એક રસ્તો છે. જે પ્રતિષ્ઠા બાંધવાને ઘણા ડાહ્યા પુરૂષો યત્ન કરે છે, તે પ્રતિષ્ઠા આથી કરીને બંધાય છે.

ગુસ્સાને અટકાવવો.

છેવટ કહેવાનું કે જો તમને ગુસ્સો ચડેલો માલમ પડે કે જેથી કરી તમે સરત ચૂકીને અવિચારી પગલું ભરો અગર તમારા ઉપરી કે બરાબરીઆ કે તમારાથી નીચા માણુસ પ્રતિ તમે અવિવેકી બોલ બોલો તો તે વખતે તમારે તે ગુસ્સાની બારીકીથી ચીવટ રાખી તેને અટકાવવો, અને લાવણ્યતાને તમારે ઉપયોગમાં લાવવી. ક્રોધ ઉત્પન્ન થાય કે તરત જ તે નરમ પડતાં સુધી તમારે ચૂપ રહેવું. તેમ જ તમારા ચહેરા ઉપરથી તે આવેશ જણાય નહિ તેટલા માટે ચહેરો ઠેકાણે (કબજામાં) રાખવાને મહેનત કરવી. વ્યવહારમાં આ બહુ જ લાભકારક છે. બીજી તરફ તેની સાથે તમારી પોતાની સભ્યતા, સ્વભાવની નમ્રતા, અને સામા માણુસને ખુશ રાખવાની નિજીવ ઇચ્છાને લીધે, અને બીજા લોકોના ફેરા, ફોસલામણી, અને ખુશામતને લીધે, તમારા ન્યાયે અને વિચાર શક્તિએ બતાવેલા રસ્તાથી જરા પણ બહાર જતા નહિ. પણ ધારેલી વાતને પકડો, વળગ્યા રહો અને ખંત રાખો, અને તેથી તમને માલમ પડશે કે મેળવી શકાય એવી ઘણી વસ્તુઓ મળે એવી છે. અન્યાયી અને દયાહીન જનો આપણા દબાઇ જાય એવા ગરીબ બીકણુ સ્વભાવનો ગેરલાભ લે છે અને આપણું અપમાન કરે છે. પણ આ સ્વભાવની સાથે દૃઢતા અને નિશ્ચય હોય તો આપણુને માન મળે છે અને સાધારણ રીતે વિજય પામીએ છીએ.

તમારા મિત્રમંડળમાં અને સગાસંબંધમાં તેમ જ શત્રુઓમાં નીચે બતાવેલો નિયમ ખસુસ ઉપયોગનો છે. તમારી દૃઢતાથી અને જુસ્સાથી તમારા પ્રતિ લોકોનો ભાવ નિભાવો

અને નવો વધારો. પણ તે સાથે તમારી વર્તણુક એવી રાખો કે તમારા મિત્રોના અને આશ્રિતોના શત્રુઓ તમારા શત્રુ થતાં અટકે. તમારી નમ્ર વર્તણુકથી તમારા દુશ્મનોને ત્હાડા પાડો. પણ તે જ વખતે તમારા વાજબી ક્રોધની દૃઢતા તેમને બતાવતા રહો. કારણ કે કીનો રાખવો અને દૃઢ સ્વરક્ષણ કરવું એ બેમાં ઘણો તફાવત છે. પહેલું હલકાઇનું અને બીજું હમેશ ડહાપણભરેલું અને વ્યાજબી કામ છે.

પ્રતિસ્પર્દ્ધિ અથવા હરીફ સાથે સભ્યતા રાખો.

કેટલાક માણુસો પોતાના પ્રતિસ્પર્દ્ધિ, હરીફ કે સામા થનારા સાથે વિવેક અને સ્વસ્થપણું (શાતિ) રાખી શકતા નથી, જો કે તે આકસ્મિક કારણ બાજુ ઉપર મૂકીએ તો તેમને તેઓ ચ્હાય અને માન આપે. તેઓની સાથે મેળાપ થાય તે પ્રસંગે પોતે શરમાળ બની જાય છે, અનાર્યપણું બતાવે છે અને તેઓને ફજેત કરવાને નિર્જીવ વાત પકડી લે છે; અને તેથી કરીને થોડો વખત રહેવાના અને ફક્ત તેવા પ્રસંગથી જ થયેલા પ્રતિપક્ષીઓને ખાસ શત્રુ કરી નાંખે છે. જેમ વ્યવહારમાં સઘળી જાતનો મીજાજ નબળો અને નુકશાનકારક છે તેમ આવા સ્વભાવનું પણ છે. વિકાર રહિત સારી નીતિ અને વ્યાજબી વિચારશક્તિથી જ આવો વ્યવહાર સફલતાથી ચલાવી શકાય. આવે પ્રસંગે હું તો જે માણસની યોજનાને આડે આવ્યો હોઉં તેની સાથે ખસુસે વધારે સભ્ય, અને સ્વસ્થ અને કપટરહિત થઉં.

સાધારણ પક્ષે આવી રીતને ઉદારપણું અથવા મોટું મન કહે છે. પણ ખરેખરૂં તો તે સારી બુદ્ધિ અને વ્યવહારનીતિ છે. ઘણી વખતે તો કાર્ય કરવાની રીત તે કાર્ય જેટલી જ અને

કેટલીક વખતે વધારે ઉપયોગી હોય છે. કોઈના ઉપર આપણે ઉપકાર કરીએ, તેથી જ તે દુશ્મન થઈ જાય, અને તેને દુઃખ કરીએ તેથી જ તે મિત્ર થાય. આમ થવાનો આધાર તે ઉપકાર અગર અપકાર કરવાની રીતિ ઉપર જ છે, ટુંકામાં, ધાર્મિક અને સદાચારની ફરજોની બાબતમાં મનુષ્યની સંપૂર્ણતાનું ટુંકું પણ પૂર્ણ વર્ણન "મનની દૃઢતા સાથે નમ્રતા ભરેલી વર્તણુક" છે.

લોકવ્યવહારસંબંધી વર્તન.

પુરૂષનું લોકવ્યવહારસંબંધી વર્તન ચોખ્ખું હોવું જોઈએ એટલું જ નહિ પણ જુલીઅસ સીઝર (રોમના) ની પત્નીની પેઠે સંશયરહિત જોઈએ. જરાક પણ ડાઘ કે બટ્ટો લાગે તો બધુંયે પાણીમાં જાય. આથી વધારે બીજા કશાથી પ્રતિષ્ઠા ઘટતી નથી અને હલકું પડાતું નથી. કારણ તેથી ધિક્કાર અને તિરસ્કાર ઉત્પન્ન થાય છે અને જોડાઇ જાય છે. સંસારમાં હલકાં માણસો એટલા તો લફંગા અને નીચ હોય છે, કે તેઓ સદા સદ્‌નીતિના વિચારોનો તદ્દન નાશ કરે છે; અને જેમ ધારે છે, કે આવા વિચારો માત્ર સ્થાનિક છે અને જૂદા જૂદા દેશની રૂઢિ અને રીવાજ ઉપર જ ફક્ત આધાર રાખે છે. એટલું જ નહિ પણ બની શકે તો આથી વધારે અવર્ણ્ય હલકા માણસો હાલ પણ છે, જેઓ પોતાની આસ્થા સિવાય ઉંધા અને અતિ દુષ્ટ વિચારોનો ઉપદેશ કરવાનો અને પ્રસાર કરવાનો ડોળ કરે છે; જે લોકોની સાથે વાત કરવાથી આપણી જરાતરા પણ ગેર-આબરૂ થાય કે કલંક લાગે. તે લોકોની સોબત બને ત્યાં સુધી ત્યજવી જ જોઈએ. પણ કોઇ વખતે અકસ્માત્ તમે એવા લોકોમાં જઈ પડો તો તમે આવા નિંદ્ય વિચારોથી ખુશી પણ

થયા છો એમ તમારી સભ્યતા, ખુશમીજાજ કે તેમના આનંદમાં તમારા ઉત્સાહવડે કરીને ન જણાવવા દેવાને ઘણી સંભાળ રાખવી. તો પછી તમે તે વિચારો મંજુર રાખો છો અગર વખાણો છો એમ ન જણાવવાને તો તમારે વળી તેથી વધારે સંભાળ રાખવી. આટલાની સાથે વળી સંવાદને છાજે નહિ એવા વિષય ઉપર તકરાર ચલાવવી નહિ કે ગંભીર દલીલોમાં ઉતરી પડવું નહિ. પણ તેમને 'હું જાણું છું કે તમે ફક્ત હસો છો: તમે ઇચ્છો તેના કરતાં તમારા વિષે મારો સારો અભિપ્રાય છે અને તમે જે વિચારોનો બોધ કરો છો તેને તમે અમલમાં નહિ લાવો એવી મને ખાત્રી છે' એટલું જ કહીને સંતોષ પામજો. પણ ખાનગી રીતે તેમને તમે ઓળખી રાખો અને પછીથી હમેશાં તેમનાથી દૂર રહો. પુરૂષના લોકવ્યવહારસંબંધી વર્તન જેવું બીજું કંઇ નાજુક નથી. અને તેને શુદ્ધ રાખવામાં જેટલો લાભ છે તેટલો બીજા કશામાં નથી. જો કોઇ માણસ ઉપર અન્યાય, અદેખાઈ, વિશ્વાસઘાત, જૂઠ, વગેરેનો શક ગયો તો આ દુનિયામાંના સઘળા જ્ઞાન અને બુદ્ધિથી તેની કોઇ દિવસ ચાહના કે દોસ્તી થવાની નથી કે તેને માન મળવાનું નથી. તેટલા માટે હું તમને ભલામણ કરૂં છું કે તમારે લોકવ્યવહારસંબંધી વર્તનને જીવની પેઠે અતિશય કાળજી રાખી જાળવવું અને તેને જરા પણ લાગે તેવું કંઈ પણ કરવાને કે બોલવાને અત્યંત સાવચેતી રાખવી. સઘળે પ્રસંગે સદ્ગુણના તમે દાસ છો, અને પતરાજખોર નથી એવા જણાઓ. કર્નલ ચાર્ટીસ જે આ દુનિયામાં નામીચો અતિ દુષ્ટ માણસ હતો અને જેણે દરેક પ્રકારનાં પાપ કરીને ઘણી જ દોલત એકઠી કરી હતી તેને પણ ખરાબ ચાલના ગેરલાભથી જાણીતો થઈને એક

વખત એમ બોલતો સાંભળ્યો છે કે, ' સદ્‌ગુણને માટે જો કે હું દમડી પણ ન આપું; કારણ કે તેથી કરીને મને બીજા દશ લાખ મળશે." ત્યારે એક ડાહ્યો શઠ માણસ જે ચીજ એટલા પૈસા આપી ખરીદ કરે, તે ચીજ પ્રામાણિક માણસ ગુમાવશે એ સંભવે છે?

ઉપર કહેલા દુર્ગુણોમાંનો એક દુર્ગુણ જો કે તે જૂદો ન પડી શકે તેવી રીતે, કલંક અને નુકસાન સાથે બીજા કરતાં વધારે જોડાયો છે, તો પણ જેમાં સારી કેળવણી પામેલા માણસો અને ઘણું કરી સારા નિયમવાળા લોકો યુક્તિ, હોંશિઆરી, અને સ્વરક્ષણના ભૂલ ભરેલા વિચારથી કોઈ વખત પડે છે, તે જૂઠ છે. પણ વધારે ખુલાસાથી મેં આગળ આ વિષય માટે મારા વિચાર જણાવ્યા છે. તેટલા માટે છેવટ હું એટલું જ કહું છું કે તમારા લોકવ્યવહારસંબંધી વર્તનની પવિત્રતા સારૂ અતિશય સાવધાન થાઓ. તેને હમેશાં નિષ્કલંક, નિર્દોષ, અને પવિત્ર રાખો, અને તેથી તે અશંકિત થશે. જ્યાં કોઇ પણ નબળી જગા નથી ત્યાં અપવાદ અને નિંદા કદી હુમલો કરતાં નથી. તેઓ વાતને વધારે છે, પણ ઉત્પન્ન કરતાં નથી.

સાધારણ વિષય ઉપર ટીકા.

સાધારણ વિષય ઉપર ટીકા કરતા નહિ, તેને માનતા નહિ અને મંજુર કરતા નહિ. એવી ટીકા કરવી તે એ બુદ્ધિ વગરના અને ફક્કડ લોકોનો સાધારણ વિષય છે. જે લોકો ખરેખરા હાજરજવાબી છે તેમને આવી ટીકાનો ઘણો જ તિરસ્કાર છે, અને તેઓ આવા વિષયો ઉપર હવે પછી થનારા હાજરજવાબી માણસો જે અવિનય ભરેલું કહે તેથી ખુશી થવું એ પણ નીચું ગણે છે.

ધર્મ.

ધર્મ ત્હેમનો એક પ્રિય વિષય છે. ધર્મ એક ધર્મકાપટ્ય છે અને પોતાના દાબ અને લાભને અર્થ ધર્મના બોધકોએ એક તરકટ રચી ચલાવ્યું છે. આવી જાતના અયુક્ત અને ખોટા મૂલતત્વ ઉપરથી તેઓ ધર્મગુરૂઓની હલકી નીરસ મશ્કરીઓ અને અપમાન કરે છે. આ લોકોના આગળ તો પંથના ગુરૂઓ, કાં તો જાહેર કે ખાનગી રીતે, નાસ્તિક, દારૂડીઆ, અને છીનાળવા છે. પરંતુ હું ધારૂં છું કે તેઓ તદ્દન બીજા માણસો જેવા જ હોય છે. તેઓનો જભ્ભો પહેરવાથી કંઈ તેઓ વધારે સારા પણ નહિ તેમ ખરાબ પણ નહિ, પણ જો તેઓ બીજા લોકોથી જૂદા પડતા હોય તો, પોતાની કેળવણી અને પોતાની જીંદગીની રીતભાતથી કરીને, ધર્મ અને નીતિ અથવા છેવટ વિવેકના સંબંધમાં જ તેઓ જૂદા પડે છે.

લગ્ન.

ઢોંગી હાજરજવાબી માણસો અને ઉત્સાહ વગરની મશ્કરી કરનારાઓનો બીજો સાધારણ વિષય લગ્ન છે. દરેક પતિપત્ની એક બીજાને અંતઃકરણથી ધીક્કારે છે, પછી જાહેરમાં એથી વિરૂદ્ધ ફાવે તે ઢોંગ કરતા હો. ધણી એમ ઈચ્છા રાખે છે કે પોતાની સ્ત્રી નરકમાં જાય અને સ્ત્રી ખરેખર તેને ભડવો બનાવે છે એમ તેઓ માને છે. પરંતુ હું એમ ધારૂં છું કે પુરૂષો અને તેમની સ્ત્રીઓ લગ્નક્રિયા કરેલી હોય છે તેથી કરીને કાંઇ વધારે એક બીજાને ચ્હાતાં કે તિરસ્કાર કરતાં નથી. એકબીજાની યોગ્યતા પ્રમાણે લગ્નનું પરિણામ જે સહવાસ છે તેથી એકબીજાને વધારે ચ્હાય કે તિરસ્કાર કરે છે. પણ બરોબર તે જ પ્રમાણે લગ્ન સ્ત્રીપુરૂષ (ઘર માંડી) સાથે રહ્યાં હોય તેમનામાં પણ બને જ.

રાજદરબાર અને ઝુંપડાં.

રાજદરબાર જૂઠ અને ઠગાઈનું એક સ્થાનક છે, એ પણ એક ચવાઇ ગએલી અને સાધારણ ટીકા છે. બીજી ઘણીખરી સાધારણ ટીકાઓની પેઠે આ પણ જૂઠ અને ઠગાઈ બેશક રાજદરબારમાં હોય છે, પણ તે કયાં નથી? રાજદરબારની પેઠે ઝુંપડામાં પણ હોય છે. તફાવત એટલો જ કે ઝુંપડાવાળાની રીત વધારે ખરાબ હોય છે. કોઈ પણ બે રાજદ્વારી માણસો જેમ એક બીજાની ઠેકાણે રાજાના માનીતા થવાને યત્ન કરે, તેમ કોઇ પણ બે ખેડુતો બજારમાં એક બીજાથી આગળ જવાને અથવા જમીનદારની બીજા ઉપરથી મહેરબાની ખસેડી પોતા ઉપર કરાવવાને ઘણી યુક્તિઓ રચશે અને કરશે. ખેડુતોના નિષ્કપટવિષે અને રાજદરબારના કપટવિષે કવિઓ ફાવે તેમ લખો અને મર્ખ માણસો માનો; પણ આટલું તો નિઃસંશય ખરૂં જ છે કે ભરવાડો અને રાજદ્વારીઓ બન્ને મનુષ્ય છે. તેઓના સ્વભાવ અને મનોવિકાર સરખાં છે. તફાવત માત્ર રીતિમાં જ છે. જેને પોતાની હાજરજવાબી હોતી નથી તેમ કોઈ વાત નવીન ઉત્પન્ન કરવાની જેઓને શક્તિ હોતી નથી પણ ઉતરેલા સુંદર પોશાક પહેરી જાણે મંડળીમાં જાણીતા થવા યત્ન કરતા હોય તેવા માણસોનો ઉપર કહી તે અને બીજી એકંદર જૂદી જૂદી પ્રજા અને ધંધાઓ ઉપર સાધારણ ટીકા (જેટલી સાચી તેટલી જ જુઠી) એ એક ગરીબડો આશ્રય છે—વાત કરવાનો આધાર છે. આવા બેઅદબી માણસોને જે વખતે તેઓ એમ આશા રાખે છે કે તેઓની રમુજી વાતથી મારે હસવું જોઇએ, તે વખતે હું તદ્દન ગંભીર રહીને તેમને નિરાશ કરૂં છું, અને જાણે કે તેઓ હજી વાત પૂરી કરી રહ્યા

નથી અને ખરી રમુજ હજી હવે આવવાની હોય તેમ તેમને કહું કે "ઠીક, અને પછી?" આથી કરી તેઓ નિષ્ફળ થાય છે. કેમકે તેઓમાં છત હોતી નથી અને ફક્ત એક જ જાતની મશ્કરી ઉપર તેમને દહાડા કહાડવાના હોય છે. અક્કલવાળા માણસો આવા રસ્તા પકડતા નથી પણ તેમને તેનો ઘણો જ ધિક્કાર હોય છે. કાં તો ઉપયોગી કે ગમતની વાતો માટે તેઓ યોગ્ય વિષયો ખોળી કાઢે છે. તેઓ નિંદા કે સાધારણ કુથલી કર્યા શિવાય હાજરજવાબી થઇ શકે છે, અને સુસ્ત થયા સિવાય ગંભીર થઈ શકે છે.

વકતૃત્વ.

સારૂ બોલવાની કળા–વકતૃત્વ જીંદગીની પ્રત્યેક સ્થિતિમાં ઉપયોગી છે. અને ઘણીકમાં તો તે અવશ્ય જરૂરની છે. વકતૃત્વ સિવાય માણસ રાજ્યસભામાં, આચાર્ય પદવીમાં, અને વકિલ મંડળમાં પ્રખ્યાત થઇ શકતો નથી. અને સાધારણ વાત કરવામાં પણ જેને સરળ અને અભ્યાસજનિત વાક્પટુતા હોય છે અને જે ચોકસ અને યથાર્થ બોલે છે, તે અશુદ્ધ અને બેઢબથી બોલનાર ઉપર મોટી ફતેહ મેળવે છે. વકતૃત્વનું કામ સમજાવવાનું–વાત સામાના મનમાં ઉતારવાનું છે. અને સમજાવવામાં ઘણું અસરકારક પગલું પ્રસન્ન કરવાનું છે. શ્રોતાજનનું લક્ષ પોતાતરફ ખેંચાય તેવી રીતે તેમને પ્રસન્ન કરવા એ જાહેરમાં ભાષણ આપનારને બહુ લાભકર્તા છે. અને આ પ્રમાણે વકતૃત્વની સહાયતાવગર બની શકતું નથી.

એટલું તો નક્કી છે કે દરેક માણસ અભ્યાસથી સાધારણ રીતે સારો વક્તા થાય. વાક્ચાતુર્ય તો અવલોકન અને સંભાળ ઉપર આધાર રાખે છે. દરેક માણસ, જો ચ્હાય તો, નઠારા

શબ્દ અને વાકયને બદલે સારાં પસંદ કરી શકે છે; અયથાર્થ નહિ પણ યથાર્થ બોલી શકે છે; ગુંચવણ ભરેલું ન સમજાય તેમ બોલવા કરતાં સ્પષ્ટ સમજાય તેવું બોલી શકે છે; અને હાવભાવમાં બેડોલ નહિ રહેતાં લાવણ્યતા પણ રાખી શકે છે. ટુંકામાં શ્રમ અને પ્રયોગથી પ્રતિકૂલ થવાને બદલે અનુકૂલ વક્તા થવાનું દરેક માણસના અધિકારમાં છે. અને જે ખાસ લક્ષણમાં માણસો પશુ કરતાં ચઢિયાતા છે તે લક્ષણમાં કોઇ માણસે બીજા માણસો કરતાં ચઢતા થવાનો શ્રમ કરવો યોગ્ય છે.

ડીસ્મોસ્થનીસને (ગ્રીસ દેશનો પ્રખ્યાત વક્તા) સારૂં બોલવું એટલું તો અવશ્ય જરૂરનું લાગ્યું છે કે જો કે તે સ્વાભાવિક તોતડો હતો અને નબળી છાતીવાળો હતો તોપણ ખંતથી તે ખોડને હઠાવી દેવાનો તેણે નિર્ણય કર્યો. મ્હોંમાં નાના કંકર રાખી અને દરરોજ ઘણા વખત સુધી ઉતાવળે અને સ્પષ્ટ બોલવાનો અભ્યાસ રાખીને તેણે પોતાનું તોતડાપણું મટાડયું. તોફાની હવા હોય ત્યારે તે દરીઆકિનારે ઘણી વખત જતો અને એથેન્સની જે પ્રજાસભા આગળ તેને ભાષણ કરવાનું હતું, તેનો ઘોંઘાટ અને બડબડાટ સહન કરવા તૈયાર થવાને માટે આવી વખતે ત્યાં પોતાથી બોલી શકાય તેટલે મ્હોટે શબ્દે બોલતો. આવા સાધારણ ઈલાજ અને લક્ષથી સારા ગ્રંથોનો નિરંતર અભ્યાસ કરીને પોતાના અગર બીજા કોઇ વખતમાં અને દેશમાં જન્મ પામેલા વક્તાઓમાં તે મ્હોટામાં મ્હોટો થઈ શકયો.

માણસ ફાવે તે ભાષા વાપરે, પણ તે અતિશય શુદ્ધ અને વ્યાકરણના નિયમ પ્રમાણે બોલવી જોઇએ. પણ આપણે અશુદ્ધ ભાષા ના બોલવી, એટલું જ બસ નથી પણ અગ્રામ્ય ભાષા

બોલવાને યત્ન કરવો જોઈએ. આટલા માટે આપણે ઉત્તમ ગ્રન્થકારોનાં પુસ્તક ધ્યાન દેઈ વાંચવા જોઈએ, અને કેળવણી પામેલા અને વિવેકી લોકો કેવી રીતે બોલે છે તે લક્ષપૂર્વક જોવું જોઈએ. સાધારણ માણસ ઘણું કરીને અશુદ્ધ ભાષા બોલે છે અને ગ્રામ્ય અને નીચ વાકય વાપરે છે.

ઉચ્ચ પદવીવાળા માણસો આ પ્રમાણે બોલતા નથી. સાધારણ માણસ એક અને અનેક વચન ભેગાં જોડી દે છે અને યોગ્ય કાળ ક્વચિત જ વાપરે છે. આ સઘળા દોષો દૂર રાખવા માટે આપણે ધ્યાન દેઇ વાંચવું જોઈએ, શ્રેષ્ઠ ગ્રંથકારોની રીત અને વાકયો લક્ષ આપી જોવાં જોઈએ અને વળી કોઈ શબ્દ આપણે બરોબર ન સમજતા હોઈએ ત્યારે તેનો બરોબર અર્થ શું છે તેની ખોળ અને પુછપરછ કર્યા વિના મૂકી દેવો ન જોઇએ.

એમ કહેવામાં આવે છે કે માણસ કવિ તો જન્મથી જ હોય તો હોય પણ વકતા થવું તે તેના અધિકારમાં છે. કારણ કવિ થવાને માટે મનની કેટલેક અંશે મજબુતી અને ચંચલતા જોઇએ; પણ લક્ષ, વાચન અને પરિશ્રમ વકતા થવાને માટે પૂરતા છે.

વિદ્યાદંભ.

દરેક જાતની શ્રેષ્ઠતા અને દરેક સદ્ગુણને, તેઓની સાથે સંબંધ ધરાવનાર દુર્ગુણ અને એબ હોય છે. અને અમુક હદ-પાર જો તે શ્રેષ્ઠતાને અને સદ્ગુણને લેઇ જવામાં આવે તો તે દુર્ગુણ અને એબ નિવડે છે. ઉદારતામાંથી ઉડાપણું થઇ જાય છે, કરકસરમાંથી કંજુસાઇ, હીંમતમાંથી અવિચાર, સાવચેતી-માંથી બ્હીકણપણું, અને તે પ્રમાણે બીજાનું પણ. કારણ કે,

હું ધારૂં છું, કે સદ્દગુણને જાળવવાને માટે તેના વિરૂદ્ધના દુર્ગુણ તજવાના કરતાં વધારે વિચારની જરૂર પડે છે. દુર્ગુણ તેના ખરેખરા રૂપમાં જોતાં એટલો બધો ખરાબ દેખાય છે કે પ્રથમ તો તેથી અતિશય કંટાળો આવે. અને જો પહેલેથી જ તે કોઈ સદ્ગુણરૂપે ન ભાસ્યો હોય તો આપણને ભાગ્યે જ કુમાર્ગે ચઢાવશે. પણ સદ્ગુણ પોતે જ એટલો તો સુંદર છે કે પ્રથમથી જ આનન્દ પમાડે છે. જેમ જેમ આપણે તેને વધારે સારી રીતે ઓળખીએ છીએ તેમ તેમ તે આપણને વધારે મોહ પમાડે છે અને બીજી સુંદર વસ્તુઓની પેઠે આ વસ્તુની પણ સીમા આપણે ધારી શકતા નથી. આવી વખતે ઉત્તમ કૃત્ય તરફના પ્રયત્નોને ચલાવવા અને હદમાં રાખવાને વિચારશકિતની જરૂર પડે છે. તે જ પ્રમાણે મોટી વિદ્વત્તા સાથે પુખ્ત વિચારશકિત ન હોય તો આપણને ઘણી વખત ભૂલમાં, અભિમાનમાં, અને વિદ્યાદંભમાં તે દોરી જાય છે.

એકદમ નિશ્ચયપૂર્વક અભિપ્રાય આપવો નહિ.

કેટલાક વિદ્વાન માણસો પોતાના જ્ઞાનના ગર્વને લીધે ફક્ત નિર્ણય કરવાને માટે જ બોલે છે અને છેવટનો ચુકાદો કરી દેછે. આથી એ પરિણામ થાય છે કે માણસજાત જુલમથી હેરાન થઈને અને અપમાનથી ચીડાઈને સામી થાય છે. અને આ જુલમમાંથી મુકત થવાને કાયદાસર અધિકારની સામે પણ તકરાર લે છે. જેમ જેમ તમે વધારે જ્ઞાન સંપાદન કરવા જાઓ તેમ તેમ તમારે વિનયી થવું જોઇએ; કારણ તમારા મિથ્યા બડાઈ કરવાના મનને સંતુષ્ટ કરવાનો સિદ્ધ માર્ગ તમારો વિનય છે. જ્યાં તમને ખાતરી હોય ત્યાં પણ જરા સંશય બતાવો. તમારો મત દર્શાવો, પણ નિશ્ચયપૂર્વક કહેશો નહિ.

અને જો સામા માણુસને ખાતરી કરવાની તમારે ઇચ્છા હોય તો તમે પોતે પણ સામા માણુસ જે કહે તે સાંભળવા તત્પર છો એમ તેને સમજવા દેજો.

અર્વાચીનના કરતાં પ્રાચીન વધારે પસંદ કરવાનો ડોળ ઘાલતા નહિ.

કેટલાક માણુસો, પોતાની વિદ્વત્તા બતાવવાને કે ઘણી વખત જ્યાં બીજું કાંઈ કાને પડતું નથી એવી શાળાઓની કેળવણીને લીધે પ્રાચીન માણુસો સાધારણ માણુસ કરતાં કંઇક વધારે અને અર્વાચીન કંઈ ઉતરતા હોય તેમ હમેશાં વાત કરે છે. તે લોકોની પાસે હમેશાં એક બે પ્રાચીન પુસ્તકો ખીસ્સામાં હોય છે જ. તેઓ જુના વિચારને સારા માની વળગી રહે છે, ને નવાં પુસ્તકો નિરૂપયોગી ધારી વાંચતા નથી. અને તમને સ્પષ્ટ એમ જણાવશે કે છેલ્લાં સત્તરસેં વરસથી કોઈ પણ કળા કે શાસ્ત્રમાં સુધારો થયો નથી. હું કોઈ પણ પ્રકારે એમ ઇચ્છતો નથી કે તમે તમારૂં પ્રાચીન જ્ઞાન છુપાવી રાખો. પણ તેથી વધારે હું એમ ઇચ્છું છું કે તમે પ્રાચીન જ્ઞાન સાથે ઘાડો સંબંધ ધરાવવાની પતરાજી ન કરો. અર્વાચીનની વાત કરતાં તિરસ્કાર બતાવો નહિ અને પ્રાચીનની વાત કરતાં અતિ ભકિત બતાવો નહિ. કાળ જોઈને નહિ પણ તેઓના ગુણદોષ જોઈ અભિપ્રાય બાંધો અને કદિ તમારા ખીસ્સામાં ઇલઝેવીરનું પ્રાચીન પુસ્તક હોય તો તે બતાવતા પણ નહિ અને તેને વિષે કંઈ બોલતા પણ નહિ.

પ્રાચીન આધાર લઈ અનુમાન કરતા નહિ.

કેટલાક મહાન્ પંડિતો પ્રાચીન ગ્રંથકારોએ વર્ણવેલા સરખી હકીકતના દાખલા સમાન ગણીને તે ઉપરથી પોતાની

જાહેર અને ખાનગી વર્તણુકને માટે ઘણી જ બેઢંગી રીતે નિયમો ઘડી કાઢે છે. પણ એટલો વિચાર કરતા નથી કે દુનિયાની ઉત્પત્તિ થઇ ત્યારથી કદાપિ એવા બે દાખલા નથી બન્યા કે તે કેવલ એકબીજાની સમાન હોય; અને કોઈ પણ ઈતિહાસ લખનારે તેની સઘળી હકીકત સાથે વર્ણવ્યો હોય કે જાણ્યો પણ હોય એવો એક પણ બનાવ નથી. કોઈ પણ દાખલા ઉપરથી અનુમાન કરવાને તેની સઘળી હકીકત જાણવી જોઇએ. ઇતિહાસ લખનારાઓના પ્રમાણ ઉપરથી નહિ પણ કોઈ પણ દાખલા જ ઉપરથી અને તેની સાથે બનેલી સઘળી હકીકત ઉપરથી અનુમાન કરો અને તે પ્રમાણે વર્તો. તમારી ઇચ્છા હોય તો દેખીતા સમાન દાખલા તમારા વિચારમાં લ્યો. પણ તે કેવળ આશ્રય દાખલ જ, પણ તેથી દોરાવવાને નહિ.

વિદ્વત્તાનો ડોળ બતાવવાથી દુર રહો.

વિદ્વાન્ માણસોનો એવો પણ એક વર્ગ છે કે જે જો કે સ્વમતાગ્રહી અને મીજાજી થોડા હોય છે, પણ થોડા અસહ્ય હોતા નથી. આ જાત વાચાળ અને પ્રખ્યાત વિદ્યાદંભીઓની છે. તેઓ પોતાની વાર્તાને સ્ત્રીઓથી અને ગ્રીક લાટીન ગ્રંથમાંથી વાકયોના તરત જ ઉતારા કરીને શોભાવે છે. પતરાજખોરો ઘણી વખતે આ પ્રમાણે કરે છે. તેઓને લેશમાત્ર વિદ્યા તો હોતી જ નથી, પણ પ્રાચીન ગ્રંથકારોમાંના કેટલાકનાં જે નામ અને તેમના ગ્રંથમાંના જે નાના ફકરા ત્હેમને યાદ હોય છે, તે તેઓ અયોગ્ય રીતે અને અપ્રસ્તુત પ્રસંગે સર્વ મંડળમાં વિદ્વાનમાં ખપવાને કડકે કડકે કહી દે છે. તેટલા માટે જો તમારે એક બાજુએ વિદ્યાદંભીના દોષથી અને બીજી તરફ અભણ છો એમ જણાવવાથી દૂર રહેવું હોય તો વિદ્વત્તાનો ડોળ

ઘાલતા નહિ. જે મંડળમાં તમે બેઠા હો તે મંડળની શુદ્ધ ભાષા બીજી ભાષા જોડે મિશ્ર કર્યા વગર બોલો. તમે જે લોકો સાથે હો તેમનાથી ડાહ્યા અથવા વિદ્વાન જણાશો નહિ. તમારા ઘડીઆળની પેઠે તમારી વિદ્વત્તા પણ એક અંદરના ખાનગી ખીસ્સામાં રાખો, અને તમારી પાસે છે, એમ બતાવવાની ખાતર જ તે બહાર કાઢી વગાડશો નહિં. તમને કેટલા વાગ્યા એમ પૂછવામાં આવે તો કહેજો, પણ પહેરેગીરની માફક કલાકે કલાકે વગર પૂછે જાહેર કરશો નહિ.

મોજ–શોખ.

ઘણા માણસો પોતાની રૂચી નહિ છતાં પણ ફકત નામની ખાતર જ કેટલાક શોખ કરે છે. તેઓ ઘણી વખત એવી મોટી ભૂલ કરે છે કે રંડીબાજીને શોખ માને છે. મનને અને શરીરને સરખું નુકસાનકારક મદ્યપાન તો તેમને મન સ્વર્ગનો આનન્દ છે! આપણને હજાર વિપત્તિમાં લાવનાર, દમડી વિનાના કરી નાંખનાર, આપણો દેખાવ અને વર્તણુક નિર્લજ ગાંડા માણસ જેવાં કરી નાંખનારાં જુગાર તો વળી તેમને મન ખરેખરો એક જ શોખ!!

શોખરૂપી ખડક ઉપર ઘણા યુવાનો અથડાઇ નાશ પામે છે. તેની શોધમાં તેઓ ખુલ્લા અને પવનથી ભરેલા શઢ સહિત ઝોકાવી નીકળે છે. પણ તેમનો રસ્તો સૂચવવાને હોકાયન્ત્ર હોતું જ નથી, તેમ તેમની નૌકા ચલાવવાને બુદ્ધિ પણ હોતી નથી, તેથી તેમની સફરનું ફળ શોખને બદલે દુઃખ અને શરમ થઇ પડે છે.

લોકોમાં ચાલતા અર્થ પ્રમાણે શોખી પુરૂષ, પશુવત્ દારૂ પીનાર, અતિ દુષ્ટ વ્યભિચારી અને લફંગો સોગન ખાનાર

હોય, તેને કહે છે. આપણા શોખથી થતા તાત્કાલિક આનંદનો અને તેથી નીપજતા અવશ્ય પરિણામનો આપણે તોલ કરવો જોઈએ, અને પછી આપણી સાધારણ અક્કલ પ્રમાણે એ બેમાંથો કયું વધારે સારૂં તેનો આપણે નિર્ણય કરવો જોઈએ.

ખાવાપીવાનો શોખ આપણે ભોગવવો, પણ અકરાંતીઆ થવાથી થતાં અવશ્ય દુઃખો આપણે અટકાવવાં જોઈએ. બીજા લોકો જે કરે તેને માટે આપણે તેમને રીતિસર અને માર્મિક શબ્દમાં ઠપકો દીધા વગર તેમની ઈચ્છા પ્રમાણે કરવા દેવું. પણ જે લોકોને પોતાનાં બલ અને શરીરને માટે દરકાર નથી તેઓનું મન રાખવાને આપણે આપણાં બલ અને શરીરનો નાશ ન કરવાનો દૃઢ નિશ્ચય રાખવો.

આપણે ગમત વાસ્તે રમવું પણ દુઃખી થવાને નહિ. મિશ્ર મંડળમાં આપણે ખુશી થવાને અને રૂઢિને અનુસરવાને જુજ પૈસાથી રમવું. સારા માણસો પોતાના મંડળમાં દારૂ પીવાને લથડીઆં ખાનારો માણસ હોય તેને ચ્હાતાં નથી, તેમ જ કોઈ માણસ રમતમાં પોતાથી અપાય તે કરતાં વધારે પૈસા હાર્યો હોય તેથી લટીઆં તોડતો અને ઈશ્વરની નિંદા કરતો જોવાનું તેઓને પસંદ હોતું નથી. જે લોકો આ પ્રમાણે કરે છે અને કરીને પુલાય છે તેઓ સારી સોબતમાં હોતા નથી. અને કદાપિ હોય તો તેમને ઘણી નાખુશીથી દાખલ કરવામાં આવ્યા હોય છે. ખરેખરો શોખી અને સભ્ય માણસ વિવેકથી વર્તે છે; અને તેમ નહિં તો તે દુર્ગુણ તો માગી લેતો જ નથી તેમ તેનો ડોળ પણ રાખતો નથી. અને કમનશીબે તેને કંઈ દુર્ગુણ હોય તો તેને વિચારથી, શાણપણથી અને ગુપ્ત રીતે સંતોષ પમાડે છે.

જેટલું લક્ષ આપણે આપણા અભ્યાસમાં આપીએ છીએ તેટલો જ આપણા શોખમાં પણ આપવો જોઇએ. ભણવાંમાં આપણે જે વાંચીએ તે ઉપર આપણે વિચાર કરવો અને અવલોકન કરવું. અને શોખ કરવામાં આપણે જે જે સાંભળીએ અને જોઈએ તેથી સાવચેત રહેવું, તે ઉપર ધ્યાન આપવું અને મૂર્ખ લોકો જેમ કહે છે કે "ખરેખર અમ્હારૂં ધ્યાન તે તરફ નહોતું કારણ હમે કોઈ બીજા વિષયનો વિચાર કરતા હતા," તેપ્રમાણે આપણા મ્હોં આગળ કંઈ કહેવાય અગર કરવામાં આવે તે સંબંધમાં આપણે કહેવું પડે તેવો પ્રસંગ આવવા દેવો જોઇએ. નહિ. તેઓ શા માટે બીજી બાબતનો વિચાર કરતા હતા અને તેમ હતું તો તેઓ ત્યાં આવ્યા જ શું કરવા. જયાં આપણે હોઇએ ત્યાં, સાધારણ લોકોમાં કહેવામાં આવે છે તેમ, આપણા કાન અને આપણી આંખો પાસે રાખવી, હર કંઈ કહેવામાં આવે તે સાંભળવું જોઈએ, અને જે કરવામાં આવે તે જોવું જોઇએ. અવલોકન કોઈ ન જાણે તેમ કરવું જોઇએ કારણ જો જાણે તો આપણી આગળ લોકો સાવચેત રહે.

સઘળી જાતનો જુગાર, શિકાર અને એવી જ બીજી ગમતો જેમાં સમજશકિતનો કે અક્કલનો જરાય ખપ પડતો નથી તે સઘળી હલકી રમતો છે, અને જે લોકો વિચાર કરતા નથી કે વિચાર કરવાને ચ્હાતા નથી તેવા ટુંકા મનવાળાઓને કાલ ગત કરવાનો એક આશ્રય છે. પણ અક્કલમંદ માણસોના શોખ કાં તો તેમના મનને સુધારે છે કે તેમની અક્કલને ઉત્તેજન આપે છે.

ઉંચા નીચા પ્રકારની કળા હોય છે, તેમ ઉંચા નીચા પ્રકારના શોખ હોય છે. છાકટા થતા સુધી દારૂ પીવો, વિચાર

ગર અકરાંતીયું જમવું, ગાડીઓ હાંકવી, મેદાનની જંગલી
મતો જેવી કે, શીઆળનો શિકાર, ઘોડાની સરતો, વિગેરે,
રજી મોચીના પ્રામાણિક અને મહેનતવાળા રોજગારથી બહુ
ઉતરતાં છે. જેમ વધારે આપણે કામમાં વળગ્યાં રહીએ
મ આપણને શોખની વધારે રૂચી થાય છે. જેમ શરીર કસરત
મવાની ભૂખને સતેજ કરે છે, તેમ સવારના અભ્યાસથી
તી મનની કસરત, સાંજની ગમત માટેની ભૂખ વધારે તીવ્ર
રે છે. મૂર્ખ અથવા એદી માણસો એમ સમજે છે કે કામ
અને શોખ એકબીજાનાં દુશ્મન છે. પણ તેમ નહિ હોતાં જો
બરોબર સમજાય તો તેઓ એક બીજાના મદદગાર છે. પૂર્વે
કામ કરવાથી રૂચી થયા વગર આપણને શોખનો ખરેખરો
સ્વાદ પડતો નથી. જે લોકો મોજ શોખ કરતા નથી, તેમાંના
થોડાક જ કામ સારી રીતે કરતા હશે. પણ મોજ શોખ એટલે
ડુક્કરના જેવી જંગલી ગમતો નહિ. વિચારવંત પ્રાણીની સુઘડ
ગમતો સમજવી.

આગળથી બંધાઈ ગએલા વિચાર.

તમે જે પુસ્તક વાંચો તેના અગર તમારા સોબતીઓના
વિચાર વ્યાજબી છે કે નહિ તે તપાસ્યા સિવાય તમે કબૂલ
રાખશો નહિ; કારણ તેમ નહિ કરો તો વિચારશક્તિથી દોરાવાને
બદલે તમારા આગળથી બંધાઈ ગએલા વિચારથી તમે ઘસડાઈ
જશો અને સત્ય ખોળવાને બદલે તમે નહિ જણાય તેવી રીતે
ભૂલોની વૃદ્ધિ કરશો.

તમારી વિચારશક્તિનો ઉપયોગ કરો અને તેને સિદ્ધ
કરો. દરેક વસ્તુનું ચિન્તન કરો. તેને તપાસો અને તેનું પૃથક્ક-
રણ કરો. પુરાવા સિવાય જે કંઇ કહેવામાં આવે તેથી તમારી

જ્ઞાનશક્તિને ઠગાવા દેશો નહિ, તમારાં કૃત્યોને ખોટે રસ્તે દોરાવા દેશો નહિ, અથવા તેને તમારી વાતચિત ઉપર ઉપરીપણું ભોગવવા દેશો નહિ. આપણે અમૂક કામ કરવું જોઇતું હતું એવી અવસર ચૂકયા પછી તમને ઇચ્છા થાય તે કામ પ્રથમથી જ કરવાને તત્પર રહો. વખતોવખત તમારી વિચારશકિતની સલાહ લ્યો. હું એમ નથી કહેતો કે વિચારશકિત કોઈ વખતે ભૂલ નહિ જ કરાવે, કારણ કે મનુષ્યની વિચારશકિત ભૂલ ન કરી શકે એવી નથી. પણ બીજા કરતાં વિચારશકિતથી જો તમે દોરાશો તો તમે થોડી ભૂલ કરશો. વાંચન અને વાતચિત વિચારશકિતને મદદ કરશે. પણ આંખો મીંચીને નિઃસંશયપણે કબુલ કરતા નહિ. "વિચાર કરો." એ આપણને દોરાવાને ઈશ્વરે આપેલા ઉત્તમ નિયમનો તમે જે વાંચો અને સાંભળો તેમાં તેનો ઉપયોગ કરો. ઘણા લોકોની પેઠે સઘળા શ્રમમાં વિચાર કરવાનો જે શ્રમ છે તે લેવાનું ના કહેશો નહિ. સાધારણ પંકિતના માણસો વિચાર કરતા હોય એમ ભાગ્યે જ કહેવાય, તેઓના વિચાર સઘળા લેઇ પડેલા હોય છે. અને હું ધારૂં છું કે ઘણું કરીને એમ હોવું તે વધારે સારૂં છે. કારણ કે તેઓના પોતાના જુદા જુદા અણઘડ નહિ સુધરેલા વિચારો કરતા આવા સાધારણ લેઇ પડેલા વિચારોથી સલાહ શાંતિ વધારે રહે છે.

સ્થાનિક ભૂલ ભરેલા વિચારો સાધારણ પંકિતના માણસો ઉપર પ્રાધાન્ય ભોગવે છે, અને કેળવાયલા, શ્રુત અને વિચારવંત લોકોને ઠગતા નથી. પણ જો કે તેટલા હડહડતા કઢંગા નહી પણ તેટલા જુઠા વિચારો પણ છે કે જેના, સત્યનું શોધન કરવાને માટે જરૂરના શ્રમના, તેની પરીક્ષા કરવાને ચોગ્ય લક્ષના અને તેનો નિર્ણય કરવાને માટે અવશ્ય ઉંડા ઉતરવાના વાંધાને

લીધે જ માત્ર ચઢિઆતી અને સુધરેલી જ્ઞાનશકિત ધરાવનાર માણસો ધારણા કરે છે. હું ઈચ્છું છું કે માણસને ઘટે તેવી રીતે તમારી વિચારશકિતને કામમાં લેઈ તે ઉપર લક્ષ રાખી આવા (ભૂલભરેલા) અગાઉથી બંધાએલા વિચારોથી તમે સાવધ રહો.

ધર્મ.

અભિપ્રાયના સંબંધમાં ગમે તેવી મોટી પણ જો નિખાલસ ભૂલચુક થાય તો તે દયા લાવવા જેવું છે, પણ શિક્ષા કરવા જેવું કે હસવા જેવું નથી. આંખના અંધાપા જેટલો જ જ્ઞાન ચક્ષુનો અંધાપો દયા લાવવા જેવો છે અને બન્ને રીતે જે માણસ રસ્તો ભૂલે તે શિક્ષાને પાત્ર કે હાસ્યને પાત્ર નથી. તેઓને પ્રમાણસહિત તકરાર કરીને અને સમજાવીને સીધે રસ્તે ચ્હડાવવાનો યત્ન કરવાનું પરોપકાર બુદ્ધિ આપણને ફરમાવે છે, પણ તેની સાથે તેઓની દુર્દશાને સજા કરવાની કે હસી કાઢવાની મના કરે છે. દરેક માણસ સત્યને શોધે છે પણ ઇશ્વર એકલો જ જાણે છે કે કોણે સત્યને શોધી કાઢયું છે. પોતાની વિચારશકિતવડે ખાતરી કર્યા વગર ચાલે નહિ એવા સઘળા વિચારો માટે લોકોને સતાવવા તે ગેરવ્યાજબી છે. અને તેઓનું હાસ્ય કરવું તે બેવકુફીભર્યું છે. જે માણસ જુઠું બોલે છે અગર એવું કાંઈ કરે છે તે ગુન્હેગાર અને જે પ્રામાણિકપણે અને અન્તઃકરણથી જુઠાને (સાચું) માને છે તે ગુન્હેગાર નથી.

આ દુનિયામાં સઘળા લોકો એક જ જણની પ્રાર્થના કરે છે. અને તે એક જ જણ વસ્તુમાત્રનો સ્રષ્ટા (અનાદિ) અનંત પરમેશ્વર છે. ઈશ્વરપૂજની જુદી જુદી રીતો કોઇપણ રીતે હસવાલાયક નથી, દરેક પંથવાળો પોતાનો પંથ શ્રેષ્ઠ ગણે છે. અને શ્રેષ્ઠ કયો પંથ છે તે નિર્ણય કરે એવો આ જગતમાં સત્ય ન્યાય કરનાર મારા જાણવામાં કોઈ નથી.

કાલનો ઉપયોગ.

કાલના ઉપયોગ અને મૂલ્ય ઉપર આપણે કેટલો થોડો વિચાર કરીએ છીએ! દરેક માણસ "વિચાર કરવો જોઇએ" એમ મ્હોડેથી બોલે છે ખરો પણ થોડાક જ તે કરે છે. દરેક મૂર્ખ માણસ જે પોતાનો સઘળો વખત નકામો ગુમાવે છે તે કાલની ઝડપ અને તેનો ઉપયોગ એકદમ સાબીત કરવાને એકાદ ચવાઈ ગયેલું સાધારણ વાકય ઘણી વખત બોલે છે. આખા યૂરોપખંડમાં છાયાયન્ત્રો ઉપર તે મતલબના યુક્તિવાળા લેખ હોય છે, તેથી કરીને વખતનો સારી રીતે ઉપયોગ કરવાનું જેટલી જરૂરનું છે, અને જો ખોઇએ તો કેવો પાછો ન આવે એવો છે એ વારંવાર જોયા અને સાંભળ્યા વગર કોઈ પણ માણસ પોતાનો વખત ગુમાવતું નથી. યુવાન માણસોને એમ ધારવાની ટેવ પડી ગઇ હોય છે કે આપણી પાસે તો એટલો બધો વખત છે કે ખુશીમાં આવે તેટલો ગુમાવીશું તો પણ પૂરતો વખત બાકી રહેશે. આ જ પ્રમાણે ઘણી જ દોલતને લીધે માણસો ઘણો વખત છેતરાઇને ઉડાઉ બની જઇ નાશ પામ્યા છે. પણ જ્યાં સારી અક્કલ અને વિચારશક્તિ આ સઘળી શિખામણો લેવાને નહિ પણ સૂચવવાને જોઇએ તેટલી નથી, ત્યાં તે શિખામણો નિરૂપયોગી છે.

આલસ્ય.

વખત કીમતી છે, જીંદગી ટુંકી છે અને તેથી એક પલ પણ ગુમાવવી ન જોઈએ. સમજુ માણસો વખતનો કેવી રીતે સારો ઉપયોગ કરવો તે જાણે છે, અને શોખ કરવામાં કે નફો મેળવવામાં સઘળો વખત કામે લગાડે છે આળસુ તો તેઓ કદી હોતા જ નથી. પણ અભ્યાસ અગર ગમતમાં જાથુ

ગુંથાયલા હોય છે. આલસ્ય દુર્ગુણની જનેતા છે, એ આખા જગતની કહેવત છે. તો પણ એ તો નક્કી જ છે કે સુસ્તાઈ એ મૂર્ખ લોકોનો વારસો છે. અને એદી માણસો કરતાં બીજું કંઈ વધારે ધિક્કારવા યોગ્ય નથી. ડાહ્યો અને સદ્ગુણી રોમન સેનસર કેટો, એમ કહેતો હતો કે મ્હારી જીન્દગીમાં માત્ર ત્રણ કૃત્યો માટે મને પસ્તાવો થાય છે. પહેલું એ કે મ્હારી **સ્ત્રીને મ્હેં એક ગુપ્ત વાત કહી દીધી હતી.** બીજું એ કે **ખુસ્કી રસ્તે જઇ શકત તે વેળા હું જળમાર્ગે ગયો હતો.** અને ત્રીજું એ કે **કંઈપણ કર્યા વગર મેં એક દિવસ ગાળ્યો હતો.**

વાચન.

ઈંગ્લંડના **વિલીયમ** ત્રીજા, **એન**, અને **જ્યોર્જ** ૧ લાના વખતના ખજાનાના પ્રખ્યાત મંત્રી વૃદ્ધ મી૦ **લોનડીઝનું** વ્યાજબી અને ડહાપણ ભરેલું કહેવું એ હતું કે પૈએપૈની સંભાળ રાખશો, એટલે રૂપીઆ તો પોતાની સંભાળ કરી જ લેશે. તેટલા માટે હું તમને પળેપળની સંભાળ રાખવાને ભલામણ કરૂં છું, કારણ કલાક તો પોતાની સંભાળ રાખશે જ. આખો દિવસ કાંઈ કાંઈ કરતા રહો. અને અરધા કલાક અને પા કલાક વિસારી મુકશો નહિ, કારણ વરસની આખરે તેનો મોટો સરવાળો થઈ જાય. જેમ કે, દિવસમાં અભ્યાસ અને શોખની વચમાંના ટુંકાટુંકા ગાળા ઘણા થાય છે. આ વખતમાં આળસુ બેસી રહી બગાસાં ખાવા કરતાં એકાદ કીમતી પુસ્તક લ્યો અને તેને પુરૂં કરતાં સુધી વાંચવાનું જારી રાખો. એકથી વધારે બાબતથી એકીવખતે તમારા મનઉપર બોજો કરતા નહિ. પુસ્તક વાંચવામાં ઉપરચોટીયું જોઈ જતા નહિ, પણ ઓછામાં ઓછું

દરેક વાકય બે વખત વાંચો. એક વાકય બરોબર સમજ્યા સિવાય બીજું પકડવું નહિ. અને તે વિષય પુરેપુરો શિખ્યા સિવાય તે પુસ્તક પુરૂં વાંચશો, પણ તેમાં શું લખ્યું છે તે એક અઠવાડીઆસુધી પણ તમને સાંભરશે નહિ. કોઈ કોઈ વખતે તમને પા અરધો કલાક મળે ત્યારે નવીન શોધનાં અને રમુજી ટોળનાં પુસ્તકો વાંચજો પણ પ્રાચીન કે અર્વાચીન નજીવા ગ્રંથકારોના પુસ્તકો વાંચવામાં એક મીનીટ પણ નકામી ગાળશો નહિ. વિચારવંત માણસો કરે તેવા શોખ કરવા એ કંઇ આળસ નથી. તેમ તેમાં વખત ગાળેલો કંઈ ફોગટ નથી. પણ તેથી ઉલટું થોડો વખત મોજ શોખમાં ગાળ્યો હોય તે સારા ઉપયોગમાં લીધો કહેવાય.

વ્યાવહારિક કામ કરવું.

તમારે કંઈ કામ કરવાનું હોય, તે તમે કરી શકો તેવા પહેલે જ અવસરે કરવું. કડકે કડકે કામ કરવું નહિ પણ બની શકે તો વગર અટકાવે પુરૂં કરવું. કામ અળસાવ્યાં કરવું નહિ તેમ રમતમાં ગણી કાઢવું નહિ. અને ફેલીક્ષે ફોલને જેમ કહ્યું હતું કે “વધારે અનુકૂલ અવસરે હું તારી સાથે બોલીશ,” તેમ તમારે કામને માટે કહેવું નહિ. પહેલો જ અવસર તે કામને માટે બહુ જ અનુકૂલ વખત છે. પણ સમજણા માણસને તો અભ્યાસ અને કામ કેટલેક દરજ્જે તેમનો પોતાનો વખત બતાવી આપે છે. રમત અને શોખ કરવાની અયોગ્ય રીત અને ખોટી પસંદગીમાં વખત ઘણીવાર ગુમાવવામાં આવે છે.

નિયમ—(પદ્ધતિ.)

કામનો મુખ્ય આધાર નિકાલ છે. અને નિકાલસારૂ, નિયમ કરતાં વધારે જરૂરનું બીજું કોઈ નથી. દરેક વસ્તુને માટે

નિયમ રાખો. અને અણધાર્યા બનાવો આવી પડે તે સિવાય તેને તોડ્યાવગર વળગી રહો. હીસાબ કરવાને માટે અઠવાડીયામાં અમુક દિવસનો અમુક કલાક નકી કરો. અને તેને બરોબર અનુક્રમમાં ભેગો રાખો. આવી રીતે કર્યાથી હીસાબ કરવાને બહુ જ થોડો વખત લાગશે અને તમે કદિ વધારે છેતરાશો નહિ. તમે જે જે કાગળપત્રો રાખતા હો તેમના જૂદા જૂદા વર્ગ કરી તેની ફેરીસ્ત કરી બાંધી મૂકો કે જયારે તમારે કોઈ કાગળ જોઇતો હોય ત્યારે તરત મળી શકે. તમારા વાચનને માટે પણ અમુક નિયમ કરી રાખો. અને તેને માટે સવારનો અમુક વખત કાઢી મૂકો. ઘણા માણસો જેમ જુદા જુદા ગ્રંથકારોના જુદા જુદા વિષયો ઉપરનાં લખાણના ટુકડા ટુકડા વાંચે છે તેમ સંબંધવગર અનિયમિત ન વાંચતાં સંબંધ અને અનુક્રમે વાંચવું જોઈએ. વિદ્યાનો દંભ બતાવવા, ઉતારા કરવાને નહિ, પણ તમારી યાદશક્તિને મદદ કરવાને માટે, તમે વાંચો તેનું ટાંચણ કરવાને એક ઉપયોગી અને નાની ચોપડી રાખો. નકશા અને વંશાવળીનું પુસ્તક પાસે રાખી તેનો વારંવાર ઉપયોગ કર્યા સિવાય ઈતિહાસ વાંચશો નહિ. આમ કર્યા વગર ઇતિહાસ માત્ર બનાવોના ગુંચવણ ભરેલા ઢગલા જેવો છે. ઘણા યુવાન માણસો જેમ કહેશે તેમ તમે પણ કહેશો કે આ સઘળી પદ્ધતિ અને નિયમ ઘણા હેરાનકર્તા છે. તેઓ આળસુ માણસને જ ફક્ત યોગ્ય છે અને જુવાનીના ઉત્તમ જુસ્સા અને હોંશ ઉપર અપ્રિય અંકુશ છે. હું તે ના કહું છું. અને એમ પ્રતિપાદન કરૂં છું કે ઉલટું તેથી તમને તમારા શોખને માટે વધારે વખત મળશે અને વધારે રૂચિ થશે; અને નિયમ તમને અણગમતા તો શેના થાય, પણ ઉલટું એક મહિનાસુધી તે

પાળ્યા પછી તમને મૂકી દેવા એ અણુગમતું થઈ પડશે. જેમ અંગકસરતથી ખોરાકને માટે રૂચિ થાય છે, તેમ કામથી શોખ ભોગવવાની ભૂખ પ્રદિપ્ત થાય છે. તેની રૂચિ થાય છે, અને તેથી શોખનો ઉત્સાહ વધે છે. કામ તો નિયમવગર કોઈ દિવસ કરી શકાતું નથી. અને તમાશો, નાચ, અથવા સભામાં જતાં, જે માણસે તે પહેલાંનો વખત નકામો ગાળ્યો હશે તેના કરતાં જેણે તે પહેલાંના વખતમાં કામ કર્યું હશે તેને વધારે જણાય તેવી રીતે અસર થશે. એટલું જ નહિ, પણ હું એમ કહેવાને હીંમત ધરૂં છું કે એક સુંદર સ્ત્રીમાં એક રસળનાર કરતાં એક અભ્યાસ કરનાર અગર કામ કરનાર માણુસ વધારે શોભા જોશે, રસળનારની આખી વર્ત્તણુકમાં એકની એક જ જાતનું બેદરકારીપણું રહે છે અને જેટલો તે પોતાના શોખનો અરસિક હોય છે તેટલો જ બીજી દરેક બાબતમાં તે અશક્ત હોય છે.

હું ઈચ્છા રાખું છું કે તમે તમારા શોખને પેદા કરો (કામ કરીને તેના લાયક થાઓ) અને તેથી તેનો સ્વાદ જાણો. કારણ કે પોતાને મોજશોખી ગણનારા, પણ ખરૂં જોતાં એકેય શોખ વિનાના પણ ઘણા માણસો છે એમ હું જાણું છું. વગર વિચાર કરે તેઓ બીજા લોકોના શોખ પોતાની કંઇ રૂચિ શિવાય પોતાના કરે છે. મેં એમ પણ જોયું છે કે ખાનદાનીના એક લક્ષણ તરીકે ગણીને તેઓ હદપાર શોખ ભોગવે છે. પણ જે પ્રમાણે બીજાં માણસનાં લુગડાં તેમને અતડાં લાગે તેમ તે શોખ પણ શોભતા નથી. તમારા પોતાના શોખ શિવાય બીજા શોખ કરતા નહિ. અને ત્યારે જ તમે તેમ કરવામાં દીપી નીકળશો.

ઘણા લોકો જો પોતે અભ્યાસમાં કે કામમાં ન હોય તો એમ ધારે છે કે હમે મોજ માણીએ છીએ, પણ તેવું કાંઇ

છે જ નહિ. નવરા બેશી રહેવું અને સુઇ રહેવું સરખું જ છે. સુસ્તાઈનો તેઓને અભ્યાસ પડી જાય છે. અને જયાં કાંઇ અંકુશથી તેઓ મુક્ત હોય અને તેમના તરફ કોઇ ધ્યાન આપતું ન હોય તેવી જગ્યાએ જ તેઓ જાય છે. વખતને આ પ્રમાણે આલસ્યમાં ઉડાવી ન દેવા સાવધ રહો. અને તમે જે જગાએ જાઓ, તે કાં તો ચાલાક અને આનંદી મોજનું કે તમારામાં સુધારો થાય તેવું સ્થળ હોવું જોઈએ. તમે જે મંડળીમાં જાઓ તે મંડળી એવી હોવી જોઇએ કે તેથી તમારી ઇંદ્રિયો તૃપ્ત થાય, જ્ઞાન વધે અથવા તમારી રીતભાત સુધરે.

કદાપિ કોઈ કાળે કોઈ ઉપયોગી કામને માટે બે ત્રણ કલાક ખુટતા હોય તો તેટલું ઓછું સુવો. હમેશાંને માટે છ અથવા સાત કલાકની ઉંઘ તમારે અગર બીજા કોઈને બસ છે. તેથી વધારે તો સુસ્તાઈ અને ઝોકાં મારવાનું છે અને તે અસુખકારી અને જડ કરનાર છે. દૈવયોગે કદિ તમારે કામને લીધે કે ગમતમાં સવારના ચાર પાંચ વાગ્યા સુધી જાગવું પડે તો તમારે બરોબર હમેશને વખતે ઉઠવું. કારણ કે તેથી તમારે સવારનો કીમતી વખત નકામો નહિ જાય, અને ઓછી ઉંઘને લીધે બીજી રાત્રે તમારે રોજના કરતાં વેળાસર સુઈ જવું પડે.

નિર્જીવ બાબતો ઉપર ધ્યાન ન આપવાને સાવચેત રહો.

સર્વમાં મુખ્યત્વે નિજીવ બાબતો ઉપર ધ્યાન ન આપવાને સાવચેત રહો. નિર્જીવ બાબતમાં પરોવાયલું મન હમેશાં કામમાં હોય છે પણ તેનું કંઇ ફળ થતું નથી. જુજ બાબતોને મોટી ગણે છે અને જરૂરની બાબતોને જે ધ્યાન અને વખત ઘટે છે તે હલકી બાબતો પાછળ કાઢી નાંખે છે. રમકડાં, કુદાં, શંખલાં,

નાનાં જીવડાં વગેરેની ઘણીંજ ગંભીરાઈથી શોધ કરે છે. પોતાની મંડળીના લોકોની ચાલચલગત ઉપર નહિ, પણ પોશાક ઉપર ઉંડો વિચાર કરે છે. રમતની ખુબી ઉપર ધ્યાન આપવા કરતાં તેઓ તેના શણગાર ઉપર વધારે ધ્યાન આપે છે. તેમ રાજ્યનીતિ કરતાં રાજ દરબારના આચાર ઉપર વધારે ધ્યાન આપે છે. વખતનો આવી જાતનો ઉપયોગ તે તદ્દન તેની ખુવારી જ છે.

આ વિષય ઉપર છેવટે એટલું જ કહેવાનું કે, થંડાશ, સુસ્તી અને બાયલાપણું, જુવાન માણસને નુકસાનકારક અને અનુચિત છે. આજથી ચાળીસ વર્ષ પછી તમે તેઓનો આશરો લેજો. દરેક પ્રકારે, થોડા વખતને માટે પણ, તમે જે શહેરમાં હો ત્યાંના ઘણા જ પ્રખ્યાત અને અમીર માણસોની સોબત તેમના દરજ્જા અગર વિદ્વત્તાને માટે, તમને કેટલીક બાબતોમાં તેમ કરવું પ્રતિકૂલ હોય તો પણ રાખવાનો નિર્ણય કરો. આમ કર્યાથી, પછીથી તમે જ્યાં જાઓ ત્યાં શ્રેષ્ઠ મંડળીમાં દાખલ થવાને વાસ્તે તમને એક જાતનું વિશ્વાસપત્ર મળે છે.

કાળની ખરેખરી કીમત જાણો, દરેક પળને ઝડપથી પકડી લ્યો, તેનો કબજો કરી લ્યો, અને તેનો ઉપભોગ કરો. આળસ, સુસ્તી કે લાસરીયાપણું, કંઇ જ ન રાખવું. તમે જે આજ કરી શકો તે કાલને માટે કોઈ દિવસ રાખી મુકશો નહિ. કમનશીબ "પેનશનરી" ***ડીવીટ**નો આ એક પ્રખ્યાત નિયમ હતો. તે પ્રમાણે બરોબર વર્તવાથી ફક્ત પ્રજાસત્તાક રાજ્યનું સઘળું કામ કરવાને તેને વખત મળતો હતો એટલું જ નહિ પણ જાણે તેને બીજું કંઈ કરવાનું કે વિચારવાનું જ ન હોય તેમ, સભાઓમાં અને જમણવારોમાં સાંજનો વખત ગાળવાનું તેને બની આવતું.

* હોલાંડના પ્રજાસત્તાક રાજ્યનો પ્રધાન.

બડાઈ.

અનુભવી જુવાન માણુસોની સાધારણ ખોડ, બડાઈ માર- વાની ટેવથી અતિશય સાવધ રહો, પણ મુખ્યત્વે કરીને જેથી તમને 'ફક્કડ'ની પદવી મળે છે તે ફોકિયતથી દૂર રહો. આ પદવી પાદરીની પદવી કરતાં વધારે વજ્રલેપ સરખી હોય છે. ફોકિયતથી પોતાનું જ કામ કેટલે જુદે જુદે પ્રકારે બગડે છે તે ધારી શકાય તેવું નથી. એક માણુસ જહાંગીરી રીતે દરેક વિષય ઉપર ચુકાદો આપે છે. ઘણી બાબતોમાં પોતાનું અણ- જાણપણું ઉઘાડું કરી આપે છે. અને બાકીના વિષયો માટે કંટાળો ઉપજાવે તેવું ખોટું અભિમાન રાખે છે. બીજો માણુસ વળી સ્ત્રીવર્ગમાં ફતેહ પામવાનું ઇચ્છે છે. અતિશય નામાંકિત કુલની અને સુંદર સ્ત્રીઓ તરફથી પોતાને ઉત્તેજન મળ્યું છે એવો ઇસારો કરે છે, અને કોઈ પણ એકની સાથેનો ખાસ સંબંધ જણાવે છે. જો આ સાચું હોય તો હલકું કામ છે, અને જૂઠું હોય તો બેઆબરૂનું છે. પણ દરેક રીતે તે માણુસ જે માન મેળવવાને ધારે છે તેનો તે નાશ કરે છે. કેટલાક લોકો પોતાની સાથે બીલકુલ સંબંધ ન ધરાવનારી કેટલીક નાની જૂદી જાતની બાબતોથી પોતાની ફોકિયતને રાજી રાખે છે. જેવી કે પ્રખ્યાત ગુણવાળા અને શ્રેષ્ઠ આબરૂવાળા માણસોના વંશમાં હોવું તે, તેમની સાથે સગાઈ હોવી તે, અગર ઓળ- ખાણ હોવું તે. વારંવાર તેઓ પોતાનાં ફલાણા ફલાણા દાદા, કાકા, અને દીલોજાન દોસ્ત, જેને તેઓ ભાગ્યે જ ઓળખતા હોય, તેમની વાતો કરે છે. પણ તેમની ઈચ્છા પ્રમાણે સઘળું હોય એમ કબુલ કરીએ તોપણ શું થઇ ગયું? આવા આકસ્મિક બનાવોથી શું તેમને વધારે માન ઘટે છે? બેશક નહિ. તેથી

ઉલટું વળી તેઓ આવું આકસ્મિક માન લેછે તેથી તેમનામાં સ્વાભાવિક માન નથી એમ સાબીત થાય છે. શ્રીમંત માણુસ કોઇ દિવસ કોઈનું ઉછીનું લેતો નથી. જેવા માણુસ તરીકે તમારે પ્રખ્યાત થવું હોય તેવા દેખાવાનો ઢોંગ કરશો નહિ—એટલો નિયમ તો કાયમ પાળવાનો વિના તકરારે સ્વીકારો. પ્રશંસારૂપી માછલી પકડવાને અચક ગલ વિનય છે. જેમ હાજરજવાબીનો ડોળ રાખ્યાથી ખરેખરો હોંશીઆર માણુસ પણ લાલ લોકમાં ખપી જશે તેમ હીંમતનો ડોળ ઘાલવાથી બહાદુર માણુસ પણ પતરાજખોરમાં ગણાશે. 'વિનય' શબ્દથી હું કહેવા માગતો નથી કે બ્હીકણુપણું, અને બેવકુફાઈ ભરેલું શરમાળપણું પણ તેથી ઉલટું, અંદરખાનેથી ચોકસ અને દૃઢ થાઓ એમ કહું છું. ગમે તેટલી હોય પણ તમે તમારી છત જાણો અને તે નિયમ ઉપર ચાલો. પણ તમે તમારી છત જાણો છે. તે કોઈને જાણી. જવા ન દેવાની ઘણી સંભાળ રાખો. તમારી પાસે ખરેખરા ગુણ શા છે તે બીજા લોકો ખોળી કાઢશે જ, અને જેમ લોકો બીજાની શોધોને હલકી પાડે છે તેમ પોતાની શોધોને હંમેશ મ્હોટું રૂપ આપે છે.

સદ્‌ગુણ.

સદ્‌ગુણ એવો વિષય છે કે તમારા અને દરેક માણુસના ધ્યાનને યોગ્ય છે. ભલું કરવું અને સત્ય બોલવું એ જ સદ્‌ગુણ છે. તેટલા માટે તેનું પરિણામ માણુસજાતને અને વિશેષે કરીને પોતાને જ લાભકારક છે. સદ્‌ગુણને લીધે માણુસ જાતનાં દુઃખોની આપણુને દયા આવે છે અને તેમને તેમાંથી મુક્ત કરીએ છીએ; તેને લીધે સંસારમાં ન્યાય અને સારી વ્યવસ્થાનો આપણે વધારો કરીએ છીએ; અને ઘણું કરીને, માણુસજાતનું

ખરૂં હિત જેથી થાય છે તેને એ મદદ કરે છે. આપણને તે અંતરનું સુખ અને સંતોષ આપે છે, જે બીજા કશાથી મળતાં નથી અને જેને બીજું કોઈ આપણી પાસેથી ચોરી શકતું નથી. બીજા સઘળા લાભોનો આધાર જેટલો આપણા ઉપર છે તેટલો જ બીજા ઉપર છે. દ્રવ્ય, અધિકાર અને મોટાઇ આપણી પાસેથી બીજા લોકોના અન્યાય અને જુલમથી તેમ જ અનિવાર્ય અકસ્માતોથી લઈ લેવામાં આવે, પણ સદ્ગુણ ફક્ત આપણા ઉપર જ આધાર રાખે છે. અને કોઇ પણ માણસ તેને આપણી પાસેથી લઈ શકતું નથી, માંદગી આપણા સઘળા શરીરના શોખને લેઈ લેછે, પણ તે આપણી પાસેથી સદ્ગુણને તેમ જ તેથી થતા સંતોષને લેઇ શકતી નથી. સદ્ગુણી માણસને આ જીંદગીની સઘળી વિપત્તિયો પડવા છતાં અંદરનું સુખ અને સંતોષ મળે છે. તેથી સંસારના સઘળા સુખવાળા દુર્ગુણી માણસ કરતાં તે વધારે સુખી થાય છે. જો કોઇ માણસે જૂઠ, અન્યાય અને જુલમથી મોટો અધિકાર અને દ્રવ્ય સંપાદન કર્યાં હોય તો તેમને તે ભોગવી શકતો નથી કારણ તેનું અંતઃકરણ તેને દુઃખ દેશે. અને તેને, અધિકાર અને દ્રવ્ય મેળવવાને લીધેલા ઉપાયો માટે તિરસ્કાર કરીને નિરંતર ઠપકો દેશે. તેના અંતઃકરણના ચટકા તેને નિરાંતે સુવા પણ દેશે નહિ, પણ તેને પોતાના ગુન્હાનાં સ્વપ્નાં આવ્યાં કરશે અને દિવસના વખતમાં પણ જ્યારે એ એકલો હોય ત્યારે, અને જ્યારે વિચાર કરવાનો વખત હોય ત્યારે તે બેચેન અને ઉદાસી રહેશે. કારણ, તે એમ જાણે છે કે માણસજાત તેને ધિક્કારશે જ અને તેથી, માણસજાત બની શકે તો તેને દુઃખ કરશે એમ ધારવાનું તેને કારણ હોવાથી તે દરેક વસ્તુનો ભય રાખે છે. પરંતુ કાંઇ

સદ્ગુણી માણસ સંસારમાં ગમે તેટલો ગરીબ અને દુઃખી હશે તોપણ તેનો સદ્ગુણ એ જ સદ્ગુણનો બદલો છે અને તે તેનાં સઘળાં દુઃખોમાં તેને દીલાસો આપશે. તેના અંતઃકરણની શાંતિ અને સંતોષથી તે દિવસે આનન્દમાં રહેશે અને રાત્રે સુખે સુશે. તે એકલો પણ સુખી રહે છે અને પોતાના વિચારની પણ તેને દહેશત રહેતી નથી. સંસાર ત્યાગ કર્યા પછી એકાંત સ્થિતિમાં સદ્ગુણ જોરથી પોતાનો રસ્તો કરી દીપી આવે છે. અને મોડો વહેલો હમેશાં તેનો બદલો મળે છે.

લોર્ડ શાફ્ટ્સબરીએ કહ્યું છે કે જેમ કોઈ જુવે કેન જુવે તોપણ આપણે પોતાને માટે જ સ્વચ્છ રહેવું જોઇએ તેમ કોઈ જાણે કે ન જાણે તો પણ આપણે પોતાને માટે જ સદ્ગુણી થવું જોઈએ.

સંક્ષિપ્ત સુવાક્ય

અથવા

લઘુવાણીમાં ગુરૂ ઉપદેશ.

સંક્ષિપ્ત સુવાકય

અથવા

લઘુવાણીમાં ગુરૂ ઉપદેશ.

(વિચારશીલને સંબોધન.)

પાઠશાળાસંબંધી ઉત્કૃષ્ટ પદ.

વિદ્યાપ્રકરણ સંબંધી પારિતોષિક અને પાઠશાલા સંબંધી ઉત્કૃષ્ટ પદ કોઇ પણ યુવાન પુરુષને કીર્તિસ્પૃહાના વિષય છે: વર્ત્તમાન ગુણનાં એ પ્રમાણ છે અને ભવિષ્યના લાભનાં સાધન છે. પરન્તુ જ્યારે અભ્યાસગૃહમાં ઉત્પન્ન થયેલી આશાઓ તે ગૃહ છોડવા પછી ફલિભૂત થતી નથી, ત્યારે પાઠશાળાનાં ફલ પ્રસિદ્ધ લાભ કરતાં નથી, અને ફલ થયે આપવાને માટે રાખી મૂકેલાં પ્રશંસા અને ઉપકાર, લોકો ફુલ આવ્યાથી જ ફોકટ વાપરી દેતા નથી. માટે જેઓ પાઠશાલામાંથી જય મેળવી બહાર આવ્યા હોય તેમણે પોતાની મતિ મન્દ ન થવા દેવાને બહુ સંભાળ રાખવી જોઈએ, નહિ તો સરસ્વતી મંદિરની દીવાલની અંદર રાજય કરનારા આ નાના રાજાઓ જયારે જગત્‌ની સાથે વ્યવહારમાં આવશે, ત્યારે પોતે પદભ્રષ્ટ થયેલા છે એમ તેમને જણાશે. આ જગત્‌માં વળી તેમને કોરસીકોના રાજા થીઓડારની પેઠે જનસમૂહને નિરૂપયોગી થઈ પોતાની જ ઉપર કંટાળી જઈને ભટકવું પડશે. તેઓ પોતાના પૂર્વ રાજત્વની અવજ્ઞા કરનારાઓ સાથે પ્રકોપિત થાય છે અને પોતાના વર્તમાન અપમાનને સવિશેષ દયાપાત્ર કરે છે.

કૃત્યો.

જેને આપણે આપણી સંપત્તિ કહી શકીએ તે માત્ર આપણાં કૃત્યો જ છે. આપણા વિચારો કદાચિત્ અશુભ હોય, તોપણ તેથી વિષ નીપજે નહિ અને શુભ હોય તોપણ તેથી કોઈ ફલ થાય નહિ. દુર્દૈવથી આપણા દ્રવ્યનો અપહાર થાય છે, આપણા ઉપરના કોઇના દ્વેષથી આપણી પ્રતિષ્ઠાનો, આપદથી ઉત્સાહનો, રોગથી શરીરસંપત્તિનો, અને મૃત્યુથી આપણા મિત્રોનો પણ અપહાર થાય છે. પરન્તુ આપણાં કૃત્યો આપણા મૃત્યુ પછી પણ આપણાં અનુયાયી થાય છે. માત્ર તેમને લીધે જ આપણાથી એમ નહિ કહેવાય કે આપણે મરી જઈએ ત્યારે કાંઇ સાથે લેઇ નથી જતા, અથવા તો આપણે આ જગત્ની બહાર શુદ્ધ જઈશું. આપણાં કૃત્યો આપણને યશસ્કરી, કે અતિ ગર્હ્ય, અમરતાથી આચ્છાદિત કરશે જ. આપણાં કૃત્યો જ માત્ર એવાં અધિકારપત્રો છે કે જેના રિક્થાધિકારથી કોઇ આપણને ભ્રષ્ટ કરી શકતું નથી. જ્યારે બીજું સઘળું નહિ જેવું થઇ જશે ત્યારે કૃત્યોને સનાતનત્વની તુલામાં પોતાનું ગુરુત્વ મળશે જ; અને પેલા દૃઢ અને અવૈભવ કૃતાંતકાલ અને મૃત્યુ તે કૃત્યોના મ્હોટા માહાત્મ્યને દૃઢ કરી સ્થાપશે.

કીર્ત્તિ-લોભ.

પક્ષીને જેમ તેના માથા ઉપરના વાળ છે, તેમ માણસના મનને લોભ છે. જેથી પ્રથમ આપણે આંધળા થઇએ છીએ, અને તે અંધાપાને લીધે પછી તે લોભ આપણને ઉંચા ચઢાવે છે. પણ શોકજનક વાત એ છે કે, જ્યારે આપણે મિથ્યા લોભના શિખર ઉપર હોઈએ છીએ તે જ વખતે વળી આપણે ખરેખરા

દુઃખના ઉંડા ખાડામાં હોઈએ છીએ. તે વખતે આપણી એવી સ્થિતિ થાય છે કે જેમાં કાળ કાંઈ સુધારો કરી શકતો નથી પણ હાનિ તો કરે છે જ; જેમાં નસીબ અને ફેરફાર આપણા મિત્ર થતા નથી પણ ઉલટા આપણને વખતે ફસાવે છે; ટુંકામાં આપણી ઈચ્છા પ્રમાણે સઘળું પ્રાપ્ત થવાથી અને આપણને જે જોઈએ તે મળ્યાથી આપણે માત્ર એક શિખરને પહોંચીએ છીએ. જ્યાં આપણે કોઈ વધારાની આશા રાખવાનું હોતું નથી પણ સઘળા તરફથી ભય રાખવાનું હોય છે.

ક્રોધ.

મદ્યના મદની પેઠે ક્રોધનો મદ માણસને બીજાના આગળ ઉઘાડું પાડી દે છે, અને પોતાનાથી ભુલવે છે. વળી આપણે આપણા કોઇ હેતુનું બહુ આતુરતાથી અને જુસ્સાથી પ્રતિપાદન (બચાવ) કરીએ તો તેથી જગતના વિચારમાં તો આપણે આપણા જ હેતુને હાનિ કરીએ છીએ તેમ જ આપણી તકરારોને આપણે જે જે રૂપમાં સમજીએ છીએ તેના તે જ રૂપમાં સર્વ માણસો સમજતા નથી. અને જેટલા પ્રમાણમાં આપણે બીજાઉપર ક્રોધ કરીએ અથવા પોતાઉપર પ્રસન્ન રહીએ તેટલા જ પ્રમાણમાં પોતાના દોષપ્રતિ આપણી અંધતા નિરન્તર વધતી જશે.

માણસ આશાઓમાં, અને જ્યારે વખત મળે છે ત્યારે, ભવિષ્યમાં વહેલા કે મોડા અતિ સુખી થવાનો નિર્ણય કરવામાં જીંદગી ગાળે છે. પણ વર્તમાનકાળમાં ભવિષ્યના કરતાં એક વધારે લાભ છે અને તે એ કે વર્તમાન આપણો છે. પાછલા અવસરો તો જતા રહ્યા અને ભવિષ્યના હજી આવ્યા નથી. જેમ મદિરાનો તેમ સુખનો પણ જો આપણે સંગ્રહ કરીએ,

અને તેનો સ્વાદ લેવાનું લાંબા વખત ઉપર મુલતવી રાખીએ; તો આપણને જણાશે કે વયને લીધે બન્ને અરૂચિકર જ ખાટાં થઇ ગયાં હશે. તેટલામાટે આપણા સુખનું એક પરિમિત ગૃહ બાંધવું કે જેમાં આપણે આરોગ્ય અને શક્તિમાન્ હોઈએ ત્યાંસુધી વસી શકીએ. પરંતુ વ્યય ભોગવીને એ ગૃહ એટલું બધું વિશાલ બાંધવું નહિ કે જે કરવામાં આપણી જીંદગીનો શ્રેષ્ટ ભાગ આપણે ખર્ચ કરવો પડે, અને વળી જ્યારે આપણને સ્મશાનના કરતાં ગૃહનો થોડો સંભવ હોય ત્યારે જ તેમાં વાસ કરવાની આશા રાખી શકીએ. "ભવિષ્યને આપણે આપણો વૃદ્ધ મિત્ર ગણવો જેનાથી આપણને મુલ્યવાન્ વારસો મળવાની આશા છે" એ ઉક્તિ બહુ જ વાસ્તવિક છે. આપણે એવું કાંઈ ન કરવું જોઈએ કે જેથી આપણા ઉપરથી તેનો ભાવ જતો રહે. એટલા માટે તેની સાથે ગુલામગીરીથી નહિ પણ માનથી વર્તવું. પણ આપણે જુવાન હોઈએ ત્યારે બહુ ઉડાઉ, તેમ વૃદ્ધ હોઈએ ત્યારે બહુ જ કંજુસ ન થવું જોઈએ; જો તેમ થશો તો જે લોકને ભોગવવાની શકિત હોય છે ત્યારે ભોગ્ય મેળવવાનું ડહાપણ હોતું નથી, અને જ્યારે તે ડહાપણ આવે છે ત્યારે ઉપર કહી તે શકિત જતી રહી હોય છે; તે લોકના જેવી સામાન્ય ભૂલમાં તમે પડશો.

વખાણ.

ઉંચા મનના માણસોએ, સમાનકાલનાં વખાણપાત્ર થયા વગર તે મેળવવા કરતાં, તે મેળવ્યા વગર જ પાત્ર થવું જોઇએ. વખાણ તેમની પાછળ જાય તો યોગ્ય જ છે, પણ તેમણે તો વખાણ પાછળ જવાને ચાલવું ન જ જોઈએ. હલકા મનનાં માણસોમાં તો આથી વિપરીત જોવામાં આવે છે, જેથી શઠ

લોકોની ખુશામત આજીવિત તેમને આધીન હોય છે, અને મરણ પછી સજ્જનો તેમનો તિરસ્કાર કરશે તેની તેમને કાંઈ દરકાર હોતી નથી. વર્તમાન કીર્ત્તિની કવી મીલ્ટને સ્પૃહા કદિ રાખી નહતી, તેમ તેની આશા પણ રાખેલ નહિ, પરન્તુ તેની ઉચ્ચ કીર્ત્તિસ્પૃહા તેના જ શબ્દમાં કહીએ તો એ હતી કે, “ ભવિષ્યના જમાનાને માટે એવું કાંઈ લખી મૂકવું જોઈએ કે જેનો લોકો ખુશીથી નાશ થવા દે નહિ.” મહાન કેટોની પણ સુંદર ઉકિત એવી હતી કે ‘ પછીની પ્રજા મારે માટે કીર્ત્તિ-સ્તમ્ભ કેમ ઉભા કર્યા છે, તેના કરતા મારે માટે તે કેમ ઉભા નથી કર્યા, એમ પ્રશ્ન કરે તેથી હું વધારે પ્રસન્ન છું.’

લોભ.

લોભ એ અસત્યાભાસથી પૂર્ણ વિષયવાસના છે, અને પદ્ધતિથી પૂર્ણ ગાંડપણ છે; કારણ કે એક કૃપણ માણસ જો કે સર્વ કરતાં વધારે દ્રવ્યપરાયણ છે તો પણ સારા ધાર્મિક માણસો એક ઉત્તમ ધણીની જેવી સેવા કરે તેના કરતાં વધારે નિમક-હલાલીથી એક કનિષ્ઠ ધણીની સેવા તે કૃપણ માણસ કરે છે. તે નીચે પડીને આ દુનિયાના ઈશ (પૈસા) ને પૂજે છે, પણ તે શ્રમના બદલામાં તેને તે ઈશથી મળતો દબદબો, દંભ કે મોજ-મઝાહ જોઈતાં નથી. સુખનાં સાધન તરીકે તે દ્રવ્યનો સંચય કરવાનું આરંભે છે પરન્તુ સામાન્ય પણ દૂષિત સહવાસને લીધે એક સાધ્ય તરીકે તેનો સંચય કરવાનું ચાલુ રાખે છે. તે મરતી વખતે ધનાઢ્ય કહેવરાવવાને ગરીબાઈથી જીંદગી કહાડે છે. તેવો માણસ પોતાના ઘરનો પાલક માત્ર છે; અને પોતાના દ્રવ્યનો કીલીદાર છે. પોતાના સોનાના લીધે ભીખારી થઈને તેના જ જેવા ગુલામો સોનાને ખાણના બંદીખાનામાંથી

મુકત કરવાને જેટલો શ્રમ લે છે, તેથી વિશેષ શ્રમ આ કૃપણુ દ્રવ્યનો ગુલામ તે સોનાને પેટીમાં કેદ કરવાને લે છે. કૃપણુના દ્રવ્યલોભને તેની અન્ય સર્વ વિષયવાસનાઓની કબર કહેવી જોઈએ, કારણુ તે સર્વ અનુક્રમે નાશ પામે છે; પણુ બીજી કબરોથી વિરૂદ્ધ રીતે આ કબર તો તેમાં ઉમેરો થવાથી વધે છે, અને કાળ જતો જાય છે તેમ દૃઢ થતી જાય છે. આ છેલ્લો વિરોધાભાસ જે ખાસ આ વિષય વાસનામાં જણુાય છે, તે માણુસના મનથી અભિન્ન જે અધિકાર શકિતનો મોહ છે તેથી ઉત્પન્ન થાય છે. શકિત ત્રણુ પ્રકારની છે, દ્રવ્યની, શારીરિક, અને બુદ્ધિની. પણુ વૃદ્ધાવસ્થાથી છેલી બે નિર્બલ થાય છે, અને ઘણીવાર નાશ પામે છે, તેથી વૃદ્ધ માણુસો પહેલી શકિતને વધારે આતુરતાથી વળગી રહેવાને લલચાય છે. વૃદ્ધ માણુસોની દ્રવ્ય ઉપરની પ્રીતિ નવી થતી, અને દિવસે દિવસ વૃદ્ધિ પામતી હોવી જ જોઈએ. કારણુ કે એવા લોકો તુરત એમ શોધી કહાડે છે કે જે નિર્દય વર્ષોએ આવી ખુલ્લી રીતે તેમની શારીરિક અને માનસિક શકિત હરી લીધી છે, તે જ વર્ષો તેમની દ્રવ્યની શકિત વધારવાને અને દૃઢ કરવાને જ માત્ર ઉપયોગી થાય છે.

ઉપહાસ અને ચેષ્ટા.

આ જગત્માં એવા ઘણુા ભલા માણુસો છે કે જેમની જીંદગી ઉપહાસ અને ચેષ્ટા કરવાના શોખને લીધે નકામી થઇ ગઇ છે. તેમને ઘણી ગમત થઈ હશે એમાં તો કંઈ શક નથી, પણુ તેથી તેમને હાની બહુ જ થયેલી હોય છે. તે લોકોની હાજરજવાબી અક્કલનાં વખાણુ તો બહુ વખત થયાં હશે, તો પણુ અંતે તો તે બન્ને હંમેશને માટે ઉચ્છિન્ન થાય છે જ;

અને તે પણ વળી જેનામાં તે બેમાંનો એક પણ ગુણ ન હોય પણ જેને વ્યંગોકિતને બદલે એક તલવાર બતાવવાનું વધારે સહેલું જણાયું હોય તેવા શત્રુને હાથે જ. બંગાલા ઇલાકામાં એક માણસ માટે મેં એવું સાંભળ્યું છે કે તે વાઘનો શિકાર કરવામાં બહુ ફતેહમંદ હતો. તેની હોશીઆરીથી તેને બહુ પ્રશંસા પ્રાપ્ત થઈ અને તેમાં તેને બહુ જ રમુજ પડવા લાગી. પણ અંતે બહું મુશ્કેલીથી તેની જીંદગી બચી તે ઉપરથી તેણે શિકારની રમત મૂકી દીધી અને નીચે પ્રમાણે તે વિષે વિચાર જણાવ્યો. "આપણે વાઘનો શિકાર કરીએ છીએ, ત્યાં સુધી તો વાઘનો શિકાર એક સુંદર ગમત છે પણ જ્યારે વાઘના મનમાં આપણો જ શિકાર કરવાનું આવે છે ત્યારે એ કામ જરા કઢંગુ થઈ પડે છે." વળી નાનાં શસ્ત્ર વાપરવાની હોશીઆરીની પેઠે નાના ટોળ કરવાની હોશીઆરીને લીધે આપણામાં એક જાતનો આપણી શકિત ઉપર વિશ્વાસ ઉત્પન્ન થાય છે, જે આખર વખતે નાશકારક નિવડે છે. ટોળ કરવામાં આપણે કાં તો યોગ્ય સમયની ભૂલ ખાઈએ છીએ—કારણ બાયલાઓને પણ કોઇ કાળે લડવાનું મન થાય છે, કે પછી યોગ્ય માણસની ભૂલ ખાઈએ છીએ. સેવોયનો એક રહીશ મર્કટ અને રીંછના ખેલ કરી પેટ ભરતો હતો. તેને પોતાની મર્કટ સાથેની યુકિતવાળી રમતથી એટલું બધું માન મળ્યું કે તેમાંની કેટલીક યુકિત તે રીંછ ઉપર અજમાવવાને તે ઉશ્કેરાયો. તેમ કરતાં તેને તે રીંછે બહુ નોહોર માર્યા અને ઘણી મુશ્કેલીથી તે તે રીંછના પંજામાંથી મુકત થયો ત્યારે તે બોલ્યો કે, "હું કેવો મૂર્ખ કે રીંછમાં અને મર્કટમાં ફેર જોઇ શકયો નહિ. મારા મિત્ર! રીંછ એક ગંભીર જનાવર છે જે મશ્કરીમાં સમજતું જ નથી."

રણક્ષેત્ર.

એવું કહેવામાં આવે છે કે જેમ ઉત્તર આપવામાં વકતાની ખુબી જણાય છે તેમ પરાવર્તનમાં સેનાધિપતિની ખુબી જણાય છે. આ કહેવુ કંઈક અંશે સત્ય છે; જોકે સેનાધિપતિ પરાવર્તન કરતાં પ્રયાણ (ધસારા) ઉપરથી, અને પોતે જે મૂકી દીધું હોય તેના કરતાં જે મેળવ્યું હોય તેના ઉપરથી પોતાની કીર્ત્તિ બંધાય એ વધારે પસંદ કરે છે. આપણે જાણીએ છીએ કે મોરોને તેના સહયોદ્ધાઓ એક નોબત સાથે સરખાવતા હતા, કારણ કે તે પોતાના પરાવર્તનથી નામાંકિત થયો હતો. જેમ નોબત ઉપર ઘા પડે ત્યારે જ તે કોઇના સાંભળવામાં આવે તેમ મારો પણ હાર ખાધા પછી તેના પરાવર્તનને લીધે જ પ્રસિદ્ધિમાં આવતો હતો. છતાં પણ એ તો સત્ય જ છે કે એક સેનાધિપતિના ગુણની માત્ર યુદ્ધથી જ પરીક્ષા થતી નથી પણ યુદ્ધની પૂર્વે જે રચના કરવામાં આવે તેથી અને તે પછી જે પગલાં ભરવામાં આવે તેથી થાય છે. જયનો લાભ કેમ લેવો તેના કરતાં જય મેળવવાનું હેનીબોલ વધારે જાણતો હતો. યુદ્ધ વખતે સારૂં સ્થલ પકડવામાં **નેપોલીઅન** નિપુણ હતો, પણ તેટલો તે સ્થિતિ ટકાવી રાખવામાં હતો નહિ. બીજી તરફ જોઇએ તો કોઇપણ સેનાધિપતિ એમ કહેવાને હીંમત નહિ ધરે કે તે હાર ખાશે જ નહિ. પણ એટલું તો કહી શકે અને કહેવું જ જોઈએ કે તે દુશ્મનનો છાપો નહિ ખાય. પૂર્વ રચનાઓ એવી કુશલ હોય છે, કે યુદ્ધ થતાં પહેલાં પણ તેમાં જય થશે, અને રણસ્તંભ રોપાતાં પહેલાં તે સંગ્રામનું અમુક પરિણામ થશે એમ ધારી શકાય. એવા પણ સેનાધિપતિ થઈ ગયા છે કે જેમણે બન્દુક કરતાં કુચથી વધારે કાર્ય સાધ્યું છે.

ટોરીસવેડ્રાઝના પક્ષમાં વેલીંગટનના હાથમાંની એક સાધારણ દુર્બીન સામા પક્ષમાંની સઘળી તોપો કરતાં વધારે જીવ લે એવી અને નાશકારક થઇ હતી તે આખા યૂરોપને જાહેર છે.

દુર્લભ.

જે અછતનાં હોય તે સિવાયનાં પુસ્તક ન જ જોઇએ એવો, વિદ્યાસંબંધમાં જે પુસ્તક સંગ્રહ કરવાની ઈચ્છા રાખનારનો શોખ, જેઓને જગતે સંન્યાસી ગણી કહાડ્યા છે તેવાની જ માત્ર મૈત્રી કરવાના શોખ જેટલો જ, ખરો છે.

પુસ્તકો અને કવિઓ.

જેમ આપણે આપણા સોબતી પસંદ કરીએ તેમ આપણાં પુસ્તકો પણ, તેમના આકસ્મિક ફાયદા માટે નહિ, પણ તેમના વાસ્તવિક અને સ્વાભાવિક ગુણ માટે પસંદ કરવાં જોઇએ. કારણ, માણસોની પેઠે પુસ્તકોના સંબંધમાં પણ તેમના અભિમાન જેટલી કૃતિ અથવા તેમની પ્રતિષ્ઠા જેટલું તેમનું મૂલ્યદ્રવ્ય હોય એમ કવચિત્ જ બને છે. તેટલા માટે લખનાર કોણ છે તેના કરતાં શું લખ્યું છે તેનો આપણે વિચાર કરવો જોઈએ, તેમ જ કોઇ પક્ષ કરનારનું પરિણામ કરતાં તે પક્ષનું જ પરિણામ વિચારવું જોઇએ. કારણ કે મૂર્ખ માણસોના મગજમાંથી પણ કોઇવાર ડહાપણની વાત નીકળી જાય છે, તેમ ડાહ્યા માણસોના મગજમાંથી કોઇવાર મૂર્ખાઇની વાત પણ નીકળી જાય છે. એરીસ્ટોટલ અને સીસીરોના જેવા વાદવિવાદ શીખવનારા ઉપદેશકો કરતાં બેકન અને લોક જેવા વિચાર કરતાં શીખવનારા ઉપદેશકો આપણે વધારે પસંદ કરવા જોઇએ. હેરીંગટન અને બોલીંગબ્રોકની પેઠે માણસો કેવા હોવા જોઇએ તેનું વર્ણન કરનારાના કરતાં ટેટીટસ અને સલીની પેઠે મા-

ણુસો કેવા હોવા જોઇએ તેનું વર્ણન કરનારા તરફ આપણે રાત દિવસ લક્ષ આપવું જોઈએ. કવિઓમાં આગળ થઇ ગયેલા પણ વર્તમાનકાળમાં જેઓ લોકપ્રિય હોય, તેમનાં પુસ્તક વાંચવાં જોઇએ; અને આપણે થોડાક પ્રાચીન કવિઓનાં પુસ્તકો વાંચી જવાં એ જ અર્વાચીન કવિયોમાં જેટલું સારૂં હોય તે વાંચી જવાનો રૂચિકર અને સંક્ષિપ્ત રસ્તો છે. છાપખાનું કવિઓને હેલીકનમાંના ઉતાવળા, રેલાઈ જતા અને અખુટ છતાં પણ ઘોંઘાટ કરનારા, ફીણવાળા અને કચરાવાળા તથા ઘણા ઉંડા નહિ પણ અપરિમિત ઝરાઓથી આપણને રેલારેલ કરી નાખવાને શક્તિવાન કરે છે. પણ બીજા બધા લખનારા કરતાં કવિયોના ગુણદોષ સરખાવવામાં મતની વધારે વિરૂદ્ધતા આપણને જણાશે; કારણ શાસ્ત્રમાં વિચારશક્તિ માર્ગોપદેશક છે, પણ કાવ્યમાં તો રસ છે. મેં પૂર્વે કહ્યું છે તેમ એકનો હેતુ સત્ય છે, જે એક સરખું અને ભાગ ન થઇ શકે તેવું છે; બીજાનો હેતુ સૌન્દર્ય છે, જે નાના પ્રકારનું અને અનેક રૂપવાળું છે.

નિષ્કાપટ્ય.

દરેક માણુસ જો પોતે નિષ્કપટ થાય અને જેટલા નિષ્પક્ષપાતથી બીજાની હકીકત તપાસે તેમ પોતાની જ તપાસે તો તેનો પ્રાયશઃ નીચે પ્રમાણે સિદ્ધાંત થશે; કે બીજા માટે તે એટલું પુરતું જ્ઞાન ધરાવે છે કે તેને શત્રુ છે. અને પોતાની જાતવિષે એટલું તો જ્ઞાન છે કે તે શત્રુઓને યોગ્ય છે, એમ ખાત્રી થાય. પણ પ્રતિકારફલ જે સ્થાનેથી થાય છે તે સ્થાનથી આપણે જેટલા અસંતોષ થઈએ છીએ તેટલા તે પ્રતિકારના પરિણામથી થતા નથી. યોગ્ય હાથથી જ હમેશ શિક્ષા થતી

નથી, તેથી આપણને તે શિક્ષા ઘટતી નથી એમ માનવાનું આપણું વલણ થાય છે, પણ જેમ કેટલીક વખતે ગુન્હાનાં કડવાં બી વવાય છે પણ તેનું વાજબી ફલ, પ્રતિદ્રોહ, ઉત્પન્ન થતું નથી તેમ જો અન્ય કાલે બીજ વાવ્યાવગર જ ફલ ઉત્પન્ન થઇ આવે તો તેનો આપણે અચંબો પામવાનું નથી.

લડાઇના સંભવ.

જેને લાંબી કૂચ કરવી હોય તેણે કઠિણ ઉપાનત્ (સખત જોડા) રાખવા નહિ જોઇએ, તેમ જેને મોટાં કામ માથે લેવાં હોય તેને દઢ હસ્તબંધન નહિ જોઈએ. સર્વ બચાવવાને કોઈ વખત સર્વ જોખમમાં નાખવું પડે છે. થોડું જોખમમાં નાખવું તે આખું ખોયા બરોબર છે, કારણ અરધું તો જે આપણને છોડી ચાલ્યા જાય તે ખાઈ જાય અને અરધું જે આપણને જીતે તે ગળી જાય. **મારકવીસ ઑફ વેલેસલી**એ હિન્દુસ્તાનના લશ્કરને બમણું કર્યું હતું, પણ એવો પણ એક સમય હતો કે જ્યારે લીડન હોલમાં બેસનારી રાજ્યકર્તા મંડલીના અધિષ્ઠાતા અધિકારીઓને લશ્કરના ખર્ચથી મહાહાનિ અને દેવાળું આવશે એમ સુઝયું, અને તેથી તેમણે એક શિખામણનું લાંબું પત્ર લખ્યું, જેનું સંક્ષિપ્ત ઉત્તર **વેલેસલી**એ મોકલ્યું કે "ગૃહસ્થો, ત્રિરાશિની રીતથી રાજ્ય મારાથી ચલાવાશે નહિ."

સદ્વર્તન.

જે માણસને વિના કારણ ઘા વાગ્યા છે, જે પડતીમાં આવ્યો છે છતાં તેની કોઈ દયા લાવતું નથી અને જે આશ્રય વગર ઉભો રહી શકતો નથી તે માણસના ઉપર પડતાં નિંદાનાં બાણ નિવારણ કરવાનું માથે લેવાને સર્વથી વધારે યોગ્ય માત્ર તે જ પુરૂષ છે કે જે મહાન **સીઝર**ની પત્નીની પેઠે સંશયથી

પણ અતીત છે. નિષ્કલંક વર્તનમાળા માત્ર આવે સમયે, શરણાગતને નિરપરાધી ઠરાવવાને અને રક્ષકને કીર્તિ આપવાને પેલા બે ધીરા પણ દૃઢ મિત્રો, સત્ય અને કાલ, આવે ત્યાંસુધી મોઝીઝની પેઠે વિવરમાં ઉભા રહેવાને અને પૈશૂન્યના ઉપદ્રવને સ્થંભાવવાને હિંમત ધરી શકે છે. એટલા માટે બની શકે તો આપણા કરતાં વધારે બીજાને સારૂ સદ્વર્તન સાચવી રાખવું. સદ્વર્તન સારલોહનો ત્રેવડો ડગલો છે. તે પહેરનારને નિર્ભય કરે છે, જેના ઉપર જુલમ ગુજરે છે તેને રક્ષણ આપે છે, અને જુલમ કરનારને ભય ઉપજાવે છે.

સુધારો.

જનમંડળની અર્ધ સુધરેલી સ્થિતિ અશિષ્ટતા અને પૂર્ણ સંસ્કારથી સમાન અન્તરે છે. અને ખાસ તે જ એવી સ્થિતિ છે કે જેમાં આતિથ્યની પરસ્પરતા અને દાન તરત જ વૃદ્ધિ અને સંપૂર્ણતાને પામે છે. કારણ એમ બને છે કે સુધારાની શ્રેષ્ઠ સ્થિતિનાં આરામ, સુખોપભોગ, અને બાહુલ્યથી પણ સુધારાની કનિષ્ઠ સ્થિતિની હરકતો, સુખસાધનલોપ અને નિષ્ફલત્વ જેટલી જ સ્વાર્થપરાયણતા નિપજે છે. સ્વાભાવિકમાંથી કૃત્રિમમાં અને જંગલીમાંથી સુધરેલી સ્થિતિમાં તાજેતર નીકળી આવતાં આવતાં સમુદાયમાં વ્યક્તિની જરૂરિયાતો અને પ્રયત્નો આપણા સ્વભાવની અતિ ઉદાર વૃત્તિઓનો પોતાની જાત ઉપર જ આરંભ કરાવે છે, અને ઘણી વખત તેનો લય પણ ત્યાં જ કરે છે. આપણા પોતાના જ દેશના ઈતિહાસ ઉપરથી આ અનુમાનનું સત્ય જણાશે. કારણ કે જેમ જેમ સુધારો વધતો ગયો અને મિલકત જેમ જેમ શાસ્ત્રસંમત થતી ગઇ અને વૃદ્ધિ પામતી ગઈ, તેમ તેમ સામાન્ય ગૃહસ્થ અને ધર્માચાર્ય જમી-

નદ્દારોએ ખરેખર ગ્રામ્ય અને અવિવેકી, પણ તેની ગોઠવણની શોભા કરતાં તેના વિસ્તારને લીધે અદ્વિતીય વિભૂતિવાળું આતિથ્ય આચરવાનું આરંભ્યું. તેવા જમીનના માલિકોને પોતાના મ્હોટા ઉત્પન્નનો ઉપયોગ કરવાને બીજો કંઈ રસ્તો નહતો. મ્હોટાં ગામ અને શહેરોમાં જે વ્યસનિતા અને ગમતો જોવામાં આવે છે તે તે કાલે જાણ્યામાં નહુતી. જેને સોબતની જરૂર હુતી (અને જેને મળી શકે એમ છે તેમાંના કોને નથી જોઈતી?) તેઓ ખુશીથી પોતાના કોઠાર, તબેલા અને ઓરડા ઉઘાડતા હતા, અને સેવકોને જેટલા શેઠ જરૂરના થઇ પડ્યા તેટલા જ શેઠને સેવકો થઇ પડ્યા. શિકાર ખેલના આડંબર અને ભભકાની બરોબરી ફક્ત જમણવારનાં અમિત વ્યય અને સમૃદ્ધિ કરી શકતાં હતાં. પણ શાસ્ત્ર અને કલા આગળ વધતાં ગયાં અને વ્યાપાર અને કારીગરી સુધરતાં ગયાં તેથી એક નવીન જ વ્યવસ્થા ઉત્પન્ન થઇ. મોજ શોખની સૂક્ષ્મતાને લીધે પોતાની સર્વ આવક પોતાની જ જાત ઉપર ખરચવાને માણસ શક્તિમાન થયા, અને કાર્પણ્યતા આગળ આતિથ્ય ગયું, અને નીચતા આગળ વિભવ ગયો. સુધારાના હાલ આજના વખતમાં જંગલનાં બધાં ઝાડની કીંમત એક ઘડીઆળના આકારમાં પોતાના ખીસામાં રાખી શકે, અને એક આખી જાગીરના ઉત્પન્નને એક અંગુઠીના આકારમાં પોતાની નાની આંગળી ઉપર ધારણ કરી શકે, અને પોતાના સર્વ લાભ રૂશ્વત લેઈ વેચી નાખી શકે, અને પોતાના દુષ્કર્મના કીંમતી પૈસા પોતાની તપખીરની ડબીમાં મૂકી ઉપર કહેલાં કાર્યની પરાકાષ્ટાએ પણ પહોંચી શકે.

વેપારની ચીજો.

જ્યારે વસ્તુઓના ભાવ વધી જાય છે ત્યારે પહેલો ધોકો તેનો ઉપયોગ કરનારને લાગે છે, અને જ્યારે ઘટી જાય છે ત્યારે તેને તેનો લાભ તો સર્વથી છેલો થાય છે.

સંગતિસાહચર્ય.

કેટલાંક માણસો પ્રથમ મુલાકાતે જ બહુ વિનોદ કરાવનાર હોય છે, પણ પછીથી તેઓની તે શક્તિ ખપી જઇ નાબુદ થઈ જાય છે; બીજી મુલાકાતે તેઓ આપણને વિરસ અને નિર્વિશેષ જણાશે. હાથે વગાડવાના વાજાંની પેઠે તેમના સર્વ રાગ પહેલી જ વખતે સંભળાઈ જાય છે, ફેર એટલો જ કે વાજાંમાં રાગનું બીજું ભુંગળું મૂકી શકાય છે, પણ ઉપર જણાવ્યા તેવા માણસોને તો તેમ પણ સહેલાઇથી થતું નથી.

સંતોષ.

આગરે કહ્યું છે કે "મને ગરીબાઇ કે શ્રીમન્તાઈ આપીશ નહિ" અને આ પ્રમાણે સર્વે ડાહ્યા માણસોની પ્રાર્થના હોવી જોઇએ. આપણી ઉપજ આપણા જોડા જેવી છે; જો તે જોઇએ તે કરતા ટુંકા હોય તો ચુસે અને ડંખે, જો વધારે મોટા હોય તો નીકળી જાય અને ઠોકરો વાગે. દ્રવ્ય એ અન્યસાપેક્ષ વસ્તુ છે; કારણ કે તેથી જેની પાસે થોડું દ્રવ્ય છે અને તેથી પણ થોડાની જેને જરૂર છે તે માણસ જેની પાસે ઘણું દ્રવ્ય છે અને તેથી પણ વધારેની જેને જરુર છે તેના કરતાં વધારે શ્રીમંત છે. ખરેખરો સંતોષ આપણી પાસે કેટલું છે તે ઉપર નહિ પણ આપણે કેટલું જોઈશું તે ઉપર આધાર રાખે છે. ડાઓજીનીસને એક નાહાવાના પીપ જેટલી જગા પણ મોટી પડતી હતી પણ એલેક્ઝાન્ડરને આખું જગત્ નાનું પડયું હતું.

વાતચિત.

વાતચિત એ એક માનસિક ગાયન છે અને એક બુદ્ધિ વિષયક વાદિત્ર ગણ છે. જ્યાં દરેક યંત્ર પોતાનો ભાવ ભજવે

છે પણ જ્યાં સર્વ સાથે વાગતાં નથી; તેમાંના દરેક વગાડનારાને પોતાની શક્તિની વાજબી બુજ થવી જોઈએ. નહિ તો એક કેળવાયા વગરનો નવીન વગાડનાર પહેલો જ સારંગી ઝુંટાવી લીધા પછી અચૂક ગોથાં ખાય છે. આવી ચુકો બંધ કરવાને વાદિત્ર ગણના ઉપરીએ વગાડનારાઓને સ્થાપતી વખતે બહુ કાળજી રાખવી જોઈએ. કારણ કે બહુ વિજાતીય હોય તો સ્વરૈક્ય ન થાય, જો બહુ થોડા હોય તો તેમાં નાના પ્રકાર નહિ થાય, અને જો બહુ વધારે હોય તો પછી વ્યવસ્થા ન રહે; કારણ કે જેમ એક નોબતનો અવાજ બીજા સર્વ ઝીણા મનોહર રાગને દબાવી દે છે તેમ તેમાંના એકાદ ઘોંઘાટ કરનારનું અભિમાન એટલું તો હોય છે કે તે બર્કના વકતૃત્વને ચુપ કરી નાંખે અને શેરીડનની હાજર જવાબીને કોરે મુકે છે.

ધૈર્ય.

શારીરિક ધૈર્ય જે સર્વ ભયનો તિરસ્કાર કરે છે તે મનુષ્યને એક બાબતમાં શુરો કરે છે અને માનસિક ધૈર્ય જે સર્વ લોકાપવાદને ગણતું નથી તે માણસને બીજી બાબતમાં વીર કરે છે. શારીરિક ધૈર્ય રણક્ષેત્રમાં અને માનસિક રાજ્યસભામાં અવશ્ય છે. પરન્તુ મહાન પુરૂષ થવાને વાસ્તે બન્ને જરૂરનાં છે. નેપોલીઅને મુરેટનામાં શારીરિક ધૈર્યની ખોડ કહાડી હતી અને પોતાનામાં જ માનસિક ધૈર્ય ઓછું હતું એવો તદ્દન શક નહિ આવેલો એમ નહોતું.

દાંભિક–આત્માભિમાની.

સ્વસંતોષી (આત્મપ્રિય) દાંભિકો એટલો થોડો વખત એકલા જણાતા હશે અથવા સ્વસંગતથી એટલા વહેલા કંટાળી જતા હશે કે તે પ્રમાણે બીજા થોડાને જ બનતું હશે.

ભયનું પૂર્વજ્ઞાન.

ભયને પાસે આવવાની રાહ જોવી તેના કરતાં તેની સામા જવું એ વધારે સારૂં છે. પવન આવતો હોય તે તીરે જે માણસ હોય તેને અતિ વાત થશે એમ પૂર્વજ્ઞાન થાય તો તે સમુદ્રમાં દુર નૌકા રાખશે અને તેનો નાશ અટકાવવા તે તરફ જઇ તેને સહન કરશે. તેમ જે ધારાશાસ્ત્રી દુઃખની સામો જાય છે તે તેમને અડધા તો દબાવી દે છે. ઈજીપ્તની ભૂમિમાં જ્યારે ત્રાસદાયક દુર્ભિક્ષે પગલાં કર્યાં હતાં ત્યારે જોસફે તે પીડાને અગાઉથી જ જાણી લઈ અને એવા ઉપાયો યોજ્યા કે જે ઉપરથી પ્રજાને એમ જોરથી કહેવા લાગ્યો કે, “ તમે પછીથી ભુખે ન મરો તે સારૂ હાલમાં જ તમારે જમણુવારની મોજમઝાહથી દુર રહેવું અને તેથી જો કે તમારે તંગાશ વેઠવી પડશે પણ અનાહાર સમય તો તમારે નહિ જ ભોગવવો પડે.” આ દેશમાં ટુંકા વિચારવાળા માણસો જે લોકોને એક ઠેકાણેથી સર્વ વેચાતું લઈ ત્યાં ને ત્યાં જ ભાવ ચઢાવી વેચનાર regraters અને સર્વ ગ્રાહક તરીકે ઠોકી બેસાડે છે તે જ લોકો ખરેખરા તંગીના વખતમાં તે દેશના યથાર્થ જોસફ થઈ પડે છે. રોમનોના સૈન્યથી ગુપ્તચરોની પેઠે પ્રજાના મ્હોટા ભાગને જાણ થાય તે પૂર્વે દેશમાં આવી પડવાની તંગીને તેઓ અગાઉથી જાણી લે છે અને વ્યાપારની ચાજોના ભાવ વધારીને તેથી તેના ઉપયોગમાં કરકસર દાખલ કરાવી દે છે.

દૃઢતા.

માણસના મનનું એક એવી જાતનું બંધારણ છે કે બીજાં સર્વ કારણો કરતાં તે જ જો તેની સાથે બુદ્ધિનો યોગ થાય તો આપણું ભવિષ્ય સુધારી દે છે અને તે યોગ ન થાય તો બગાડી

દે છે; કારણુ આવા મનની ભૂલો કવચિત્ થાય છે પણુ જ્યારે થાય છે ત્યારે અવશ્ય હાનિકારક નીવડે છે. હું એવા માણુસો માટે કહું છું કે જેમનો નિર્ણુય એક ગણિતના નિયમ જેવો ચોકસ હોય છે,—જે એમ જ બતાવે કે બે બિન્દુની વચ્ચેનો ટુંકામાં ટુંકો અન્તર તે બેને જોડી દેનારી એક સીધી લીંટી જ છે. અથવા તો ગતિવાળી નહાની વસ્તુઓનો વેગ મ્હોટી પણુ ગતિ વગરની વસ્તુઓ કરતાં વધારે છે અને તેટલા માટે તેઓ પૂર્ણુ પ્રણોદની યષ્ટિને બદલે તોપના ગોળાનો જ ઉપયોગ કરશે. આવા દૃઢ મનનાં માણુસોનો નિર્ણુય અને કાર્ય તાત્કાલિક હોય છે; તેઓ કાલની ગતિની પણુ અગ્રે જતા જણાય છે, કારણુની ઉત્પત્તિમાંથી જ કાર્યનું તેમને પૂર્વજ્ઞાન થતું જણાય છે, અને જે કાલ બીજાં માણુસો વિચાર કરવામાં ગાળે તેમાં તેઓ કાર્યસિદ્ધિ કરતા જણાય છે. યુદ્ધકાલે ક્રોમવેલનામાં આવી દૃઢતા બહુ હતી. પણુ દેવાલયમાં તેના ઉપર દાંભિકતાએ અધિકાર બેસાડી દીધો અને તેથી કરીને તેના શારીરિક ધૈર્યનો તો નહિ પણુ માનસિકનો કોઇ કોઈવાર અભાવ થતો, કારણુ કે તે હમેશ ભક્તિનાથી યુદ્ધ, અન્તઃકરણુના વિશેષ ભાવપૂર્વક કરતો હતો. પોતાના વ્યવહારનાં સર્વ સ્થલ જેવાં કે દેવળ, રણુભૂમિ, રાજ્યસભા, અને રાજ્યદરબારમાં કાર્ડીનલ ડીરેટ્ઝ હમેશાં શક્તિ અને ઔત્સુકય રાખતો હતો. પણુ બારમા ચાલ્સની પેઠે તે તેની હોડીને ભાર કરતાં શઢ વધારે રાખતો હતો અને તેથી અણી ઉપરથી બચી જઈને પણુ અન્તે તેનો નાશ થયો. સર્વ પ્રાચીન અને અર્વાચીન મહાન્ પુરૂષો કરતાં નેપોલીઅનનામાં આવી જાતના નિશ્ચયનો અવિલંબ વધારે હતો. તેના મોટા સેનાપતિઓ પણુ નેપોલીઅનનાં સમયોચિત કૃત્યોથી

વિસ્મયમાં ગરક થઈ જતા હતા. ક્લેબરે એમ કહ્યું છે કે એક સેનાધ્યક્ષ તરીકે તેનામાં બે દોષ હતા,—એક તો એ કે પાછું શી રીતે હઠવું તેનો વિચાર કર્યાવગર તે આગળ ધસતો હતો અને બીજો એ કે દેશોને શી રીતે ટકાવી રાખવા તેનો વિચાર કર્યા વગર તે તેમને કબજે લેતો હતો.

નાશ અને રક્ષણ.

નાશ કરવાની કલા રેખાગણિતની શ્રેણિના નિયમ પ્રમાણે વધેલી જણાય છે, પરન્તુ રક્ષણ કરવાની કલા સાધારણ એક ગણીતની શ્રેણિના નિયમપ્રમાણે પણ વધેલી કહેવાય નહિ. તે દરેકના દોષ જરુર સુધારવાને માત્ર બે જ ખાસ ઉપાય જણાયલા છે. જીંદગીનો નાશ કરવાના રસ્તા એટલી ત્વરાથી વધ્યા છે કે માણસ કેમ મારી નાંખવાં તેનો વિચાર કરવાનું જેતાઓને રહેતું નથી, પરન્તુ મનુષ્યોનો જીવ લેવાને જે અસંખ્ય રીતિઓ શોધી કહાડવામાં આવી છે તેમાંથી અમુક રીતિ પસંદ કરવામાં ઉલટા તેઓ ગુંચવાય છે. જો કોઈ પણ પ્રજા હવે પછી પોતાના શત્રુઓનો આધુનિક ઉપાયો કરતાં વધારે નિઃસંશય અને સાર્વત્રિક નાશ થાય એવો ઉપાય શોધી કહાડે (જે રસાયણશાસ્ત્રના નવીન થયેલા અજમાયશી પ્રયોગો ઉપરથી સંભવિત જણાય છે) તો આજુ બાજુ વસતી પ્રજાઓને તેવી જ શોધનો યત્ન કરવાનું અવશ્ય જરૂરનું થઈ પડશે. નહિ તો આવી ભયંકર ગુપ્ત વાત જે પ્રજાના હસ્તકમાં આવી હોય તે તો એરતના નાગની પેઠે આસપાસની પ્રજાઓને ગળી જાય અને છેવટે આખા જગત્‌ને પણ પોતાના તાબામાં કરી લે. આવી ગુપ્ત વાત એકવાર એક જ પ્રજાને જાણવા દો અને પછી પાડોસનાં રાજ્યની જાગૃત થયલી ચંચલાઈ, સાવધાનતા અને

અનિદ્ર ગૂઢ પ્રચારના સર્વ શક્ય યત્ન અને તે સંબંધી બાતમી માટે અપાવવાનાં મોટાં મોટાં ઇનામો ઉપરથી મનુષ્યજાતિને તુરત જણાશે કે રક્ષણ અને નાશ બંને કલાઓમાંથી રાજ્યતંત્ર કઈને વધારે મહત્વની ગણે છે. ખરેખર જીવતરના રક્ષણનો કોઈ નવીન અને સુખદ ઉપાય જો શોધી કાઢવામાં આવે તો તેવી શોધથી સ્પર્દ્ધા જાગૃત થવાની નહિ તેમ તે નાશની કલાની પેઠે બીજી પ્રજાઓની શોકબુદ્ધિને જરા પણ ઉત્તેજન આપનાર થઇ પડશે નહિ. આવી શોધો તરફ રાજારજવાડાઓ ઔદાસિન્ય બતાવે છે. તેમ તે શોધોની વૃદ્ધિ પણ બહુ મંદ અને તેનાં સુખદ પરિણામ દૂરસ્થ અને અધ્રુવ હોય છે. નિવેશન ક્રિયા યુરોપમાં જાણવામાં આવી તે પહેલાં ઘણા લાંબા વખતથી તુર્કસ્થાનમાં દાખલ થઇ હતી અને હજી પણ શીળી કહાડવાના કામને ઘણા વહેમો નડે છે. ચીનાઓ જે પોતે એક સુધરેલી પ્રજા ગણાવવા ઈચ્છે છે તે આ જ સુધી પણ લોહીના સંચારથી અજાણ્યા છે અને ઈંગ્લાંડમાં પણ જે માણસે તે ઉત્તમ શોધ કરી તેણે પોતાની શક્તિના ફલમાં પોતાનો સર્વ ધંધો ખોયો હતો.

સામ પ્રયોગ.

જેમ બીલીઅર્ડસની રમતમાં ગોળાની—કોઈ અતિ કુશળ રમનાર કળી કે કરી ન શકે પણ જે જ્યારે થાય છે ત્યારે રમનારને હજી કેટલું શીખવાનું છે તે બતાવાના ઉપયોગમાં મુખ્યત્વે કરી આવે છે—એવી ગતિ સ્થિતિ થાય છે. તે જ પ્રમાણે રાજ્યનીતિ અને સામ પ્રયોગની વધારે ગહન અને સંકીર્ણ રમતમાં પણ છે. બન્ને વિષયોમાં આપણે આશા રાખી હોય તેના કરતાં આપણે જોયું હોય તેને, અને આપણું ધાર્યું હોય

તેના કરતાં અનુભવ્યું હોય તેને આધારે જ માત્ર આપણી રમતની વ્યવસ્થા આપણે કરી શકીએ છીએ. મનુષ્ય વ્યવહારની રંગભૂમિ ઉપર જણાતા બનાવોના નિયમ કરી શકે એવા દરેક પુરૂષો એવા દશ સહસ્ર હોય છે જે આવા પરમ નિપુણોનું અનુકરણ કોઈ વાર વધારે જયથી અને હંમેશ વધારે ક્ષેમથી કરી શકે છે. જે નૌકાને ચલાવવાનું માથે લે છે તે આખરે તોફાનને લીધે સુકાન ઉપરથી ઘસડાઈ પણ જાય છે. પણ જેઓ પોતાની નૌકાને ચલાવવા કરતાં તે જ્યાં જાય ત્યાં જવાનો નિર્ણય કરી ખાઇ પી બેશી રહ્યા હોય તેઓ વખતે કુશલક્ષેમ કિનારે આવે છે. ભવિતવ્યતા બીજી સ્ત્રીયોની પેઠે ધણી કરતાં પ્રીતમને વધારે પસંદ કરે છે અને અધિકારને તો અધિરતાથી જ આધીન થાય છે, પણ સમય જોઇને આગ્રહથી જે તેને આરાધશે તેની વિવાહાર્થ પ્રાર્થના કવચિત્ જ નિષ્ફલ થશે.

નાટકીય કલા.

નાટ્યયોગ્ય બુદ્ધિકૌશલ્ય કેટલાક ધારે છે તેટલો વિરલ પ્રસાદ નથી; તેની યોગ્યતા કરતાં વધારે તેનું મૂલ્ય થાય છે, અને ધારે તે કરતાં તેને વધારે દ્રવ્ય આપવામાં આવે છે. ઉત્કૃષ્ટ અભિનેતા થવાને માટે આવશ્યક ગુણો આવવા સારૂં અસુલભ સંયોગ જોઇએ છીએ એવું ધારવું એ ભૂલ ભરેલું છે. તે ભૂલ થવાનાં કારણો નીચે બતાવેલાં છે. નાટ્યકીય બુદ્ધિનું વિક્રયસ્થાન અપૂર્ણ હોય છે, કારણ કે નાટ્યકીર્તિ મેળવવાને ખરેખર યોગ્ય મનુષ્યોમાંના થોડાક જ તે કાર્યમાં પડવાને સંમત હોય છે. તેનો જય મેળવવાને માટે તેનો પ્રાથક સ્વભાવે ઉદાર જોઇએ અને વિદ્યામાં પંડિત જોઈએ. આ બન્ને ગુણોનો સંયોગ હોવાનો વાજબી રીતે ગર્વ કરી શકે એવા ઘણા હોય છે, પણ

તે ઘણામાંના નાટ્યકીર્ત્તિને શોધનારા અથવા તેની ઈચ્છા રાખનાર થોડા હોય છે. પ્રાંતના શહેરોના નાટકગૃહોમાં કામે લાગેલા લોકો પૈકી ઉત્તમ નમુનાથી રાજધાનીનાં નાટકોમાં ભરતી કરવામાં આવે છે. આ વિક્રયસ્થાન સંખ્યામાં પૂર્ણ પણ ગુણમાં અતિ અપૂર્ણ હોય છે. દા. જોનસને ગેરીકને કહ્યું હતું કે પોતે અને તેના જ ધંધામાં વળગેલા બીજા મનુષ્યો પરસ્પર આભારી છે. વળી તે પંડિત બોલ્યો કે તમારા ધંધાથી તમે દ્રવ્યવાન થયા છો અને તમે તમારા ધંધાને માનનીય (સપ્રતિષ્ઠ) કર્યો છે. સ્મીથ, ગેરીક, કેમ્બલ અને યંગ જેવા માણસો દરેક ધંધાને શોભા આપે અને તે દરેકમાં કવચિત્ જયવાન થયા હોત. પણ આ ધંધામાં તેઓએ જય પ્રાપ્ત કર્યો તેના કરતાં તેમણે તેને મેળવવાને યત્ન કર્યો એ વધારે વિલક્ષણ વાત છે. કારણ કે જેઓને અભિનેતા થવાને માટે અવશ્ય ગુણો હોય છે તેઓને એમ તો લાગે છે કે તેથી સારા કાર્યને તેઓ લાયક છે. અને આ વૃત્તિ તેમને વધારે માનનીય કાર્ય સૂચવે છે. તેમ રાજધાનીય રંગ પ્રેક્ષકોની સંમતિથી બક્ષેલી બુદ્ધિયોગ્યતા પણ સદા એક ભાવવાળી શુદ્ધ હોતી નથી. આવા રંગ પ્રેક્ષકો એવા નિર્ણય કરનાર છે કે જેના નિર્ણયને ફેરવવાને કોઈ પણ અભિનેતાને પ્રસંગ આવતો નથી; પણ તે પ્રેક્ષકોના નિર્ણયને કોઈ અમુક વલણ ઉપર ઉતારી દે તેવાં કારણો ઘણાં હોય છે; અને વારંવાર એમ સંભવે છે કે ગામડાના પ્રેક્ષકોને ખુશી કરવા એ, લંડનના પ્રેક્ષકોને ખુશી કરવા કરતાં કઠિણ જણાય છે. ગામડાની રંગભૂમિ ઉપર એવું કાંઇ હોતું નથી કે જેથી આપણો નિર્ણય અમુક તરફ જ વળે; મુખ્ય અભિનેતાને સારૂં ઉત્તેજન મળતું નથી, ને તેથી તેને પોતાના ઉપર જ બધો આધાર

રાખવો પડે છે. લંડનની રંગભૂમિ ઉપરનો પ્રકાશ અને કાંતિનો ભપકો, પડદાનો ચમત્કાર, ગવૈયાઓની ચતુરાઇ, તે તે બધાં મસાલારૂપ આકર્ષણો હોય છે. અને અભિનેતાના ગુણના આપણને પ્રથમથી જ પક્ષપાતી બનાવી, અભિનયાદિથી ખુશી થવાને પણ તૈયાર કરી દે છે. એમાં વળી એટલી વાત ઉમેરો કે શહેરની વિસ્તૃત રંગભૂમિના તેજને લીધે અભિનેતા ઉપર જે હજારો આંખો ગામડામાં બારીકાઇથી ચોંટી રહે, તેમાંથી તે બચી જાય છે. એ પણ આપણે સ્મરણમાં રાખવું કે ઘણીવાર સ્તુતિ કરવા માટે નિંદા કરવા કરતાં વિશેષ મનોબલની જરૂર હોય છે; આવાં કારણોથી શહેરના અભિનેતાને ગામડીઆ અભિનેતા કરતાં આટલો જ વધારે લાભ છે કે આપણે ખુશી થઇએ ત્યારે એકના પ્રસંગે આપણી રસજ્ઞતા ઉત્તમ ગણાય છે, અન્યના પ્રસંગે શક ભરેલી રહે છે.

સ્વપ્ન.

તત્ત્વદ્રષ્ટાઓ આજે ચાર હજાર વર્ષ થયાં વિચાર કર્યાં કરે છે; હવે પોતાનો નિશ્ચય જણાવી આપણને ઉપદેશવાનો વખત થયો ગણાય. એ મંડળમાંના કોઇ પણ આપણને સમજાવી શકશે કે સ્વપ્નમાં અંતઃકરણના સર્વ વ્યાપાર માત્ર એક વિવેકબુદ્ધિ જે તે સમયે શૂન્ય હોય છે તે સિવાયના સર્વ વ્યાપાર શા માટે જાગૃતના જેટલી જ ત્વરાથી અને તેટલા જ બળથી પ્રવર્તે છે ? વિવેકબુદ્ધિ સ્વપ્નસમયે કેવલ નિર્વ્યાપાર હોય છે. કોઈ પણ માણસ આ સંબંધે પોતાના અનુભવને અવલોકતાં જાણી શકશે કે દેશ, કાળ વસ્તુગતિ, ઈત્યાદિના અનેક વિરૂદ્ધ વિરૂદ્ધ ચમત્કારો, સ્વપ્નનો અનુભવનાર જરા પણ વિવેકબુદ્ધિથી વાંધો લીધા વિના જ, સહજે ગળે ઉતારતો ચાલે છે. જાગૃત

થતાંની સાથે જ આપણી વિવેકબુદ્ધિ પોતાનું કામ બજાવવા મંડે છે, અને જે ભોળપણથી નિદ્રામાં પણ આપણે અનેક વિરૂદ્ધ વાતોને સહજમાં સંગત કરી લીધી, તે તરફ આપણે અનેક વિરૂદ્ધ વાતોને સહજમાં સંગત કરી લીધી, તે તરફ આપણને મહા આશ્ચર્યથી પ્રેરે છે. આ સંબંધે એક અસાધારણ બુદ્ધિના ગૃહસ્થ સાથે વાત કરતાં તેણે મને પોતાના જ અનુભવની એક વિલક્ષણ વાત કહી હતી તે મને યાદ આવે છે. તેને એવું સ્વપ્ન આવ્યું કે પોતાના મિત્રનું પાયદસ્ત તેની નજરે પડયું, અને એ જ સ્વપ્નસંગતિએ આગળ જતાં તે જ મિત્ર રસ્તામાં ચાલતો સામો મળ્યો, તથા તેને તે વાતની ખબર કહી; છતાં આ બધા સંભવમાંનો વિરોધ તેને એ પ્રસંગે જરા પણ લાગ્યો નહિ; તેમ જ જાગૃતમાં આવ્યા પછી આ વિરોધના આધારે ખરો નિર્ણય સમજાયો ત્યાંસુધી પોતાના મિત્રના મરણનો નિશ્ચય લગારે શિથિલ પડયો નહિ. વિવેકબુદ્ધિની શૂન્યતાના આવા ચમત્કારપરત્વે જે ખુલાસો મારા મનને સંભવિત લાગે છે તે એ છે કે સ્વપ્ન માત્ર અંતઃકરણની દૃષ્ટિમાં પ્રત્યક્ષ ચિત્ર છે. જે જે આપણા સ્વપ્નમાં આવે છે તેને આપણે પ્રત્યક્ષ દેખીએ છીએ, એટલે કાંઇ શંકા થતી નથી, ને તેથી જ વિવેકબુદ્ધિને વાપરવાનો પ્રસંગ આવતો નથી. બધું નાટક પ્રત્યક્ષ જ હોય છે, ને તેમાંનાં પાત્ર માત્ર चक्षुभिः सत्यम् હોય છે. મને મારા જેટલા સ્વપ્નાનુભવ યાદ છે તે પ્રમાણે, અથવા બીજાનાની તપાસથી મને જે સમજાયું છે તે પ્રમાણે જ્યારે સ્વપ્ન માત્ર અન્તઃકરણ ઉપર પડેલાં પ્રતિબિમ્બનું પ્રત્યક્ષ થઇ આવવું એ રૂપે જ સમજાય છે, ત્યારે જેઓ જન્મથી જ ચક્ષુહીન હોય તેમને, શાનાં, કેવાં શા પ્રકારનાં સ્વપ્ન આવતાં હશે એ જાણવું

બહુ વિલક્ષણ થઈ પડે. તેવાને સ્વપ્ન આવતાં જ હશે? ને જો આવતાં હોય તો, જે વાતના તેમને સ્વપ્ન આવતાં હોય તે વાતને પોતાના જોવામાં તો કદાપિ પણ ન આવે તેવા બાહ્ય-પદાર્થોના કોઈ પણ જાતના મુકાબલાથી તેઓ સમજાવી પણ શકે? જેઓને આવી શોધ કરવાનો પ્રસંગ અને અવકાશ હોય તેમને માટે હું તો માત્ર એક સૂચના જ કરૂં છું.

પોશાખ.

પ્રતિ મનુષ્ય મેલે લુગડે આબરૂ પામે એમ સંભવવું કઠિન છે; દુનિયાદારી તો પોતાના ભકતોને એવો જ ઉપદેશ આપે છે કે શરીર શણગારવામાં ઓરડાની પાર જવું, પણ થાલ શણગારવામાં તેની અંદર રહેવું; કારણ કે આપણે કેવાં લુગડાં પહેરીએ છીએ તે સર્વે દેખી શકે છે, આપણે કેવું જમીએ છીએ તે, આપણે બતાવીએ નહિ તો, કોઈ પણ નથી દેખી શકતું.. જેઓ શુદ્ધ પ્રતિષ્ઠાવાળા છે તે તો સર્વમાન્ય સર્વાનુમતે આવા બંધનથીમુક્ત છે, અને યથારૂચિ શરીર કે થાલી શણગારી શકે છે.

વહેલું ઉઠવું.

પથારી એ અનેક વિરોધની ભરેલી વાત છે; એમાં આપણે નાખુશીથી પેસીએ છીએ છતાં નીકળતી વેગે દિલગીર થઈએ છીએ; અને પ્રતિરાત્રિ એમાંથી વહેલાં નીકળવાનું મન કરીએ છીએ, પણ પ્રતિ પ્રાતઃકાળે તનને તેમાં ઘણીવાર સુધી રહેવા દઇએ છીએ.

બુદ્ધિની આંટી.

મહાપુરૂષોને પણ મહાનગરોની પેઠે પોતાના અન્તરમાં ઘણી વકકલાઓ અને ગલીઓ હોય છે; જે એ બધાંને જાણતો હોય તે ઘણો વખત અને મહેનત ખુએ નહિ.

વાગ્માધુરી.

આ વિશ્વની સ્વભાવિક ભાષા તે જ વાગ્માધુરી છે; એ શાળાઓમાં ભણાતી નથી; મનોભાવ છે તે બહુ જબરા વકીલ છે, તેમની શાંતિ જ પ્રખ્યાત ગેરિકની શાંતિની પેઠે ચિત્તના આવરણને ભેદે છે;* પણ અનુભાવ છે તે શીખી શકાય છે, ને એમાં તો જેના હૃદયમાં ભાવ ઓછો તે જ વધારે હોશીઆર થઇ શકે છે; એ તો ખરી વાગ્માધુરીને નામે ચાલતું ઉંટવૈદુ. છે, ને પાંચ પચાસ નુસખાઓથી મટાડવા મથે છે ખરી પણ ચિકિત્સા કે તદનુસાર ઉપચારથી નહિ.

સ્પર્દ્ધા.

સ્પર્દ્ધાને સદ્ગુણરૂપ અશ્વને દોરાડવાનો કાંટો ગણવામાં આવે છે. ને તે પણ સોનાનો. પણ એ કાંટો સોના કરતાં હલકી ધાતુનો બનેલો છે એમ તેને તાવી જોવાથી સમજાય તેમ છે, કેમકે જે વધઘટ સોનામાં કદી જણાતી નથી તે એમાં જણાશે. 'બીજા કરતાં વધુ' એવી ઈચ્છાથી જે સદ્ગુણ પાછળ દોડે છે, તે 'બીજા મારા જેટલા આગળ ન જાય' એમ ઇચ્છવાથી અળગો નથી; અને જે માણસ કેવલ પોતાની જાતની જ સંપૂર્ણતામાં રાજી છે તે બીજાના ઉણાપણાથી દુઃખી થનાર નથી, વળી આપણે એમ પણ આગ્રહ કરી શકીએ કે ખરો સદ્ગુણ નમ્રમાં નમ્ર છતાં, સર્વથી ઉચ્ચ છે; ને તેથી તેની મહત્તા તો તેના પોતાના રૂપે પહોંચવામાં જ છે. પણ

* જગન્નાથ વગેરેએ રસ એટલે આનંદનું એ જ લક્ષણ આપ્યું છે કે लग्नावरणाचित् ભૂલનો ભાવ સ્થિર થઈ જામે તે જ રસ અને તે બાહ્ય-આકારમાં જણાય તે અનુભાવ.

જેમ અલેકઝાન્ડરે ઓલિમ્પિક ગેમ રમવા નાપસંદ કર્યું હતું કેમકે તેમાં પોતાના પ્રતિસ્પર્દ્ધિ થવા યોગ્ય કોઈ રાજાઓ નહોતા, તેમ જે માણસ બીજાથી આગળ ધપવા માટે કમર કસે તે તેટલું થતાં જ નીરાંત વાળશે; અને જે પોતાની પૂર્ણતા ઉપર લુબ્ધ છે, તે ખરો જય પ્રાપ્ત કરતા પૂર્વે જ ફલ ભોગવવા તૈયાર થશે.

ઉત્સાહ.

અધિકારવાળાઓએ પોતાની ધારણાઓનો અમલ કરવાનું કામ, અતિશય સાવધાનીથી શક્તિમાન્ કરતાં ઇચ્છાતુર માણસને સોંપવા પ્રયત્ન કરવો. એક સેવક અથવા સાધનરૂપે તેઓ પોતાથી બને તેટલું કરવાને બંધાયલા જ છે, છતાં તેમને કામે લગાડનારને તેમની કર્તવ્યતા માત્રથી જ એટલો સંતોષ અને વિશ્વાસ ન આવે કે જેટલો તેમની રાજી ખુશી પણ છે એમ જાણવાથી વધે. જે માણસ કોઈ વાતની કલ્પનાની વિરૂદ્ધ હોય તેને તેનો અમલ કરવાનું સોંપવું એ તો આખા માણસનો માત્ર ત્રીજો જ ભાગ કામે લગાડ્યા બરાબર જાણવું; એનું ચિત્ત અને એની બુદ્ધિ તમારી વિરૂદ્ધ છે, તમે માત્ર તેના હાથના ધણી છે.

ઈંગ્લંડનું સામર્થ્ય અને તેનાં સાધન.

પૃથ્વી ઉપરના કોઇ પણ દેશ કરતાં ઇંગ્લંડ વધારે અવ્યવસ્થા, મોજ શોખ, અને વિશૃંખલ અનાચાર સહન કરી શકે તેમ છે; તેથી જ, બીજા દેશોનાં દૃષ્ટાંતથી જેમણે ઈંગ્લંડનો વિનાશ અનુમાનેલો, તે, સારે ભાગ્યે ખોટા પડ્યા છે; કારણ એ જ છે કે ઇંગ્લંડની ચાર વસ્તુ, જે દૃષ્ટાંતમાન દેશોને ન હતી, તેવી અસાધારણ વસ્તુ તેનાં બલ અને પુનરુજજીવનના

સાધનરૂપે છે. એમાંના બે ભૌતિક છે; એના કોયલા અને એનું લોહુખંડ; બે લૌકિક છે; છાપાની સ્વતન્ત્રતા, અને "જયુરી" થી ફેસલો કરવાની રીત. આ બે યુગ્મ અન્યોન્યને આશયરૂપ કેમકે જો પાછલ જે યુગ્મ કહ્યું તેનો નાશ કરવાનો કાંઇ પણ પ્રયત્ન કરવામાં આવે તો, આગલ યુગ્મ કહ્યું તે બહુ આશ્ચર્ય-કારક રીતે તેનું રક્ષણ કરવા સમર્થ તથા યોગ્ય છે.

ઈર્ષ્યા.

પરિપૂર્ણ વાસ્તવિકતાથી જોતાં ઈર્ષ્યાને માણસના હૃદયમાં અવકાશ જ ન મળવો જોઈએ. કારણ કે આ ભવનો વૈભવ એવો તુચ્છ તથા માયિક છે કે તે એને ઇચ્છવા યોગ્ય નથી; અને હવે પછીના ભવનો વૈભવ એટલો અગાધ અને સૂક્ષ્મ છે કે તેને તેનાથી પહોંચાય તેમ નથી.

અનન્તતા.

જે માણુસ વારંવાર અનન્ત પરમાર્થને અને આ શાંત માયિક અર્થને દૃષ્ટિગોચર રાખશે અને, દૃઢતાથી ઉભય ઉપર સ્થિર દૃષ્ટિએ જોઈ શકશે, તેને પોતાના મનનના પ્રમાણમાં પૂર્વ અર્થ વિસ્તાર પામી અપર અર્થને ઢાંકી નાંખતો સમજાશે.

ઈતિવૃત્ત–તેમનાં ગુપ્ત કારણો.

ટ્રેસીટસ, બર્નેટ, આબેરેનાલ, એવા અનેક ઇતિહાસ લખનારા પોતે વર્ણવેલા ઇતિવૃત્ત સંબંધે તેના ઉદ્‌ભવનાં ગુપ્ત કારણો અને નિયામક પ્રસંગો આપ્યા વિના સંતુષ્ટ થતા નથી. પણ યુદ્ધનેતા તેમ જ રાજ્યનેતા ઉભયને હથીઆરોની ધમચકડમાં અને કામકાજના ગરબડાટમાં ભાવિ ઇતિવૃત્તના નિયમોને જ ઉલટાવી દેવાની જરૂર પડે છે. વિચાર કરતાં પૂર્વે

જે યુદ્ધ કરવું પડે છે; વિમર્શ કરતાં પૂર્વે જ નિર્ણય આપવો પડે છે. રાજ્યનેતા પોતાની જાતને ઈતિવૃત્તના સંભવ પ્રમાણે નિયમી શકે ખરો, પણ સંભવોને તો ભાગ્યે જ પોતાને હાથ રાખી શકે. વળી, રાજસભામાં તેમ મિત્રમંડળમાં વારંવાર એમ જ બને છે કે બે વાતો સાથે ચાલતી હોય છે. એક મુખ્ય વસ્તુ હોય છે ને બીજું તેનું અંગ હોય છે; એટલે જે એ બે-માંના માત્ર એકને જ સમજે છે તે સોવશા તો ઉભયથી છેતરાય છે. કોઈ રાજા ઉપર તેના અંગવસ્ત્રની છાયા હોય, પણ તે અંગવસ્ત્ર પોતે જ વળી કોઇ ક્ષુદ્ર પ્રિયતમની છાયામાં હોય. દાકતર બસ્બીને કોઈએ પૂછયું કે તમે એક પછી એક ચઢતી પદવીઓ, અને વેસ્ટમિનિસ્ટર સ્કુલના માસ્તરની જગો, એ બધું પહેલા ચાર્લ્સ, ઓલિવર ક્રોમવેલ, બીજા ચાર્લ્સ, અને જેમ્સ એ બધાંનાં ઉત્તરોત્તર આવેલાં પણ ઘણાં તોફાનવાળાં રાજ્યમાં શી રીતે સાચવી શકયા ? ત્યારે તેણે ઉત્તર આપ્યું કે "પિતા પ્રજા ઉપર અમલ ચલાવે છે, ને માતા પિતા ઉપર અમલ ચલાવે છે, ને હું બાલકો ઉપર ચલાવું છું."

ઉત્કર્ષ.

કેટલાક લોક બે જ પ્રકારનો ઉત્કર્ષ માન્ય કરશે; એક જેને પોતે સમાન થઈ શકે તે, અને બીજો જેને તેઓ એથી પણ ઉચ્ચતર ગણે છે અને જેમાં તે બીજાનાથી વધારે સારૂં કરી શકે તે. એવા પ્રયત્નરૂપ ઉત્કર્ષ કે જેથી તેમનો પરાજય થતો હોય, તે સંબંધે તો પોતાનો પરાજય માન્ય કરવા કરતાં એવા ઉત્કર્ષનો અભાવ જ માનશે. પરમોત્કર્ષના તેજથી તેઓ નિસ્તેજ થઈ જાય છે, અને તેના જેવા થવાતું નથી એથી અકળાય છે; ને તેટલા જ માટે મુખ્ય દેવના સ્થાનથી દૂર રહેનારા સેવકોની

પેઠે એક પોતાની કલ્પનાનુસાર જ નાની સરખી પીતળની મૂર્તિ બનાવી લે છે, જેને તેઓ નમે છે, ને પૂજે છે.

અનુભવ.

એક લેટિન ઉક્તિનું કોઈએ ઠીક ભાષાંતર કર્યું છે કે અનુભવ ખરીદવા કરતાં ઉછીનો લાવવો વધારે સારો છે. જે માણસ બીજામાં સર્વ પ્રકારનાં સુખથી મુદિત થાય છે તે ઘણું કરીને સ્વતંત્ર સુખ ભોગવે છે, ને જે બીજાની મૂર્ખાઈથી શિક્ષા ગ્રહણ કરે છે, તે ઘણું કરીને સારામાં સારૂં ડાહ્યપણ સંપાદન કરે છે. પણ માણસજાતનાં અંધ અહંકાર, અને આત્મઘાતી સ્વાર્થપરાયણતા એવાં છે કે આવી ઇષ્ટ વસ્તુઓને ભાગ્યે જ શોધવામાં આવે છે, વા આવી લભ્યવસ્તુઓનો ભાગ્યે જ લાભ લેવામાં આવે છે. એ બેવડું ડહાપણ કહેવાય કે જે ડાહ્યાના ડહાપણમાંથી ને મૂર્ખની મૂર્ખાઇમાંથી સરખી જ રીતે ઉપદેશ ગ્રહણ કરે. એમ કરવું તે તરવાર તથા ઢાલ બન્નેના બરાબર છે. એમ કરનાર અજવાળામાંથી આશ્રય ગ્રહણ કરે છે, ને અંધકારથી સાવધાન થતાં શીખે છે.

શ્રદ્ધા અને કર્મ.

ખરા ક્રિશ્ચીયન તરીકેના આપણા આધ્યાત્મિક જીવિત માટે શ્રદ્ધા અને કર્મ એટલાં જ આવશ્યક છે કે જેટલાં જીવ અને શરીર એ આપણી મનુષ્ય તરીકેની સ્વાભાવિક જીંદગીને આવશ્યક છે, કારણ કે શ્રદ્ધા એ ધર્મનો જીવ ને કર્મ એ શરીર છે.

સત્ય અને અનૃત.

દૃષ્ટિબિન્દુને અવલંબી કરેલા ચિત્રાનુસાર અનૃત તે છે કે જે સર્વ દૃષ્ટિબિન્દુથી એકસરખું દર્શન આપી શકશે નહિ, પણ એક

જ બિન્દુથી આપી શકશે; કારણ કે જેમ તે ચિત્ર ખરી વિશ્વલીલાનું, તેમ એ અનૃત સત્યનું બહુ ઉત્તમ અનુકરણ માત્ર જ છે. પણ પેલી ખરી વિશ્વલીલા કે જેનું પેલું ચિત્ર એક અનુકરણ છે, તે લીલાની પેઠે સત્ય સર્વ દૃષ્ટિબિન્દુથી એક જ રૂપે જણાઈ શકશે, ને ગમે તે સ્થિતિમાં જોશો તો પણ એક અને અવિકૃત જ જણાશે.

કીર્તિ.

કીર્તિ એ એક એવો ઘોર શણગારનાર છે કે જે જીવતાં તરફ થોડું જ લક્ષ આપે છે, પણ મુવેલાંને શણગારે છે. તેમના પાયદસ્તના શણગાર તૈયાર કરે છે, ને તેમને ઘોર સુધી વળાવી આવે છે.

રીવાજ ("ફેશન") અને મૂર્ખાઈ.

પ્રતિક્ષણે બુદ્ધિપૂર્વક વિચાર મૂર્ખાઈની ક્રૂર શક્તિને હલકી કરતો જાય છે, અને બુદ્ધિપૂર્વક સુખની યથાર્થ માગણીને નમતો ચાલે છે, તેવા આ સમયમાં રહેનારા, "રીવાજ" નામની મૂર્ખ લોકોની રાણીએ ઉત્પન્ન કરેલાં અસંખ્ય નાનાં દુઃખોની કલ્પના ભાગ્યે જ કરી શકે. માણસના ક્ષણિક જીવિતને એકંદરે જે સુખ મળી શકે તેમાંથી ઉણું કરવાને આવી મૂર્ખાઈઓ ઓછી ન હતી; કારણ કે નાનાં નાનાં દુઃખો, ટુંકાં ટુંકાં દેવાંની પેઠે, એટલી બધી જગોએ નડે છે, ને ઘડી ને સાયતે એટલાં આડે આવે છે, કે તેમનામાં જે ભાર નથી હોતો તે તેમની સંખ્યાથી પુરો થઇ જાય છે, અને એ ઉપરથી એક ભારે તોપનાં ગોળાનો માર સહન કરવો તે અગણિત છરાના વરસાદ કરતા ઓછી હાનિવાળું લાગે છે. ઘણાખરા વાંચનારના લક્ષમાં હશે કે થોડા જ વખતપર કોઇપણ સદ્‌ગૃહસ્થ કે સન્નારી પોતાના

બાલમાં પેલો અતિકામગરો અને બહુ ભારેખમ પુરૂષ બાલ હોલનાર (હજામ) કે જેની સહાય ઉપર તેમનો ફરવા હરવાનો બધો આધાર રહેતો, છતાં જે કદિ પણ વખતસર હાજર થઇ શકતો નહિ, તેને હાથે સાત આઠ શેર આટો તથા ચરબી ભરાવ્યા વિના કોઈની મુલાકાત લઈ કે દઈ શકતાં નહિ, બહાર જઈ શકતાં નહિ, કે જમણવારમાં ભાગ લઇ શકતાં નહિ! એવી બીજી કોઈ પણ વાત સર્વ સામાન્ય ન હતી કે જેટલી ઘોડદોડને માટેના આનંદનૃત્ય માટે, કે ચુંટણીમાં હાજર થવા માટે, કે ફરતી દીવાની અદાલતની બેઠક માટે, સ્ત્રીઓને પૂર્વની રાત્રિએ જ બાલ હોળનારની આ ભયંકર કારીગરીને તાબે થઈ, આવતી રાત મૂર્ખાઈમાં ગુમાવવા માટે આ રાત ઉજાગરામાં ગુમાવી, રીવાજને તાબે થવું પડતું. આપણા દેશની સુંદર નારીઓ ચીનની સ્ત્રીઓ જે પોતાની ચાલવાની શક્તિ સખ્ત જોડાથી ને પાટાથી ગુમાવે છે, ને ચાલી શકવાનું બને તો પોતાની આબરૂને કલંક સમજે છે, તેમને હસે છે; પણ તેઓ પોતે જ એ કરતાં પણ વિશેષ હાનિકારક સખ્ત કમરપટાના રીવાજથી પોતાની જ નહિ પણ પોતાનાં બાલકની. એ કરતાં પણ અતિ ઉપયોગી શારીરિક ક્રિયાઓનો નાશ કરે છે, ને તેથી એવા પાતળી કમરના નાજુક મરદો, જે મરદાઇમાં તેમની માતાના જેવા જ હોય છે, તેમનાં ટોળેટોળાં પેદા થાય છે. પોતાનું સૌન્દર્ય વખણાવરાવવું એ જ આવા રીવાજનો ઉદ્દેશ હોય, તો તે રીવાજ એ હેતુ સિદ્ધ કરવામાં બહુ સંશય ભરેલો છે, કારણ કે જેથી શરીરનો બીગાડ થાય તેથી કાન્તિનો તો વિશેષ બીગાડ થવો જોઈએ—કાન્તિ કે જેને સાચવવા માટે આવા રીવાજને તાબે થઇ અનેકે નિરાનંદ, જુવાની અને અકાલ વાર્ધક્યને પોતાનો ભોગ આપેલો છે.

ખુશામદ.

ખુશામદ એ ઘણીવાર અન્યોન્યની નીચ બુદ્ધિનો વ્યાપાર હોય છે; એમાં યદ્યપિ ઉભયે પક્ષ એક બીજાને છેતરવું ધારે છે, તથાપિ કોઈ છેતરાતું નથી, કારણ કે વગર કીમતની વાણીને બદલે એથી પણ ઓછી કીમતની આશા માત્ર જ આપવામાં આવે છે. પણ બેવકુફોની ઓછી ખુશામદ કરતાં, તેમ જ ડાહ્યાઓની ઝાઝી ખુશામદ કરતાં, આપણે સાવચેત રહેવું, કારણ કે ખુશામદ કરનારે વૈદ્યના કરતાં ઉલટો જ રસ્તો પકડવાનો છે, ને નબળામાં નબળાને ઘણામાં ઘણું ઔષધ આપવાનું છે. જે ખરેખર મ્હોટા છે તે તો અસત્યના મિશ્રણવાળા પ્રિય વચન કરતાં સત્યને આધાર કહેલું કડવું વેણ પણ સાંખી રહેશે, કારણ કે સત્યને આધારે કડવું સંખાવવામાં આપણે તેમની પ્રેમબુદ્ધિને માન આપીએ છીએ, પણ અસત્યવાળું પ્રિય વચન બોલી તેમને ઠગાવવામાં તો તેમની વિચારશક્તિને અપમાન પહોંચાડીએ છીએ.

મૂર્ખાઈ.

મૂર્ખને હોય છે, તેમ ડાહ્યાને પણ પોતાની ખાસ મૂર્ખાઇ નથી હોતી તેમ નથી; પણ એમ કહેવાય છે કે તે બેમાં તફાવત એટલો જ છે કે મૂર્ખની મૂર્ખાઈ બધા જગત્‌ને જાહેર છતાં પોતાનાથી અજાણી હોય છે; ને ડાહ્યાની મૂર્ખાઇ પોતાને જણાયા છતાં જગત્‌ને અજાણી હોય છે. ડહાપણ અને બુદ્ધિ બેગાં, નિર્દોષ આનંદીપણું અને ખુશમિજાજ કાંઈ અસાધારણ નથી; તેથી, ભારેખમાઇને મ્હોટાઈ ગણવામાં, કે અતિ માનબુદ્ધિથી બોલવાને શાસ્ત્ર ગણવામાં, કે બહુ ફડાકાને વિદ્યા ગણવામાં, આપણે જેવા ઠગાઇને છીએ તેથી વિશેષ ભાગ્યે જ ઠગાતા હોઇએ.

મૂર્ખ.

આપણી અક્કલ ગમે તેવી આબાદ અને તીક્ષ્ણ હોય, તો પણ તે મૂર્ખની સ્મરણશક્તિ કે તેના ક્રોધના જેટલી આબાદ કે તીક્ષ્ણ ન જાણવી. જેને ક્ષમા કરવા જેટલું ઉદાર મનોબલ નથી, તે કદાપિ પણ એટલો નબળો નહિ હોય કે કાંઇ પણ વાત વિસારે પાડે; અને એ તો સ્પષ્ટ જ છે કે એક અક્કલભરી બોલી કરવા કરતાં ઘાતકી કામ કરવું એ વધારે સહેલું છે.

ક્ષમા.

જેમ કોઈ એવું નબળું નથી કે જેને આપણે હાનિ કરીને સાજાસમા બચી જઈએ. તેમ કોઈ છેક એવું નીચ પણ નથી કે જે કોઈ વખતે પણ કરેલા ઉપકારનો બદલો વાળ્યા વિના રહે. તેથી, પરોપકારબુદ્ધિ જે વાત પ્રમાણ કરે છે, તેને ડહાપણ કબુલ કરે છે. કારણ કે જે માણસ નબળામાં નબળાને પણ અપમાન આપવાથી દૂર રહે છે, ને જે હલકામાં હલકાને પણ મદદ કરવામાં પોતાનું માન ગયું સમજતો નથી, તે ક્ષમા અને નમ્રતાની એવી સ્થિતિએ પહોંચ્યો હશે કે જેથી પોતાની નીચેના સર્વેની પ્રીતિ સંપાદન કરી શક્યો હશે, અને પોતાની ઉપરના સર્વેની નાખુશીથી બચતાં શીખ્યો હશે. કેમકે જે માણસ એક જીવડાને પણ ચાંપતાં ડરે તે સાપને પૂછડે પગ દેતાં તો વિચાર કરે જ.

ભાગ્યનાં પ્રીતિપાત્ર.

કેટલાક એવા માણસ હોય છે કે જે ભાગ્યના સંપૂર્ણ પ્રીતિપાત્ર હોય છે. તેઓ બીલાડીની પેઠે, ગમે ત્યાંથી પડ્યા છતાં પણ ધીમેથી પગ ઉપર જ પડી, ઉભાં થાય છે. વીલ્કસ

આવો જ એક માણુસ હતો. એને નાગો પુગો કરી, ટેમ્સ નદીમાં પુલ ઉપરથી નાંખી દો, તો પણ એ તમને બીજે જ દિવસે મળવાનો, ને તે પણ, માથે ભપકાબંધ ટોપી, કમરે તરવાર, શરીરે પ્રીતવાળો ડગલો, ને ખીસામાં પૈસાસહિત !

પુરોભાગિતા.

તેમને સંપૂર્ણ રીતે ઓળખ્યા સિવાય મહાશયો સાથે બહુ છુટ લેવી એ ભય ભરેલું છે; રખવાળ સિંહના મોંમાં ટુંકા ઓળખાણ ઉપરથી પોતાનું માથું ક્વચિત્ જ ઘાલશે.

સ્પષ્ટ વક્તૃત્વ.

જે માણુસ પોતાના મિત્રોને તેમના વિષે પોતે જેટલું ધારતો હોય તેટલુ ખુલ્લે ખુલ્લું કહે છે, તેણે નક્કી જાણવું કે તેઓ તેના શત્રુઓને તે તેના વિષે ન જાણતા હોય તેવું ઘણુંક છાની રીતે કહેશે જ.

મહાન ફ્રેડરિક.

સાનસુસીના વિદ્વાન તત્વવેત્તા મહાન ફ્રેડરિકે જ્યારે આપણાં શહેરો અને ગામડામાંથી રૈયતે અનેક સૂચનાદિપૂર્ણ લખાણો રાજા તરફ મોકલ્યાનું સાંભળ્યું ત્યારે તે બોલ્યો હતો કે “ અરે ! સારા ભાગ્યે હું એમનો રાજા નથી, નહિ તો એક લક્ષ યોદ્ધાઓ મારા આસનની આગળ પાછળ ને એકાદ બે કોડી જલ્લાદ મારી પાછળ રાખીને હું એકદમ એ મદોન્મત્ત દ્વીપવાસીને જેવા તે શુરવાળા છે તેવા જ નરમ કરી દેત, ને મને પોતાને આખા જગતનો પ્રથમ રાજા મનાવત.” પણ પાર્લામેન્ટદ્વારા અને તેની મરજીથી જ તેને દ્રવ્ય મળી આવી શકત; ને પહેલા ચાર્લ્સના દૃષ્ટાંતથી એને પાર્લામેન્ટ વિના જ દ્રવ્ય ભેગું કરવાનો આડો રસ્તો લેવાનું ભય તો સહજમાં

જ સમજાત. એનાં લક્ષ માણસો પગાર વિના બંડ કરત, અથવા જો તેમને એણે ગેરકાયદેસર કર વગેરેથી સંતોષવા કર્યાં હોત તો એના જલ્લાદોને આખરે એવું એક કરૂણામય નાટક ભજવવું પડત કે જેમાં મુખ્ય મુખ્ય નાટકનું કામ આ બહાદુર શહેનશાહને જ કરવાની બહુ અગવડ ભરેલી જરૂર પડત.

ફ્રેંચ રેવોલ્યુશન.

ફ્રેંચ રેવોલ્યુશન નામનું યંત્ર "સ્વતન્ત્રતા" ઉત્પન્ન કરવા માટે શોધી કાઢવામાં તથા ગોઠવવામાં આવ્યું હતું; પણ એમાં જોઈએ તેવી ઉચ્ચાલતને નિયમનાર કળો ન હતી, તેમ એને કબજે રાખી સરખી ગતિએ નિયમનાર ચક્ર ન હતાં, તેથી એ એવી ત્વરાથી ચાલવા લાગ્યું કે એણે પોતાના શોધનારનો નાશ કર્યો, અને પોતે જ પેદા કરેલી આગમાં પોતે પણ બળી મુવું.

પ્રતિભા.

પ્રતિભા છે તે એક રીતે સુવર્ણ જેવી છે. જેની પાસે એ બેમાંનું એકે નથી હોતું એવાં અનેક માણસો એ બન્ને વિષે વારંવાર લખ્યા કરે છે. સાધારણ બુદ્ધિને, પ્રતિભાનાં ખરાં કારણો કે તેની પ્રવૃત્તિનો ક્રમ સમજાવવા, તત્વજ્ઞાનની ગુંચવણો અને મસ્તિષ્ક વિદ્યાનાં ગપ્પાં એ બન્ને બેમાં ગુંચવી અનંત અનેક રચનાઓ કરી શકાય. પ્રતિભાવાળાં માણસો પોતે પણ પોતાની શક્તિનું, અને તેની ઉત્પત્તિ આદિનું, બીજાં માણસો કરતાં, કાંઈ વધારે સંતોષકારક વિવેચન કરી શકતાં નથી એના વિષે જેટલું બોલાય કે ગવાય તે બાજુપર રાખતાં ખુલ્લેખુલ્લાં અને જરાએ માર્યા મચડ્યાવિનાની સ્પષ્ટ વાત એટલી જ છે કે પ્રતિભા, એક મુખ્ય બાબતમાં, જીવનના જેવી છેઃ આપણે

ઉભયનાવિષે કાંઈ જ જાણતા નથી. માત્ર તેમનાં કાર્યથી તેમને સમજીએ છીએ. એ બહુ સંભવિત છે કે પ્રતિદેશમાં અને પ્રતિકાળમાં પ્રતિભા તો લીલની પેઠે હોઈ જ શકે, ને તે પણ લીલના જેટલી જ નાના પ્રકારવાળી; પણ કેટલેક ઠેકાણે તે વધારે પ્રદિપ્ત હોય એટલું જ. આઇસલેંડના ઘોર ધુંમસને પણ કાવ્યચમત્કૃતિએ ચળકાવ્યું છે, ને હોલંડના તેવા જ દેશમાનને ચાતુરીએ દીપાવ્યું છે. પ્રતિભા જે પોતે સર્વ શક્તિનું તત્વ છે, તેના ઉપર જો કોઇ મર્ત્યશક્તિની અસર થઇ શકતી હોય, જો આ દુનિયાનું કાંઈ પણ તે દિવ્ય અંશને સંસ્કાર કરી શકતું હોય, તો તે, ભૂમિ, હવા, કે ઉષ્ણતામાં શોધવાનું નથી, પણ કેવલ લોકરૂઢિ અને રાજ્યપદ્ધતિમાં જોવાનું છે. યાહુદી લોકો બધા કાલમાં એક જ રૂપે રહ્યા છે, ને બધે સ્થલે તેવા ને તેવા જ જણાયા છે; કારણ કે તેમની રૂઢિ તેની તે જ ચાલે છે. પ્રતિભાનાં મુખ્ય પ્રીતિપાત્ર હોવાથી દૃષ્ટાંતરૂપ થઇ પડેલાં ગ્રીસ અને ઇટાલી તરફ જ દૃષ્ટિ કરો. મધમાખી, બુલબુલ, ઓલીવ અને દ્રાક્ષ, તે બધાં એમનાં એમ જ છે કેમકે હવા બદલાઇ નથી; પણ પ્રખ્યાત ગ્રીક અને રોમનો ક્યાં છે ? રાજ્યપદ્ધતિ અને લોકરૂઢિ બદલાયાં છે, ને તે સાથે માણસ પણ બદલાયાં છે. સ્વતંત્રતા એ ખરેખર પ્રતિભાની માતૃ નથી પણ ધાત્રી છે, તે એના ઉત્સાહને માર્ગ કરી આપે છે, એની ચપલતાને હિંમત આપે છે, અને એના બલને ઉપયુક્તતા આપે છે. પ્રતિભાને સવિશેષ વલણ કે માર્ગ આપનાર જે કારણો ધારવામાં આવે તે વિષે તો એમ છે કે જેવા આપણે કોઈ સામાન્ય ઉત્સર્ગ એ વિષયપરત્વે ઠરાવીએ તેવા તરત જ અનેક અપવાદો એ ઉત્સર્ગને ઉચ્છેદવા, દૃષ્ટિએ આવે છે. જો

આપણે જોન્સન સાથે એક મત થઈ એમ કહીએ કે "પ્રતિભા એ એક સામાન્ય શક્તિ છે જે અકસ્માત્ કોઈ એક રસ્તે ચઢી જાય છે" તો એ વાત સેંકડે દશ જનવિષે ખરી પડે ને નેવું વિષે ખોટી પડે. પેલી અને એડમ સ્મિથે કલ્પના, વાર્તા, કે તરંગિત વિચાર, એ સર્વ સંબંધે પોતાની અશક્તિ પ્રદર્શિત કરેલી છે; અને જો એ લોકે કાવ્યતરંગમાં ઝંપલાવ્યું હોત તો પોપ જેમ તત્વજ્ઞાન ડોળતાં ફસાઈ ગયો, તે કરતાં વિશેષ શોકકારક રીતે નિષ્ફલ થાત. એથી ઉલટી રીતે ક્રીશ્ટન અને મીરેંડોલા જેવાં બુદ્ધિનાં માણસોથી ડા. જોન્સનની વાત પણ ખરી થવા જાય, અને એમ બતાવી શકાય કે નિરંતર એમ જ બનતું નથી કે વિસ્તાર મેળવતાં અગાધતા ન્યૂન થાય છે. શેકસ-પીયરની પ્રતિભા સર્વતોમુખી હતી, ને એ ગમે તે કામ બહુ સારી રીતે કરી શકતઃ "એનામાં ચીતારાની કલમ, ગવૈયાની સારંગી, તત્વજ્ઞાનની દૃષ્ટિ, અને ભવિષ્યવેત્તાનો પવિત્ર આત્મા, એ બધાં ભેગાં થઈ એક સંપૂર્ણતાને યોજે છે." *એ જ રીતે પ્રતિભાને વિકસવાના કાલ સંબંધે પણ આપણે કોઈ સામાન્ય નિયમ કરી શકીએ તેમ નથી. કેટલાક છેક ત્રીજી વીશીમાં જ ગુલબહારમાં પડ્યા છે, કેટલાક છેક છેલ્લીમાં જ; કેટલાક નાઇલ નદીની પેઠે, પોતાના ઉત્પત્તિસ્થાને નરમ અને વગર ગણતીના હોઈ, એ મહાન નદીની પેઠે જ, આગળ ચાલતાં અતિભવ્ય થઇ પડી, અસંખ્ય લોકસમૂહને સમૃદ્ધિવાન કરી દેશ દેશને સંપત્તિ આપી, વહેતા વહેતા અપાર સાગરમાં મળી ગયા છે. કેટલાક એવા પણ છે કે જેમણે સીઝરનો શબ્દ પકડી રાખી છેક અંધારામાંથી જ વાદળીમાંથી વીજળીની પેઠે,

---

*આ સ્થલે અંગ્રેજી કાવ્યનો ફકરો છે તેનું આ ભાષાંતર છે.

ઝમકારો કરી આપણી આંખને ઝાંખ પમાડેલી છે. તેમનાં પરાક્રમની બરોબરી માત્ર તેમની ભવ્યતા જ કરી શકી છે, ને જે દિવ્ય વજ્રપાત સાથે મેં તેમને સરખાવ્યા છે, તેની પેઠે તેમણે એવા બલથી સર્વ અન્તરાયનો સંહાર કર્યો છે કે જેને વિઘ્નોએ વિશેષ જાગૃત કર્યું છે, ને સંકટોએ વૃદ્ધિ પમાડયું છે.

વિજય.

વિજયનો માર્ગ જો ઘણા પગરવટથી ઘસાયલો હોત તો એટલો મુસીબતવાળો ન થઇ પડત; અને મહાશયોએ તો પ્રસંગનો લાભ લેવાને તત્પર રહેવું એટલું જ નહિ, પણ પ્રસંગોને ઉત્પન્ન પણ કરવા. ભવિષ્ય વર્તનારી પિથીઅન કુમારિકાને અલેકઝાન્ડર નિષિદ્ધ દિવસે દેવળમાં તાણી ગયો, ત્યારે ત બોલી કે " બેટા તું અજિત છે, " જે તેને બહુ સંતોષકારક ભવિષ્યવાણી થઇ પડી. એવા જ બીજા પ્રસંગે જે ગોર્ડિઅન ગ્રન્થિને બીજાએ છોડવાની વ્યર્થ મહેનત કરી હતી તેને એણે કાપી નાંખી. જેઓ માનુષીવિજયને માર્ગે ધાય છે તેમણે, એકટીઅનના પાણીદાર કુતરાઓની પેઠે, શીકારને, પગદંડીએ થઇને તેમ જ જ્યાં પગરવટ ન હોય તેવે રસ્તે થઇને પણ છોડવો નહિ. તેઓ સર્વદા ગુપ્તચર્યા અને ઢોંગ માટે તત્પર જ હોવા જોઈએ; ફાળ મારવાને તેમ જ પેટે ચાલવાને પણ તૈયાર હોવા જોઈએ. સીઝરની પેઠે પૃથ્વીને, વશ કરી લેવાને કે બ્રટસની પેઠે નીચા નમીને તેને ચુમી લેવાને, કે નેલસનની પેઠે ઉચ્ચાવચ થઈ ધ્રુજતા તાજવાની પોતાની તરવાર ઝુકાવવાને કે જ્યારે કોના ઉપર પોતાની માલા નાંખવી તેના વિચારમાં વિજયદેવી ઉભી હોય ત્યારે જ તેની હાથમાંથી નેલસનની પેઠે માલા ઝુંટાવી લેવાને, સદા જાગૃત હોવા જોઇએ. લોઢું

તપે ત્યારે જ ઘા મારવાની નીતિ તે, લોઢાને ઘા મારી મારીને તપાવી નાંખે તેવા ક્રોમવેલના જેવા, આગ્રહ આગળ હાર ખાઇ જવાની; અને જે માણસ માત્ર તોફાનને વટાવી શકે છે, તેણે જે માણસ તોફાન ઉત્પન્ન કરી તેને વટાવી શકે તેવો છે, તેને નમવું જ પડવાનું.

કિમીયાગરો.

જે લોકો સુવર્ણ બનાવી શકે તેમને બે પાસનું ભય છે; પોતાના લોભનું અને બીજાના લોભનું. પ્રથમને લીધે તે ગુલામ થઈ જશે, બીજાથી તે બંદી થઈ જશે; કારણ કે રાજા અને શહેનશાહો પોતાની તીજોરીના અધિકારી મંડળમાં એક કીમી-આગરને બહુ ઉત્તમ ઉપયોગને માનશે; અને એને કદિ પણ રજા મળવાનો તો સંભવ આવવાનો જ નહિ, એટલે તેઓ એ પણ સંભાળ રાખશે કે વગર કામગરીનો જ પગાર એ ખાધા જાય નહિ.

તડાકા મારનાર.

આળસુ લોકો નકામી મુલાકાતો આપી ઉદ્યોગીનો વખત બગાડે છે, તેમાં તેઓ ઉદ્યોગી પાસેથી બહુ ભારે કર કઢાવે છે. જેમ ભીખારીઓ બારણે બારણે રોજ પોતાના રોટલા ભીખે છે, તેમ આ લોક બારણે બારણે રોજ પોતાનું સુખ ભીખે છે, ને તેથી ભીખારીની પેઠે જ કેટલીક વાર વ્હીલે મોઢે પાછા પણ વળે છે. કોઈ તડાકા મારનારથી આપણે કંટાળો પામી ગયા છીએ એમ જણાવીએ તો તેથી તેને આશ્ચર્ય ન લાગવું જોઇએ, કેમકે તેની મુલાકાતથી તેણે આપણને જે માન આપ્યું છે તેનું મુખ્ય કારણ તો એ જ છે કે પ્રથમ તો તે પોતે જ પોતાથી કંટાળી ગયેલો છે. પોતાથી ન ખમી શકાય તેટલા કંટાળાનો

બોજો ભેગો થતાં સુધી તે ઘેર બેસી રહે છે, ને પછી તેમાંથી લગાર લગાર બધાને વહેંચી આપવાને તે બહાર નીકળી પડે છે.

મહત્તા.

ખરી મહત્તા તે જ છે કે જેને મહાનમાં મહાન મહત્તાંરૂપે સ્વીકારે; કેમકે સંપૂર્ણતાએ પહોંચવાની મુશ્કેલી માત્ર તેમના જ સમજવામાં હોય છે કે જેઓ સંપૂર્ણતાની પાસેમાં પાસે હોય. એક વસ્તુથી ઘણે છેટે પડેલો કોઇ માણસ પોતાના કરતાં તે વસ્તુની વધારે પાસે આવેલી વસ્તુઓના છેટાનું અનુમાન કરવામાં જેમ યોગ્ય ગણાય નહી, તેમ જેઓ ઉત્કૃષ્ટતાથી બહુ દૂર છે, તેઓ જે લગભગ તેની પાસે જઇ પહોંચ્યા છે તેમના પ્રત્યેકના છેટા વિષે યોગ્ય વિચાર કરવામાં તેવી જ ભુલ ખાઇ બેસે. વિવેચકબુદ્ધિ, અનુમાન અને યુક્તિના સંમેલનમાંથી, ખાણોમાં કામ કરનારની સહીસલામતી સાચવનાર દીવાની જે શોધ ઉદ્ભવી અને જેથી મહાનાશક અને સમર્થ પદાર્થને એક જીણી જામદાની જેવી પાતળી ધાતુની જાળીમાં નિભય રીતે કેદ કરી શકાયું, તે બુદ્ધિબલની કીમત, જે લોકો સિદ્ધ કરવાની વાતની અતિદુર્ઘટ વિકટતા, અને સિદ્ધિ પ્રાપ્ત કર્યાથી અતિ સરળ સાદાઈ સમજી શકે, તે જ સમજી શકે. આ શોધ કરનાર સર હંફ્રી ડેવી અજ્ઞમાં અજ્ઞ માણસનો પણ અપાર આશિર્વાદ પામશે, પણ જે લૌકિક મહત્તા તેણે પ્રાપ્ત કરી છે તેનો મુકુટ તો ઘણા બુદ્ધિમાનમાં બુદ્ધિમાન લોકોના સાશ્ચર્ય એકમતથી જ એને માથે મૂકાયો છે. જે ખરી મહત્તાવાળા છે, તે ખરેખર, બહુ થોડા છે, અને ઉત્કૃષ્ટતાને નમવામાં બહુ વાર લગાડે તેવા છે; પણ જ્યારે તેઓ એકવાર નમે છે, ત્યારે મહત્તાને તેઓ પોતાને માથે ચડાવે છે તેની, જે

લોકો તેની નીચે હોય અથવા તેના તાબામાં હોય, તેના કરતાં પણ, અધિક સેવા કરે છે. એક લેખમાં મેં લખ્યું છે કે હું એકવાર એક રાક્ષસને જોવા ગયો હતો; તે સવિશેષ ઉંચો હતો અને શરીરે પણ અનુરૂપ ભરાવાવાળો હતો. તે વખતે નાનાં બાલકોનું એક ટોળું એ ઓરડામાં આવ્યું તેને જોઇ મને બહુ રમુજ પડી ને મેં એમ ધાર્યું કે એ રાક્ષસને જોઈને તેમના મન ઉપર જે અસર થશે તેથી બહુ ગમ્મત પેદા થશે. પણ મારી આશા વ્યર્થ ગઈ; કારણ કે આ વેંતીયાં માણસો ઉપર આ રાક્ષસથી મારા ધારવા કરતાં ઘણી જ થોડી અસર થઇ. એ રાક્ષસને પોતાનેજ આ વિષયનું મારૂં આશ્ચર્ય જણાવવાનો મેં એક પ્રસંગ સાધ્યો ત્યારે તેણે મને કહ્યું કે મેં પણ નિરંતર એવો જ એવો જ અનુભવ કર્યો છે કે નાનાં બાળક તેમ જ ઠીંગણા કદનાં માણસ મને જોઈને, જે આશ્ચર્ય સંતોષ ઉંચાં માણસોને થાય છે, તેનું અર્ધ પણ દર્શાવતાં નથી. આ બાબતનાં કારણનો વિચાર કરતાં મને જરા પણ ગુંચવણ પડી, પણ છેવટે મને એમ વિચાર આવ્યો કે બાલક તથા ઠીંગણાં માણસને સર્વદા બીજાના મોં સામું જોવાની ટેવ હોય છે એટલે તેમને હંમેશ કરતાં જરા વિશેષ ઉંચું જોવામાં કાંઈ નવાઇ લાગતી નથી, કે અડચણ પડતી નથી; પણ જેઓ ઉંચા કદના છે તેમને તો બીજા બધાં પર નીચી નજર કરવાની હોય છે તેથી જ્યારે તેઓ કોઈ એવાના પ્રસંગમાં આવે છે કે જેના અતિ ઉંચા કદને લીધે તેમને ઉંચું મોં કરવું પડે ત્યારે તેમને અનંત આશ્ચર્ય પેદા થાય છે. માણસના મનનું પણ એમ જ છે; જે ખરા મહાન છે તેમને પોતાથી મહાન કવચિત્ જ મળે છે, પોતાથી ઉતરતા હંમેશાં; એટલે જ્યારે તેમને કોઇ વિશેષ મહાનનું દર્શન થાય છે ત્યારે એવા બુદ્ધિમાહાત્મ્યના ચમત્કારથી

બુદ્ધિબલની ખુબી વિશેષ દીપી ઉઠે છે, ને જે સેવા તે મહાન બુદ્ધિબલ આકર્ષે છે તે ખરા ભક્તિભાવથી અર્પવામાં આવે છે.

ટેવ.

ટેવથી આપણે, એકાએક આવતા ફેરફાર સિવાયની ગમે તેવી વાતને પણ હુળી જઇએ છીએ, અને ફેરફારને પણ હુળી જઈએ છીએ, પણ એટલું જ કે તે ફેરફાર જો તુરત તુરત ન થતા હોય તો. એટલા જ ઉપરથી મીલ્ટન કવિ નરકની કલ્પના એવી કરે છે કે તે તદ્દન બરફરુપ કે અગ્નિરૂપ છે, ને તેમાં વસતાં ભૂતને એકવાર ઠારી નાંખે છે તો બીજી વાર તપાવે છે. મરહુમ સર જ્યોર્જ સ્ટાન્ટને એવી વાત મને કહી હતી કે મે હિન્દુસ્તાનમાં એક માણસ જોયો, તેણે ખુન કર્યું હતું ને તેથી પોતાનો જીવ બચાવવા માટે જ નહિ, પણ પોતાને જે વાત વધારે અગત્યની હતી તેનાથી દૂર થતાં બચી જવા તેણે, જે પ્રાયશ્ચિત્ત તેને આપવામાં આવ્યું હતું તે સ્વીકાર્યું હતું. તે એ હતું, કે તેણે સાત વર્ષ સુધી છેક શરીરમાં પેસી ન જાય તેવા જરા બુઠ્ઠા ખીલાની બાણુશય્યા ઉપર વગર બીછાને સુવું. સર જ્યોર્જ એને આ પ્રાયશ્ચિત્તના પાંચમા વર્ષમાં મળ્યો હતો, તે વખતે એની ચામડી ગેંડાના જેવી થઇ ગઇ હતી, ને તેથી પણ અધિક બહેર મારી ગઇ હતી; છતાં એ વખતે એ પોતાની બાણુશય્યા ઉપર બહુ સુખે ઉંઘ લેતો હતો, ને કહેતો કે મારા પ્રાયશ્ચિત્તની મુદ્દત પુરી થતાં પણ જે વાતની મને ફરજ પાડવામાં આવી છે તેને જ હું હવે તો ખુશીથી કાયમ રાખીશ.

સુખ.

દુનિયામાં સુખ શું છે?—એ ભૂત કે જેના વિષે આપણે આટલું બધું સાંભળીએ છીએ, ને દેખતાં કાંઈ નથી! જેનાં

વચન નિત્ય અપાય છે, ને નિત્ય તોડાય છે, છતાં જેને બધાંએ માને છે ! જે આપણને વસ્તુ વિના શબ્દ માત્રથી જ છેતરે છે ! ફૂલવિના કળીમાત્રથી જ રમાડે છે ! જુનો દેવીની પેઠે જ્યાં-સુધી એની પાછળ આપણે દોડતા હોઈએ ત્યાંસુધી તે દિવ્ય પરી જેવું દેખાય છે, ને હાથમાં આવતાં તો વાદળનો ગોટો માલુમ પડે છે ! જેને એ મળતું નથી તે એને પૂજે છે, જે એને પામ્યા છે તે એને પામ્યા છે તે એને તુચ્છકારે છે. આશા એનો દૂત છે, પણ નિરાશા એનો મિત્ર છે. એક, માત્ર આપણી કલ્પના, જે ગમે તે માનવા તૈયાર હોય છે, તેને રમાડે, પણ બીજો તો, આપણો અનુભવ, જેણે વાસ્તવિક હોય તે માનવું જ જોઈએ, તેને સાધે છે. આ સંસારના નાટકના અનંતવેષના સૂર્યને ધારણ કરનાર સુખ, આપણને પ્રત્યેક ગલીકુંચીમાં દોરે છે, પણ એક જ રસ્તે બધાંને દોરતો નથી. *એરિસ્ટિપસ મોજ-મઝા દ્વારા જ તેને શોધતો હતો; સોક્રેટિસ જ્ઞાનદ્વારા જ; અને એપિકયુરસ ઉભયદ્વારા જ. એ દેવીએ સર્વનો પ્રેમભાવ સ્વી-કાર્યો; પણ પોતાનો ભાવ કોઇને ન આપ્યો; જો કે સર્વેએ, બીજા અનેક આશકોની પેઠે પોતાને મળ્યા કરતાં વિશેષનું ડોળ તો દાખવ્યાં જ કર્યું, એમના અનુભવથી શીખામણ પકડી †સ્ટોઇક લોકોએ બહુ વિલક્ષણ રીતે પોતાનો પ્રેમ દર્શાવવાનું આદર્યું. એમણે એની નિંદા કરીને એનો પ્રેમ પામવાની આશા

---

*અત્રત્ય વાંચનારને એરિસ્ટિપસને સ્થાને ચાર્વાક, સોક્રેટિસને સ્થાને શંકર, અને એપિકયુરસને સ્થાને વલ્લભ એમ નામ યોજવાથી વધારે સારી રીતે લખાણનો મર્મ સમજાશે.

† સ્ટોઇકને સ્થાને પણ સખ્ત સન્યાસ ધર્મ પાળનાર કોઈક સમ-જવાથી મર્મ વધારે સ્પષ્ટ થઈ જશે.

કરી; એનો તિરસ્કાર કરી એને પામવાની યુક્તિ રાખી; અને એમ અભિમાનથી એવો આગ્રહ રાખી બેઠા કે એનાથી આપણે નાસીશું તો, એ એની મેળે આપણી પાછળ દોડતી આવશે. તોફાનની પૂર્વે જે શક્તિ પ્રસરે છે તેના જેવી એ ઠગારી છે; ઘસડી જતાં ધોધવાની પાળે જે બેઠું પાણી વહે છે તેના જેવી સરલ છે; અને તોફાની માવઠાની ઈન્દ્રધનુષરૂપી સ્મિતવદની પુત્રીના જેવી સુંદર છે, પણ ઉષરમાં જણાતી મરીચિકાની પેઠે તે આપણને મૃગલાંની માફક એવી મિથ્યાબાજીથી ટટળાવે છે, કે જે બાજી દૂરતાથી વિસ્તરે છે, સમીપત્વથી નાશ પામે છે. આટલું છતાં પણ જ્યારે તેની પાછળ નથી પડતા ત્યારે તે ઘણીવાર આવી મળે છે; ને ધારવા પ્રમાણે ઘણીવાર સામી આવે છે; બીજી તરફ એમ પણ બને છે કે જેઓ ખાઈ પીને એની પાછળ મંડે છે તેમને તે કદી પણ મળતી નથી, કારણ તેઓ જ્યાં ત્યાં તેને માટે ફાંફાં મારે છે. એન્ટનીએ એને પ્રેમમાં શોધી, બ્રુટસે વિજયમાં, સીઝરે રાજ્યવિસ્તારમાં–એકે ફજેતી વહોરી, બીજાએ કંટાળો અનુભવ્યો, ત્રીજાએ અપકાર લીધો, ને ત્રણેએ જીવ ખોયા. કેટલાકપર તે વધારે મમતા રાખે છે ખરી, પણ તેમના તરફ થોડી દૂર હોતી નથી; તેમને તે પોતાનો પ્યાલો પાય છે, ને તેઓ પણ એટલે સુધી ઠાંસીને પીએ છે કે છેવટ ભાન ભુલી જઇ ફીલીપની પેઠે એમ વિચારવા બેસે છે કે અમે માણુસ છીએ કે નહિ; અથવા અલેકઝાંડરની પેઠે એવા જ સ્વપ્ને ચઢે છે કે અમે દેવતા જ છીએ. ઈટાલીના આનંદકારક સૂર્યની પેઠે. જેમ નેપોલીઅન તરફ, તેમ કેટલાક તરફ તે પોતાનું મોં મલકાવે છે, પણ તે એટલા જ માટે કે જ્યારે એનાં ભવાં ફરી જાય ત્યારે તે વધારે ભયંકર જણાય, અને એવાં એકાદ નખરાંને લીધે વિયોગનો વખત તેમને વધારે સાલે.

આરોગ્ય.

આપણાં શરીર તથા મન ઉભયના બંધારણમાં બધું બરોબર ચાલવું જોઇએ, તથા અન્યોન્યને સાનુકૂલ હોવું જોઈએ, તો જ આપણને સુખ મળે; એકાદ વાત જો પ્રતિકૂલ થઈ ગઇ તો એટલેથી જ આપણને દુઃખ થવાનો પુરતો સંભવ છે; યદ્યપિ આ જીવિતમાં આનંદના પ્રસંગ થોડા અને મિથ્યા હોય છે તથાપિ જે દુઃખ થાય છે તે તો વાસ્તવિક અને ચિરાયુઃ હોય છે, કારણ કે કોઇ તમને સો મણ દુઃખની ગાંસડી સહજમાં બતાવી શકશે, પણ તેને એક અધોળ સુખ જડવું કઠિન પડશે. દુઃખથી દૂર રહેવું એટલામાં જ સુખ ન માને તે માણસને પોતાનું તેમ સંસારનું થોડું જ ભાન છે એમ કહેવું પડે એમ છે, માટે ડાહ્યા માણસ જો આરોગ્ય મળે તો બીજું બધું પોતાની મેળે મેળવી લે. મારે એમ જ કહેવું પડે છે કે આરોગ્ય મળે, કેમકે વારંવાર એમ બને છે કે બેઉકુફમાં બેઉકુફ ઉંટવૈદ્યથી આપણને બહુ હાનિ થાય છે, ને કુશલમાં કુશલ વૈદ્ય આપણને જરા પણ લાભ શી રીતે કરવો તે જાણતો પણ હોતો નથી.

સંશય.

સંશય એ નબળાઇનું ચિહ્ન છે; કારણ કે જે રસ્તાના અન્યોન્ય સાપેક્ષ સારા નરસા વિષે આપણે સંશયારૂઢ હોઈએ તે કવચિત જ સમતોલ હોય છે, તેથી મનોબલવાળાંએ ગરૂડના જેવી તીક્ષ્ણદૃષ્ટિથી દાંડીનું કિંચિત માત્ર નમવું પણ ઝટ પરખી લેવું જોઈએ; તેમાં પણ સવિશેષે એવે પ્રસંગે કે જ્યારે દાંડીનું નમવું ઘણું જ અદૃશ્યપ્રાય હોય—જો કે તાજવામાં તો એક પાસા મરવું ને એક પાસા જીવવું ઝુકતાં હોય! મરહુમ અર્લ અર્કલી વિષે એમ લખવામા આવ્યું છે કે એક રાત્રિએ તેની

ગાડીમાં તેને કોઈ લુટારાએ જગાડયો અને બારીમાંથી જ એક પિસ્તોલ અંદર ઘોંચી ઘાલી, છાતીસરસી ધરી, તેની પાસે હોય તેટલા તેણે પૈસા માગ્યા, ને બોલ્યો કે મેં એમ સાંભળ્યું છે કે આપ કોઇ એકલા એક જ માણસને કદી પત કરનાર નથી એમ બોલે છો, તો આ જ હું આપનું એ ગર્વનું બોલવું ખોટું પાડવા આવ્યો છું. અમીરે પોતાનો હાથ ખીસામાં ઘાલતાં કહ્યું કે એમ કાંઈ મને હાલ પણ તું લુટી ન શકત, પણ પેલો બીજો માણસ તારી સાથે છે તેમાં જ. તુરત જ પેલા લુટારાએ પાછું વાળી જોયું, ને તે જ ક્ષણે, અમીરે પોતાના ખીસામાંથી પૈસાને બદલે પિસ્તોલ ખેંચી કાઢી હતી, તેથી એ જ સ્થલે ઠાર કર્યો.

આબરૂ અને સદ્ગુણ.

આબરૂ અનિશ્ચિત વાત છે, સર્વદા એકરૂપે હોતી નથી; કારણ કે લોકોના વિચાર ઉપર તેનો આધાર છે, ને તેથી તે વિચાર જેટલી જ, તે અનિશ્ચિત છે. પ્રાણીમાત્રમાં જે ઘણામાં ઘણા પરિવર્તનશીલ છે તેના શુભાભિપ્રાયની રેતીના પાયાઉપર આબરૂ પોતાનો ભવ્યપ્રસાદ ઉઠાવે છે! પણ સદ્દગુણ એકરૂપ તથા નિશ્ચિત છે, કારણ કે તેની પાસેથી માનની આશા રાખે છે કે જે આજ, કાલ, ને આવતીકાલ, સર્વદા એકરૂપે જ છે. આબરૂ જે ઈનામો આપે છે તેમાં પણ તેની રીતિ વિલક્ષણ છે. તે આપણને વાયુ ઉપર જ જીવાડે છે, તે વારંવાર આપણો કીર્તિસ્તંભ આપણા જ ઘરને તોડી પાડી તેમાંથી રચે છે. એના આશયમાત્ર સંકુચિત હોય છે, કેમકે એની આશાઓનાં મૂલ સંસારમાં છે, સીમા કાલમાં છે, ને અંત મૃત્યુમાં છે. પણ સદ્દગુણ પોતાની આશામાં ઉદાર અને અનન્ત છે, કેમકે તે

આશાઓ ઐહિકની પાર જઇ અનંતતામાં મળી જાય છે; એ જ તેનો ખરો વિષય છે, ને તે અમર આનંદને અનુભવવામાં જ વિરમે છે. સંસારનાં તોફાન અને તડામારમાં આબરૂઉપર ભરોસો રાખી શકાય નહિ, કારણ કે જે તોફાન તેની આસપાસ થાય છે તેનો રંગ તેને પણ લાગે છે; તે પણ મોજાંના મારથી પાછી પડે છે, ને ભારે પવનથી ઘસડાઇ જાય છે. પણ સદ્ગુણ છે તે બધાં તોફાનના માથાનો છે, એનું લંગર મજબુત અને નિશ્ચિત છે, કેમકે તે અમરતામાં ચોટેલું છે. ઉદાર બ્રુટસે આબરૂની જ પૂજા કર્યાં કરી ને પોતાની ધૂનમાં તેને જ સદ્ગુણ જાણી લીધી; આંટીની વખતે તેને જણાયું કે તે નિઃસાર અને નામમાત્ર જ છે. પણ કોઇ માણસને સદ્ગુણની જે કીમત આપવી પડે તે માટે પછીથી પસ્તાવો થતો જ નથી કેમકે એટલી એ જ એક એવી વસ્તુ છે કે જેની કીમત આપણે એને માટે જેમ જેમ અધિક આપતા જઇએ તેમ તેમ અધિક વધતી ચાલે છે. આપની એકાગ્રતા કોઇ કાળે પણ એટલી કીમતવાન નથી થતી કે જેટલી, તે આપણે આપણું સર્વસ્વ આપી તેને ખરીદીએ ત્યારે થાય છે.

આશા.

આશા, એ ભારે વારસો મળવાની આશાભર્યો એક ઉડાઉ જુવાનીઓ છે, અને અનુભવ એ એનો ધીરનાર છે; એની હુંડીઓ કવચિત જ શીકારવામાં આવે છે, કેમકે એને ખાતે ઘણીવાર ભારે રકમો ઉધાર હોય છે; સબબ થોડીક થાપણ ઉપર એ ભારે ભારે માગણીઓ કરે છે, હજુ વારસો તો હાથ છે નહિ, ને હોય તોએ, મરવાની તૈયારીમાં છે.

હોરેસ અને જુવેનલ.

પોતાની ખુશામદ કરવાની વાસ્તવિક વૃત્તિને ચાબકા લખનાર તરીકેની વૃત્તિ સાથે જોડવાના વ્યર્થ પ્રયત્નમાં, હોરેસ, બહુ બન્યો છે; તે વારંવાર કોઇ પણ સદ્ગુણનો પોતાનામાં અભાવ છતાં, દુર્ગુણની મશ્કરી કરે છે, ને ઘણીવાર ખરૂં ચટકું કરવાની શક્તિ ન છતાં તેવો ઉપહાસ કરવા મથે છે. એનો હેતુ રાજાશ્રય પ્રાપ્ત કરવાનો હતો, ને જો બને તો કશી પણ યાચના કર્યા વિના જ, પણ ગમે તેમ પણ તે પ્રાપ્ત કરવો તો ખરો જ. વખત એને અનુકૂળ થાય તે કરતાં વિશેષ તો એ પોતે જ સોવશા વખતને અનુકૂળ થયેલો છે, ને પોતાનાથી ઉચ્ચ અધિકારવાળાંની રીતભાત ઉપર કાંઈ અસર કરવા બદલે, તેમની અસર પોતે જ લઈ બેઠેલો છે. વાસ્તવિકરીતે જોતાં એક જ વિષય જેણે હાથ લીધો હોય એવા કોઈ બે માણસ હોરેસ અને જુવેનલના જેટલા વૃત્તિ તેમ વાણી ઉભયમાં અન્યોન્યથી જુદા પડ્યા નહિ હોય; જુવેનલને તો સેનેકાએ કેટોવિષે જે કહ્યું છે, તે જ લાગુ પાડી શકાય કે તેણે પોતાના દેશના દુર્વ્યસનોને એવાં પરાજિત કર્યાં કે જેવા તે જ દેશના શત્રુઓને સીપીઓએ કર્યાં. જો જુવેનલ, હોરેસના સમયમાં થયો હોત, તો તેણે હોરેસના કરતાં વધારે નિર્ભયતાથી ને તેથી બહુ સારૂં લખ્યું હોત; પણ જો હોરેસ જુવેનલના સમયમાં થયો હોત તો એણે ચાબકા લખવાની જ હીંમત ન કરી હોત; પોતાના દેશના કૃત્રિમ મિત્રોના ઉપર પડવામાં તેણે એવી જ નામરદાઈ બતાવી હોત કે જેવી તેણે તેના પોતાના જ જણાવ્યા પ્રમાણે દેશના ખરા શત્રુઓ ઉપર પડવામાં એક પ્રસંગે બતાવી હતી.

મનુષ્યના આવેશ.

લેડી મેરી વર્ટલી મોન્ટેગુએ એમ કહ્યું છે કે મારી વિસ્તીર્ણ યાત્રાઓમાં મેં બે જ પ્રકારનાં મનુષ્ય જોયાં છે, પુરૂષ અને સ્ત્રી. આ બહુ સરલ અને સાદી વાત મનુષ્યસ્વભાવના થોડા અવલોકનનો ઉદ્દ્ગાર નથી; છતાં આપણે ઉમેરીએ કે આ ગમે તેવો સંકુચિત ભેદ પણ હવણાં હવણાં ઓછો થતો ચાલે છે, કારણ કે આપણામાંના કેટલાક નાજુક ફક્કડો બધી સંકુચિત પ્રકારની વાતોમાં સ્ત્રીઓનું જ અનુકરણ કરવા લાગ્યા છે, ને બધી ઉદાર વાતોમાં કેટલીક સ્ત્રીઓ પુરૂષોનું અનુકરણ કરવા લાગી છે. મીસ એજવથ અને મેડેનસ્ટીલે સિદ્ધ કરી આપ્યું છે કે શૈલિપરત્વે જાતિભેદ મિથ્યા છે; એમેડેમસારો જેકીલીન અને ડચેસ એંગોલીમે એમ પણ સિદ્ધ કરી બતાવ્યું છે કે પરાક્રમપરત્વે પણ તે ભેદ વાસ્તવિક નથી. જંગલી કે સુધરેલા, ચીથરે વીંટેલાં કે શોભીતી કરચલીવાળા પોશાખમાં દીપતાં સેંટ જાઇલ્સ આગળ કે સેંટ જેમ્સ આગળ ચોપગાની ચામડી ઓઢતાં કે કોઈ જીવડાના કીમતી પરપાંખ આદિથી ઓપતાં આપણે સત્વરૂપે વસ્તુતઃ એક જ છીએ. આપણે જે સુખ પાછળ ભમોએ છીએ, ને દુઃખથી દૂર નાસીએ છીએ તે સમાન પ્રકારનાં જ છે; આપણે રાગ દ્વેષ કરીએ છીએ, આશા નિરાશામાં ભટકીએ છીએ, તે બધાનાં કારણ અન્યોન્યપરત્વે કાંઇ જ ભિન્ન નથી, માત્ર તેમના પ્રસંગ અને આકાર કવચિત્ ભિન્ન હોય છે. આમ છે માટે જ એમ બની શકે છે કે લુશીઅનના ચાબકા થીઓક્રેસ્ટસની વિવેકબુદ્ધિ, જુવેનલનું મનોબલ, હોરેસની ચટકા કરવાની શક્તિ, એ બધાં જેમણે પાન્થીઅનની સ્વચ્છ અને શુદ્ધ હવા લીધેલી તેમનાથો, ઈટાલીના તાપ તડકા જોયેલા તેમનાથો,

તેમ લંડનનાં વરસાદવાદળમાં રહેલા તેમનાથી, સર્વથી, સરખી જ રીતે સમજી અનુભવી શકાય છે; તેમ જ મેલિસસ, ટાઇબર, કે ટેમ્સ, ત્રણેના કિનારાપર સરખી જ રીતે વખણાય છે. એક સ્કોચ હાઇલેંડરને ઈન્ડીઅન લોકોના એક ટોળાએ કેદ પકડયો હતો, ને તેને મારી નાંખવાની તૈયારી ચાલતી હતી તેવામાં જ તેને તે ટોળાના સરદારે પોતાનો દીકરો કરી લીધો હતો. તેઓ તેને પોતાના દેશમાં લઈ ગયા; ત્યાં તે તેમની ભાષા શીખ્યો, તેમની રીતભાતમાં ભળ્યો, અને તે લોક જે હથીયાર વાપરતા તેનો ઉપયોગ પણ સારો સમજી ગયો. એક મોસમ વીત્યાપછી તે લોકો, તે પ્રસંગે અંગરેજી લશ્કરની સામે થએલા ફ્રેંચ લશ્કરને જઇ મળવા નીકળ્યા. રાતમાં અંગરેજી લશ્કરની છાવણીની પાસે થઈને જવું પડે તેમ હતું. એ સમય વસંતનો હતો, તેની સવારમાં બહુ વહેલાં જ પેલા વૃદ્ધ નાયકે પેલા યુવક હાઈલંડરને જગાડયો, અને ટેકરીની ટોચે લઈ જઇ તેને તેના દેશીઓના તંબુ દેખાડ્યા. વૃદ્ધ માણસ બહુ જ આવેશમાં આવી ગયેલો દીસતો હતો. અને એની આંખો પણ તે આવેશથી બહું ચકચકીત થઈ રહી હતી. જરાક વાર પછી તે બોલ્યો “ તમારા લોકો જોડેના યુદ્ધમાં મેં મારો એકને એક પુત્ર ખોયો છે; તમે તમારા બાપને એકના એક જ છો ! ને તમે એમ ધારો છો કે તમારો બાપ હજી સુધી જીવતો હશે ? ” જુવાનીઆએ જવાબ આપ્યો—“ હું મારા પિતાને એકનો એક જ છું, ને ધારૂં છું કે તે હજી જીવે છે. ” તેઓ ઘણા સુંદર અને સકુસુમ વૃક્ષ પાસે ઉભા હતા; બધો દેખાવ ભવ્ય અને મોહક હતો, અને ક્ષિતિજમાંથી સંપૂર્ણ ઉપર આવેલા સૂર્યબિમ્બથી તેની ખુબી અતિશય શોભી રહી હતી. વૃદ્ધ

નાયકે પેલા જુવાન તરફ જોઈ કહ્યું,--" આ દેખાવની મધુરતાથી તારૂં હૃદય ભલે પ્રફુલ્લ થાય, મારે મન સો તે એક ઉષર જેવું છે; માટે જ તું અત્યારથી સ્વતંત્ર છે, તારા સ્વદેશીને મળ, તારા પિતાને ભેટ, કે તે જ્યારે હવે પછીથી પ્રાતઃકાળમાં સૂર્યોદય નીહાળે, વસંતમાં વૃક્ષોને આનંદમાં દેખે, ત્યારે પોતે પણ તેમાં ભાગ લઇ શકે. "

નમ્રતા.

બીજા બધા કરતાં હું ડાહ્યો છું એમ માનતાં બહુ વિલંબ કરવો; એ અતિ વિનાશકારક છતાં બહુ જ સામાન્ય ભુલ છે. બીજાની નબળાઈનો ખરો હીસાબ સમજાવાથી એક માણસ લાભ પામે છે, તે કરતાં હજારો પોતાના જ બળનો ખોટો હીસાબ કાઢી નાશ પામે છે.

ઉતાવળ અને છૂટ.

ઉતાવળ અને છૂટ કરતાં બીજી કોઈ બે વસ્તુ વધારે નીહાળી નહિ હોય. ઉતાવળ છે તે નબળા મનની નીશાની છે, છૂટ સબલની. પાંજરામાં પૂરેલી ખીસકોલીની પેઠે, નબળો માણસ જે કામમાં પૂરાયો હોય ત્યાં કદી પણ છેડો ન આવે તેવી મહેનત કર્યાં જ કરે છે પણ તેનું ફલ કાંઇ જ હોતું નથી, તે બધો દિવસ લફ્ડ ફફ્ર કર્યાં જાય છે પણ એક તસુ આગળ વધી શકતો નથી; વાડમાં રસ્તો કરવા મૂકેલી ફરકીની પેઠે, એ બધાના રસ્તામાં આડે આવે છે, છતાં કોઇને અટકાવી શકતો નથી; લવારો ઝાઝો કર્યાં જાય છે, પણ બોલતો કશું નથી; દરેક વાતમાં માથું મારે છે, પણ દેખતો કાંઈ નથી; અને એકી વખતે સો લોઢાં તપાવા મૂકી રાખે છે છતાં તેમાંનાં કોઈક જ

તપ્યાં હોય છે, ને જે તપ્યાં હોય છે તેનાથી પણ માત્ર પોતાનાં હાથ જ બાળે છે.

આલસ્ય.

સદ્ગુણ કે દુર્ગુણનાં ભવ્ય દૃષ્ટાંતો એકાએક ધારવામાં આવે છે, તેટલું અનુકરણ કરાવવામાં સમર્થ નીવડતાં નથી. કોઇ સારી વસ્તુ માટે જેને તીવ્ર ઇચ્છા ન હોય એવાં તો એકાદ મળે, પણ જેને ઉત્સાહ ન હોય તેવાં હજારો મળે; તેથી આલસ્યે કેટલાંકને જેમ સદ્ગુણ પ્રાપ્ત કરતાં અટકાવ્યાં છે, તેમ તેટલાં બીજાંને દુર્ગુણમાં પડતાં પણ અટકાવ્યાં છે. આ જીવિતમાં આલસ્ય એ પાસિફિક (અત્યંત શાંત) મહાસાગર છે; ને એ તળીઆવિનાના પણ કદી હાલે ચાલે નહિ તેવા ખાડામાં સારામાં સારી વસ્તુઓ કાંઈ લાભ કરી શકતી નથી, કે નઠારામાં નઠારી કશું નુકસાન કરી શકતી નથી. તર્ક કરી જોતાં એમ સંભવે, ને વારંવાર હોય છે પણ, કે આલસ્યથી દુર્ગુણ ઉદ્ભવે; પણ જ્યાંથી દુર્ગુણ ખરો દુર્ગુણ જ થાય ત્યાંથી તો તેણે પાલણામાંથી નીકળવું જોઇએ, ને આલસ્ય તજવું જોઇએ.

બુદ્ધિમાહાત્મ્ય.

અમુક નિશ્ચયાનુસાર વર્તન રાખનારા માણસો કોઈ કોઈ વાર, પોતાનાથી જ જેટલા જુદા પડે છે, તે કરતાં વિશેષ, બીજાનાથી જુદા પડતા નથી; એટલા જ માટે, કેટલાક વૃત્તિ-વ્યાખ્યાન કરનારા જે રીતે કોઇ મહાશયનું સાવયવ સંપૂર્ણ ચિત્ર આલેખી, પછી તેની રેખેરેખ પ્રમાણે તેના વર્તનની સર્વ આકૃતિને ગોઠવવા મથતાં પોતાને તેમ જ પોતાના વાંચનારને ગુંચવાડામાં નાંખે છે, તે રીતિ કેવલ ઉપહાસ્યાસ્પદ છે. તેઓ ઘણું કરીને તેના એકાદ આવેશને તેના વર્તનના સુકાનરૂપે નાવ

ઠરાવી બેસે છે, કે વખતે નવો જ કલ્પી બેસાડે છે; પણ વર્તનના સુકાનરૂપ એકાદ આવેશવિષેની આ બધા વિતણ્ડા છતાં, ખરી વાત તો એટલી જ છે કે બધાં સ્ત્રીપુરૂષોનું લક્ષ કોઈ એક દેખીતા લાભ ઉપર જ હોય છે. તે જ બલવત્તમ બુદ્ધિમાહાત્મ્યવાળાં છે. તેમ ઉત્તમોત્તમ કાર્ય સાધવા સમર્થ છે, કે જેમને પોતાની બુદ્ધિથી એક દુરબીનની પેઠે જોવાની શક્તિ હોય છે, ને તેથી દૂરમાં દૂર પડેલા લાભની વાસ્તવિક મહત્તા અને યોગ્યતા તેઓ પારખી શકે છે, તેમ જ પાસે હોવાને લીધે જ જે ભભકાવાળા જણાતા હોય તેને અવરેખી શકે છે.

પરિચય.

પરિચય એ દૃઢમાં દૃઢ મૈત્રીનું તેમ વિકટમાં વિકટ શત્રુતાનું પણ નિદાન નીવડેલો છે; તેમાં તે કેટલીક મહા નદીના જેવો છે, જે એક જ પર્વતમાંથી નીકળી બે કેવલ ઉલટા રસ્તા જ પકડે છે.

જેઝૂવિટ્સ.*

જેઝવિટ્ લોકો માટે કહેવાતું કે તેમનાં સિદ્ધાંતોમાં તેઓ વિષયસુખનો નિરંતર તિરસ્કાર ઉપદેશે છે, પણ પોતાના વર્તનમાં તો તેને આસક્તિથી વળગતા ચાલે છે. પોતાના ઝમાનાને અનુસરી તે પણ ડાહ્યા હતા, કારણ કે તેમને વિષયોનો ખપ હતો માટે તે વિષયોને ઉતારી પાડતા હતા. અને આધ્યાત્મિક ઉપદેશો તેમને ખપાવવા હતા માટે તેમને ઉંચા ચઢાવતા હતા.

જ્યુનીઅસ.†

રાજકીય વિષય તેમ અમુક વ્યક્તિસંબદ્ધ લખાણ એ, તેના કર્તાને તાત્કાલિક ખ્યાતિમાં લાવશે, પણ એ ખ્યાતિને જો

---

* રોમન કેથોલિક ધર્મ પાળનારનો એક પંથ છે.

† એ નામથી કોઈએ ઇંગ્લંડમાં રાજકીય બાબત એકવાર એવાં સારાં લખાણો પેપરોમાં કર્યાં હતાં કે તેથી બહુ ફેરફારો થયા છે.

સ્થાયી કરવાની ઇચ્છા હોય તો એમાં કાંઈક વિશેષ હોવાની અપેક્ષા છે. જો આપણે એવો નિશ્ચય કરી શકયા હોત કે આપણે જેને વિસરવા ઈચ્છીએ છીએ તે કોણ છે, તો મને ખાતરી છે, કે આપણે જુનીઅસને પણ આ જ કયારનોએ ભુલી ગયા હોત; પણ આપણા સંસ્કાર વિરમી જતાં એટલાથી જ અટકયા છે કે તેમણે કયાં વિરામવું તેની કોઇને ખબર નથી. જુનીઅસના પત્ર એક ભવ્ય કૃતિ છે, નીચે કોણ દાટેલું છે તે જાણ્યાવિનાનો પ્રાચીન કીર્તિસ્તંભ છે, અને ઈજીપ્તના પીરેમીડની પેઠે, તેને કોણે રચ્યો છે એ વાતની ગુઢતાથી જ અધિક આકાંક્ષા ઉપજાવે છે.

ઉદારતા પૂર્વે ન્યાયપુરઃસરતા.

જેમને મનુષ્યના હૃદયનું સંપૂર્ણ જ્ઞાન હોય છે, તે, પોતાને જેની સાથે પ્રસંગ પડે તેની ક્ષુદ્ર વાસનાને કોઇ સૂક્ષ્મ અસર કરી તે દ્વારા સદ્‌ગુણનાં ઉત્તમોત્તમ ફલ ઉપજાવી શકે છે; અને જે કૃત્યોના ભારથી આપણું મન, પોતાની નિર્બલતા અને અશક્તિ વિચારી, પાછું હઠે, તેવાં કૃત્યો પણ આપણા મનના દોષમાત્ર વડે જ સધાવે છે. બ્લેકફ્રાઅર્સની પડોસમાં વાસ્તવિક રીતે અતિ લોકપ્રિય એક ધર્મોપદેશકે (રોલેંડહિલ) એક અતિ પુણ્યના કામમાં સહાય કરવાનું વ્યાખ્યાન સમાપ્ત કર્યું. તે પ્રસંગે શ્રોતાઓનો સમુહ મહોટો હતો, અને દેવળ બહુ ભરાઇ ગયું હતું. વ્યાખ્યાન થઈ રહેવાથી, જુદાં જુદાં આસનો આગળ ફેરવવાને થાલી નીકળવાની તૈયારી હતી; તેવામાં ઉપદેશકે બે બોલ આ પ્રમાણે ઉમેર્યા:—" તમારા વદન ઉપર હું જે દયા અને પ્રેમનો આવેશ જોઉં છું અને જે એક ચિત્તે તમે મારી વાત સાંભળી છે, તે બધાથી મને એક જ વાતની

ઓહીક છે, ને તે એ જ કે તમારામાંના કેટલાક શક્તિ કરતાં પણ અધિક આપી બેસશે. મારી તમને કહેવાની ફરજ છે કે ન્યાયપુરઃસરતા, એ યદ્યપિ બહુ મીઠી વાત નથી, તથાપિ ઉદારતાની પૂર્વે સર્વદા હોવી જોઇએ; એટલા માટે, થાલી તમારા આગળ ધરાવાની તૈયારી છે તેવામાં હું તમને સ્પષ્ટ રીતે કહું છું કે જે માણસ પોતાનું ઋણ આપવાને સમર્થ ન હોય તેણે એક પાઈ પણ થાલીમાં નાંખવાનો વિચાર રાખવો નહિ." મારે લખવાની જરૂરે નથી કે આ શીખામણથી બહુ મોટી રકમ ભેગી થઈ.

ખલતા.

જે માણસ બહુ નરમ વર્તનનો ડોળ રાખતો હોય, અસ્ખલિત શાંતતા બતાવતો હોય, અને ચીપીચીપીને તથા ધીમેથી તેમ વિચારપૂર્વક વાણી ઉચ્ચારતો હોય, તેના ઉપર હમેશાં શકની નજરે જ જોવું. આ બધી રીતભાત સ્વાભાવિક નથી, તેથી તે મનની એવી કૃત્રિમતા સૂચવે છે કે જેવી જેને કાંઈ મતલબ કે પેચ ન હોય, તેવાં માણસ કદાપિ પણ શીખવા બેસે નહિ. બહુમાં બહુ વિજય પામનારા ખલ આવા જ હોય છે; તેલમાં બોળેલા અસ્ત્રા જેવા નરમ, પણ તેટલા જ ધારવાળા. પારાવતના જેવી ગરીબાઈ, જે તેમનામાં નથી તેને સર્પના જેવી કુટિલતા, જે તેમનામાં સ્વાભાવિક છે, તે ઢાંકવા તેઓ ધારણ કરે છે.

ખલ અને મૂર્ખ.

આ દુનિયા કાંઈ આપણી બનાવેલી નથી, એટલે આપણે તેને માત્ર અનુકૂલ કરી લેવી ને તેમાં રહેવું. આપણને એવું માલુમ પડશે કે એ, કશા કામમાં ન આવી શકે તેવા મૂર્ખ લોક,

તેમ ઘણા તે જ ખલ લોકથી ભરેલી છે. પણ બન્નેનું મિશ્રણ હોય તેવા લોક ઘણા હોય છે, અને તેમની જ જોડે આપણને વધારે કામ પડે છે. અમુક શબ્દનો અમુક સ્થલે ઉપયોગ કરવાનું જાણનાર જેમ પુસ્તકોનું સારૂં જ્ઞાન ધરાવે છે, તેમ યોગ્ય માણસને યોગ્ય કામે નિયમનાર પણ માણસોનું સારૂં જ્ઞાન ધરાવે છે. એલિઝાબેથ વિષે કહેવાતું કે તે પોતે બહુ નબળા મનની હતી પણ પોતાના મંત્રીઓ બહુ સબળ મનના પસંદ કરતી; આનું કોઇએ યોગ્ય ઉત્તર પણ આપ્યું છે કે સબળ મંત્રી પસંદ કરવો એ કોઈ પણ રાજાનામાં ઘણામાં ઘણી અક્કલ અને ઘણું ડહાપણ બતાવનારૂં છે.

જ્ઞાન.

માનુષી જ્ઞાન, કોઈ કોઇ પ્રસંગે, કેટલેક અંશે, પોતાના મૂલ અને પરમપવિત્ર સ્થાન ઈશ્વરીજ્ઞાનને પહોંચી શકે છે અને આવો સંબંધ, જ્યારે કોઈ હાનિકારક વસ્તુને પોતાથી ઉલટું જ જે સુંખ તે ઉત્પન્ન કરવાનું સાધન બનાવી દેવાય છે, તે કરતાં વિશેષ કવચિત્ જ દીપી ઉઠે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો મહાસાગર કરતાં બીજી કયી વસ્તુ દેશદેશના લોક વચ્ચે સંબંધ થવામાં વધારે અંતરાયરૂપ છે? પણ શોધકબુદ્ધિએ, દેશદેશની ગરજ પુરી પાડવાનું, તથા તેનો નિકટ સંબંધ વધારવાનું, ઉત્તમમાં ઉત્તમ, અને સરલમાં સરલ સાધન તેને જ બનાવ્યો છે! વરાળ કરતાં વધારે જોસવાળું બીજું શું છે? અને અગ્નિ કરતાં વધારે નાશકારક બીજું શું છે? પવન જેવું અનિશ્ચિત બીજું શું છે? અને જલતરંગ જેવું સ્વતંત્ર શું છે? છતાં આ જ વસ્તુઓને, કલાએ, જીવિતની જરૂરીઆતો, સુખ અને મોજમઝા પણ, પુરી પાડવાના સાધન કરી દીધાં છે! આરસના

પથ્થર જેવું અચેત, જડ, અને કઠિન, બીજું શું છે? તથાપિ શિલ્પકાર તેને જ સચેત કરી, અનન્ત પ્રેમમય જીવિતવાળો કરે છે. રંગ જેવું ચંચળ બીજું શું છે? તેજ જેવું બીજું ત્વરાવાળું બીજું શું? કે છાયા જેવું નિઃસાર? આમ છતાં પણ કોઈ રફેલની પીંછી આવી મિથ્યા નિઃસ્સાર વસ્તુઓને પણ સારવાળી સશરીર કરી તેમાં જીવ આરોપી શકે છે; તેમનામાં અમર જીવન સ્થાપે છે; વર્ષ જતે વિશેષ દીપે તથા પેઢી દર પેઢી અધિકાધિક મોહ ઉપજાવે તેવું સૌન્દર્ય સમર્પે છે. ટુંકામાં એટલું જ કે બુદ્ધિ અંતરાયમાંથી પ્રતિકાર શોધી કાઢે છે, વિઘ્નમાંથી નવી યોજના રચે છે, ભયમાંથી નિર્ભયતા પેદા કરે છે, ઉષરમાંથી અન્ન પકવે છે, ને વિષમાંથી અમૃત પીએ છે. તેના હાથમાં આવે તે સર્વ વસ્તુ પોતપોતાના યોગ્ય નિયોગથી દીપી ઉઠે છે, ઉપયોગથી તાબે થાય છે, અને કામે લાગવાથી સુખકર નીવડે છે.

મનુષ્યસ્વભાવનું જ્ઞાન.

પુસ્તકોના અગાધ જ્ઞાનસહિત પણ માણસોના આચ્છા જ્ઞાનથી, એટલે કે પારકાના અનેક વિચારો સંગ્રહી, પણ પોતાના બહુ જ થોડા ગોઠવી, જે માણસ સંસારની મુસાફરી કરે છે, તેને, નિરંતર બનતા ઘણા સાધારણ પ્રસંગોએ પણ, એક ડચમેનને પોતાની ચલમવિના, ફ્રેંચમેનને પોતાના અંગવસ્ત્રવિના, કે અંગ્રેજને પોતાની છતરીવિના, જેટલી હરકત પડે છે તેટલી પડશે.

મિથ્યા જ્ઞાન.

જેને એક દિવસ ઉલટાવી નાંખવાની જરૂર પડશે એવા મિથ્યાજ્ઞાનના ભંડાર ભરવા, અથવા જેને હવે પછીથી વિસારવા

માટે જ માત્ર સ્મૃતિમાં રાખવા પડે એવા અયથાર્થ વિચાર મનમાં ભરવા, તેમાં જે કાલ અને શ્રમનો વ્યય કરવામાં આવે તે નિરૂપયોગી કરતાં પણ વધારે ખરાબ છે. એક પ્રાચીન વાગ્માધુરી શીખવનાર ટામોથીઅસ, બીજા પાસે ભણીને આવેલા વિદ્યાર્થી માટે બેવડી ફી માગતો. કારણ કે એવા પ્રસંગમાં તેને માત્ર વાવવાનું જ ન હતું, પણ નીંદવાનું પણ હતું.

શ્રમ.

અમુક અંશનાં અને અમુક પ્રકારનાં શ્રમ તથા ઉદ્યોગ મનુષ્યત્વને અંગે જ ઈશ્વરે વળગાડેલાં હોય એમ લાગે છે. "કપાળે રેલો ઉતારીને જ રોટલો મેળવવો" આવો જે શાપ છે, તે રૂપાંતરે આશીર્વાદ થઇ પડેલો છે; તેથી જે થોડા ભાગ્યશાલી લોક ધન કે પદવીને લીધે સર્વ પ્રકારના શ્રમથી મુક્ત છે, તેમને એ હકમાટે ખુશી થવાનું કારણ નથી. આ આવશ્યકતા વિચારીને જ વૃદ્ધોએ કહેલું છે કે "દેવો આપણને બધું વેચાતું આપે છે, પણ કશું એમને એમ આપી દેતા નથી." છતાં, જીવનને આવશ્યક વસ્તુઓમાંનું જલ તે ઘણું કરીને મફત મળી શકે છે; પણ એ ઠીક કહેલું છે કે જીવનની બીજી આવશ્યક વસ્તુ રોટલો તે જો એવી જ રીતે મળી શકતો હોત તો એવું ભય રાખવાને બહુ કારણ હતું કે માણસો, સારો અવકાશ મળવાથી તત્વવેત્તા થવાને બદલે કાંઇ ઉદ્યોગને અભાવે, કેવલ પશુ થઈ જાત ને વસ્તુગતિ જોતાં પણ એ વિચાર ખરો લાગે છે. જે જે દેશોમાં વિશ્વગતિથી જ ઘણું સંપાદન થાય છે, તે તે દેશોમાં માણસો બહુ જ થોડું કરે છે; ને જે જે દેશોમાં વિશ્વગતિ થોડામાં થોડી અનુકૂલ હોય છે, ત્યાં માણસો ઉદ્યોગની પરાકાષ્ઠાએ પહોંચે છે.

લંડનની વિદ્વત્તા.

બાર્મિંગહામમાં એવું એક સ્થલ છે કે જ્યાં બાષ્પશક્તિનો બહુ વિસ્તીર્ણ સંગ્રહ કરી રાખવામાં આવે છે, એવી મતલબથી કે જેને જોઇએ તેને તે ત્યાંથી પહોંચાડી શકાય, લંડનમાં જે બુદ્ધિબલ સમાયલું છે તે વિષે પણ આના જેવી જ કાંઈક કલ્પના કરી શકાય. બુદ્ધિબલ આ સ્થલે એકત્ર કરી એક કેંદ્રમાં આણી રાખેલું છે, કે જેને તેનો લાભ લેવાની ઈચ્છા હોય તેને ઉપયુક્ત થઇ પડે. આટલા જ માટે, ડા. જોન્સને જે કહ્યું હતું કે બોલ્ટ કોર્ટના અંધારા ખુણામાં બેસી એક માઇલના વ્યાસનું વર્તુલ કાઢું તો તેમાં બાકીના આખા દ્વીપમાં રહેલાં છે તે કરતાં અધિક ઉત્સાહ, બુદ્ધિબલ, વિદ્વત્તા સમાઇ રહે તે ખોટું નથી. સમીપ હોવાને લીધે, પ્રતિપ્રકારની બુદ્ધિશક્તિ સુલભ થઇ પડેલી છે, એથીજ લંડનને ઇંગ્લંડની ખરી વિદ્વત્પરિષદ્ (યુનિવર્સિટી) નું નામ મળ્યું છે. જુદા જુદા લેખ અને ગ્રંથોથી સરખાવટ કરવા માટે આપણે ઓક્ષફર્ડ અથવા કેમબ્રિજ જવું જોઈએ. પણ માણસોની સરખાવટ તો લંડનમાં જ બને તેમ છે.

વાકયોવાકય (લોજીક).

વાકયોવાકય એ એવું એક ખાનું છે કે જેમાં ઘણાંક ઉપયોગી તેમ ઘણાક કેવલ નિરૂપયોગી હથીઆરો ભરેલાં છે. પણ બુદ્ધિમાન્ એમાં બે હેતુથી જુવે–જે ઉપયોગનાં હોય તે હથીઆરોનો ઉપયોગ કરવા, અને જે તેવાં ન હોય તેમને જે ચતુરાઇ અને ખુબીથી ગોઠવ્યાં હોય તેના વખાણ કરવા.

લંડન.

યદ્યપિ લંડનમાં વસનારાંમાંના ઘણા નજીવી બાબતો ઉપર પણ લક્ષ દેવા ઉભાં રહેશે, આળસુ લોકોનાં બેવકુફમાં

બેવકુફ પ્રયત્નો ઉપર પણ રમુજથી જોવા અટકશે, ને મ્હોંમાં પણ માય નહિ તેવી ગપો માનશે. ને એમ પરદેશથી જે જે યુક્તિઓ થશે તેને ખરી માની ભોળવાશે, અથવા સ્વદેશની તુચ્છમાં તુચ્છ વાતથી ઠગાશે, તોપણ આ વિલક્ષણ રાજધાનીમાં વસવાથી પોતાના ડહાપણમાં કાંઈ જ ઉમેરો નહિ થાય, અથવા અનુભવમાં કાંઇ નવાઈ નહિ આવે, એવું ડાહ્યામાં ડાહ્યા કે અનુભવીમાં અનુભવી માણસે પણ કદાપિ ધારવું નહિ.

એકાંત.

વિચારને ખર્ચ્યા કરવા એવું ઉડાઉપણું ક્વચિત્ જ દીઠામાં આવે છે, તેમ એકાંતમાં વસવાની હીંમત કરવી એ પણ તેટલું જ વિરલ છે, કારણ કે એવા ઘણા માણસો છે કે પોતાના કટ્ટામાં કટ્ટા દુશ્મનને રણમાં મળવાનું પસંદ કરશે પણ પોતાના વિચારોને એકાંતમાં મળવાનું કદી સહન કરી શકશે નહિ. જેનું મન બહુમાર્ગી નથી તે એટલો જ દયાને પાત્ર છે કે જેટલો શરીરને જરૂરની વસ્તુઓને શોધનાર પાત્ર છે, તેથી જે માણસ પોતાનો નિત્યનો રોટલો બારણે બારણે ભીખે છે તેના કરતાં પણ, આપણું સુખ બીજા પાસે ભીખવું પડે એ દશા, વધારે દયામણી છે.

વાતોડાપણું.

માણસોને આંખો બે છે, પણ જીભ એક છે, મતલબ કે તેઓ જેટલું બોલે તે કરતાં બમણું તેમણે અવલોકવું જોઈએ, પણ માણસોની રીતભાત ઉપરથી કોઈ એમ ધારે કે તેમને બે જીભ ને એક આંખ જ હશે, કારણ કે જેણે થોડામાં થોડું અવલોકયું હોય છે તે ઘણામાં ઘણું લવે છે, અને જેણે કોઇપણ

વાતનું તળીયું કદાપિ પણ અવલોકયું નથી તેજ લોકો પોતાના વિચાર દરેક વાત ઉપર વખત બેવખત આપ્યાં જ જાય છે.

લોભ.

આપણને અતિશય દ્રવ્યલાલસા હોય તો તે મટાડવા માટે આપણે ગંભીરતાથી વિચારવું કે એવી કેટલી વસ્તુઓ છે, ને તે પણ અતિ ઉત્તમ પ્રકારની, જે દ્રવ્યથી પ્રાપ્ત થઈ નહિ શકે તેમ એવાં કેટલાં દુઃખ છે, ને તે પણ અતિ તીવ્રતમ, જે દ્રવ્યથી કદી દુર નહિ થઈ શકે. આથેન્સ શહેર જ્યાં દ્રવ્યવાનનું દ્રવ્ય તેની વિરૂદ્ધ ખબર આપનારને લુટી આપવામાં આવતું ત્યાંનો એક જ્ઞાની પોતાના દ્રવ્યનો નાશ થતાં આ પ્રમાણે બોલી નીરાંત વાળી બેઠો. "મેં મારૂં દ્રવ્ય ખોયું છે, ને તેની સાથે મારા મનની ચિન્તા પણ ખોઈ છે, કારણ કે જ્યારે હું દ્રવ્યવાન્ હતો ત્યારે હું પ્રતિએક ગરીબ માણસથી ડરતો, પણ હવે પ્રતિ દ્રવ્યવાન્ મારાથી ડરશે."

સ્વાર્થ.

સ્વાર્થ છે તે તેની સામે ગમે તેટલું બોલવામાં આવેલું છે તે છતાં પણ આ જીવિતના નાટકમાં અનેક કાર્ય સાધનારો છે, અને યંત્રશાસ્ત્રમાં જેને ઘસારો કહે છે તેની પેઠે એમાંથી અનેક લાભરૂપી સારાં ફલ પણ થયાવિના રહેતાં નથી. અભિમાન એ સ્વાર્થનો જયેષ્ઠ પુત્ર છે, ને એ જ આપણને ઘણા પ્રસંગે દીલાસો આપે છે, ને એથી પણ અધિક પ્રસંગોએ ઉત્તેજિત કરે છે, આપણા આનંદમાં એથી અભિવૃદ્ધિ થાય છે, ને આપણા દુઃખ એનાથી હલકા થાય છે, માનનો સ્વાદ એ દ્વિગુણિત કરે છે, ને અપમાનના કાંટાને બુઠો બનાવે છે, એટલા માટે જયાંસુધી આ વૃત્તિ આપણામાં છેક આવિદ્ધ થઇ મૃતવત

થઈ જાય ત્યાંસુધી સહનશક્તિ અને જીવિતનો પ્રવાહ નાશ પામતાં નથી. મનુષ્યત્વનો અભિમાન મિત્ર છે, અને દેવળો-માંનાં ઘંટની પેઠે સર્વ પ્રસંગે એનો ઉપયોગ કરવામાં આવે છે, આપણા ઉત્સવને કે ઉપવાસને એ સરખી જ રીતે મદદ કરે છે, તેમ જ આપણા આનંદને કે શોકને, આપણા સુખને કે દુઃખને.

લાભકારી હુમલા.

જેમાંથી ભવ્ય જય પ્રાપ્ત કરવાનો સંભવ સહજ હાથ આવે તેમ હોય એવા હુમલાને આપણે તરત જ માફ કરવા જોઈએ. પોતાની બારીનાં બારણાંને સોનામોહોરો મારી ભાગ-વાનો પ્રયત્ન કરનાર મૂર્ખને મારી કાઢવા માટે ડાહ્યો માણસ કદાપિ બહાર જશે નહિ.

દરિદ્રતામાં મહાશયતા.

એકાંતના અંધકારમાં, ઝુંપડીમાંની મેલી દરિદ્રતા અને હૃદયભેદક જરૂરીઆતોમાં, મહાશયતા અને આત્મસંયમનના એવાં દૃષ્ટાંત જોવાના મને પ્રસંગ મળેલા છે, કે જે માનવામાં પણ ન આવે, તેમ મ્હોટાની રીતભાતમાં પણ કદી નજરે ન પડે. એ પ્રસંગોમાં એવું શૌર્ય મારા જોવામાં આવ્યું છે કે જેને લોકની નજરે વખણાવારૂપી ઉત્તેજનની મદદ ન હતી કે થોડાની પણ વાહવાહ સાંભળવાની આશા ન હતી, છતાં પડી ભાગેલાં ખંડેરોમાં તે વિસ્તરી રહ્યું હતું, શ્મશાનના પ્રાંતભાગે રમી રહ્યું હતું! નીતિશાસ્ત્રની લીલામાં એ એટલો જ ભવ્ય નમુનો છે, કે જેટલો મીસાઉરી નદીનો ધોધ સૃષ્ટિલીલામાં છે! એ પ્રબલ પ્રવાહની પેઠે, તે પણ, જ્યાં તેની મહત્તા અને ભવ્યતા ગ્રહણ કરવાને એક પણ ચક્ષુ નથી તે જ સ્થળે પોતાની ખુબી વિસ્તારવાને નિર્માણ થયેલો છે.

મ્હોટાનાં મહાલય.

અક્કલમંદનાં પરાક્રમના વિરલ અને અમૂલ્ય નમુનાથી, કેનોવાંના ટાંકણાથી બનેલાં મુખારવિન્દથી, કે રફેલની પીછીથી આલેખાયલાં ભવ્ય ચિત્રોથી, તવંગર લોકો પોતાનાં મહાલયોને શણગારવામાં મ્હોટી રકમો વાપરી નાંખીને જ જો અટકતા ન હોય, અને થોડો વ્યય-શ્રમ તેમ જ દ્રવ્યનો-એ મહાલયના માલીક તે મહાલય કરતાં ઓછી કીંમતના ન રહે તેને માટે પણ કરતા હોય, એટલે કે બધી ભવ્યતામાં એ ભવ્યતાનો માલીક જ અભવ્ય અને હીનાકૃતિ ન જણાય તેમ કરવા પણ પ્રયત્ન લેતા હોય, તો ખરેખર તેમની વાત બહુ વખાણવા યોગ્ય છે. ઘર સારૂં હોય તો તેથી ઘણા જોનારા આકર્ષાય, પણ તે આવેલાને શોભાવી શકવા એ કામ તો તે ઘરના માલીકનું જ છે. આપણે આલ્પ્સ ઓળંગી જઇએ છીએ, અને થોડી જ વારમાં ખુશીથી પાછા વળીએ છીએ—કેમકે આપણે ઈટાલી જોવા ગયા હતા, ઇટાલીઅન લોક જોવા નહિ.

શ્રદ્ધાથી જીવ આપનાર.

અર્વાચીન સમયમાં જે માણસને શ્રદ્ધામાત્ર માટે જીવ આપી નામના કરવી હોય તેને બે વાત જરૂરની છેઃ—કેટલાક દયા ખાનારા ભેગા કેટલાક તેને દમનારા જોઈએ; કેટલાક દલગીર થનારા ભેગા કેટલાક એને રાંધનારા જોઈએ. એવા ધર્માર્થે જીવ તજી નામાંકિત થયેલા પુરુષ હાલ થોડા થતા હોય તો તેમાં એમ નથી કે તેવાં પુરૂષોનું તત્ત્વ હાલ ટાઢું પડી ગયું છે, પણ એમ છે કે તેમને તેવા બનાવનારા હાલ વધારે ડાહ્યા થયા છે. સૂર્યના તેજમાં જેમ અગ્નિ માત્ર ઝાંખો થઈ કજળી

જતો જણાય છે, તેમ બુદ્ધિના પ્રકાશ આગળ દમન કરવાનો અગ્નિ મંદ પડી ગયો છે.

ગણિતશાસ્ત્ર.

પોતાનાં વખત અને બુદ્ધિનો થોડો પણ ભાગ જે માણસ ગણિતશાસ્ત્રનાં તત્ત્વ વિચારવામાં ગાળે છે, તે બીજા બધા વિષયોને હાથ લેવામાં પોતાના પ્રતિપક્ષી કરતાં વધારે સારો લાભ કાઢી જશે. વિવાદમાં એ માણસ, યુદ્ધમાં પ્રાચીન રોમનો જેવા હતા, તેવો થશે; એમને યુદ્ધનો દિવસ તે રમતના દિવસ જેવો લાગતો, કેમકે જેવાં હથીઆર તે લડતા તેના કરતાં ભારે હથીઆર સાથે રમત કરવાની તેમને ટેવ હતી. અને એમની કવાયત, પણ ખરેખરા યુદ્ધ કરતાં બે રીતે જુદી પડતી કે તેમાં થાક વધારે લાગતો, પણ જય એક છાંટો પણ લોહી દીઠાવિના જ, પ્રાપ્ત થતો.

ગણિત અને તત્વવિચાર.

ગણિતશાસ્ત્ર જેટલી આશા આપે છે તે કરતાં અધિક કરી બતાવે, તત્વશાસ્ત્ર જેટલું કરી બતાવે છે, તે કરતાં અધિક આશા આપે છે. નાઈલ નદીની પેઠે ગણિતનો આરંભ અતિ સૂક્ષ્મરૂપે થાય છે, પણ તેનો અંત બહુ ભવ્ય આવે છે, પણ તત્વશાસ્ત્રનો આરંભ અનેક વાક્ચાતુરીના આડંબરથી થાય છે, નિઃસાર શબ્દના પૂરરૂપે વિસ્તરે છે, પણ છેવટ નાઈજર નદી જેમ રેતીનાં રણમાં ગુમ થાય છે તેમ, માત્ર કલ્પના અને ગુંચવાડામાં જ વિરમે છે.

પરિગ્રહ.

પરિગ્રહ છે તે; બેમાંથી એકના જીવિતના અવધિ સુધી ચાલે એવો નિર્બંધ છે, ને એમાંથી છુટી શકાતું નથી, માટે પાણી

ગયા પછી પાળ બાંધવાના ડહાપણ જેવા પશ્ચાત્તાપની ઘોર વેદના વેઠવી ન પડે એટલા સારૂ માણસોએ આવું પગલું ભરતાં પહેલાં તે ભરવાનાં ખરાં કારણોનો સંપૂર્ણ વિચાર કરી લેવો જોઇએ. તેમને શાની જરૂર છે? પત્નીની? વારસો ભોગવનારીની? કે એક દાઇની? તેઓ પરિગ્રહ કરે છે તે વિષયવાસનાથી? કાંઈ જરૂરથી? કે પોતાની બેહાલીથી? એ સુખસ્થિતિની ઉમેદવારી તેમને મઝામાટે, જરૂરમાટે, કે સહાયમાટે, શા માટે છે? માણસો દેવલમાં જાય તે પછી આ પ્રશ્નો તેમના આગળ મકવા તે કરતાં પહેલેથી મુકવા એ જ સારૂં છે! એ એવી બાબતો છે કે જેનો યથાર્થ નિર્ણય થયાથી, ઘણીક નિરાશા, જે વારંવાર શોકજનક હોય છે, વારંવાર ઉપહાસાસ્પદ હોય છે, ને હમેશાં અનિવાર્ય હોય છે, તે અટકે છે. જો એમ થાય તો પછી આપણે, ઉડાઉ ફક્કડોને, પોતાના જેવી ન હોય તેવી સ્ત્રીઓને, માત્ર પોતાની પાસે ઉડાવાનું કાંઇ રહ્યું ન હોય તેથી જ પરણતા ન જોઈએ, કે વિષયમાં વૃદ્ધ થયેલા, જ્યારે એકાદ ફ્લાનલના બદનને જ વધારે સુખકારક અને હુંફાળો બીછાનાનો સોબતી કરી શકે તે વખતે કોઈ સુંદરીને ગળે બાંધતા ન જોઈએ.

સ્મરણશકિત.

સ્મરણશક્તિ છે તે બુદ્ધિની સખી છે, પણ નૂતનતાને ગળે ફાંસો દેનારી છે, એમ હોવાથી ઘણાક ગ્રંથો પોતાની મહત્તા માત્ર એ વાત ઉપરથી જ પામે છેઃ—તેમના બનાવનારની સારી સ્મરણશક્તિ, અને તેમને વાંચનારની નઠારી સ્મરણશકિત.

સ્મરણશકિત અને નિર્ણયબુદ્ધિ.

એવું શાથી બને છે કે આપણે માણસોને વારંવાર પોતાની સ્મરણશક્તિવિષે ફરીઆદ કરતાં સાંભળીએ છીએ, પણ પો-

તાની નિર્ણાયક બુદ્ધિવિષે કોઇને પણ તેમ કરતાં સાંભળતાં નથી? શું એમ છે કે તેમને પોતાની સ્મરણશકિત બહુ ક્ષીણ છે એમ કહેતાં શરમ નથી આવતી, કારણ કે તેમણે એમ સાંભળેલું છે કે એમ હોવું એ તો મ્હોટા બુદ્ધિશાળીઓને પણ હોઈ શકે છે? અથવા એમ થવાનું કારણ શું એ જ છે કે તીવ્ર સ્મરણ શક્તિવાળા મૂર્ખ જેટલું બીજું કાંઇ સુલભ નથી, તેમ ક્ષીણ નિર્ણાયક બુદ્ધિવાળા કુશલ માણસ જેટલું દુર્લભ કાંઇ નથી.

માનસિક શ્રમ.

કુલપ્રાપ્ત ઉચ્ચતા ભેગી જ માનસિક ઉચ્ચતા હોય એમ નિશ્ચય નથી, જો એમ હોય તો ઉદાર કર્મમાં પ્રવર્તાવવાને તે એક સારી પ્રેરક થઈ શકે, પણ વાસ્તવિક વાત એમ છે કે ઘણીવાર તે એમ થઇ શકવાને બદલે ઉલટી ભારરૂપ થઇ પડે છે. આપણા જાતિબન્ધુ તરફથી માન તથા લાભ એ માનસિક શ્રમ તરફ આપણને પ્રેરવાનાં સબળ કારણ છે, પણ પદવી તથા કુલપ્રાપ્ત સમૃદ્ધિથી, જે માન અને લાભ અતિ શ્રમ કરનારને પણ નથી મળતાં તે, તેવા શ્રમવિના જ, યદ્યપિ તેવું ભોગવનારનું મહા દુર્ભાગ્ય સમજવાનું છે, તથાપિ પ્રાપ્ત થાય છે. એટલા જ માટે જે માણસો કુલાદિથી ઉચ્ચ હોય છે તે બુદ્ધયાદિથી નીચ હોય છે. ને તેમ હોવાનું કારણ અશકિત કરતાં અનુદ્યોગ વધારે હોય છે; કારણ કે માણસ જાતિનો એવો સ્વભાવ છે કે શ્રમવિના જે પ્રાપ્ત થઇ શકતું હોય તેને માટે શ્રમ કરવો નહિ, કે નદીના તટ ઉપર જ જન્મ થયો હોય તો કુવો ખોદવા બેસવું નહિ. પણ, આપણે કોઇ પણ જાતની કસરત કર્યા વિના જ એક તાલીમબાજ તૈયાર થવાની જેટલી આશા રાખીએ તેટલી જ કોઇ પણ શ્રમ કર્યા વિના એક ન્યૂટન તૈયાર કરવાની પણ રાખવી.

પદ્ધતિ.

પદ્ધતિ વિષે એટલું કહી શકાય કે જો આપણે એને તાબે રાખીએ તો તો ઠીક જ છે પણ જો તે આપણને તાબે કરી જાય તો બહુ ખોટું છે. એક ગૃહસ્થે મને એકવાર એવી વાત કરી કે મેં દરરોજ કોઈપણ ગ્રંથનાં પચાસ પાનાં વાંચવાનો નિયમ કર્યો હતો, કદી પણ એ કરતાં ન્યૂનાધિક કરવું નહિ. મેં કાંઈ બોલ્યાવિના નક્કી કર્યું કે એ માણસ એવો હશે કે કાંઈ દમવાળું લખાણ વાંચવાનો જેને શોખ હોય, પણ એવો નહી હોય કે જેને કાંઇ વાંચવાલાયક લખવા જેટલી અક્કલ હોય.

દેશપરત્વે યુદ્ધપરાયણતા.

આયરલંડનો રહીશ વિચારતા પૂર્વે જ લડવા મંડે છે, સ્કોટલંડનો લડતાં પૂર્વે વિચારે છે, ને ઇંગ્લંડનો રહીશ એ ઉભયના પૂર્વાપર વિષે કાંઈ નિયમ ન રાખતાં ઉભયમાંનું ગમે તે યથાપ્રસંગ વાપરી પોતાના સામાવાળાને હઠાવે છે. એક અર્વાચીન યુદ્ધનેતાએ કહ્યું છે કે સારામાં સારી સેના આ પ્રમાણેના માણસોની થઈ શકે: અર્ધો છાકટો થયલો આયરલંડવાસી, અર્ધો ભુખ્યો સ્કોટલંડવાસી અને પેટ ભરેલો ઈંગ્લંડવાસી.

જનતાદ્વેષ.

જ્યારે કોઈ માણસને આપણે એમ બોલતાં સાંભળીએ કે બધી દુનીયા લુચ્ચી છે ત્યારે સમજવું કે તેનું બોલવું ઇર્ષા કરતાં વેર વાળવાના કારણથી થયેલું છે, કારણ કે કોઈ માણસ દુનીયા માટે આવો નિર્ણય બાંધે તે પૂર્વે ઘણું કરી દુનીયાએ તેવું બોલનાર માટે તેવો જ અભિપ્રાય લાંબા વખતથી બાંધેલો હોય છે. આવા માણસોને બ્રધર્સ નામના ભવિષ્યવેત્તા સાથે સરખાવી શકાય, તેણે બેડલામમાં તે શી રીતે પૂરાયો તેના

ઉત્તરમાં કહ્યું હતું કે "મારી અને દુનીયાની વચ્ચે જરાક મતફેર થઈ ગયો. દુનીયાએ કહ્યું કે હું ગાંડો છું, ને મેં કહ્યું કે દુનીયા ગાંડી છે. દુનીયાના મત વધારે થવાથી હું અહીં આવી પડ્યો."

ગૂઢતા.

ગૂઢતા ભયને દ્વિગુણ કરી દે છે, જેમ ધુમસ સૂર્યને. જે હાથે બેલશઝારનું મરણ નીપજ્યું તે હાથ ધડ ઉપર ઉગેલો ન હતો એ જ તેની અતિ ભયકારક શક્તિની કુંચી હતી; અને મોત પોતે પણ, આપણે તેના વિષે જે જાણીએ છીએ તેનાથી નહિ, પણ જે નથી જાણતા તેને લીધે જ ભયંકર લાગે છે.

જનસ્વભાવ.

ગ્રીસ અને રોમની પ્રાચીન સ્થિતિને વર્ત્તમાન સ્થિતિ સાથે સરખાવી જોવાથી એટલી વાત નિઃસંશય સિદ્ધ થાય છે કે જનસ્વભાવના બંધારણ ઉપર રાજ્યપ્રકારની જેટલી અસર થાય છે તેટલી જમીન, હવા, કે તાપતડકાની થતી નથી. ઉક્ત પ્રજાને તેમની પ્રાચીન રાજ્યપદ્ધતિ પાછી આપો, તો તુરત તેમનું સામાજિક વિશેષ પરાક્રમ પુનઃ પ્રજ્વલિ ઉઠશે, ને એમનામાં હવાપાણીના ગમે તેવા પરિવર્તનને પણ સહન કરવાનું સામર્થ્ય આવશે, પણ હવા પાણીના ગમે તેવા પરિવર્તનથી પણ તેમનાં પ્રાચીન પરાક્રમનો તેમનામાં કદી પણ ઉદય થવાનો નથી. રાજ્યપદ્ધતિમાં પરિવર્તન સાથે સંબંધ રાખનાર કારણો, વાસ્તવિક રીતે જોતાં, એવાં સમર્થ હોય છે કે, તેનાથી કેટલીક વખત, એક એક વ્યકિતને જેમ થાય છે તેમ આખી પ્રજાને પ્રજા એકાએક અને અકસ્માત્ પરિવર્તન પામી ગયેલી જણાય છે. જેણે સીઝર જેવાને પોતાની સ્વતંત્રતા થોડો વખત

ઉપયોગ કરવા માટે ધીરી ન હતી તે જ રોમનોએ પોતાની સર્વ પ્રકારની સ્વતંત્રતા નીરોને સ્વાધીન કરી દીધી હતી, એમ જ આપણે વર્તમાન સમયમાં જોયું છે કે આખી ફ્રેંચ પ્રજા, જાણે એક માણસ જ હોય તેમ, સમગ્ર, રાજભક્તિની પરાકાષ્ઠાએથી એકદમ નરમમાં નરમ રાજાને ગરદન મારવા તૈયાર થઈ ગઈ, અને જેને પોતાનું લોહી પાણી જેવું વગર કીમતનું હતું ને પોતાનાં ડસકાં પવન જેવાં આનંદકારી હતાં તેવા એક જુલમગારને માફી બક્ષી ઈનામ આપી, પોતાની રક્તપૂર્ણ રાજનીતિની પૂર્ણાહુતિ કરી વિરામ પામી. આમ કરી તેમણે, જેણે પોતાની દયાલુતામાં જ પોતાનો જીવ ખોયો તેવાનો ભોગ આપી, એવા એક માણસને બક્ષીસ આપી કે જે પોતે કરેલાં ખુન અભિમાનથી ગણાવવા જીવ્યો.

કોઈ પણ પ્રજાની એકંદર વૃત્તિ ઉન્નત ત્યારે થાય છે કે જ્યારે અન્યત્ર વિસ્તાર પામતાં મહાવૃત્તાંતોને અનુલક્ષી અંદર અંદરના કજીઆ ભુલી જવામાં આવે છે, અને કોઈ પણ પ્રજાની એકંદર વૃત્તિ અધમ ત્યારે થાય છે કે જ્યારે અન્યત્ર વિસ્તરતાં મહાવૃત્તાંતો તરફ તે અંદર અંદરના દ્વેષથી આંધળી થઈ જાય છે.

પ્રજાસંરક્ષણ.

દ્રવ્ય, વ્યાપાર, વસતિ, આદિ અનેક યુદ્ધસામગ્રીથી સમૃદ્ધ થઈ રહેલી છતાં પૂર્ણ તૈયારીમાં ન રહેતી પ્રજા કરતાં, સ્વરક્ષણની સ્થિતિથી જે ક્ષણ પણ વિરમતી નથી એવી એક ગરીબ પ્રજા પણ, અતિસમર્થ પડોસીથી ઘેરાયલી છતાં, તેના હુમલાથી ઘણું કરી બચ્યાં જ જાય છે, કારણ કે જેમ શીકાર વધારે હુષ્ટપુષ્ટ તેમ લાલચ વધારે. કોઈ વરૂ શાહુડીનો ભક્ષ કરવા બેટાને કદી તજે એ સંભવિત નથી.

મધ્યસ્થતા.

મધ્યસ્થતા એ વિશ્વરચનામાં સંભવિત જ નથી, કારણ કે આપણો સ્વભાવ જ એવો છે કે આપણા હૃદયથી મધ્યસ્થ રહેવું એ કદાપિ સંભવતું નથી, પછી આપણા કૃત્યથી તેવા જણાવાનો પ્રયત્ન કરવો એ આપણે ભલે ડહાપણ ભરેલું ગણીએ.

ઉદારતા.

ઉદારતા એ એક એવી નદી છે કે જેનો સીધો અને અસ્ખલિત તથા પુષ્ટ પ્રવાહ એકદમ કાલરૂપી શાંત–સાગરમાં વિરમે છે, પણ અન્ય નદી કરતાં તે એટલી વિલક્ષણ છે કે તે પોતાના મુખ કરતાં મૂલ આગળ વધારે ભવ્ય હોય છે.

નવાઈ.

મોલોમને કહ્યું છે કે "પૃથ્વી ઉપર કશી વાત નથી." એટલે જેટલી નવાઈઓ શોધક બુદ્ધિથી પેદા થઈ હશે તેટલી કેવળ વિનાશ–બુદ્ધિથી પણ સાંભળી હશે જ, કારણ કે જેને આપણે શોધ ધારતા હોઈએ છીએ તે ઘણીવાર માત્ર પુનરૂજ્જીવન હોય છે.

અપ્રસિદ્ધિ.

જે માણસ અપ્રસિદ્ધિથી સંતુષ્ટ છે તે જો કે કીર્તિભાજન થઈ શકતો નથી તથાપિ દ્વેષભાજક થતાં અટકે છે, અને જેણે મૌન રાખવાનો નિશ્ચય કર્યો છે તે ટીકાકારોના આખા લશ્કર સામે નિર્ભયતાથી હસ્યાં કરે તો તેને કાંઇ બાધ નથી, પછી તેના પ્રતિપક્ષીઓ ભલે બુઢ્ઢા જોબનની પેઠે બુમો પાડી મરતા કે, "અરેરે, એ એકાદ પુસ્તક લખે તો રમુજ આવે."

દુષ્ટતા.

મિથ્યાચારી અને દુષ્ટ લોકોને વિવેકપુરઃસર દૂર રાખવા માટે જે વિનય ધારણ કરીએ છીએ તે ઘણુંકરી વિજયી નીવડે છે. પણ કેટલીક વાર એમ બને છે કે આવા દુષ્ટ લોકો પોતાની જાતને એવી સારી રીતે ઓળખતા હોય છે કે આપણા વિનયને તેઓ પોતાની મહત્તા અને ભવ્ય મિથ્યાચારિતાને લીધે જ વાસ્તવિક થયેલો માને છે, અને આપણે અતડા રહી ટાઢા જણાઈએ તો તે ઉલટા અતિ ઉપહાસરૂપ પરિચયશીલતા દેખાડી આપણને પણ એકવાર તો સમજણ પાડી દે છે. આ ભુલને લીધે આડા અવળા ખેલ-ગુંચવણ ભરેલી આંટીઓ, અને તેનું છેવટ પરિણામ, એ ક્રમ જે ચાલે છે, તેના જેવું વધારે આનંદ આપનાર, કોઈ તટસ્થ જોનારને, બીજું કાંઈ નથી.

પ્રાચીન સમય.

આગળ એકવાર મેં સૂચવ્યું છે કે પ્રત્યેક ઇતિહાસ લખનારે પોતાના સમયને કનિષ્ટમાં કનિષ્ટ બતાવ્યો છે, કારણ કે અન્ય સમયની દુષ્ટતા તો તેણે માત્ર સાંભળેલી જ હોય છે, પણ પોતાના સમયની તો તેણે જોયેલી તથા અનુભવેલી પણ હોય છે. એક અતિ નિપુણ ઉક્તિ તરફ અકસ્માત્ જ મારૂં ધ્યાન ખેંચાયું છે, અને જે વિચાર ઉત્પન્ન થાય છે તેના ઉપોદ્ઘાતરૂપે મારી એ સૂચનાને મારે અત્રે પુનઃ જણાવવી પડી છે. એક પ્રાચીન લેખક કહે છે કે “ એ કેવું આશ્ચર્યકારક છે કે વર્તમાનમાં રહેનાર આપણે જે ભૂત સમયને આપણા પૂર્વજ ધિક્કારતા તેને નિરન્તર વખાણીએ છીએ, અને આપણી પ્રજા જેને વખાણશે તે વર્તમાનને નિંદીએ છીએ. ” આ ઉક્તિ દક્ષ

તેમ સત્ય છે, પણ ઉભય પક્ષે કરેલાં સ્તુતિનિન્દા યથાર્થ હોય તો, એમ કહેવાય કે આ જ તો દુનીયા એવી ખરાબ થયેલી હોવી જોઈએ કે તેમાં કશી નિર્ભયતા અને તેથી મંડલાવસ્થા સંભવે જ નહી. કારણ કે ઉત્તરોત્તર થતી પ્રજા ભૂતકાલને વખાણે ને વર્તમાનને વખોડે, ને તેમ કરવામાં તે યથાર્થ કહેતી હોય, તો સૃષ્ટિના આરંભે લોક કેવા સારા હોવા જોઇએ? ને હાલ કેવા નઠારામાં નઠારા થઇ ગયેલા હોવા જોઈએ? પ્રથમ પક્ષ સ્વીકારીએ તો જે જલપ્રલય થઈ ગયો તેની જરુર જણાતી નથી, ને ઉત્તર પક્ષ સ્વીકારીએ તો જલને બદલે અગ્નિનો પ્રલય થાય તો તેથી પણ તે સુધરનાર નથી. પણ ક્ષણભર થોભી વિચાર કરીએ કે પ્રાચીન સમયનાં ગીત ગાનારા કોણ છે? તેવા ઘણું કરીને અચુક રીતે વૃદ્ધ પુરૂષોમાંથી જડી આવશે, ને ઉછરતી પ્રજા તો પોતાનો અનુભવ ન હોવાથી, સાંભળી સાંભળીને વિશ્વાસ રાખી માનતી ચાલે છે. પણ વૃદ્ધો પોતાની જવાનીને વખાણે, નિર્બલ પોતાના બલના સમયને સંભારે, માંદા પોતાની તંદુરસ્તીને સારી ગણે, અને નિરાશાવાળા પોતાની આશાઓની ભરતીના સમયને સુખી ગણે. એ શું વાસ્તવિક નથી? શોચનીય એટલું જ છે કે સમય તો તે ને તે જ છે, પણ વાતો કરનારાં બદલાયાં છે!

વકતા.

જે વકતાઓ આપણા આગળ ઘણી ગરબડ અને અસંખ્ય શબ્દો, કંઇ પણ દલીલ કે બુદ્ધિવિના, ગરબડાવ્યાં જાય છે, અને જેઓ ઘણામાં ઘણું અસ્પષ્ટ વ્યાખ્યાન કરતી વખતે વધારેમાં વધારે ઘોંઘાટ માત્ર જ કરે છે, તેમણે વિશ્વરચનારૂપ પુસ્તકમાંથી શિક્ષા ગ્રહણ કરવી જોઈએ. એમાં ઘણીવાર ગર્જના

વિના જ વિદ્યુત્ ચમકે છે, પણ ગર્જના કોઈ વખત વિદ્યુત્ વિના થીતી નથી.

વકતૃત્વ અને છાપખાનું.

માત્ર વકતૃત્વના બલથી જ વિજય મેળવવાની રીતિ અર્ધા જંગલી સમયનું હોકારા અને બખાળા પાડતું બાલક છે. છાપખાનું વકતૃત્વ કલાનું શત્રુ છે, અને બુદ્ધિનું મિત્ર છે, અને જ્યારથી વકતાઓ પોતાનાં વ્યાખ્યાન પ્રસિદ્ધ કરવાની મૂર્ખાઈ કરવા લાગ્યા, અને વાંચવાની તસ્દિ લેવાનું ડાહપણ કરવા લાગ્યા, ત્યારથી બખાળા માત્રથી જ કોઇને ઉતારી પાડવાની કલા હલકી પડતી ગઇ છે. આજકાલ કોઇ ફીલીપ જેવો શાહેનશાહ નથી, કે જે એક વકતાની કીંમતતરીકે દશ હજારની વસ્તીવાળું ગામ આપી દેવા નીકળે. જૂના જમાનાના લોક, લેખક કે વાચક કરતાં, ગપાં મારનારાને માનનારા હતા. આથી કરીને વકતાઓને વધારે ફાવતું, કારણ કે શબ્દોને જેટલી સહાય છાપવાથી મળે છે, તેટલી વિચારશકિતને જીભથી મળે છે, ફરક એટલો જ જીભથી કરીને તે ગાત્ર અલ્પઆયુષ્ય થાય છે અને તેમની વાસ્તવિક શકિત ઓછી પ્રસિદ્ધ થાય છે--પણ એ બે વાત તો વકતાના ગેરલાભની અને બુદ્ધિ ન જ હોય તો સારૂં એવું હું ઇચ્છું. આ સંસારની બધી ઉત્કૃષ્ટ વસ્તુઓમાં પણ કાંઈક દોષ હોય છે, ને દુષ્ટ વસ્તુઓમાં કાંઈક ગુણ હોય છે. છાપવાની કલાનો દોષ એ જ છે કે તેથી મિથ્યા ડોળ ઘાલનારા આપણને આળસમાં નવરાવી નાંખે છે, અને એ કળા જણાઈ ન હતી એ અડચણમાં લાભ એટલો હતો કે જો મૂર્ખાઓ ગમે તેવો લવારો લખતા તો કોઈ તેની નક્કલ કરતું નહિ, અને જેવામાં ઘણી નક્કલો કરવાની મહેનત અને ખરચ

ઘણાં થતાં તેવામાં તેઓ પોતે પણ પોતાની કૃતિ વેચવા કાઢી શકતા નહિ. ચોપડીઓ વેચનારા તો ઘોડાના વેપારી જેવા છે; જો તે હુંછીને ખરીદે તો હુંછીને જ વેચે, પણ દુર્ભાગ્ય એટલું જ છે કે ઘોડા વેચનારો ઘોડાની ખોડખાંપણ જેવી સમજે છે તેવી રીતે ચોપડી વેચનારો ચોપડીના ગુણદોષ કવચિત જ જાણી શકે છે. અને વાંચવામાં તો પેલો વેપારી ઘોડે ચઢવામાં જેટલો વિચાર રાખે છે, તેથી પણ ઓછો વાપરી શકે છે, પણ આપણે વકતાઓને તો વિસરી જ ગયા. જે વકતા, ડીમોસ્થીનીઝની પેઠે, હૃદય કરતાં બુદ્ધિને અનુલક્ષી બોલે છે, મિથ્યા શબ્દ ચાતુરી કરતાં ન્યાયપુરઃસર તર્કથી સમજાવે છે, જેના મોંમાંથી દૃઢ નિશ્ચય વિનાના ભારે ભારે શબ્દો જ નીકળતા નથી, અને જે નિશ્ચય કરાવ્યા વિના હા કહેવરાવવાની તદબીર કરવા કરતાં હા કહેવરાવવાની તદબીર વિના જ નિશ્ચય કરવા પ્રયત્ન કરે છે, તે અસાધારણ વકતા છે, અને સર્વ કાલમાં સરખી રીતે જ જય પામે છે સીસેરોનાં વિશાલ અને અલંકૃત વ્યાખ્યાન સાંભળીને પાછા જતી વખતે રોમન લોકો અન્યોન્યમાં એમ કહેતા કે "અહા! કેવો વકતા!" પણ ડીમોસ્થીનીઝનું વ્યાખ્યાન સાંભળ્યાથી, એથીનીઅન લોકો પ્રકૃત વિષયમાં એવા તન્મય થઈ જતા કે તે વકતાને કેવલ વિસરી જઈ વેર વાળવાના આવેશમાં આવી દોડતા અને ઉચરતા કે "ચાલો, ફીલીપને અત્યારે પૂરો કરીએ."

પક્ષનેતા (તડવી),

જે માણસ તડવી થવાની ઈચ્છા રાખે છે તેને સહજ સમજાશે કે પ્રતિપક્ષીઓને આંટી ખવરાવવા કરતાં સ્વપક્ષીઓને ખુશી રાખવા એ વધારે મુશ્કેલ છે. તેને ઘણી વાર ખોટાં અને

તેથી નબળાં કારણોને આધારે વહીવટ લેવો પડશે, કેમકે ખરાં અને મજબુત કારણ તેનાથી કહી શકાશે નહિ. પૈસાદાર માન પામેલા લોકો અને અધિકારી વર્ગ ખોટા હોય તથાપિ કોઈ કોઈ પ્રસંગે તેમની તરફદારી કરવાનું એને ભાગ આવશે, અને જે ખરા ઉત્સાહી પણ તંગ હાલતમાં હશે, છતાં સર્વદા ખરા હશે, તેનો હાથ પણ ઝલાશે નહિ. એવી ક્ષણ પણ આવશે કે જ્યારે એણે બહાદુર લોકના ભયની દરકાર કરવી પડશે એટલું જ નહિ પણ ડાહ્યાની બેવકુફાઈ પણ ગળે ઉતારવી પડશે. જે વાત છચોક ખુલ્લી જણાતી હોય તેનાથી તેને આંધળા થઇ, જે દેખ્યાને પણ ન સુજે તેવી વાતો જોવી પડશે. બીજાં બધાને મોખરે થવામાં એણે પોતાનાથી નીચામાં નીચા થવું પડશે; ઉંચામાં ઉંચા ઝાડનાં મૂલ ઉંડામાં ઉંડા એટલે નીચામાં નીચાં હોય છે. વળી, અતિ સૂક્ષ્મ દેખરેખ ન રાખે તો, એના ઉદયમાં જ એનો નાહ થશે. કેમકે છુપાવીને રાખેલી "બેટેરી" સ્પષ્ટ દેખાતી હોય તેના કરતાં વધારે નાશકારક છે; એ પ્રમાણે જ પોતાના પ્રતિપક્ષીના દ્વેષ કરતાં અને પોતાના મળતીઆઓની છુપી ઇર્ષ્યાથી વધારે સાવધ રહેવાનું હોય છે. આવી ઈર્ષ્યા નિરન્તર એના નિકટ સંબંધમાં જ રહેવાની, પણ એણે તેનો શક પણ દેખાડવો નહિ; એ ઈર્ષ્યા એની બહુ બારીક તપાસ રાખ્યા કરે પણ એણે તેને દીઠી છે એમ બતાવવું નહિ; અને જ્યારે એ ઈર્ષ્યામાં ફળ પેદા થવાની તૈયારી હોય ત્યારે પણ તેણે એની સામે થવાને સજ્જ થયાની નિશાની બતાવવી ન જોઈએ, અને વધારે તો સજ્જ થયા પછી સામે થવામાં પણ પોતાની ઢાલ ને તરવાર બન્ને સંતાડી રાખવાં જોઈએ. જે મ્હોટો માણસ કહેવાતો હોય તેનામાંથી,

તેણે પ્રસંગવશાત્ જે જે સાધ્યું હોય તે, ભાગ્યાધીન જે જે મેળવ્યું હોય તે, તેમ જ તેણે પોતાના મિત્રોના ડહાપણથી ને શત્રુની મૂર્ખાઈથી જે પ્રાપ્ત કર્યું હોય તે, એ સર્વ બાતલ કરીએ તો જેને એક રાક્ષસ જેવો ગણતા હોઈએ તે છેક વેંતીઆ માણસ જેવો લાગશે. મને એમ યાદ છે કે વોલ્ટેરે જે એવું કહ્યું છે કે "ક્રોમવેલનું મહાભાગ્ય હતું કે તે જે વખતે લોકો રાજાથી કંટાળી ગયા હતા તે વખતે આવી લાગ્યો, પણ એના દીકરા રીચર્ડનું એ દુર્ભાગ્ય હતું કે તે જે વખતે લોકો 'પ્રોટેક્ટર' થી કંટાળી ગયા હતા તે વખતે પોતાનો હક સાચવવા મથતો હતો."

સલાહ.

જે સલાહ કરવામાં તે કરાવનાર પંચાતીઆને સારી પેઠે ઇનામ મળેલું હોય તે સલાહ ઘણું કરીને ખરાબ નીવડે છે. અને જે ઇનામ આપેલું હોય છે તે એના દુશ્મનને છેતરવા માટે તથા જે સલાહના તમામ લાભ સ્પષ્ટ રીતે પોતાની જ તરફેણમાં હોય એવી સલાહ કરાવવા માટે હોય છે. એવી સલાહ ચાલતી નથી; ને સારી સલાહ તો એ જ ગણાય કે જે ઘણામાં ઘણી ચાલે તથા ટકે. ત્યારે જે સલાહમાં ઉભય પક્ષના લાભ સમાન હોય અને જેમાં ઉભયનું શુભ થવાનો સંભવ હોય તે વધારેમાં વધારે ટકે; કેમકે તેને ચલાવવામાં ઉભય પક્ષનું ભલું થાય એમ છે. એમ ન થાય તો ચર્મપાત્રના લેખ અને દરબારી સહી શીક્કાથી હુશીઆર પકડનારી તથા વાપરી જાણનારી કોઇ પણ અસન્તુષ્ટ પ્રજા કબજે રહેવાની નથી.

વિદ્યાભિમાન.

અજાણ્યા શબ્દોથી જે ભાવાર્થ બતાવી શકાય તેવા શબ્દો શુદ્ધ અંગ્રેજી ભાષાના જ નળી શકતા હોય ત્યારે તેવા સર્વને

સમજાય એવા શબ્દો વાપરવાના મુકી દઈ પરભાષાના જ શબ્દોને ભાષામાં દાખલ કરવા એ એક મિથ્યા વિદ્યાભિમાન વિના બીજું કાંઈ નથી. કારણ કે પરશબ્દોને પરદેશી નોકરોની પેઠે, સ્વદેશીઓને હાનિ કરે તેવી રીતે કદાપિ દાખલ કરવા ન જોઇએ, સિવાય કે સ્વદેશીઓ વિશ્વાસને અપાત્ર જણાય. એક મંડલીમાં મને એકવાર એમ પૂછવામાં આવ્યું કે "કોનવર્સેશન" અને "કોનવર્સાઁટસોની" એ શબ્દોના અર્થમાં શો તફાવત છે? મેં ઉત્તર આપ્યો કે જો એ બે શબ્દના અર્થમાં કાંઈ પણ ફેર હોય તો તે એટલો જ છે, કે "કોનવર્સેશન" માં જો કોઈ મૂર્ખ માણસ લવારો કરે તો તે સાંભળવાની આપણને ફરજ પડતી નથી, પણ "કોનવર્સાઁટસોની" માં પડે છે. એક વૃદ્ધ ગૃહસ્થ જે રસાયણશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્રમાં ઠીક માહીત હતો તેના વિષેની મેં એવી વાત સાંભળી છે કે તેણે પોતાના મિત્રોને પૂછ્યું કે ભાઈ, "કેલવિનિઝમ" એ જૂના શબ્દોમાં અને "ગેલવેનિઝમ" એ નવીન શબ્દમાં શો તફાવત છે? પેલા મિત્રે એવો જવાબ દીધો હોત તો ઠીક પડત કે ઉભયને "દેવતા" સાથે ઘણો સંબંધ છે, પણ તે બંનેમાંથી એકે જે તત્ત્વની જોડે તેમને ઘણામાં ઘણો સંબંધ છે તેનું સ્વરૂપ સમજાવવામાં એકપણ આજ સુધી જરા પણ ફતેહમંદ નીવડ્યા નથી.

કંજુસ.

એવું સામાન્યતઃ બોલાય છે કે કોઈ પણ મૂર્ખને દોલત મળી શકે છે; પણ આમ ધારનારા ડહાપણવાળા નથી. વાત એવી છે ખરી કે ઉપરથી આળસુ જેવા જણાતા લોકોને પૈસા મળે છે, પણ તેમને પોતાના પૈસા માટે પોતાના આળસનો

ઉપકાર માનવાનો હોતો નથી. તેઓ, તેમની મુખ્ય નેમ જે પૈસો તેની સાથે જરા પણ સંબંધ ધરાવતી ન હોય એવી દરેક વાતના સંબંધે બેવકુફ જેવા જણાય છે, કારણ કે તેમની શક્તિ માત્ર ફક્ત એટલી એક જ વાત ઉપર સ્થિર થયેલી હોય છે. પણ તેમને રસ્તે તેઓ બહુ જ ડાહ્યા હોય છે, ને તેમની સાથે કામ પડે ત્યારે તે વાત સહજ સમજાય છે. સાધારણ લોકો તેમને છછુંદરની પેઠે આંધળા ધારે છે, તથાપિ પોતાના પીળા ડુંગર રચવામાં ઉભયે સંપૂર્ણ રીતે તીક્ષ્ણ દૃષ્ટિવાળા હોય છે, અને પોતાના નીચ તથા ગંદા કર્મ માટે બન્નેને, તે આંધળા છે એમ ધારનારના કરતાં વધારે સારી આંખો છે.

ધીરજથી પૂર્ણતા.

જે લેખકને અમરત્વની આકાંક્ષા હોય તેણે જો લેખિનીનાં ફુલને ટાંકણાનાં ફુલ જેટલાં અમર કરવાં હોય તો શિલ્પકારની પેઠે વર્તવું. શિલ્પકારની પેઠે તેણે છેવટે સંપૂર્ણતાએ પહોંચવું. તેમાંયે નિત્ય જે ઉમેરાય તેથી નહિ, પણ જે નિત્ય કાઢી નાંખવામાં આવે તેથી; નહિ તો સુંદર સૂર્યમુર્તિ જેમ વગર કોતરેલા પથરામાં છુપાઇ રહે છે તેમ તેની બધી શક્તિ નકામી સામગ્રીમાં દબાઇ જાય. મીકાએલ એન્જીલો એક મૂર્ત્તિ તૈયાર કરતો હતો તેવામાં એક મિત્ર તેને મળવા ગયો, વળી થોડા વખત પછીથી તે ફરી મળ્યો. ત્યારે પણ પેલો શિલ્પકાર એ જ મૂર્ત્તિ ઉપર રોકાયલો હતો. પેલા મિત્રે એ મૂર્ત્તિ તરફ જોઇ કહ્યું કે "તમને હું પહેલી વખત મળ્યો તે પછી તમે કાંઇ જ કર્યું જણાતું નથી." શિલ્પકારે ઉત્તર આપ્યું "એમ નથી, મેં આ ભાગને ફરી હાથ માર્યો છે, આ સ્નાયુને વધારે તરતો કર્યો છે, આ હોઠને વધારે ભાવસૂચક કર્યો

છે. અને આ અવયવને વિશેષ વીર્યવાંન્ બનાવ્યો છે," મિત્રે કહ્યું "એ તો ઠીક જ છે, એમાં કાંઈ દમ નથી." એન્જીક્ષોએ કહ્યું "તમે એમ ધારતા હશો, પણ યાદ રાખજો કે દમવિનાની ઘણી વાતોથી જ દમવાળી એક થાય છે, ને એવી દમવાળી ચીજ એ દમવિનાની વાત નથી."

વૈદ્ય.

ધનાઢ્ય રોગી નિર્ધન વૈદ્યને, ધનાઢ્ય રોગીને મટાડે તે કરતાં વધારે વખત મટાડે છે; અને એ વાત જરા માર્મિક છે કે નિર્ધન વૈદ્યનું જલદી સારા થવું ધનાઢ્ય રોગીના રોગના લંબાણ ઉપર આધાર રાખે છે. કેટલાક લોક કોઇ ઈશ્વરી ચમત્કારની વાત કરતા હોય તેવું મોં રાખીને વારંવાર કહેશે કે અમારી આશા મૂકી દીધી હતી છતાં અમે ઉભા થઇ શકયા, પણ તેઓ વધારે યોગ્ય રીતે તો એમ કહી શકવા જોઇએ કે તેઓની આશા મુકેલી હતી માટે જ તેઓ સારા થયા.

ગમ્મત.

આપણી ગમ્મતોને ગોઠવી એવી યોગ્ય રીતે ચલાવવી કે જેથી એમાંની એક પણ એટલી ભારે ન થઈ જાય કે બીજી બધીને ડુબાવી દે; આ પ્રમાણે કરવામાં ખરા યુદ્ધનેતાના જેવી ચતુરાઇ થોડી વાપરવી પડતી નથી. આનું કારણ એમ છે કે ગમ્મતો જાતે ઘણી જ ખાઉકર હોય છે, ને એક એકને બહુ નડે છે, ને પ્રત્યેક એરાનના સર્પની પેઠે, બાકીની બધીને ગળી જાય એવો સંભવ રહે છે. ઉદાહરણ તરીકે લઇએ તો પીવાની ટેવથી બીજી ઓછી આકર્ષક પણ અતિ હિતકર અને જેવી શુદ્ધ તેવી નિત્ય ગમ્મતો ભોગવવા માટેની શક્તિ ક્ષીણ થાય.

છે, જુગારથી તે માટેના સાધનો ક્ષય પામે છે, ને તેમાં મઝા પડતી અટકે છે.

હળ, તેનો શોધનાર.

એ જણાયલું નથી કે જેણે હળ શોધી કાઢયું છે તે કયાં થયો કે કયાં મુવો; તથાપિ યોદ્ધા અને પરાક્રમવાળા નરોના જે જુથે આખી પૃથ્વીને અશ્રુજલ પાઈ પોષી છે ને રક્તના ખાતરથી તર કરી છે, ને એમ તેમણે જે હાનિ કરી છે તે પ્રમાણમાં જ તેમનાં નામ ઠામ વંશ ઇત્યાદિ સૂક્ષ્મ અને ચોક્કસ રીતે આપણે માટે સંગ્રહી રાખવામાં આવ્યાં છે, તેમના કરતાં એ માણસે સૃષ્ટિના સુખ માટે અધિકાધિક કર્યું છે એમ નક્કી છે.

કવિઓ.

ઉત્તમ વર્ગના ચીતારાને માટે કાલાંતરથી જે થઈ શકે છે તેટલું જ ઉત્તમ વર્ગના કવિ માટે પણ થઈ શકે છે, પણ ઉભય પરત્વે પ્રક્રિયામાં ભેદ છે. જે કવિ પોતાના કાવ્યોથી કીર્તિ પામ્યો છે, ને જેનું નામ પોતાના પછીના સમયમાં પણ જઈ પહોંચ્યું છે, તેને જે ઘટતું હોય તે કરતાં પણ અધિક માન મળવાનું; અને બાઇબલનું જે વચન કહે છે કે "જેને છે તેને મળશે" તે તેની કીર્તિસંબંધે ખરૂં પડવાનું. એક સુન્દર દેખાવને માટે દૂરનાથી જેટલું સધાય છે તેટલું કાલાંતરને લીધે, વાસ્તવિક રીતે કહીએ તો, કોઈ સુંદર કાવ્યને માટે થાય છે. જ્યારે કોઈ ભવ્ય શહેર ઉપર આપણે તેનાથી દૂર તથા ઉંચે આવેલા ટેકરાપરથી નજર નાંખીએ છીએ ત્યારે આપણે એવે સ્થાને હોઈએ છીએ કે જ્યાંથી તે નગરની ગલીકુંચીઓ અંધારી ગલીઓ, ને ગંદાં ઝુપડાં આપણને જણાતાં નથી; અને તેના ઉંચા મીનારા, ભવ્ય કીર્ત્તિસ્તંભ, મહેલ તથા દેવળો

સિવાય બીજું કાંઇ જણાતું નથી. દીર્ઘકાલના અન્તરે કોઈ કાવ્ય તરફ દૃષ્ટિ કરીએ તો તેનું પણ એમ જ સમજવું. આપણાથી સુન્દરમાં સુન્દર ફકરાઓ જ સાંભળવામાં આવે છે કેમકે તે જ સંગૃહાય છે; નિરસ અને નિર્જીવ રચનાઓને આપણે દેખતા પણ નથી કે સાંભળતા પણ નથી. મીલ્ટન અથવા શેક્સપીઅરના આખા ગ્રન્થ જેમણે કદી પણ વાંચ્યા નથી એવાને મોઢેથી પણ તેમના ઉત્તમોત્તમ ફકરા સાંભળવામાં આવે છે. જાણે કે કેલીઓપીના નામની સુન્દરતા તેના મુખના ખુબસુરત અવયવોને બદલે તેની કરચલીઓથી જ બનેલી હોય તેમ ડેસીઅર કહેતો કે હોમર વર્જીલ કરતાં સહસ્ર વર્ષે વધારે સુંદર છે. વોલ્ટેરે તો આ અભિપ્રાય એટલે સુધી ચલાગ્યો હતો કે કોઇ પણ કવિને, અદૃશ્ય કરવાથી, કાલનું અંતર વધારે ખુબીવાળો બનાવવાને સમર્થ થાય છે એમ તેનું અનુમાન હતું. તે વારંવાર કહેતો કે ડેન્ટીની આબરૂ દિનપ્રતિદિન વધ્યાં જ જશે કેમકે તેને હવે કોઈ વાંચતું નથી. આપણા નવા કવિઓમાંના જે પોતાને આવી મહત્તાએ તો કયારના આવી પહોંચેલા જુવે છે તેઓને આ વિચારથી બહુ સંતોષ થશે, અને તેઓ પણ એક રીતે પોતે જ પોતાને પૂજવાની ધારણામાં મુવા પછી પણ કેટલેક દરજ્જે ફતેહ પામેલા ગણાશે.

વિનય.

કેટલાએક એવા પણ છે કે જે કાંઇ ઉપકાર કરવામાં ના પાડે તે પણ એવા વિનયથી પાડે છે કે ના પાડવાથી પણ આપણને ખુશી કરે છે; તેમ એવા પણ કેટલાક છે કે ઉપકાર કરે તે પણ એવી રૂક્ષતાથી કરે છે કે તેઓ જે ઉપકાર કરે છે તે કરવાની રીતિ જે કોઈ માણસ આપણા પડી ગયેલા રૂમાલને

ચીપીઆવડે પકડીને આપણુને આપવાનો વિનય કરે તેવી બહુ વિલક્ષણ હોય છે, તેનાથી જેટલો કંટાળો પેદા કરે છે તે કરતાં પોતાના કામથી આપણુને ઓછા ખુશી કરે છે.

રાજકીય પ્રામાણિકતા.

સ્વર્ગમાં જવાનો માર્ગ નરકમાં થઈને જ જવું પડે તેવો હોત તો બહુ દુર્ભાગ્યની વાત ગણાત. છતાં આવો ભય ભરેલો અને દુર્લભ માર્ગ, જે જે રાજા, શહેનશાહ, અને રાજકીય માણસોએ કોઈ શુભોદર્ક માટે આરંભથી અશુભ જ આદરી આચરેલું તેમણે પકડેલો છે.

લોક.

લોક છે તે સમુદ્રની પેઠે કવચિત્ જ અમર્યાદ થાય છે. સિવાય કે કોઈ એવું કારણ બની આવે કે જે પોતાની બહારનું તથા પોતાથી સબળ હોય, પણ, એ જ દૃષ્ટાંત ચાલુ રાખી બોલીએ તો, જે કારણથી તેઓ અમર્યાદ થાય તે કારણ વિરામ પામી જાય તે પછી પણ ઉભયે ઘણામાં ઘણું નુકસાન કરી શકે છે.

અધિકાર.

કઠણમાં કઠણ મગજ જેમ દારૂથી ઘ્હેર મારી જાય છે તે પ્રમાણે ઉત્તમમાં ઉત્તમ હૃદય પણ અધિકારથી મત્ત થઈ જાય છે. કોઇ પણ માણસ એવો ડાહ્યો કે ભલો નથી કે જેને નિ:સીમ સ્વતન્ત્ર અધિકાર સોંપી શકાય; કારણ કે એવા જોખમભરેલા વિશ્વાસને પાત્ર થવાને તેનામાં ગમે તેવી યોગ્યતા હોય તોપણ જ્યારે તેવો વિશ્વાસ તેના ઉપર મુકાય છે ત્યાર પછી તેનાં કૃત્યમાટે કોઈ પણ જવાબદાર રહી શકાતું નથી, કેમકે તે પોતે જ પોતાનો જવાબદાર થતો અટકે છે.

સ્તુતિનિન્દા.

કોઈએ બહુ મર્મથી કહ્યું છે કે જ્યારે લોકો આપણી નિન્દા કરે ત્યારે આપણે આપણામાં જ કંઇ ખામી છે એમ જાણવું અને જ્યારે સ્તુતિ કરે ત્યારે તેમનામાં ખામી છે એમ જાણવું. જે નિંદાને આપણે પાત્ર ન હોઇએ તેનો તિરસ્કાર કરવો એ કોઈ અસાધારણ સદ્ગુણનું કાર્ય છે; અને એથી પણ વિરલ અને અસાધારણ તો એ કાર્ય છે કે જે સ્તુતિને આપણે યોગ્ય હોઇએ તેનો પણ તિરસ્કાર કરવો. પણ જે પ્રામાણિકતા માત્ર લોકોક્તિ ઉપર જ જીવે છે તે તો તે વિના મરણ પામે; તે એટલા જ માટે, જે સદ્ગુણનું ગુણત્વ અભિનય માત્રમાં હોવાથી જેની સાર્થકતા માટે લોક દૃષ્ટિરૂપ રંગભૂમિની નિરંતર જરૂર રહે છે, તેના ઉપર એકાન્તમાં અથવા ઉજડ જંગલમાં વિશ્વાસ રાખી શકાય નહિ.

જલ્પક.

કેટલાક જલ્પકો પોતાની વાતોના એકલા સપાટા ચલાવે છે, અને પોતાના કજીયા કંકાસના વર્ણનના એટલા શોખવાળા હોય છે, કે તેઓ પોતાની અનંત નિષ્ઠુરતાને મ્હોટા શેરીડન જેવાના ટોળ કે સ્વીફ્ટ જેવાનો તડાકો સાંભળવાને પણ અટકાવનારા નહિ. એમને બંધ પાડવાનો પ્રયત્ન કરનાર પથરા વહેરનારા મજુરના આડીઆને ઇઓલીઅન સારંગીના સુસ્વરથી અટકાવવા ઇચ્છે તેવું છે. વળી બીજા એવા પણ છે કે જે, આ લોકો જે બેવકુફાઇ લવારાથી ખુલ્લી કરે છે તેને મૌનથી ઢાંકી રાખે છે; પણ તેઓ એવા ઠેઠસુધી ડાહ્યા હોય છે, ને એવા ગરજ બહેરા હોય છે કે, બુદ્ધિના કજળાઇ જતા અગ્નિને આવાં સાધનોથી તે જ કરવાનો યત્ન કરવો તે કજળાઈ જતા

હેવતાને બરફની સળીથી ખોરીને જાગૃત કરવા જેવું છે. એ બે સિવાય એક ત્રીજો વર્ગ ઉભયના મિશ્રણરૂપ તથા ઉભયાન ગુણોનો થોડો થોડો અંશ રાખનાર બે કરતાં વધારે બહોળો છે. તેમને પોતાની ગરજ જેટલું અજ્ઞાન હોય છે તેથી તેઓ મૂર્ખ લોકો આગળ વાતે ચઢે છે; ને એ જ રીતે તેમને ગરજ જેટલી અક્કલ પણ હોય છે જેથી તેઓ ડાહ્યા આગળ છાના રહે છે. પણ વાસ્તવિક રીતે જોતાં તેમનામાં કાંઇ દમ હોતો નથી. તેમ બીજાનામાં હોય તેની તેમને કીમત પણ હોતી નથી. આવા લોકો જોડે વાતચીતનો "બોલ" નાચવાનો પ્રયત્ન કરવો તે પીછાંના બીછાના સાથે "ફાઈવ્ઝ"ની રમત રમવા સરખું છે.

છાપખાનું.

સ્વતંત્ર છાપું કોઇ પણ રાજ્યમાં બહું લાભ કરવા સમર્થ થાય છે પરંતુ છેક નિન્દાખોર છાપું હોય તે પણ અસ્વતંત્ર ગુલામગીરીમાં દબાઈ ગયેલા છાપાં કરતાં સારૂં છે, કારણ કે નિન્દાખોર હોય તો પણ તેમાં ઉભયપક્ષની તુલના થવાનો સંભવ છે, જે ગુલામગીરીમાં દબાયલામાં નથી. નિન્દાખોર છાપું હાનિકારક હોઈ શકે, પણ ગુલામગીરીવાળું તો હાનિકારક છે; કારણ કે ગુલામગીરીવાળા છાપાથી ડહાપણ કરતાં મુર્ખાઈ વધારે વિસ્તરે છે, ને સત્યને બદલે અસત્યનો વિજય થાય છે; નિન્દાખોરવાળા છાપાથી આમ થઈ શકતું નથી, કારણ કે જેમ તે વિષ આપે છે, તેમ તેનો ઉતાર પણ બતાવે છે; જે ગુલામગીરીવાળું છાપું બતાવી શકતું નથી. ગુલામગીરીવાળું છાપું એવડું હાનિકારક છે. ખરો રસ્તો છુપાવી રાખે છે એટલું જ નથી—કેમકે તેમ હોય તો આપણે એક ઠેકાણે નીરાંતે અટકીએ—પણ ખોટો રસ્તો બતાવી આડા લઇ જઈ ફસાવે છે.

ગર્વ.

ગર્વ ઘણી વાર, ખોટો હીસાબ કાઢે છે, ને એથી પણ વધારે વાર ખોટો તર્ક કરે છે. ગર્વવાળો માણસ બીજાનાથી પોતે ઘણો મ્હોટો હોય એમ ધારી બીજાથી આઘો રહે છે; એટલે છેટેથી જોતાં બીજા તેને છેક નાના જણાય છે; પણ એ વાતને ભુલી જાય છે કે એ જ અંતરને લીધે બીજાને પણ તે નાનો જ દેખાઈ શકે છે.

રાજવર્ગમાં પ્રમાણિકતા.

પ્રમાણિકતા એ રાજાઓનો મ્હોટો ભંડાર છે; કેમકે એ-માંથી જેમ જેમ આપતા જવાય તેમ તેમ એ વધારે દૃઢ થતો જાય છે; ને જેમ જેમ ઉલેચાય તેમ તેમ ભરાય છે. પણ રાજ-મુખેથી એક અસત્ય ભાષણ આખી પ્રજાને એટલું જ નુકસા-નકારક નીવડે છે કે જેટલી પોતાના નાયકે કરેલી એક ખોટી સંજ્ઞા આખા લશ્કરને નીવડે છે કેમકે નાવિકાને દીવાદાંડી તેમ લોકોને રાજપ્રતિજ્ઞા છે. રાજાએ પ્રતિજ્ઞા ન કરવી એ દીવાદાંડી ન બતાવ્યા બરાબર છે; પણ કર્યા પછી ન પાળવી એ તો દીવો ન બતાવતાં ખોટો દીવો ધરી પાયમાલ કર્યા બરાબર છે.

ધંધામાં વિજય.

એક ધંધો મુકી બીજો લેવામાં માણસ ક્વચિત જ વિજય પામે છે, તેનું કારણ એટલું જ છે કે લોકો તેને તે બીજા કામમાટે લાયક માનતા નથી. બાકી તે પોતે કાંઈ તેને માટે નાલાયક હોય છે એમ હોતું નથી. દુનીયામાં બધાયે આવા જ વિચાર કરે છે. જે ધંધામાં પોતાની વયનો પ્રાતઃકાલ, અને મહેનતનો વસંત સમય, ગુમાવ્યા છતાં ફતેહ ન મળી, તે મુકયા પછી તે માણસ બીજામાં ફતેહ મેળવશે એ સંભવિત

નથી. પણ આનો જવાબ એમ છે કે માણસનો પ્રથમ ધંધો તેને માટે કોઇએ પસંદ કરેલો હોય છે, પણ બીજો તો તે પોતે જ પોતાને માટે પસંદ કરી લેછે એટલે પ્રથમ ધંધામ જે નિષ્ફલતા થઇ તે, લોકને અજાણતાં, પણ તેણે પોતાન ભાવિ ધંધા ઉપર જે ખરા મનથી લક્ષ આપેલું તેને લીધે જ હોય; અર્થાત્ આમ હોય તો એ વાત એવી થઇ કહેવાય કે જેઓ બીજા પાસેથી ઔષધ માટેની સલાહ લઇ, ભોજન માટે તો માત્ર પોતાની જ ઇચ્છાએ વર્તે છે.

ધંધા.

ઘણાએક ધંધા જેને શેખશલ્લીના વિચાર ગણી હસી કા ઢવામાં આવે છે, કેવલ તરંગી ગણી અવગણનાએ ચઢાવાય છે, અને મશ્કરી ગણી નિષેધકોટિમાં નંખાય છે, તે બધા જે ક્ષણે શુદ્ધ જ્ઞાનના પ્રભાવે આપણામાં સુધારો થશે તે જ ક્ષણે સિદ્ધ થઇ જશે; તે સુધારો એ કે માણસો પોતાનો સ્વાર્થ સમજે એટલાં ડાહ્યાં થાય, અને સમજ્યા પછી નિઃસ્વાર્થે તેની પાછળ લાગતાં થાય.

દૈવ.

રાજાઓ લોક ઉપર અમલ ચલાવે છે; તેમના પોતાન આવેશ રાજાઓ ઉપર અમલ ચલાવે છે; પણ દૈવ છે તે એ સર્વને રદ કરી શકે છે; અને રાજાઓનાં દુર્વ્યસનોમાંથી તેમ તેમના સદ્ગુણોમાંથી પણ પરમેશ્વરની મરજી સંપાદન કર વાનાં સાધન ઉપજાવી શકે છે. દૃષ્ટાંત તરીકે જોઇએ તો "રીફો મેંશન" જે ઇંગ્લંડના આઠમા હેનરીની વિષયાસક્તિમાંથ જન્મ પામ્યો હતો, તે સ્પેનના બીજા ફીલીપના લોભથી પુષ્ટ થયો હતો. મેરીએ કેથૉલીક ધર્મ સમગ્ર રીતે સ્થાપવા માટે

ઇલિઝાબેથનો ભોગ આપ્યો હોત, પણ તેના પતિ ફીલીપે જ તેને તેમ કરતાં અટકાવી. કેમકે ઇલિઝાબેથના મરણથી બીજા ફ્રાન્સીસને પરણેલી મેરી સ્ટુઅર્ટ રાજ્યની વારસ થાત; અને જો તેમ થાત તો ગ્રેટબ્રીટન અને ફ્રાન્સનો એક સંપ થઈ એની પોતાની સામ્રાજ્ય સ્થાપવાની અતિ લોભપૂર્ણ વાંચ્છનાઓને વિખેરી નાંખવા સમર્થ નીવડત. પરિણામ એ આવ્યું કે ઈલિઝાબેથનો જીવ ઉગર્યો અને પ્રોટેસ્ટન્ટ ધર્મ સર્વત્ર પ્રસર્યો.

દુરદર્શિની બુદ્ધિ.

બીજાથી વિશેષ ઉત્તમ થવું એ બુદ્ધિનું ચિહ્ન છે; પણ એ ઉત્કૃષ્ટતાને કયે પ્રસંગે ગુપ્ત રાખવી એ સમજવું એ એથી પણ અધિક દુરદૃષ્ટિનું ચિહ્ન છે. પ્રખ્યાત વક્તા ડોમિશીઅસ એફ્રે જ્યારે કેલીગ્યુલાએ એક ભાષણ કરી તેના ઉપર હુમલો કર્યો, ત્યારે કાંઈ પણ ઉત્તર આપ્યો નહિ, ને એ જુલમગારના અપ્રતિબદ્ધ વાઙ્માધુર્યથી પોતે પ્રતિહત થયો હોય એમ જણાવ્યું. જો એણે ત્હેનો ઉત્તર આપ્યો હોત તો એ એને પરાસ્ત કરી શકયો હોત એમાં સંશય નથી; પણ એની સાથે એમાં પણ સંશય નથી કે એનું માથું શરીરથી જુદું થયું હોત; ને એટલા જ માટે એણે જે પરાજયથી પોતાનો જીવ બચે તે જે વિજયથી પોતાનો જીવ જાય તેના કરતાં વધારે યોગ્ય જાણી સ્વીકાર્યો.

લૌકિક મહાશયો.

ખાનગી મંડલોમાં અમુક પ્રકારની બુદ્ધિ અને કુશલતા માટે પ્રસિદ્ધિ પામેલા કેટલાક પુરૂષો જ્યારે આ સંસારની ભવ્ય રંગભૂમિ ઉપર ઉભા રહી લૌકિક મહાશયતા દાખવવા જાય છે ત્યારે તે બહુ દયામણી રીતે નિષ્ફલ થાય છે. નાના

મંડલના મહાશયો પણ મ્હોટા મંડલના નાના માણસો પ્રમાણે અજ્ઞાનીને પોતાના જ્ઞાનનો ભભકો બતાવી શકે છે, પણ જ્ઞાનીઓ આગળ તો પોતાનું અજ્ઞાન જ છતું કરે છે. વેલ્સ-માંના ઝરા જેમ સૂર્યના તાપમાં સુકાઈ જાય છે તેમ તેમની બુદ્ધિશક્તિ લૌકિક દૃષ્ટિ આગળ કેવલ અસ્ત થઈ જાય છે. અને બીજી રીતે પણ તે ઝરા જેવી જ છે, કેમકે તે ઝરા શીયાળામાં જ્યારે તેમને કોઈ જોવા જઈ શકતું નથી ત્યારે ઘણા સુન્દર જણાય છે એમ કહેવાય છે.

દંડ.

ઈશ્વર સદ્‌ગુણનો જ પક્ષ કરે છે, કારણ કે જેને દંડનો ભય છે તે જ દંડ પામે છે; ને જે દંડને પાત્ર છે તેને જ દંડનું ભય હોય છે.

કજીઆ.

નીચલી બે વાતનો યોગ્ય વિચાર કર્યો હોય તો ઘણાક કજીઆ થતા અટકે; પ્રથમ એ જોવું કે આપણે ઘણી વાર શુદ્ધ અર્થને બદલે માત્ર શબ્દો માટે જ વઢતા તો નથી ? બીજું એ જોવું કે જે બાબત મતભેદ થઈ તકરાર ચાલે છે તે તકરાર કરવા જેટલા જીવવાળી છે કે નહિ ?

વાચક અને લેખક.

આલસુ વાચકો એટલા સુસ્ત હોય છે, ને આલસુ લેખકો એટલા ઉદ્યોગી હોય છે, કે ટાપટીપવાળી વગરની બુદ્ધિને લોક-વર્ગમાંથી કેવલ નિર્મૂલ કરવા સમર્થ થવાનો સંભવ છે.

સંબંધી.

સંબંધીઓ આપણી સાથે ઘણામાં ઘણી છુટ લે છે ને થોડામાં થોડી સહાય કરે છે. કોઇ પરાયો માણસ જો કે આ-

પણને તેના પૈસાથી સહાય કરી શકતો નથી તો એટલું તો ઠીક છે કે તે પોતાની ટીકાઓથી આપણને અપમાન તો નહી જ આપે; પણ સંબંધીઓ પરત્વે તો એમ જ ઘણી વાર સંભવે છે કે તેઓ પોતાના દ્રવ્યની બાબતમાં ખરેખરાં કંજુસ થાય છે, ને શીખામણ આપવામાં ખરેખરાં ઉદાર નીવડે છે.

પશ્ચાત્તાપ.

વેર વાળવાની વૃત્તિ આપણા પોતાના લોહીને ઉકાળનારો તાવ છે. ને તેનો ઉપાય સામાનું લોહી વહેવરાવ્યા વિના બીજો નથી; પણ એ ઉપાયથી ઘણી વાર પ્રતિરોગ થાય છે, તેનું નામ પશ્ચાત્તાપ; ને એ રોગ પ્રથમના રોગ કરતાં બહુ જ ભયંકર છે કેમકે તે રોગ અસાધ્ય છે.

આઠીયા.

જયારે બીજા ચાર્લ્સને પુનઃ રાજ્ય આપ્યું ત્યારે રાજભક્તિ તરફ લોકમતનું એવું દૃઢ વલણ થયું હતું કે તે સમયનો ઇતિહાસ લખનાર આશ્ચર્ય બતાવે છે કે જે નુકશાન થયું તેવું નુકશાન કરનારા તે એકદમ કયાંથી આવી પડ્યા? પણ આમ જે આશ્ચર્ય જણાવવું તે અજ્ઞાનનું લક્ષણ છે; કારણ કે ધર્મમાં તેમ રાજ્ય ખટપટમાં એ તો નિશ્ચય જ છે કે કાંઈ પણ ઢંગધડા વગરના આઠીયા લોક પોતાનો વેશ જેવી રીતે જોઈએ તેથી પણ વધારે હાસ્યકારક રીતે ભજવે છે કે તેવો કોઇ ભજવી શકતું નથી. આવા પ્રસંગે આવેશ માત્ર અતિશય પ્રાબલ્યથી વર્તે છે; અને ઘડીઆળના લોલકનું એક પાસાનું વર્તન જેમ બીજી પાસ જતાં તેણે જે કમાન કાપી હોય છે તે ઉપર આધાર રાખે છે તેમ ઘણામાં ઘણું પ્રતિવર્તન પામે છે.

ટોળ.

ટોળ ત્યારે જ સંપૂર્ણ થઈ ગણાય કે જ્યારે તે પોતાનું ધારેલું કાર્ય બે પાસાની ધારવાળી તરવારથી પાર પાડે. ટોળ આનંદ ઉપજાવવાની શક્તિનું એક ઉત્તમમાં ઉત્તમ ચિહ્ન છે. કારણ કે જે વખતે આવેશો પૂરેપૂરા જાગૃત થયા હોય તેવી વખતે બુદ્ધિના તાત્કાલિક ઉપયોગનું તે ફલ છે. ફર્નિમાં કોઇ અંગ્રેજ મુસાફરે વૉલ્ટેર આગળ હેલરનું નામ લીધું ત્યારે તે તેનાં અત્યંત વખાણ કરવા મંડી પડયો. પેલા પરદેશીએ કહ્યું કે આવી વૃત્તિ બહુ જ નિષ્પક્ષપાતી ગણાય, કારણ કે હેલર પોતે તો તમારા વિષે કદી પણ આટલી સારી રીતે બોલતો નથી. વૉલ્ટેરે તુરત જવાબ આપ્યો, " કાંઇ હરકત નહિ, કદાપિ અમે બન્ને ભુલતા હોઈશું "

અનુશય.

અનુશયનાં બીજ યુવાવસ્થામાં મોજમજામાં રોપાય છે, પણ તેનાં ફલ વૃદ્ધાવસ્થાએ દુઃખમાં મળે છે.

અતડાપણું.

પહેલી જ મુલાકાતે કોઈ માણસ ન બોલે તો તે એની અગાધ શક્તિને લીધે હોય, બીજીએ ન બોલે તો કદાપિ કોઈ સાવચેતીને લીધે હોય, પણ ત્રીજી મુલાકાતે પણ તેમ ને તેમ રહે તો તો હું એમ જ માનું કે એમાં કાંઈ માલ નથી.

વૈરાગ્ય.

કોઇ પણ વાતથી અસન્તુષ્ટ થવું નહિ; જો આપણાં દુઃખ નિવારણ થઈ શકે તેવાં હોય તો એ અયોગ્ય છે. જો ન થઇ શકે તેવાં હોય તો વ્યર્થ છે. પણ જે ખરા ક્રિશ્ચિઅન છે તે કેવલ સ્ટોઇક વૈરાગ્ય કરતાં જુદી જ જાતની રચના ઉપર પોતાનું ધૈર્ય સ્થાપે છે. જે જે થાય છે તેથી તે સન્તુષ્ટ રહે છે કારણ

કે તે એમ સમજે છે કે જે વાત બને છે તે ઈશ્વરને ગમતી જ છે. ને જે ઈશ્વરને ગમી તે ઉત્તમોત્તમ છે. તેને વિશ્વાસ છે કે કાંઈ પણ નવીન દુઃખ મારા ઉપર આવી પડનાર નથી, અને હું એવા પિતાની સંભાળમાં છું કે જે એવા કોઇ પણ દુઃખથી મારી કસોટી નહિ કાઢે કે જેને વૈરાગ્ય પરિભવ ન પમાડે અથવા મરણ નિર્બલ કરી ન શકે.

વૈર.

કેટલાક વિવેચકો વૈરને લિંગ કલ્પે છે, અને તેને કેવલ સ્ત્રી જાતિમાં જ મુકે છે. પણ બીજા અનેક દુર્ગુણની પેઠે એ પણ ઉભયલિંગી છે. છતાં, પરિભૂતગર્વ કે અનાદૃતપ્રેમ એ બે વૈર ઉત્પન્ન કરવાનાં અતિ સબલ કારણો છે. તે ઉપરથી તે સ્ત્રીહૃદયમાં વધારે બળથી પ્રવર્તતું હશે એમ ધારવામાં આવે. પણ જેમ આ બે દુરવસ્થાનાં કારણ સ્ત્રીવર્ગમાં જ હોતાં નથી, તેમ તેનાં કાર્ય પણ ત્યાં જ હોય એમ નથી. ઇતિહાસ જોતાં એકાદ ફુલવીઆ કે ક્રિસ્ટિનાને ઠામે અનેક સલા નજરે પડી શકશે. વાસ્તવિક વિચાર કરતાં યથાર્થ વાત ઘણું કરી એવી સમજાશે કે બંને લિંગનાં મનુષ્યોનાં હૃદય, અપમાન કરતાં હાનિને વધારે જલદીથી માફ કરશે, ને તે પણ વિશેષ કરી જ્યારે હાનિ કરનાર તરફથી કરવામાં આવેલી હાનિ આપણને હલકા પાડવાને નહિ પણ પોતાને લાભ કરવાને હોય છે ત્યારે માર્ગેરેટ લેમ્બ્રમ પુરૂષનો વેષ ધારણ કરી ટ્વિડ નદી ઓળંગી ઇલિઝાબેથને મારી નાંખવાને ઇંગ્લંડમાં આવી. આવું વૈરવ્રત તેને બે કારણથી ગ્રહણ કરવું પડયું હતું; પોતાની રાણી મેરીનું મરણ, ને તેને લીધે પોતાના પતિનું સ્વામિભક્તિના અનુતાપે મરણ. ઇલિઝાબેથની સમીપ જવાનો પ્રયત્ન કરતાં તેની એક

પીસ્તોલ પડી ગઈ, જે ઉપરથી તેને પકડી રાણી સન્મુખ ઉભી કરી ત્યારે તેણે સંપૂર્ણ હીમ્મતથી પોતાનો વિચાર પ્રસિદ્ધ કર્યો અને વિશેષમાં બોલી કે જે નિયમ એમ જણાવે છે કે બલ અથવા બુદ્ધિ કશાથી, પ્રેમપ્રેરિત અબલાના વૈરની પ્રવૃત્તિને કોઈ અટકાવી શકતું નથી તેથી સત્યતા અનુભવથી સિદ્ધ કરી જોવાની મારે ફરજ પડી છે. મહારાણીએ એવું દર્શન આ સમયે કરાવ્યું કે જેવું કોઇકિ જ રાજાએ કરાવ્યું હોય; ને એમ એ સ્ત્રીને નિશ્ચય કરાવવાનો ઉત્તમમાં ઉત્તમ માર્ગ બતાવ્યો, ને બતાવ્યું કે એવા પણ કેટલાક હાનિના પ્રસંગ છે કે જેને સ્ત્રી પણ દરગુજર કરી શકે છે.

વ્યતિક્રમ.

એ બાયલાપણું તો કેવલ અસાધ્ય જ છે, કે જેને અધિકારના લોભથી પણ પાણી ચઢતું નથી. ફ્રાન્સમાં જે મહાન્ વ્યતિક્રમ? (રેવોલ્યુશન) થયો તેમાં અધિકાર અને સ્થાનને માટેના કલહ લેશ પણ ન્યૂનતાને પામ્યા નથી. સ્થાન અને દરજ્જા માટે એથી વધારે આતુરતા અને કાવતરાંથી કદી પણ મારામારી નહિ થઈ હોય કે જ્યારે તે પ્રાપ્ત કરનારનાં માથાં ગુંદરથી જેમ તેમ ચોટાડ્યાં હોય તે કરતાં પણ છેક ધડ ઉપર જ ન હોય તેવે વખતે આ મારામારી થઈ હતી. ચોમાસાની ફૂતરાછતરીની પેઠે લોકને ઉશ્કેરનારા ઉગી ઉઠતા હતા, ને તે વાવેતરનું રકતથી પોષણ થતું હતું; જો કે વારંવાર એમ બનતું કે કોઇ પ્રસિદ્ધિ પામનારની પ્રતિમા ઘડનારે પ્રતિમા પૂર્ણ ન કરી હોય તે પુર્વે તો નમુનો જ ગીલોટીનથી પૂરો થતો, ને પ્રતિમા સુકાય તે પહેલાં તો તે હતો ન હતો થઈ જતો.

સંધિવા, મતાંતર નહિ.

(રયુમેટિઝમ્, સ્કિઝમ્ નહિ.)

કલ્પેલા કારણથી દશ્યકાર્ય ઉત્તર અને દક્ષિણ ધ્રુવ જેટલું દૂર હોય તથાપિ આપણી ક્ષુદ્ર મમતા, આપણા વિજય એકલાને જ નહિ પણ આપણા પરાજય સુદ્ધાંને કેવલ આપણા પોતાના જ સંબંધમાં કારણોથી ઉદ્ભવતા માને છે. એક અતિ મમતાલુ, અને એના ગજા પ્રમાણે પ્રખ્યાત ધર્મોપદેશક, જેનું વાક્‌માધુર્ય એની પોતાની પ્રિય કેમ (નદી) ના કરતાં વધારે અને વિમલ હતું, તે પોતાના શ્રોતામાં એક જણને, ઘણા ઘણા વખતથી દેખતો નહતો. મતાંતરને લીધે એના અપ્રતિમ મહાન શ્રોતાવર્ગમાંથી ઉણું તો થવા માંડયું હતું; એટલે ટેવાયલી આંખને એક પણ ગેરહાજરી સહજમાં જણાઈ આવે. ઉપદેશકે પોતાના કારકુનને અતિ ઉત્સુકતાથી પૂછયું “ ખેડુત બ કેમ જણાતા નથી ? મેં એમને ત્રણ અઠવાડીયાંથી દીઠા નથી, હું ધારૂંછું કે સોશીનીએનિઝમને લીધે તો એમ નથી થયું ? ” કારકુને કહ્યું “ ના સાહેબ, એથી પણ વધારે માઠું કારણ છે. ” સોશીનીએનિઝમથી પણ માઠું !–ત્યારે તો ડીઇઝમ ? ” “નાજી, એથી પણ અધમ. ” “ ડીઈઝમથી અધમ ! રે ઈશ્વર ! હું નથી ધારતો, પણ એથીઇઝમ્ તો નહિ ? ” “ એથી પણ ખરાબ. ” ‘ એથીઈઝમ તો ખરાબ ! ખોટી વાત. એથી ખરાબ હોવું એ તો અશકય જ છે. ” “ ના સાહેબ, છે, એ તો રયુમેટિઝમ. ”*

* સોશિનીએનિઝમ એ ક્રિશ્ચિઅન ધર્મનો મતાંતર છે. ડીઈઝમ એટલે મુર્તિપૂજા, એથિઈઝમ એટલે કેવલ નાસ્તિકતા, ને રયુમેટિઝમ એટલે સંધિવા.

હાંસિ.

દયાની માફક હાંસિનું પણ એવું છે કે આપણે એ બેમાંથી એકેના પાત્ર છેક એકલા જ થવાને ઇચ્છતા નથી; અને ગમે તો આપણા ઉપર લોકો દયા લાવતા હોય કે આપણી મશ્કરી કરતા હોય તો પણ આપણે તેમાં બીજાને ભેળવવા દિલગીર હોતા નથી, ને એમ ધારીએ છીએ કે ભાગે પડતો ભાગ વહેંચાવાથી ભાર ઓછો લાગશે. આ વાતના ઉદાહરણ તરીકે, લીપઝીકની લડાઇમાં એક ગૃહસ્થ હતો તેણે કહેલી નાની સરખી વાર્તા ઠીક કામ લાગે તેવી છે; સર્વને યાદ જ હશે કે આપણી સરકારે એ લડાઈમાં મદદ કરવા એક " રોકેટ બ્રાઈગેટ " મોકલી હતી, ને તેમાં સેનાપતિ કેપ્ટન બોજરનો પ્રાણ ગયો હતો. એ સર્વ સ્મરણીય યુદ્ધમાં ફ્રેંચ લોકોનો પરાજય થયા પછી લીપઝીકમાં દેશ દેશનાં સીપાઈ અને હથીયાર ફરતાં હતાં; ને તેથી એ તો સહજ જ છે કે ભાતભાતના નાણાં પણ ગામમાં ચાલવા લાગ્યાં હતાં; એક બ્રીટીશ " પ્રાઇવેટ " જે સદરહૂ ટુકડી જોડે હતો, ને જેણે ભાગ્યું તુટયું ફ્રેંચ ને જર્મન ભરડેલું હતું તે લીપઝીકમાં મ્હોટામાં મ્હોટા હોટેલમાં ગયો, ને તેના માલીકને એક ઇંગ્લીશ શીલીંગ બતાવી બોલ્યો કે " આ ચાલશે ? " પેલાએ કહ્યું " હા, તમારે આ ઠેકાણેથી જે જોઇએ તે એ નાંણાંથી મળી શકશે; હાલમાં એ નાણું અહીં ચાલે છે. " ભાગ્યશાલી ભમતા સાહેબે આવી તક જોઈ જોરભેર હુકમ આપવા માંડ્યા, ને કાંઈ પણ અટકયા કે વિચાર્યાવિના તેમણે તો સરસમાં સરસ ભોજન ઉંચામાં ઉંચા દારૂની બાટલીઓ વડે ગળે ઉતારી દીધાં. જતી વખતે પેલે, એકનો એક જ શીલીંગ જે પોતાની પાસે હતો ને જેનાથી આ બધા ચમત્કાર થઈ શકશે

એમ પેલા હોટલવાળાના બોલવાથી પોતે ધાર્યું હતુ, તે ભાઇએ તો હીસાબમાં મુકયો. "ગાર્ટર" ના યજમાને આટલું નાણું દેખતાં જે આંખો ચઢાવી, ખભા મરડ્યા, ને ઉદ્ગાર કર્યો, તેનું વર્ણન કરી શકાય એમ નથી. ખુલાસો થયો. પણ તે ઘરધણીના લાભમાં ઉતર્યો નહિ, ને એમ પણ જણાયું કે કાંઈ વધારે નીકળે તેમ નથી એટલું જ નહિ, પણ જે હાંસિ થશે તેનો પાર નહિ રહે. પણ આ રીતે જે નફો થયો તે પોતાના પડોશી સાથે વહેંચી લેવાની એને અતિ ધાર્મિક બુદ્ધિ પેદા થઇ. એ ઉપરથી પોતાના પરોણાને દરવાજા આગળ લઇ જઈ આંગળી કરીને બતાવવા લાગ્યો, ને બોલ્યો "પેલું હોટેલ સામે જણાય છે તે જોયું; એનો ધણી મારો કટો દુશ્મન છે. આ વાત એના જાણ્યામાં આવ્યાવિના રહેવાની નથી, ને એમ થશે તો એ વાત બધા ગામમાં થશે. હવે જો ભાઇ, વાત એવી છે કે તેં જે ભોજન કર્યાં તે ભલે પણ હું તે ઉપર વળી તેને બીજા પાંચ ફ્રેંક આપું, પણ એવી શરતે કે જેવું અહીંયાં કર્યું તેવું જ કાલે તારે ત્યાં પણ કરવું." આપણા ભાઈબંધે પેલા પૈસા લીધા, ને શરત કબુલ કરી, પણ પેલા નાણાંને ધીમેથી ખીસામાં ગોઠવ્યા પછી, પેલા શેઠની રજા લીધી તથા ધીમેથી એવી સલાહ કરી કે જે આખા લીપઝીકને જરા પણ અપમાન આપે તેવી ન હતી, ને બોલ્યો કે "મહેરબાન તમારી ઇચ્છા પ્રમાણે કરવાને હું બંધાયેલો છું, હું મારાથી જે બની શકશે તે જરૂર કરીશ, પણ મારે તમને સ્પષ્ટ રીતે ખબર કરવી જોઇએ કે હું ફતેહ પામી શકીશ નહિ, કેમકે એ ગૃહસ્થ સાથે આવું જ કાવતરૂં મેં માત્ર ગઈ કાલે જ કરેલું છે. ને એની ખાસ ભલામણ ઉપરથી જ આપને આજે મારી મુલાકાતનું માન મળેલું છે."

રોમના પરાક્રમી પુરૂષો.

જુલીઅસ સીઝર, પોમ્પી, બ્રુટસ, કેટો, એટિકસ, લીવી, સીસરો, હોરેસ, વર્જિલ, હોર્ટેનશીઅસ, ઓગસ્ટસ, અને મારકસ વેરો, એ બધા સમકાલીન મહાન્ પુરૂષો હતા, તેમ જ કીલ્લાની દીવાલો, જેને "રોમના વીર્યની માતા" નું સાર્થ નામ ઉપયુક્ત જ છે, તે વચ્ચે એ સૌ મહાન્ વીરો રહેતા હતા, એમ જ્યારે આપણે વિચાર કરીએ, તેમ એ પણ જ્યારે લક્ષમાં લઈએ કે કોઇ અન્યક્ષિતિજને પણ અસાધારણ પ્રકાશથી પ્રકાશ આપી શકે તેવા અનેક તારા ઉક્ત ગ્રહગણથી લઘુતર પણ તત્સહભૂત હતા, ત્યારે આપણને જરાપણ આશ્ચર્ય લાગતું નથી કે જે ભૂમિ આવા સુપુત્રોને ઉત્પન્ન કરી તૈયાર કરે તે "આવી સૃષ્ટિની રાજ્ઞી" હોવાનું અભિમાન ધારણ કરે જ, અને માતૃદ્રોહી હસ્તથી ન આવેલી હોય તેવી સર્વ પ્રકારની ઐહિક આપત્તિથી વિમુક્ત હોવાનો ગર્વ પણ દાખવે જ. પણ શ્રદ્ધામાત્રથી જ સ્વીકાર ન કરવાની ટેવવાળા, માનુષી પ્રકૃતિનું સૂક્ષ્મ અવલોકન કરનાર અને બાહ્ય ચમત્કૃતિથી વિમુગ્ધ ન થતાં તેની સારાસારની તુલના કરનારા પુરૂષો, આવી અલૌકિક બુદ્ધિસાનગ્રીની ઉત્પત્તિનાં કારણમાત્ર જ અવલોકીને અટકવાના નહિ, પણ આગળ વધી એવી પૃચ્છા કરનારા કે જે પુરૂષોનાં ઇતિવૃત્ત ભાવિ સમયને દૃષ્ટાન્તરૂપ થઈ પડ્યાં છે તે જ પુરૂષો પોતાના સમયમાં એવી થોડી અસર કેમ કરી શકયાં હશે? કારણ કે એ તો સર્વમાન્ય વાત છે કે જે સમયે આવાં બુદ્ધિસમૂહથી રોમ સંપૂર્ણ હતું તે જ સમયે એના ઘરમાં જ વિગ્રહ પેઠેલો હતો, ને અતિ ક્રૂર અંતર્યુદ્ધથી તેની પાંખો છિન્નભિન્ન થઈ ગઇ હતી, ને એ જ બુદ્ધિપ્રકાશથી તે ઉદ્દિપ્ત

થવાને બદલે પ્રજ્વલ્યું હતું, શાન્તિ ગ્રહણ કરવાને બદલે પરિતાપમાં તપ્યું હતું. રોમના ઇતિહાસની આ સમયની વાર્તા વિચારવાથી આપણને જે નિશ્ચય થાય છે તે મનુષ્ય-પ્રકૃતિ માટે માન કે પ્રીતિ પેદા કરે તેવો થતો નથી. મને લાગે છે કે તે આવો થઈ શકેઃ કે યદ્યપિ મહાન્ અને ઉદાર બુદ્ધિના પ્રફુલ્લિત થવા માટે સાંસારિક સ્વતંત્રતાના સંપૂર્ણ અંશની આવશ્યકતા છે, તથાપિ તે જનસમુદાયમાં આ પ્રમાણે ઉદ્ભવેલાં મનુષ્ય આજ્ઞાકારી થવાને બદલે આજ્ઞાકારક નહિ થાય એનો કાંઇ વિશ્વાસ નથી; તેમ એવો પણ કાંઇ નિશ્ચય નથી કે તેઓ સ્થાપિત નિયમો કરતાં પણ વધારે મ્હોટા થવાને પ્રયત્ન નહિ કરે, ને તેમ કરતાં જે સ્વતંત્રતાથી તેઓ પોતે જન્મ્યાં છે તેનો પણ નાશ નહિ કરે. પરિણામે એમ જ થાય છે કે આવાં માણસો સર્વને પોતાના દેશને તાબે કરવાથી આરંભ કરે છે, અને તે થયા પછી પોતાના દેશને તાબે કરીને કાર્યની સમાપ્તિ કરે છે. ઉક્ત મહાપુરૂષોમાંના પ્રત્યેકનું જીવન આપણે તપાસીએ તો જણાશે કે હોરેસ, વર્જિલ, હોર્ટેન્શીઅસ, વેરો, અને લીવી એ બધા લખી રાખવા યોગ્ય કાંઈ પણ કરી બતાવવા કરતાં અભ્યાસ કરવા યોગ્ય કેટલુંક લખવામાં વધારે રોકાયેલા હતા. એટિકસ એ એપિક્યુરસનો સાનુભવ શિષ્ય હતો, ને પોતાના જ શરીરની સુખાકારી અને સ્થિતિ તરફ એટલો બધો રોકાયેલો હતો કે તેને બીજાના શરીરની કાંઇ પડી ન હતી. સીસેરોના સંબંધમાં જોઇએ તો યદ્યપિ તેની પ્રકૃતિ, ધારણા અને આચાર ઉભયપક્ષને અનુકૂલ હતી તથાપિ તેના સમયમાં જે લોહી રેડાવ્યું છે તેનો છાંટો પણ એણે પેદા કર્યો કહી શકાય નહિ. ખરી રીતે જોતાં તો એનામાં એના

મિત્ર એટિકસનો સાહજિક પ્રસન્નતાનો કોઇ એવો ગુણ હતો કે મીસીનસના પ્રતિપક્ષી તરીકે ઓગસ્ટસના દરબારમાં પણ એ રહી શક્ત, ને તે પણ પોતે ઓછો વાઙ્માધુર્યવાળો હોય છતાંયે, તેમ ઓકટેવીઅસ અધિક ઉપકારાવનત હોય કે એન્ટની ઓછો વૈરલોલુપ હોય છતાંયે. ત્યારે માત્ર ચાર જ પુરૂષો રહ્યા, જે ખરેખર “અલૌકિક સામગ્રીના” ઘડાયલા હતા, પણ તેમનામાં એવા પરસ્પર વિરૂદ્ધ તત્ત્વનું મિશ્રણ હતું કે તેમનું એકત્ર થવું એ, ધુમકેતુના અથડાવાની પેઠે આખા સૂર્યમંડલમાં ખળભળાટ કરવાને સમર્થ હતું. તે ચાર સિઝર, પોમ્પી, બ્રુટસ, ને કેટોઃ સિઝર પોતાથી કોઇને અધિક માન્ય કરી શકતો નહિ, અને પોમ્પી કોઇનો સમાનભાવ સ્વીકારતો નહિ; અને બ્રુટસ જો કે જાતે અધિકારનો લોભીઓ ન હતો તો પણ બીજો કોઈ અધિકાર ભોગવે તેમ થવા દેવાની એને ઇચ્છા ન હતી. રોમ્યુલસના પડી રહેલા ઉચ્છિષ્ટમાંથી પ્લેટોએ કલ્પેલું રિપબ્લીક ઉભું કરવાના પ્રયાસમાં કેટો એ જો ઓછો પ્રયાસ આદર્યો હોત તો પોતાના દેશના રક્ષણાર્થ એણે કર્યું છે તેથી અધિક એ સાધી શકયો હોત. તેણે પોતાના મિત્રોને નાખુશ કર્યા ને શત્રુને અધિક ઉશ્કેર્યા. લોભી ન છતાં પણ ગર્વિષ્ઠ હોવાથી સ્વતંત્રતાના ચુસ્ત રક્ષણરૂપે તેને ગર્વવિનાના લોભવાળ સિઝરને તે જ સ્વતંત્રતાના નાશકરૂપે પણ લોક ચાહતા, તેટલો ચાહતા નહિ, અતિ ઉદાર અને ઉત્તમ કૃત્યમાં સ્વાત્માહુતિ આપનાર કેટોનું એ જ દુર્ભાગ્ય હતું કે તે એવા સંધિમાં અવતર્યો હતો કે જ્યારે સમય એની પ્રમાણિકતાને સહન કરી શકે તેવો ન હતો, ને એની પ્રમાણિકતા સમયને સહન કરી શકે એવી ન હતી.

રાજાશ્રય.

શાસ્ત્રસિદ્ધિનું કાર્ય, પોતે ફલનો અનુભવ કર્યાવિનાજ શાસ્ત્રપ્રયોગને ઉત્તેજન આપે તેવા ચૌદમા લુઈ જેવા રાજાથી, કે ફલ ચાખવાની સમજણ અને ઇચ્છા છતાં જે પ્રયત્નને ઉત્તેજન આપવામાં કઠણ હાથ રાખે તેવા બીજા ચાર્લ્સ જેવા રાજાથી સારો જય ભોગવી શકે ? જ્યારે અનુભવની સમજણ અને ઉતેજન આપવાની ઉદારતા ઉભય કોઇ રાજામાં એકત્રિત થાય ત્યારે જ લાભ થવાનો કેમકે રાજ્યમુકુટમાંનાં એ જ બે મુખ્ય રત્નો છે જે અન્યોન્યને દીપાવે છે.

રશિયા.

હાથીની પેઠે, રશિયા બીજાના ઉપર ધસારો કરવામાં પોતાના જ ભારથી અંટેવાળીચું ખાય તેમ છે, પણ તે જ ભવ્ય પ્રાણીને પેઠે પોતાનું રક્ષણ કરવે બહુ સમર્થ છે. આ ભેદ ભરેલો તર્ક તેના ઉપર હુમલો કરનારની ઇચ્છા રાખનારના લક્ષમાં તે આણે છે. નેપોલીઅને પણ તે જાણ્યો હતો, જો કે અવસર ગયા પછી એ તર્કના અવયવ ટુંકા અને સાદા છે. “ થોડાકને લેઇને આવશો તો હું તમને કચરી નાખીશ, ઘણાને લઈને આવો ને તમે જાતે જ કચરાઈ મરશો. ”

નિંદા.

બધાં ગામડાના લોક તમને કહેશે કે આખી દુનિયામાં અમારા પોતાના ગામ જેવું નિંદાખોર ગામ કંઈ નહી હોય પણ ખરી હકીકત એવી છે કે બધાં ગામડાં એ આરોપને પાત્ર છે, પણ બોલનારે તો માત્ર પોતે જ્યાં વસતો હોય ત્યાંની જ રીતભાત જોઇ હોય છે. ઇતિહાસ લખનારાનું પણ એમ જ છે; તેઓ પણ બધાય પોતાના જમાનાની દુષ્ટતાવિષે વ્યાખ્યાન કરે

છે તેમાં પણ હકીકત એ છે કે દરેક સમયમાં કંઈકંઈ દુષ્ટતા હોય છે જ, પણ ઈતિહાસ લખનારાએ બીજા બધા જમાનાની દુષ્ટતા તો માત્ર વાંચી કે સાંભળી હોય છે પણ પોતાના જમાનાની તો દીઠી અને અનુભવી હોય છે.

પંડિતો.

જે નબળું હોય તેનો આધાર લેઈ સબળને સહાય કરવા જતાં આપણે ઘણીવાર આપણા પોતાના પક્ષને હાનિ કરીએ છીએ. ઉદાહરણ જોઇએ તો પ્રાચીન શાલાગુરૂઓ જે કેટલીક વાતમાં શાલાશિષ્યો કરતાં પણ ઉતરતા હતા, તે ક્રિશ્ચિઆની-ટીના સિદ્ધાન્તોને એરિસ્ટોટલના વાકયથી સમર્થન કરવા ચુકતા નહિ; છતાં એના એ જ માણસો, તેમણે જેમ તકરારમાં કર્યું હતું તેમ, અર્વાચીન તોપખાનાની કવાયતમાં પ્રાચીન રીતિ દાખલ કરી, એક “ બેટરીંગરૅમ ” ને હાલની તોપની મદદે કોઇ લાવે તો તેને હસ્યાવિના રહે નહિ.

શાસ્ત્ર—(સાયન્સ.)

જે રોગ અસાધ્ય છે તેનાં જેટલા ઉંટવૈદ કામે લાગ્યા છે એટલા બીજા કોઈમાં લાગ્યા નથી: અને જે શાસ્ત્રમાં કશો નિશ્ચય હાથ થઇ શકતો નથી. તેની પાછળ જેટલી કલમો ઘસાઇ છે તેટલી બીજામાં ઘસાઇ નથી. સત્યને લાંબી પહોળી જગોની જરૂર નથી, ને તેને એક કૂપનિવાસી કલ્પ્યું છે તે કૂપની સંકડાશ તેમ ઉંડાઇ ઉભયને લીધે યોગ્ય જ છે અર્થાત્ એવું જ બને છે કે જે શાસ્ત્ર અનુભવથી સિદ્ધ કરાય તેવા હોય છે, અથવા જેમાં ગણત્રીથી નિશ્ચય થઇ શકવાને સંભવ હોય છે, તે કદાપિ પણ લાંબાં પહોળાં હોતાં નથી; કારણ કે સ્પષ્ટતા છે તે હંમેશાં લાઘવ સાથે નિકટ સંબંધ રાખે છે. જેમ કે વીજળી જે તેજસ્વીમાં તેજસ્વી વસ્તુ છે, તે ટુંકામાં ટુંકી છે.

એથી ઉલટી રીતે જેમ જેમ નિશ્ચતપણું ઓછું થતું ચાલે છે તેમ તેમ શબ્દસમૂહ ઉભરાતો ચાલે છે. ગ્રહણુ વર્તવાને માણુસે ખગોલશાસ્ત્ર જાણવું જોઇએ; અથવા જ્ઞાતથી અજ્ઞાતનો નિશ્ચય કરવામાં તેણે ગણીત સમજવું જોઇએ; છતાં પણ જે મૂલતત્ત્વો ઉપરથી આવું અગાધ જ્ઞાન મેળવી શકાય છે તે તો માત્ર બે બોલમાં જ સમાયલાં છે. પણ હું જ્યારે પંડિતો અને તત્ત્વવેત્તાઓનાં પોથાં ઉપર નજર ફેરવું છું ત્યારે મને એક સ્વાભાવિક અને સાદો પ્રશ્ન એ ઉઠે છે કે "આ ઉભય પ્રકારના વિદ્વાનોએ એવું તે શું સાધ્યું છે કે જેમણે એ ઉભય પ્રકારની વિદ્વત્તા મેળવી ના હોય તેવાએ નથી સાધ્યું ?"

મતાભિમાન.

મતાભિમાન જેમ દરેક વ્યક્તિનું છે તેમ આખી પ્રજાઓનું છે; જે બીજાના વિષે થોડામાં થોડું જાણતા હોય છે તે જ પોતાના વિષે ઘણામાં ઘણું અભિમાન રાખે છે, કારણ કે અજ્ઞાન અને ગર્વ એ સગાં છતાં અન્યોન્યગામી છે, તે એક બીજાને જન્મ આપે છે.

પિંડપૂજા.

આપણે જો એમ બોલીએ કે વાંદરાના ચાળા હમે વખાણીએ છીએ પણ આપણે તે ચાળા કરવાના અવયવના બનાવનારનો વિચાર પણ ન કરીએ તો આવા દુષ્ટ વચનને કોઈ ફુક્કડ પણ ભયની દષ્ટિથી જોશે; પણ એ પોતે જ એ ઉક્તિથી પણ અધિક વિરૂદ્ધ આચાર નિત્ય કર્યાં કરે છે, કેમકે તે પોતાના કર્તાને વિસરી જઇને પોતાને જ પૂજે છે.

સ્વપરાયણતા.

એરિસ્ટોટલે કહ્યું છે કે માણસ, પ્રકૃતિથી જ, સહવાસમાં રહેનારૂં પ્રાણી છે, તેણે એમ પણ ઉમેરવું હતું કે, એ સ્વાર્થી પણ છે. પરાક્રમ, સ્વસમર્પણ, ઉદારતા, જ્યાં જ્યાં ધર્મબુદ્ધિથી ઉત્પન્ન થયેલાં હોતાં નથી, ત્યાં ત્યાં બધે, આપણા એક પ્રકારના સ્વાર્થને અન્ય પ્રકારના સ્વાર્થરૂપ અગ્નિમાં આહૂતિ આપવાની ઉત્તમ વેદીરૂપે છે. હું ધારૂં છું કે ઘણું કરીને એડમસ્મિથે જ એમ કહ્યું છે કે યુરોપમાં કોઇ માણસ રાત્રિએ એમ નિશ્ચયપૂર્વક સુવે કે મધ્યનિશાએ, આખો ચીનદેશ ધરતીકંપથી પાયમાલ થનાર છે તો તેની નિદ્રામાં તેની પોતાની એક ટચલી આંગળી તે જ વેળાએ કાપવાની હોય તે વિચારથી જેટલો વિક્ષેપ પડે તેટલો વિક્ષેપ ધરતીકંપના વિચારથી નહિ જ પડે. આ ઉપરથી એમ જ જણાય છે કે આપણી પ્રકૃતિનો જ એવો નિયમ છે, ને તે આપણા પોતાના રક્ષણાર્થે જ ઘણું કરીને યોજાયો છે, કે ગમે તેવાં નિર્જીવ પણ આપણને નિકટમાં લાગુ થતાં દુઃખો દૂર પડેલાં બીજાંનાં ગમે તેવાં મહાદુઃખ હોય, તે કરતાં અધિક પીડા કરે છે; પણ તે એવાં હોવાં જોઇએ કે જેને આપણે અટકાવી શકીએ એમ ન હોય, ને જેના ઉપર મનુષ્યને કાંઈ અધિકાર પણ ન હોય; બાકી એવો તો કોઇક જ હોય કે જે ચીનદેશને બચાવવા માટે એક આંગળી ખોવાની ના પાડે. એવું પણ લખવામાં આવ્યું છે કે અતિ મર્મદારક કરૂણાન્ત નાટક ભજવાતું હોય તે જ વખતે નાટકશાળા આગળ કોઈ રાજદ્રોહીને ફાંસીએ લટકાવવા માંડયો હોય તો આખી રંગભૂમિ ખાલી થઇ જાય, ને એ ઉપરથી સ્પષ્ટ સમજાય કે માણસોને કૃત્રિમ કરતાં વાસ્તવિક દુઃખનું દર્શન કેટલું ગમે છે. પણ આવા પ્રયો-

ગનો ખરૂં પરિણામ તો એ જ થઇ શકે કે ગેલેરી તદ્દન ખાલી થઈ જશે, બોક્ષ કેટલીક થશે અને કેટલીક નહિ થાય, પણ પીટમાંના પ્રેક્ષકોનો મ્હોટો ભાગ પોતાની બેઠકો ઉપરથી ખસશે નહિ; એનું કારણ એટલુંજ છે કે એક પાસા અતિ ઉચ્છૃંખલ ઇંદ્રિય-પોષણથી અને બીજા પાસા અતિ દુર્ઘટ દુઃખયાતનાથી, માણસોનાં હૃદય સવિશેષ કઠિન થાય છે; પણ મધ્યવર્ગ એ જ, આ બે અન્તથી સરખે અંતરે હોવાને લીધે, એવું સમશીતોષ્ણ સ્થાન છે કે જેમાં દયા, પ્રેમ અને આપણા સ્વભાવની ઉદાર વૃત્તિનાં બધાં અંકુર સહજમાં ઉગી શકે છે ને વૃદ્ધિ પામે છે. પણ કદાપિ એમ બને કે, મેં કલ્પેલો છે તેવો પ્રસંગ જો આવે અને ત્યારે, આખુંએ નાટકગૃહ ખાલી જ થાય તોપણ, આપણે એમ નિશ્ચય કરવાને તો પુરતું કારણ ન જ ધારીએ કે આપણને આપણી પોતાની ગમ્મતોથી જ નહિ પણ બીજાનાં દુઃખથી સુખ લાગે છે. કારણ કે કેટલાકનામાં જે વર્તન અનુકમ્પાને લીધે થાય છે, તે જ બીજાનામાં કેવલ જાડ્યથી પણ સંભવે છે; ને પરિણામ સમાન છતાં, તેનાં કારણ વિરૂદ્ધ હોય છે, પ્રખ્યાત “ રસીઓ અંગરેજ ” જે ખાડી ઓળંગી પારિસમાં ફાંસી જોવા ગયો તેનામાં આર્દ્રભાવ નહિ હોય એમ કોઈએ ધાર્યું નથી; પણ સ્વીફ્ટે કલ્પેલી પેલી બાલા જે વરસાદમાં સાત માઈલ સુધી ફાંસી દેવાતી જોવાને ગઈ, ને ગુન્હેગારને ફાંસી દેવાનું કામ થોડા દિવસ મુલતવી રખાયું તેથી રોતી ને ડસકાં ખાતી ઘેર આવી, તેના ઉપર તો અનુકમ્પા અને પરોપકારના અભાવનો ખરેખરો જ આરોપ મૂકી શકાય.

આત્મસંયમ.

જ્યારે હું, લોકોને ગંભીર વદને એમ બોલતાં સાંભળું છું કે અમે અમુક અયોગ્ય ભોગનો ત્યાગ કરવાને મનમાં નક્કી કર્યું છે, ત્યારે મને વારંવાર એવો વિચાર આવે છે કે તેમણે મન સાથે શરીરમાં પણ નક્કી કર્યું હોત તો ઠીક. ફોલસ્ટાફ જમતી વખતે કોઈ યોગીના જેટલો મિતાહારી થઈ શકત, અથવા લડાઈની વખતે કોઇ વીરના જેવું પરાક્રમ બતાવી શકત પણ જો માત્ર એક વાતમાં પેટની, ને બીજીમાં તેના પગની, અનુમતિ મેળવી શકયો હોત તો જ. જે માણસ સંયમને માટે મથે છે તેણે યથાયોગ્ય નિયમવાળા મન સાથે નિયમિત શરીર પણ પ્રાપ્ત કરવું જોઈએ; કારણ કે શરીર અને મન, એ બે સંબંધે, સ્ત્રીપુરૂષ સંબંધે થાય છે તેમ એવું બને છે કે નબળું જબરાને તાબે કરે છે. યદ્યપિ ઘરમાં તેમ નીતિમાં બધી વાત ત્યારે જ ઠીક નીભે છે કે જ્યારે ઉભય પક્ષમાંથી કોઈએ ગેરવાજબી રીતે વર્ત્તતું ન હોય, અને ઉભયે એક મતનાં જ થતાં હોય.

સ્વાર્થ.

બીજાએ કરેલાં હોય એવાં સારાં કામને માટે નરસાં કારણ શોધી કાઢવામાં આપણે જેટલી ચતુરાઇ વાપરીએ છીએ તે કરતાં આપણે પોતે કરેલાં નઠારાં કામને માટે સારાં કારણ શોધી કાઢવામાં ઓછી વાપરતા નથી. મેં એકવાર જણાવ્યું જ છે કે સ્વાર્થ જેટલાં રૂપ કોઈ પણ ઠગારાએ ધારણ કર્યાં નહિ હોય; તેમ પોતે પોતાના જ રૂપથી શરમાય એવો પણ એના જેવો કોઈ નહિ હોય. કડવામાં કડવી ગોળી પણ સ્વાર્થરૂપી ગોળે વિંટાળી હોય તો તરત જ ગળે ઉતરી પડે છે, અને નીચમાં નીચ વાણીયાવિદ્યા પણ, જરાક ઉપકારના ડોળડમાક સાથે ચલાવી હોય

તો નબળામાં નબળી પાચનશક્તિવાળાને પણ પચી જાય છે. સર રોબર્ટ વોલપોલ વિષેની એક વાર્તા છે, તે આ પ્રસંગને એટલી બધી અનુકૂલ છે કે તેને અત્રે ટાંકયાવિના મારાથી રહેવાતું નથી; કારણ કે સર્વ વાંચનારા એને આ સ્થલે બહુ પ્રાસંગિક માનશે; ને કેટલાકને તો તે નવી જ લાગશે. સર રોબર્ટને હાઉસ ઓફ કોમન્સમાં કાંઈ વાત પસાર કરાવવી હતી. આ પ્રધાન કરતાં રાજ્યખટપટની બે કુંચીઓ બીજું કોઈ સારી રીતે સમજતું નહતું; તે બે તે વગવાળા અધિકારની શક્તિ, અને સિદ્ધાન્તાનુસારવર્તનનો અભાવ, ઉક્ત વાર્તાની ચર્ચા થવાના એક દિવસ પૂર્વે તે એકાદ ગામડાના કોઈ મેમ્બરને મળ્યો. એ મેમ્બર પણ એવો હતો કે કોઈ પણ તકરારમાં તે તકરારની સત્યતા કે ન્યાયપુરઃસરતા કરતા તેનાં વજન અને કીમત વધારે વિચારતો. સર રોબર્ટ એને એક બાજુપર લેઈ ગયો, અને કાંઈ વિચાર કર્યાવિના એકદમ એના હાથમાં એક હજાર પાઉન્ડની નોટ ખોસી ઘાલી બોલ્યો. "મારે અમુક દિવસે તમારૂં મત અને તમારી વગની જરૂર છે." ગાંમડામાંથી આવેલા આ એરિસ્ટાઈડિઝે ઉત્તર આપ્યું કે "સર રોબર્ટ ! તમે અનેક પ્રસંગે મારા તરફ મિત્રભાવ બતાવ્યો છે, અને તે પણ એવી બાબતોમાં કે જે મારાં લાભ અને પ્રતિષ્ઠા ઉભય સંશયારૂઢ હોય; મને એવી પણ ખબર મળી છે કે દરબારમાં મારી પત્નીને જે આવકાર અને માન મળ્યાં તે પણ તમારા જ પ્રતાપથી; તેથી મારી જાતને હું—" એમ વલણ વાળતાં પેલી નોટને ધીમેથી પોતાના ખીસામાં ગોઠવી—"કેવલ નગણ્ા રાક્ષસ જેવી જ ગણું; જો તમને એ પ્રસંગે મારા મત અને વગનો લાભ ન આપી શકું તો." એમ બોલી બન્ને જુદા પડ્યા. સર રોબર્ટ જનસ્વભાવના

વિલક્ષણ ઈતિહાસમાં નવી જ વાર્તા જોઈ આશ્ચર્ય પામવા લાગ્યો અને પેલો મેમ્બર પણ પોતે એક ખરેખરા લાંચના કામને અનેક વચનચાતુરીથી ઉપકારના બદલાનું કૃત્ય બનાવી દીધું તેથી જેટલો ખુશી હતો તેના કરતાં સર રોબર્ટની આવી કીમતી દલીલથી ઓછો ખુશી ન હતો.

લાગણી.

લાગણીને એક જ હાથ હોત તો સારી દરવાન નીવડત, પણ આ તો તે પોતાને જમણે હાથે આનંદનો રસ્તો કરે છે અને ડાબે હાથે દુઃખને દાખલ કરે છે.

શેક્સપીઅર, બટલર, બેકન.

શેકસપીઅર, બટલર ને બેકન એ ત્રણેએ એવું કર્યું છે કે તેમની પછી જે થાય તે ક્વચિત્ જ ભવ્ય, ચમત્કૃતિવાળો કે ગંભીર થઈ શકે.

મૌન.

જ્યારે તમારે કાંઈ જ બોલવા જેવું ન હોય ત્યારે ન જ બોલશો. નબળા બચાવથી તમારો પ્રતિપક્ષી મજબુત થાય છે, તેથી એક નબળા જવાબ કરતાં મૌન વધારે લાભકારી છે.

લોક (મંડળી—સોસાઈટી.)

તરેહવાર જાતનાં, ભાતભાતનાં, એક જ પ્રકારનાં, પણ પરસ્પરથી જુદા પડતા રંગવાળું રેશમ હોય તેવી લોકસ્થિતિ છે, તેથી તેને સર્વ પાસામાંથી તપાસવી, નહિ તો તે આપણને ઠગી જશે. ગોલ્ડસ્મિથ કહે છે કે એક માણસ પગે ચાલીને જ યુરોપની મુસાફરી કરી વળે, અને સ્ક્રીબ્લેરસ લખે છે તેમ પોતાના પગને જ પોતાનો કંપાસ બનાવે તે, અને બીજો જે

ગાડીમાં બેસીને આખા દેશમાં દોડી વળે તે, એ બે માણુસો પોતાની મુસાફરીને અંતે બહુ જુદી જુદી અસરો પામેલા જણાશે. જે તત્ત્વવેત્તા છે તે આટલા માટે જનસ્વભાવનું અવલોકન કરતાં પોતાની સ્થિતિનાં બને તેટલાં અવસ્થાંતર ઉપજાવી જોશે, કે જેથી જોવાની વસ્તુને જોવાનાં દૃષ્ટિબિંદુ ઘણામાં ઘણાં મળે. અક્ષાંશ અને રેષાંશના પાશમાં બંધાઈ ન રહેતાં એ તો માણુસને, સુબારાની રીતભાત અને મર્યાદાનાં બોરીઆં તથા પ્રીતથી બંધાયલો હોય ત્યાં તેમ જંગલના હલકા અને પીછાંના પોશાકમાં છુટથી મહાલતો હોય ત્યાં, બધે જ વિલોકશે. તે મ્હોટા સાથે કાંઇ પણુ દાસત્વનો આચાર દાખવ્યા વિના ભળી શકશે, તેમ નીચમાં નીચ સાથે નીચત્વ પામ્યા વિના ભળી શકશે; ટુંકામાં સંસારના ભવ્ય નાટકમાં, એ પીટ તેમ ગેલેરી અને બોક્ષ બધે જઇ આવશે; પણુ બોક્ષવાળાને એમ નહિ કહે કે હું પીટમાંથી આવું છું, કે પીટવાળાને એમ નહિ કહે કે હું બોક્ષમાંથી આવુંછું.

બોલવું, વાંચવું, લખવું.

લૉર્ડ બેકન લખે છે કે " બોલવાથી માણુસ સમયસૂચક થાય છે, વાંચવાથી પરિપૂર્ણ થાય છે, ને લખવાથી પરિશુદ્ધ થાય છે. " આમાંની પ્રથમ વાત ઘણામાં ઘણી ખરી છે, કેમકે જેમનામાં કાંઈ જ બોલવા જેવી છત નથી હોતી તે જ ઘણામાં ઘણું બોલવા માટે સમય સમયે તૈયાર હોય છે. પણુ વાંચનથી સર્વદા પરિપૂર્ણ થવાય એમ સિદ્ધ નથી; કારણુ કે કેટલાંકની સ્મરણુશક્તિ ડેનાઇની પુત્રીની પખાલોના જેવી હોય છે ને તેમાં કાંઈ ટકી શકતું નથી. કેટલાંકની સ્મરણુશક્તિ એવી હોય છે કે સંચાની ચાલણીની પેઠે તેમાંથી લોટમાત્ર નીકળી જઈ છોડાં

જ ભરાઈ રહે છે. આવાં બધાંને પરિપૂર્ણતા હોય છે ખરી પણ તેમ તેમાં ખામી માત્ર એ જ કે તે આળસની સાથે હોય છે. તેમ લેખનથી પણ લોર્ડ સાહેબે જે કહ્યું છે તેવું પરિણામ સર્વદા થતું નથી. જો એમ હોત તો આપણા કેટલાક મ્હોટામાં મ્હોટાં પોથાં લખનારા, જેમના લખાણમાં તેમના વાંચકો જ વધારે વ્યાજબી રીતે પરિશુદ્ધિ કરી શકે તેમ છે, તે પરિશુદ્ધિનો દાવો કરવા તૈયાર થાત. પણ જો આપણે બુદ્ધિધન આપણા નિત્ય ઉપયોગમાં આવતા નાણાં સાથે સરખાવવાની છુટ લઈએ તો એમ કહી શકાય કે માણસના બોલવામાંથી આપણે એટલું અટકળી શકીએ કે એની પાસે રોકડ કેટલું છે; તેના વાચનમાંથી એમ અનુમાન કરી શકીએ કે એને કેટલો વારસો મળેલો છે; ને તેના લખવાપરથી એટલું જાણી શકીએ કે એ કેટલે સુધીની શીકારાય તેવી હુંડી લખી શકે એવો છે.

ઉડાઉ.

કેટલાક માણસો પોતાની દોલતનો અર્ધભાગ, બીજા અર્ધને કેમ વાપરવો તે સમજવા માટેના શિક્ષણમાં વાપરતા હોય, તો તે બહુ સારામાં સારે રસ્તે તેમને હાથે વપરાયો કહેવાય. જે માણસ મ્હોટી બે દોલતો ઉડાવી દે, ને એમ જાણી જોઈને બેકાર ખાડામાં પડે, ને છેવટ ભીખ માગતાં મરી જાય, તેના ઉપર દયા લાવવી યોગ્ય નથી. તેને સંકટ વેઠયા છતાં સમજણ આવી નહિ અને તેમાંથી ઉગર્યા છતાં પસ્તાવો થયો નહિ. તેમ સજા થતાં અટકી તેવામાં પસ્તાવો કર્યો નથી. તે માણસ આખી જીંદગી, લક્ષ્મીને ભોગવ્યા વિના જ બગાડતો ચાલ્યો છે, તે બુદ્ધિને પામ્યા વિના જ ખરીદતો ફર્યો છે.

રાજકીય પુરૂષો.

લોકના પરસ્પર વિરૂદ્ધ સ્વાર્થ, અને તેમાંથી ઉત્પન્ન થતી દ્વિધા પણ સમાન બળવાળી અને વિરૂદ્ધવૃત્તિ, જેમાં ઉપકાર અને વલણની સાથે કર્તવ્ય અને ન્યાયનો ઉગ્ર વિરોધ મચે છે, તેથી રાજ્યમંત્રમાં પડેલા પુરૂષોનો ધંધો સહેલો કે ઇચ્છવા યોગ્ય ગણાતો નથી. વારંવાર એવું બને છે કે આવા પુરૂષોને ઘણીવાર કોઈ બે અનિષ્ટ વાતોમાંથી જ એકાદ પસંદ કરવાની હોય છે ને તેમાંની ગમે તેને પસંદ કરે તોપણ અસંતોષ તો નક્કી જ ઉપજવાનો, ને લાભનો સંભવ કેવલ અનિશ્ચિત રહેવાનો. એવું તો કવચિત જ બને છે કે રાજ્યમંત્રીને શુભ અને અશુભમાંથી પસંદગી કરવાની હોય; ને તેથી પણ વધારેમાં વધારે વિરલ તો એવા પ્રસંગ છે કે જ્યારે મહાન્ ડયુક ઓફ માર્લબરોની પેઠે જ્યારે તે એવી અતિભાગ્યશાળી સ્થિતિમાં હોય કે જેમાં ઉભય વાતો સારી જ હોય, ને વચમાંથી તેમને પસંદ કરવાનું હોય. એ મહાશય એકવાર પોતાની પત્નીએ ભલામણ કરેલી દવા લેવાનો વિચાર કરતો હતો, ને તે લેતાં અચકાતો હતો, ત્યારે તેની પત્નીએ કહ્યું કે "લેઈ લો, જો મટે નહિ તો કહો તેવી સરત કરૂં, ન મટે તો હું જ મરી જાઉં." એ સાંભળતાં જ તુરત દાકતર ગાર્થ, જે હાજર હતો, તેણે કહ્યું કે "ત્યારે તો એ લઇ જ લો, એનાથી એક રીતે કે બીજી રીતે પણ ફાયદો જ થશે."

બલ-મનનું અને શરીરનું.

પ્રથમથી કાંઈ પણ ઈજા પામ્યાવિના પાંચ હંદરવેટ ઉપાડનાર કોઇ પણ મજૂરે છ હંડરવેટ ઉપાડવાના પ્રયત્નથી કદી પણ ઈજા વેઠી નથી; ને શારિરીક બલ માટે જે

નિયમ છે તે જ મનોબલને પણ લાગુ છે. મનુષ્યને જે સંભવે છે તે ઉપરાંત આપણે ડહાપણ કરવા જઇએ છીએ ત્યારે આપણું સામર્થ્ય જ આપણી નિર્બલતા થઈ પડે છે. ઠીંગણા કદનો કે નિર્માલ્ય બાંધાનો માણુસ માછલાની પેઠે એકને ચીરતાં પોતે જ ચીરાઈ જાય એમ થતું નથી; અને કોઈ પણ માણુસે ડેકાર્ટના જેવું પણ કર્યું નથી કે બધું દળી દળીને છેક કુલડીમાં જ વાળ્યું હોય, કે પ્રથમથી મહાજ્ઞાનિ થઈને મૂર્ખાઈમાં જ વિરમ્યો હોય! કારણ કે સરતમાં દોડનારો ઘોડો જો સરતના ચક્કરની બહાર ગયો તો ગાડીના ઘોડાના કરતાં આપણને સરત આગળથી દૂર લઈ જ જવાનો. અજ્ઞાન છે તે, અર્ધજ્ઞાન કરતાં, વધારે શાન્ત, સાધ્ય, અને સંતુષ્ટ વસ્તુ છે. એક ખેડુતને ઉલટ તપાસમાં પૂછવામાં આવ્યું કે "તને ગ્રીક વાંચતાં આવડે છે?" ત્યારે આ એક એને એવો પ્રશ્ન લાગ્યો કે જે વિષે એણે આખા જન્મમાં કોઇ દિવસ વિચાર જ કરેલો હતો નહિ! એટલે બીચારે સત્યથી તેમ સાદાઈથી જવાબ દીધો કે "મને ખબર નથી, કારણ કે મેં કોઇવાર તેવો પ્રયત્ન કર્યો નથી."

મધુરતા.

દ્રવ્યથી કરીને આપણે બીજા ઉપર ઉપકાર કરવા સમર્થ થઇએ; પણ તે ઉપકાર યોગ્યતા અને મધુરતાથી કરી શકીએ તે માટે જે જરૂરનું છે તે દ્રવ્યથી પ્રાપ્ત થઈ શકતું નથી. નજીવી વસ્તુ પણ એવી રીતે અપાય છે કે તે નજીવીને બદલે મટોડી જીવવાળી થઈ પડે. મેગારાના રહેવાસીઓએ પોતાના ગામનું સ્વાતંત્ર્ય અલેકઝાંડરને સ્વાધીન કરવા માંડ્યું, ત્યારે જેણે આખી દુનીયા જીતી હતી તેવા એ વીરને આવું કહેણ હસવા જેવું લાગ્યું; તો પણ જ્યારે એ લોકોએ કહ્યું કે અમે અમારૂં

સ્વાતંત્ર્ય આજ પર્યંત તમારા અને હર્ક્યુલિસના સિવાય કોઈને આપ્યું નથી ત્યારે તેણે બહુ પ્રસન્નતાથી એ સ્વીકાર્યું.

જય અથવા પરાજય.

પરિણામ ઉપરથી જ નિર્ણય કરવો એ ભુલને બધા ધિઃક્કારે છે છતાંય તે બધાં કરે છે; કારણ કે પ્રત્યેક વખતે હિંમ્મતનું ભવ્ય પરિણામ જયરૂપે આવે તો તે પરાક્રમ કહેવાય છે, જો પરાજયરૂપે આવે તો તે અવિચારી સાહસ ગણાય છે. સાઉન્ડ નામની સામુદ્રધુનીમાં જ્યારે નેલ્સન લડ્યો ત્યારે માત્ર પરિણામ ઉપરથી જ નિશ્ચય થઇ શક્યો હતો કે એણે રાજદરબારમાં જઈ રાહુસ્તને ચુંબન કરવું કે "કોર્ટમાર્શલ" માં રહી જેરબંદનો.

અતલસ્પર્શિતા.

તમે સમજતા હો તેવી બાબતોમાં કોઈ માણસ અત્યંત અજ્ઞાન અને અતલસ્પર્શી જણાતો હોય તો, તમે ન સમજતા હો તેવી બાબતોમાં કોઈ મહાશક્તિ ધરાવવાની તેની જે આબરૂ હોય તેના ઉપર વિશ્વાસ કરતાં વિચાર કરજો.

શક.

તમારે જેની જોડે સંબંધ પાડ્યા વિના ચાલે એવું ન જ હોય તેની પ્રામાણિકતા ઉપર તમને શંકા થાય—અને એને મિત્રો હોય અને તમારે ન હોય, તો એની જોડે સંસર્ગ ન જ કરવો. તમે જે વ્યવહાર ચલાવો તે બહુ ભયભરેલો નીવડે; કેમકે એ પ્રસંગમાં ઘાટ એવો છે કે એના તરફ બે ને તમારા તરફ એક જ છે.

ગાઢમૌન.

ઠીક કહેવાય છે કે જીભ ઉપરથી મનની તેમ તનની સ્થિતિ પારખી શકાય છે; પણ ઉભયથી એ તત્ત્વજ્ઞ કે ચિકિત્સક નિશ્ચય કરી શકે તે પૂર્વે દર્દીએ પોતાનું મોં ઉઘાડવું જ જોઇએ. કેટલાક માણસો એવા પ્રગાઢ મૌનમાં ડુબકી મારી રહે છે કે તેમના મન વિષે કાંઈ પણ અટકળ બંધાઈ શકતી નથી. જો તેઓ મૂર્ખ હોય તો આવું મૌન બહુ સારૂં છે, પણ જો તેઓ ડાહ્યા હોય તો તે મૂર્ખાઈ છે; એટલે આવા મુંગા લોકના વિષે કાંઈ પણ વિચાર બાંધવાનો સારો રસ્તો એ જ છે કે ક્યાં, ક્યારે, ને કેવી રીતે, તેઓ મોં મલકાવે છે એ જોવું. કોઈ નઠારી વાત ઉપર હસવામાં જેટલી બેવકુફાઈ હોય તે કરતાં સારી વાત વખતે પણ મોઢું ચઢાવી રાખવામાં વધારે બેવકુફાઇ સમાયલી છે; ને જે જે પ્રકારનાં અજ્ઞાન છે તે સર્વમાં જે અજ્ઞાન કેવલ મૌન પકડી રહ્યું છે તે તો ઘણામાં ઘણું અનુત્પાદક છે; કારણ કે મર્ખાઓ કદાપિ નવો તર્ક ઉપજાવી શકે નહિ તથાપિ સૂચવી તો શકે જ.

બુદ્ધિ અને ધન.

સંસારની વિષમતા એ પ્રત્યક્ષ વાત છે; એને ગમે તેટલા વિચારથી દૂર કરી શકાય તેમ નથી, તેમ ટાળી શકાય એમ પણ નથી, એટલા માટે સમાનભાવ વિસ્તારવાની ઉમેદ રાખનાર (લેવેલર) ને માત્ર ઉપહાસસ્પદ અને તરંગી મનુષ્યરૂપે જ બહુ વખત થયાં ગણવામાં આવે છે, કેમકે જો એ એનું કામ આજ પૂર્ણ કરી રહે, તો પણ એને સવારથી નવે નામે શરૂ કરવું પડવાનું. આ પ્રત્યક્ષ વિષમતાના કારણરૂપ ચાર

વસ્તુ છે, બલ, બુદ્ધિ, ધન અને પદવી. જંગલીમાં જંગલી હાલતમાં પણ પ્રથમની બે વાત કહી તેને લીધે વિષમતા થવાની. બીજી બે જે તે થોડે ઘણે અંશે પણ સુધરેલી અને સંસ્કાર પામેલી મંડલીને વાસ્તવિક રીતે લાગુ પડે છે. કદાપિ એમ પણ કહી શકાય કે એ ચારેનો સમાસ—અધિકાર એટલામાં જ થઈ શકે, પણ એ અધિકારનું વાસ્તવિક લક્ષણ સમજવામાં માણસો છેતરાય એવો સંભવ ઘણો છે, દૃષ્ટાન્ત તરીકે જોઇએ તો બુદ્ધિ કરતાં પદવી અને ધનને પસંદ કરવું, એ જેટલું સાધારણ છે તેટલું બીજું કાંઈ નહિ હોય, છતાં એ કરતાં વધારે મૂર્ખાઈ ભરેલું બીજું કાંઇ જ નથી. બુદ્ધિ છે તે ધન કરતાં અતિ ઉત્તમ પ્રકારનો અધિકાર છે એ વાત અનેક રીતે સિદ્ધ કરી શકાય તેવી છે; કારણ કે તે એટલી બધી અહાર્ય અને અવિનાશી છે, એટલી બધી અવિકારી છે, અને એટલી જ એ બહુ નિયમિત છે; પણ બુદ્ધિની ધન કરતાં સવિશેષ ઉત્કૃષ્ટતા તો આ ઉપરથી જ સમજાશે કે:—શુદ્ધમાં શુદ્ધ રાજ્યમાં બુદ્ધિની અસર ઘણામાં ઘણી હશે; અને જે ઘણામાં ઘણું અશુદ્ધ રાજ્ય હશે તેમાં જ ધનની અસર ઘણી હશે. અર્થાત્ બુદ્ધિને મળતી પ્રતિષ્ઠા અને તેનો અધિકાર એ ઉપરથી આપણે આખા રાજ્યની ઉત્કૃષ્ઠતા વિષે નિશ્ચય કરી શકીએ; પણ ધનની અધિક ગણનાથી તો માત્ર તે દેશની અધમતા અને તેનો વિપરીત ભાવ જ સમજી લઇએ. વળી બુદ્ધિથી કરીને પદવી કરતાં પણ વધારે ઉત્તમ પ્રકારની સમાનતા પ્રાપ્ત થાય છે એ પણ એ વિષયના અનેક વિચારથી સિદ્ધ થાય તેવું છે, ને વિશેષે કરી આ રીતે કે, ઘણાક માણસો પોતાની પદવીને માટે વાસ્તવિક રીતે પોતાની બુદ્ધિનો ઉપકાર માને છે, પણ અદ્યાપિ કોઇએ એ રીતિની પ્રતિરીતિ

ગ્રહણ કરી પોતાની બુદ્ધિમાટે પોતાની પદવીનો ઉપકાર માની શકયું નથી. જ્યારે લીઓનાર્ડો ડી વીન્સી મરી ગયો ત્યારે એના રાજાએ કહ્યું કે "હું હજારો અમીર બનાવી શકીશ, પણ એક લીઓનાર્ડો મારાથી થશે નહિ;" એમ જ સીસરોએ એક ભ્રષ્ટ થયેલા કુલીનને કહ્યું કે "હું મારા કુલમાં પ્રથમ છું પણ તું તો તારામાં છેલ્લો છે." અને એના સત્યથી, જે લોકો માત્ર પોતાના કુલનું જ અભિમાન રાખતા હોય તેમને બટાટા સાથે સરખાવવાનો રીવાજ પડેલો છે; તેમનાવિષે જે શુભ છે તે બધું જમીનમાં જ હોય છે. એ ઘણું કરીને વ્યાજબી જ થયું છે કે એવાને પદવી ઉતરી આવેલી છે, કેમકે તે પોતે તો પદવીએ ચઢી શકે એમ છે જ નહિ.

બુદ્ધિ સર્વદા વિજયવતી થતી નથી.

મ્હોટા અને ભવ્ય ગુણોવાળા પુરૂષો સંસારમાં સર્વદા વિજયી થતા નથી; પણ વાંક ઘણીવાર, બીજાનામાં હોય તે કરતાં તેમનામાં જ હોય છે. એક દરબારીએ દાકતર જોન્સનને 'દરબારમાં ન લઈ જઈ શકાય' તેવો ઠરાવ્યો હતો; ને એક રાજાએ દાકતર વોટસનને દુરારાધ્ય જણાવ્યો હતો. વહાણનો બધો સામાન સારો હોય, અને શઢ, તોપો, તૈયાર હોય, તો પણ જો તેમાં નીરમ અને સુકાન બન્ને ના હોય તો તે વિજય પામે તેવી રીતે લડી શકે નહિ, કે ચંચળાઈથી નાસી શકે નહિ! અને ઓછી મજબુતાઈવાળું પણ વધારે કબજામાં રહે તેવું હોય તેવા વહાણને છેવટ અથડાય. માણસનું પણ એમ જ છે. તેમનામાં બુદ્ધિ અને ચતુરાઈ બન્ને હોય, પણ કયાં, કયારે ને કેવી રીતે તેમને વાપરવાં તે બતાવનારાં દુરદર્શિપણું અને નિર્ણયશકિત તેમનામાં હોય નહિ તો એ બુદ્ધિ

અને ચતુરાઈવાળા જ્યાં કાંઈ મળવાનું ન હોય ત્યાં વિજય મેળવશે ને જ્યાં બધું ખોવાનું હોય ત્યાં હારી બેસશે. તેમના કરતાં ઓછા ભવ્ય પણ વધારે સમયાનુકૂલ થઈ શકે તેવા ગુણોવાળા, અને જેમનું એક વિષયનું બલ બીજા વિષયની ન્યૂનતાથી ક્ષીણ થયું નથી એવા વધારે વિજય મેળવી જશે. નિરાશાથી ભગ્ન થએલા, જે એમ ધારે છે કે અમારા ગુણની કોઈએ પરીક્ષા કરી નહિ તે ઘણું કરીને છેવટ પોતાનો ઈતિહાસ લખીને પરવારે છે; પણ પોતાનાં દુર્ભાગ્યનો હેવાલ જણાવતાં તેઓ માત્ર આપણને પોતાની ભુલો જ સમજાવે છે; અને પોતાને આશ્રય આપનારાને અંધ બનાવવા જતાં તેમને વિચારવાન્ સિદ્ધ કરી આપે છે. કારણ કે તેઓએ છેક ન દીઠું હોય તે કરતાં જોઈએ તેથી અધિક દીઠું છે એમ હોય છે; ને તે એ કે બીજા વર્ગની કૃતિને આધારે પ્રથમ વર્ગની બક્ષીસ માગવાનો ઢોંગ આદરેલો તેઓ સમજી ગયા હોય છે. નિરાશ થએલા માણસો એક આશ્રય આપનારના અન્યાયથી કે બીજાના અનુપકારથી આપણને દયા પમાડી રડાવવા બેસે છે ત્યારે આપણને, જે આત્મશ્લાઘા તેમનામાં હોય છે, છતાં જેની તેઓ ના પાડે છે, જે જ્ઞાનપુરઃસર વૈરાગ્ય તેમનામાં નથી હોતો, છતાં જે તેઓ ધારણ કરે છે, તેનાથી માત્ર હાસ્ય જ કરાવે છે.

કલ્પના કરનારા.

પોતપોતાનું જ તત્ત્વ સમજાવી ન શકે તો કલ્પનામાત્ર જ કશી કીમતની નથી; ને તે પણ જો તે કરે તો તેણે પોતાનો જ વ્યાઘાત કર્યા વિના કરવું જોઈએ. આમ છે એટલે પ્રત્યક્ષ વાતોને ઘણીવાર કલ્પના જોડે ભેળવી દેવામાં આવે છે, પણ એથી ઉલટું, કલ્પનાને પ્રત્યક્ષ વાતો સાથે મેળવવાનું ક્વચિત

જ બને છે. ઘણાક કલ્પના ગોઠવનારને મહાન્ ફ્રેડરિકના પ્રપિતા જેને પોતાના સંધિવાના દરદ સમયે આનન્દ મેળવવા સારૂ પોતાના ગ્રેનેડીઅરોનાં ચિત્ર કાઢવાની ટેવ હતી, તેની સાથે સરખાવી શકાય. કેમ કે તે એમ કરતો કે જો ચિત્ર ગ્રેનેડીઅરને મળતું ન આવે તો, તે ગ્રેનેડીઅરને ચિત્ર પ્રમાણે શણગારી નીકાલ કાઢતો. બીજું દૃષ્ટાન્ત લઈએ તો એમ કહી શકાય કે કલ્પના છે તે તેને બાંધવામાં જે ચતુરાઇ હોય તેને માટે સ્તુત્ય લાગે છે; પણ એ માત્ર વાસ કરવાને ઠીક છે, તેમાં ઘર કરવું સારૂં નથી; કારણ કે ઘર કરતાં પાલખ વધારે મજબુત હોય છે, ને એવું ભાવી ભય રહે છે કોઇ બીજો બાંધનાર એ જગાઉપર નવી ઈમારત ઉઠાવશે. વળી એ મકાન તોફાની હવામાં કેવલ નિર્ભય ગણાતું નથી, અને તેને નિરંતર મરામતની જરૂર પડે છે, ને તે મરામત પણ બહુ જ કડાકુટથી ને હમેશાં સત્યના ઘણા ખરચે કરી શકાય છે. અર્વાચીન કલ્પના કરનારામાં ગૉલ અને સ્પરઝીમ તો એટલા ઉપહાસાસ્પદ છે કે તેમનો ટૉળ કરવો પણ નિરર્થક છે. લૉક અને હાર્ટલીને તેમનાં દૃષ્ટાન્તોની ગંભીરતા અને યુકિત માટે આપણે વખાણીએ, ને લેવેટરને સત્યાભાસ માટે; પણ એમાંના એકને સસારતા માટે તો નહિ જ. લૉર્ડ મોનબોડોની પેઠે પોતાની કલ્પનાને અનુકૂલ હોય એવા તર્કમાત્રપ્રતિ શ્રદ્ધા બતાવતાં છતાં, પોતાની કલ્પનાને પ્રતિકૂલ તર્કવિષે અત્યંત અશ્રદ્ધાલુ રહેવું એવો જે કલ્પના કરનારાનો એક નિયમ કહેવાય છે તેનાથી લૉક મુક્ત હતો. મી. લૉકનો એવો એક પણ અભિપ્રાય, મારા ધાર્યા પ્રમાણે, ન હતો કે જે તેણે સત્યને બદલે સુખે આપી ન દીધો હોત; એક મુસાફરે લેવેટરને બે છબીઓ બતાવી. એક ઘા ણીએ પીલી નાંખેલા લુટારાની હતી, ને બીજી પ્રખ્યાત

તત્વજ્ઞાની કેન્ટની હતી; પછી પુછયું કે આ બેમાં શો તફાવત છે? લેવેટરે લુટારાની છબી લીધી ને થોડીકવાર વિચાર કર્યા પછી બોલ્યો "આ તો કોઇ ખરો તત્વજ્ઞાની છે, આંખોમાં કેવી તીક્ષ્ણતા છે, ભાલ કેવું વિચારગ્રસ્ત વિશાલ છે; અહીંઆં કારણ છે, પણે કાર્ય છે; આ એકત્રતા છે, આ વિશેષ બુદ્ધિ છે; અહો એકત્ર કરી વ્યાપ્તિ ગૃહનારા ઓષ્ઠ અને સિદ્ધાંતને પૃથક્ કરી અવયવ સમજનારૂં નાક" પછી તત્વજ્ઞાનીના ચિત્ર તરફ જોઇ બોલ્યો "આ વદન ઉપર શાન્તિ અને ગુપ્ત લુચ્ચાઈની છાપ એવી આબાદ પડેલી છે કે વધારે ટીકા કરવાની જરૂર નથી." આ વાર્તા કેન્ટ બહુ રમુજ સાથે ઘણાને કહેતો. ડા. ડાર્વિન આમ આપણને જણાવે છે કે સ્ત્રીના ઉરસ્થલથી આપણને આનંદ થાય છે તેનું કારણ એમ છે કે આપણા પ્રથમ આનંદની બધી લાગણીઓ--ઉષ્ણતા, પોષણ, આરામ, બધું–ત્યાંથી જ ઉદ્ભવ્યું છે. આ કલ્પના પણ કેટલાક દિવસ ચાલી, પણ છેવટ કોઈક જવાબ દેનાર મળ્યો કે જે લોકોને ફકત હાથે પોષણ આપીને ઉછેરેલા હોય છે તેમણે તેમની પ્રથમ આનંદની લાગણીઓ બહુ જુદાજ સ્થલથી પ્રાપ્ત કરી હોય છે, છતાં તેમાંનો એક પણ મ્હોટપણે લાકડાના ચમચાને દેખી પ્રેમથી દ્રવી જતો નથી.

ધમકી બતાવનારા.

જે લોકો બહુમાં બહુ બુમો પાડી ધમકી બતાવે છે. તે જ તે ધમકીને થોડામાં થોડી અમલમાં લાવી શકે છે. સુરંગ ફોડતી વખતે, જેનાથી ઘણામાં ઘણું નુકશાન થ ય છે તે થોડામાં થોડો અવાજ કરે છે; તેમ વીજળીને વિચારીએ તો પણ જે તેનાથી મરણ પામે છે તે તેનો ધ્વનિ સાંભળતું નથી; પણ જે

મહા ગર્જના પછીથી થાય છે, ને જેનાથી ભોળા લોકો ઘણામાં ઘણા ત્રાસે છે, તે તો તે લોકોની નિર્ભયતાની સારામાં સારી સૂચના છે.

વખત.

જેમ વખત એક ઘણી અવર્ણ્ય વસ્તુ છે, તેમ તે કેવલ વિરૂદ્ધભાવમય છે; ભૂત છે તે ગયેલું છે, ભવિષ્ય આવ્યું નથી, ને વર્તમાન છે તેને આપણે વર્ણવવાનો પ્રયત્ન કરીએ તે પૂર્વે તો તે ભૂત થઇ જાય છે, ને વીજળીના ચમકારાની પેઠે દેખાઇને અલોપ થઈ જાય છે. કાલ સર્વનો અવચ્છેદક છે, પણ પોતે અનવચ્છિન્ન છે; સર્વનો વ્યક્ત કરનાર છે, પણ પોતે અવ્યક્ત છે. દિક્‌ની પેઠે એ પણ અગમ્ય છે, કેમ કે એને અંત નથી. ને હોત તો પણ તે છે તેથી અધિક અગમ્ય થાત. નાઈલ નદીના કરતાં પણ પોતાનાં મૂળ આગળ અને નાઈજરના કરતાં પણ પોતાના અંત આગળ કાળ વધારે દુરધિગમ છે, ને ધીમે ધીમે ચઢતી ભરતીની પેઠે એ વધે છે, પણ જલદીમાં જલદી દોડતાં ધોધની પેઠે જતોયે રહે છે. સુખને વીજળીની પાંખો બંધાવે છે, પણ દુઃખને સીસાના પગ ચોંટાડે છે, ને આશાને મા અત્રટક જ આપે છે, પણ ભોગને એડી દેવાનું સોંપે છે; કાન્તિના લાલિત્યનો એ ચોર છે, ચોરી કરીને કાન્તિની પ્રતિકૃતિને સોંપે છે; અને ગુણને કીર્તિસ્તંભ બાંધી આપે છે, પણ રહેવાને ઘર આપતો નથી; અસત્યનો ક્ષણિક અને કપટી ખુશામદ કરનાર છે, પણ સત્યનો કસાયેલો અને સાચો છેવટનો બેલી છે, વખત એક મ્હોટામાં મ્હોટો ખેલ અને અસંતુષ્ટ લુટારો છે, કેમકે કાંઈ લેતો નથી એમ જણાવી સર્વસ્વ લઇ જાય છે. તેમ આપણી પાસેથી આખો સંસાર, અને સંસાર પાસેથી આખા

આપણને લેઈ લીધાવિના એ સંતોષ પણ પામતો નથી. તે નિરંતર ઉડયાં જ કરે છે, પણ ઉડવામાં સર્વને પકડી પાડે છે, ને યદ્યપિ એ વર્તમાનમાં મરણનો મિત્ર છે, તથાપિ ભવિષ્યમાં તેનો પરાજય કરનાર નીવડશે. આશાના પરિણારૂપ, પણ લોભની ઘોરરૂપ કાલ મૂર્ખ લોકોનો બહુ સખત શિક્ષક છે, ને ડાહ્યાનો ઉત્તમ સલાહકાર છે, ને બીજા જે જે ઇચ્છે છે તે તે તેમને આપે છે; પણ કેસેન્ડરાની પેઠે આપણને એવી વાણીથી એ સૂચના આપે છે કે જેને ડાહ્યામાં ડાહ્યા ઘણા વખત સુધી માનતા નથી ને ગાંડામાં ગાંડા બહુ મોડા સમજી શકે છે. એનો ચોપદાર ડહાપણ છે, એનો મિત્ર પ્રસંગ છે, ને એનો પગ દાબનાર પસ્તાવો છે. જે એને પોતાનો મિત્ર કરે છે, તેણે પોતાના દુશ્મનોથી ડરવું નહિ પણ જે એને પોતાનો શત્રુ કરે છે તેણે પોતાના મિત્રોની આશા રાખવી નહિ.

મુસાફરો.

જે જ્ઞાન માત્ર મુસાફરી કરવાથી જ મળી શકે છે તે વ્યાજબી કરતાં વધારે કીમતે મેળવેલું ગણાય. એમ કહેવાય કે જેમ વેપારી સામાન લાવે છે તેમ મુસાફર જ્ઞાન લાવે, તે એવી રીતે કે જેઓ ઘેર બેઠાં મોજ કરે છે તે તેનો ઉપયોગ કરે. એક માણસ પોતાના ઘરની સઘડીએ તાપ્યાં કરે, છતાં પરદેશની પ્રજાની રીતભાતવિષે બહુ સારૂં જ્ઞાન ધરાવી શકે; પણ એથી ઉલટી રીતે જે માણસ બધી જીંદગી મુસાફરી કરતો ફરે ને સ્કીબ્લેરસની પેઠે પોતાની બુદ્ધિ કરતાં પોતાના પગને જ પોતાનું કંપાસ કરી ચાલ્યાં જાય, તે સંસારની સાદામાં સાદી બાબતોમાં પણ એક શીખાઉ જેવો મરતાં સુધી રહે; એન્સકની પેઠે તે દુનિયાની આસપાસ ફરી ચુકયો હોય, ને

દુનિયા ઉપર ફરી ચુકયો હોય, પણ દુનિયામાં ન ફર્યો હોય ને પવિત્ર પર્વતો વચ્ચે સાત વાર મુસાફરી કરી આવ્યા છતાં મરતાંસુધી મૂર્ખો રહે, પછી તે ભલે કહે કે રૂપાની પીંછીથી મેં કાબાને સાફ કર્યો, ઝમઝમનું પવિત્ર આચમન કર્યું, ને નાઇલનું મૂલ ને નાઈજરનું મુખ મેં શોધી કાઢયાં !

સત્ય.

ખરેખરી વાત છે કે સત્યનુ આલય સ્ફટિકથી બાંધેલું છે પણ દુઃખ માત્ર એટલું જ છે કે તેને બાંધનારાં માણસ હતાં એટલે તેમણે તેમાં જે કેલ વાપર્યો છે તે હલકા પ્રકારનો છે. બહુ ઉગ્ર ખેદની વાત છે કે નીરાળું સત્ય પોતે, કોઈ પક્ષ, કોઇ પણ મત, કે કોઇ પણ પંથ સાથે જોડાયલું ન હોય, તો થોડુંક લક્ષ ખેંચે છે, ને કાંઈ જ માન પામતું નથી; અમિશ્રિત અને સ્વચ્છ શુદ્ધ સત્ય ચોખા સોનાની પેઠે વારંવાર ચલણને માટે અયોગ્ય નીવડે છે. સર વોલ્ટર રાલેએ કહ્યું છે કે જે માણસ સત્યની નિકટ ચાલે છે તેણે સંભાળ રાખવી કે તે એના દાંત પાડી નાંખે નહિ; પણ જે સત્યની નિકટ ચાલે છે તેને સત્ય પોતા તરફથી બ્હીવાનું થોડું જ છે, પણ સત્યના કહેવાતા મિત્રો તરફથી બ્હીવાનું ઘણું છે. આટલા માટે જે માણસ વર્તમાન મનુષ્યોના બધા ઉપહાસ અને બધી ધમકીઓ પરત્વે મૃતવત્ વર્તી શકે તેવો છે તે જ, ને તે એકલો જ, પોતાના સમયનો, આવતા સમય માટે સંગ્રહી રાખવા યોગ્ય, ઇતિહાસ લખવાને સમર્થ ગણાય.

જો કોઈ પુરૂષ સત્યરૂપ બાલાને ખરા દીલથી વરવા ધારતો હોય, તો તેણે એની તરફથી કાંઇ પણ પલ્લાની આશા રાખવી નહિ, ને એને જેવી હોય તેવી ગ્રહણ કરી લેવી. જે ગાંઠ બંધાય

તે પણ એવી થવી જોઈએ કે એના ઉપર અસ્ખલિત પ્રેમ રાખવો, અને પોષવી, એની આજ્ઞાને અનુસરવું, ને તે પણ માત્ર મરતા સુધી જ નહિં પણ મુવા પછી પણ કેમકે એ ગ્રંથિ એવી છે કે જે એક મૃત્યુને જ નહિં પણ તે મૃત્યુને પણ વશ કરનાર કાલને પણ પાછળ મુકી દે તેવી છે. આમ છે એટલે સત્યપૂજક સર્વ પ્રકૃત વિષયથી પર છે. લાલચોની વચમાં અચલ, કપટની વચમાં નિષ્કપટ; એવો એ માણસ, જે લોકો અમુક પ્રકારના આગ્રહ-વાળા છે તેમના ધિઃક્કારને પાત્ર થશે; કેમકે તેને પોતાને તેવો કશો દુરાગ્રહ નથી. જે જે લોકો, અને ખરીદવા ફરતા હશે તે બધા એને 'ખરાબ સોદો' ગણી હસશે, કેમકે તે એકલો જ કોઈથી ને કશાથી ખરીદાવાનો નથી; ને બધા પક્ષવાળા એને ગાળો દેશે, કેમકે તે કોઇ પક્ષને અવલંબતો નથીઃ—ને આ બધામાં એની સ્થિતિ ડોલ્ફીનના જેવી થશે.—ડોલ્ફીન કે જેને સર્વ પ્રાણીશાસ્ત્રવેત્તા સઘળાં તરનારાં માછલાંમાં સિધામાં સિધું માછલું જાણે છે, છતાં જેને સર્વ લોક ઘેટાનાં શીંગડ કરતાં પણ વધારે વાંકું ચુંકું ચીતરે છે.

એવી એક જુની કહેવત છે કે સત્ય કુવામાં રહે છે, પણ દુર્ભાગ્ય એ છે કે કેટલાક માણસો એને બહાર કાઢવાને બીજી કોઇ સાંકળને બદલે એવી લાંબી વાપરે છે કે જેને પૂરી કરવામાં જ તેમનો જન્મારો જતો રહે છે; ને કદાપિ જીવતાં પૂર્ણ કરી શકે તો પણ એમ બને છે કે છેલ્લા અંકોડા તૈયાર થાય તે પહેલાં પહેલાંના અંકોડા કટાઇને ખવાઈ જાય છે. બીજા કેટલાક એવા છે કે જે સત્યને સાંકળવિના જ કુવામાંથી ઉચકી લેવા ઇચ્છે છે, ને કેટલાક બહુ જ ટુંકી સાંકળવડે તેમ કરવા મથે છે. આ બન્ને પોતાનો હેતુ સિદ્ધ કરી શકતા નથી. ડાહ્યો માણસ

આવા કાર્યમાટે એવી સાંકળ તૈયાર કરશે કે જેનો એક અંકોડો પણ વધતો ન હોય કે ઘટતો ન હોય; ને પ્રથમ અંકોડા ઉપર લખશે કે अनन्तपारं किल शब्दशास्त्रम्, * ને છેલ્લા ઉપર લખશે કે स्वल्पं तथायुर्बहवश्चविघ्नः †

જુલમગાર.

કેદખાનામાં રહે રહે પણ જે મહાયુક્તિઓ ગોઠવાઈ છે ને સિદ્ધ કરી શકાય છે, તેમ જે મહા ગ્રંથો આરંભાયા છે ને પુરા થયા છે, તે બધા ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે જુલમગારોને, હજુ સુધી, માણસના મનને અંકુશમાં લાવનારી બેડી જડી શકી નથી.

એક અભિપ્રાય.

'એક અભિપ્રાય' છે તે, તેના નિરાળા સ્વરૂપનો વિચાર કરતાં, ઇચ્છવાયોગ્ય નથી, તેમ તે કાંઇ લાભકારી પણ નથી; બીજી વાતોને સંબંધે તેનો વિચાર કરતાં તે કદાપિ ઇચ્છવાયોગ્ય ને લાભકારી બન્ને જણાય, તથાપિ કોઇ ખોટી વાતમાં સર્વ માણસો એકમત હોય, તો તેને પ્રસંગે એ એકમત હાનિકારક છે. સત્ય છે તે જ્ઞાનનાં મંદિરના ગુહ્યાગારમાં સંતાઇ રહેલું છે; ને શંકા તો અંદર જવાના મંડપમાં જ બીરાજે છે. લ્યુથરે પોપના અસ્ખલિતપણાવિષે શંકા ઉઠાવીને આરંભ કર્યો તો મહાન્ રીફોર્મેશનરૂપ મંદિરના પાયારૂપ થઇ પડવામાં તેની સમાપ્તિ કરી. કોપર્નિકસ અને ન્યૂટને પોતાની નવી સંકલના યોજી તે પૂર્વે તેમણે બીજાની સંકલનાઓની શંકા આરંભી હતી. કોલંબસે નવી દુનિયા શોધી કાઢી તે પુર્વે બધી જુની દુનિયાના

* શાસ્ત્રનો પાર નથી. † આયુષ્ય અલ્પ છે ને વિઘ્ન ઘણાં છે.

મતથી તે જુદો પડતો હતો; તેમ ગેલીલીઓનો સ્થૂલપિંડ પણ, આકાશસ્થ પિંડોનું ભ્રમણ સૂચવવાને લીધે કેદખાનામાં પૂરાયો હતો. વાસ્તવિક રીતે જોતાં આપણને જે જે જ્ઞાન પ્રાપ્ત થયું છે તે એકમત થનારાથી નથી થયું પણ મતાંતરવાળાથી જ થયું છે. અને જેમણે બીજા બધાને પોતાના મનમાં આણીને પોતાના કાર્યની સમાપ્તિ કરી છે તેવા લોકોએ માત્ર પોતે પોતાના જ મનથી આરંભ કરેલો છે. કેમકે જે માણસ આખા ટોળાનો નાયક છે તેણે ટોળાથી જરા છુટા પડીને જ આગળ ચાલવું જોઇએ. લોહીના ફરવાની વાત શોધી કાઢનાર પ્રખ્યાત હાર્વિ જો તત્સમયના બધા વૈદ્યોથી જુદો ન પડયો હોત તો આ સમયના બધા વૈદ એની વાત સ્વીકારત નહિ. આવા બધા વિચારો ઉપરથી આપણને એક વિચાર એ આવવો જોઈએ કે મતાંતરને માટે કોઇને પણ પીડા કરવી એ ખરા તત્ત્વજ્ઞાનથી વિરૂદ્ધ છે. એ વિચાર બહુ શોકજનક છે કે લોકો માણસો જે રીતે વિચાર કરી શકે ને કરે છે તે રીતે કરે તે કરતાં સમુળગા વિચાર જ ન કરે એમ ઈચ્છી મતાંધ આગ્રહથી ને અયોગ્ય અમર્યાદાથી કેટલું દુઃખ ઉભું કરી ગયા છે. પાંચમો ચાર્લ્સ જ્યારે રાજ્ય તજી સેન્ટ જસ્ટના મઠમાં રહ્યો ત્યારે યાંત્રિકકલાના પ્રયોગોથી, તેમાં પણ મુખ્યત્વે કરી ઘડીયાળ બનાવવાથી, વખત ગાળવાની ગમ્મત કરતો. તેમ કરતાં એક દિવસ તે બોલ્યો કે "અહો! આટઆટલા માણસ અને પૈસાનો ભોગ આપનાર હું તે કેવો મૂર્ખ! કેવી ભુલ કરનારો! કે બધા માણસ એક જ રીતે વિચાર કરે! જ્યારે મારા પોતાનાં બનાવેલાં આ ઘડીયાળ બધાં એક સરખો વખત બતાવી શકતાં નથી!"

ગુલામગીરી.

જુલમી અને ખરાબ રાજ્ય પ્રજાને પોતાના વ્યાજબી હક્ક આપવાની ના પાડવાથી આરંભ કરી તેમ જ તે હક્કોની જે ખરી કીમ્મત છે તે સમજવાની પ્રજાની શક્તિનું પણ હરણ કરીને તેની સમાપ્તિ કરે છે. પોલાન્ડના ગુલામો (સર્ફ), રૂશીઆના ખેડુતો, અથવા ચોરીથી હરણ કરેલાં હબસીનાં બાલકો, પોતપોતાની સ્થિતિથી સંતોષ માને પણ કોઈ ફ્રેંકલીન કે હાઉવર્ડનું હૃદય તેમને તે સ્થિતિમાં જોઈ શકે નહિ. તત્ત્વ સમજનારા જાણે છે કે કદી ટાળી શકાય નહિ તેવી ગુલામગીરીની નીશાની તેના ભોગ થઇ પડેલા લોકનામાં જે આ બેહેરાપણું આવે છે તે જ છે કે જેવી રીતે વૈદો જાણે છે કે મરણ વેળાની નીશાની એજ છે કે બહુ ભારેમાં ભારે પીડાવાળા દરદમાં પણ પીડા થતી બંધ પડે.

માફ થઈ શકે તેવી ભુલો.

નાની ભુલો માફ થવી જ જોઇએ, પણ તે એવા માણસે કરી હોવી જોઈએ કે જે મ્હોટામાં મ્હોટી બાબતમાં મ્હોટા હોય. સેન્ટ મેરીના દેવલમાં પેલીએ એક વાર ઉચ્ચારમાં ભુલ કરી; તે ઉપરથી બીશાપ વોટસન આવી નજીવી બાબતો ઉપર ધ્યાન આપવાથી પોતાનો જે વખત બગડે તેને માટે પરિતાપ બતાવે છે. જો કોઈ પણ રીતે, એકાદ પ્રખ્યાત નામને, કાંઈ પણ કલંક વળગાડી શકાય તો તેવામાં ભણેલા ગધેડા જે વિજયધ્વનિ કરી મુકે છે તે કરતાં વધારે કંટાળાભરેલું બીજું કાંઇ નથી. પણ તેમ યાદ રાખવું કે સૂર્યમાં ડાઘા જોવા માટે કોઇ ખાસ વિરોધ કે સ્પષ્ટ ઈર્ષ્યાની મેશ ચોપડેલા કાચની જ જરૂર

પડે છે; ને એમ જ ધારી શકાય કે આવી નજીવી વાતોને એવા જ માણસો મ્હોટી કરી મુકે કારણ કે સંકુચિત મનના માણસની બુદ્ધિસમૃદ્ધિ એટલી ને એવડી જ હોય છે, ને તે જો તેમની પાસેથી જતી રહે તો તેમનામાં કાંઈ રહે નહિ. પણ જેણે પેલીની પેઠે માણસના આયુષ્યનો યથાર્થ અર્થ ઘટાવ્યો છે તેને પ્રાચીન ભાષાસંબંધે એકાદ ખોટા ઉચ્ચાર જેટલો હક્ક જરૂર આપવો જોઈએ; ને એટલે સુધી પણ કહી શકાય કે જેણે શુદ્ધ શ્રદ્ધા અને ગંભીર બુદ્ધિનું સમાધાન કરવાનો મહાપ્રયોગ સાધ્યો છે તેને શબ્દપ્રયોગની પણ એકાદ ભુલનો હક્ક છે.

સમયગામિતા પણ સક્વચિત ઉપયુક્ત છે.

કેટલાંક એવી વૃત્તિનાં માણસો છે કે જેનાં આચરણ ઉપર-ઉપરથી જોનારને વિરોધ, વિકાર અને વ્યાઘાતનાં જ ભરેલાં જણાય; તો પણ એવા લોક શું કરવા મથે છે તેનું રહસ્ય જે જાણતા હોય છે તે સમજે છે કે જેવાં ધારવામાં આવે છે તેના કરતાં કેવલ ઉલટાં છે; કેમકે તેમને એકાદ વસ્તુ ઉપર નીશાન હોય છે તેને તેઓ કુતરો જેમ સસલાની પાછળ દરેક આંટી અને દોડાદોડમાં વળગ્યો રહે છે, તેમ ખાઈ પીને વળગ્યાં રહે છે. આપણે જાણીએ છીએ કે પવનચકકી અહોરાત્ર ફર્યાં જ કરે છે, ને તે માત્ર એક જ કાર્ય સાધવા માટે; ને તેથી જ તે પવનના દરેક ફેરફાર સાથે ફરે છે, ને એક જ દિવસમાં દશ દિશાઓ બદલે છે.

સદ્‌ગુણ અને દુર્ગુણ.

વારંવાર ધારવામાં આવે છે તેના કરતાં સારાં માણસ ઘણો વધારે સારો અને નઠારાં માણસ વધારે નઠારો સોદો કરે છે;

કારણ કે એકનો લાભ અને બીજાની હાનિ ઘણીવખત મરતાં પૂર્વે જ ભોગવવાં પડે છે; તેમાં પણ કારણ એ છે કે સદ્‌ગુણ કરતાં દુર્ગુણને સ્વાર્પણ કરનારા ઘણા છે; અને માણસો મોક્ષ પામવા કરતાં, દુઃખમાં ડુબવામાટે વધારે કષ્ટ ઉપાડે છે. પણ ક્વચિત દુર્ગુણ, જે કાયિક પીડા, જે અમિતોપભોગ અને પાપને અંતે ઉદ્ભવે છે તેનાથી, બચી શકે તો પણ આત્માનો શાન્ત અને નિત્ય સૂર્ય જ્યાં પ્રકાશે છે તેવા સદ્‌ગુણી માણસના હૃદયમાં દુર્ગુણને પડખે સદ્‌ગુણને નાખવાનું જ સંભવી શકતું નથી. એક મધુર ધર્મોપદેશક કહે છે કે "આપણા વિચાર, સમુદ્રના જલની પેઠે, જ્યારે આકાશ તરફ વરાળ થઈ ઉડે છે ત્યારે બધા ખારાટ અને કડવાટથી મુક્ત થઇ જાય છે, અને એક પ્રેમમય આત્મભાવરૂપે મિષ્ટતા ગ્રહણ કરી આખા મનુષ્યવર્ગ ઉપર પ્રેમ અને દયાના વરસાદરૂપે વરસે છે."

યુદ્ધ.

યુદ્ધ એ એવી રમત છે કે જેમાં રાજાઓ ક્વચિત જ જય પામે છે, લોકો તો કદી જ નહિ. રક્ષિત થવું એ અભિદ્રુત થયાના જેટલું જ દુઃખ છે; અને ખેડુતોને વારંવાર રક્ષણકર્તાની ઢાલ અભિદ્રવ કરનારની તરવાર કરતાં ઓછી ભારે પડી નથી. કેવલ મતાંતર માટે જ યુદ્ધ કરવાં તે તો જેમ ઘણાં નુકસાનકર્તા નીવડ્યાં છે તેમ તેટલાં જ શરમભરેલાં છે, કારણ કે એ તો ન્યાયને મૂકીને બળને વળગવા જેવું છે. તકરારને મૂકી તોપને તાબે થવા બરાબર છે. આવાં યુદ્ધના ઉત્તેજકોએ "કાચા" લોક તે માત્ર ઘર આગળનાં વર્તમાનપત્ર પોતાનાં નામથી ભરવાને, પરદેશની ખાઈઓ પોતાનાં શરીરથી પુરવાને સરજેલા છે એમ જ ધારેલું હશે. પણ આપણે

એમ આશા રાખવી જોઈએ કે ખરૂં તત્ત્વજ્ઞાન જે શુદ્ધ ધર્મ અને અતિ પ્રકાશિત બુદ્ધિનું બાલક છે તે ધીમે ધીમે સંસારની વ્યવસ્થા સુધારશે, અને ત્યારે જ માણસો નઠારી કલમોને સારી તરવારોથી સુધારવાનું, હલકાં માથાને ભારે હાથે ઉંચા ચઢાવવાનું અપમાન ભરેલું કર્મ નહિ દેખે.

યુદ્ધ અને ક્ષત્રિવટ.

જ્ઞાનના વધારાથી જે રીતે ક્ષત્રિવટનો જે પ્રમાણે અંત આવ્યો છે, તે પ્રમાણે એકાદ દહાડો યુદ્ધનો પણ અંત આવશે જ; અને સર્વેન્ટિસે, પોતાની મેળે જ કાયડો ઘડી ન્યાયના કાંટાને બદલે તરવાર લઇને ફરી વળવામાં, તથા નિત્યે બખતર સજી ઘોડા ઉપર રહેવામાં, ક્ષત્રિવટ સમજનારાને તો ઉપહાસ કરીને ઠંડા જ પાડી દીધા છે. તેવો સમય ફરી આવે એવો મારો આશય નથી; પણ જ્યારે એ ઉદાર પરાક્રમ અને ક્ષત્રિવટનો વખત હતો, જ્યારે માણસો પરાર્થે પોતાની મરજીથી જ ભયની સન્મુખ ઝંપલાવતા, અને તે પણ કોઈ લાભની આશાવિના જ, તેમ તે કાર્ય સંપૂર્ણ થતાં તરવાર છોડી નાંખતા, ત્યારે આપનાર લેનાર ઉભયને શોભે તેવાં તેમને કોઈ અપૂર્વ પ્રતિષ્ઠા અને સાશ્ચર્ય માન પ્રાપ્ત થતાં. પણ જે લોકો આજે યુદ્ધ કરવાનો ધંધો લઈ બેઠેલા છે અને લોહીનું સાટું કરે છે, તેમ જ તેઓ પોતે જે તરવાર તાણે છે તેઓ જેટલા જ તે શા માટે તાણી છે તે હેતુના અજાણ હોય છે, અને જેઓ માત્ર કોઇ ધણીનો પટો બાંધી ડ્રેસ પહેરી તેનો પગાર ખાનારા છે, તેમને આ પ્રતિષ્ઠા અને માન આપવાં એ અયોગ્ય તેમ હસવાલાયક નથી ? બધું જ વાણીઆસાહી હીસાબે ચાલે છે, ત્યાં ઉદારતાનો છાંટો પણ કયાં ? અને એક સજીવ યંત્ર

કે જે નોબતના કે જુલમગારના, રણશીંગાના કે લોકદ્રોહીના, પટેલના કે પાડાના, ગમે તેના અવાજે ગાજી ઉઠે છે, તેને માટે માનનો છાંટો પણ રાખવો એ અશકય છે.

યુદ્ધ અને યોદ્ધા.

વારબર્ટન લખે છે કે એવો એક દેશ જીતનાર, કાયદા બાંધનાર, કે ધર્મ સ્થાપનાર, કદાપિ થયો નથી કે જેનામાં આવેશ અને નય ઉભયનું મિશ્રણ ન હોય; આવેશ લોકોનાં મન પલાળવા માટે, ને નય તે પલળેલા મનને રસ્તે લાવવા માટે છે. મારે આ પ્રસંગે માત્ર યુદ્ધ અને યોદ્ધા વિષે જ લખવાનું છે, તેથી પ્રથમથી જ એમ કહેવું એ હું વાજબી ધારૂં છું કે ઉક્ત વૃત્તિના માણસમાં આવેશ કરતાં નય એ જ વધારે મુખ્ય વૃત્તિ હોય છે. મારે કબુલ કરવું જોઈએ કે, કોઈ કોઈ વિશેષ પ્રકૃતિના અસાધારણ માણસમાં, જેમ કે ક્રોમવેલમાં કે મહંમદમાં, ઉકત વિષમ મિશ્રણ થયેલું હોય છે; પણ આવા વિરૂદ્ધ પદાર્થના મિશ્રણને તેલ અને સરકારના મિશ્રણની પેઠે એકતાર રાખવા સારૂ વારે વારે હલાવવાની જરૂર પડે છે; બાકી નીરાંતને સમયે તો એવું મિશ્રણ તે મિશ્રણ કહેવાય જ નહિ; કેમકે આવેશ કરતાં નય તુરત જ ઉપર તરી નીકળવાનો. આથી ઉલટી રીતે ત્રીજા વિલીઅમ, તથા વોશીંગટનનામાં, વારબર્ટને કહ્યા છે તે કરતાં વધારે સમગુણવાળા પણ બીજા જ પદાર્થ ભેળા મળેલા હતા; હીંમત, ગંભીરતા, અને સદુદ્યોગ આ એમાંના એકે માણસને ગમે તેમ કહેવાય પણ આવેશના બળવાળા તો ગણાય જ નહિ. વ્હાઈટે રચેલા "ઈન્સ્ટીટયુસ આફ ટેમરલેન" (તૈમુર–લંગડો) નામના પુસ્તકમાં જોઈએ તો જણાશે કે જેને આવેશ જોડે કંઈ જ સંબંધ ન હોય એટલું જ નહિ પણ જે

આવેશને ધિઃક્કારે એવા આ તાતાર વીર કરતાં, બીજો પુરૂષ નહિ હોય. એની આખી પ્રકૃતિ જ ધીરજ અને અનિર્વેદથી સાધનોને સાધ્યપરત્વે વાપરવારૂપ, કારણોને કાર્યપરત્વે યોજવારૂપ, અને કાર્યોને પરિણામ ઉપજાવવામાં ઘડવારૂપ હતી. તરંગીપણાના કે આવેશના એક પણ છાંટા વિનાનો હોઇ, બીજાનામાં તેવું હોય તેને કેટલેક અંશે ધિઃક્કારનાર એ પુરૂષ લંગડા ઉંટ હાંકનારમાંથી છવીશ પરગણાંનો રાજા થયો. આટલા માટે આપણે વાર બર્ટન જેવા લેખકનાં જે જે વચન હોય તે વેદવાકય છે એમ માનવાની જરૂર નથી.

પાપ.

પૃથ્વી ફરે છે એ વાતનું પ્રમાણ આપણને પૃથ્વીમાંનાં જ કોઇ બિંદુથી તપાસ કરતાં મળતું નથી પણ પૃથ્વીની બહારના કોઇ અંતરિક્ષ સ્થાપનથી સંભવે છે. તેમ પાપમાં બોળાયલાં માણસ બીજાં તેવાં જ માણસ જોડે પોતાની સરખાવટ કરી સમજી શકતાં નથી, કે પોતે પાપમાં કેટલાં આગળ વધેલા છે, પોતે કયાં સુધી વધ્યા છે તે જાણવું હોય તો તેમણે કાઇ ઉજ્વલ મહાનુભાવ કે મહાત્મા જે તેમનામાંનો ન હોતાં તેમનાથી વિદૂર હોય તેના ઉપર દૃષ્ટિ કરવી જોઇએ. પાસકોલ લખે છે કે જ્યારે બધું જ ચાલે છે, ત્યારે કશું ચાલતું ન હોય એમ લાગે છે. તેમ જ્યારે બધાં જ પાપ તરફ દોડતાં હોય છે, દૃષ્ટાંત તરીકે સમુદ્રમાં પુર વેગથી જતા વહાણની ગતિ એવી જ હોય છે, ત્યારે કોઇ પણ તેમ કરતું જણાતું નથી. એમાંથી જે પહેલો અટકે તે જોઈ શકે છે કે તેના સોબતી કેવા ભયાનક રસ્તામાં પડેલા છે.

જ્ઞાન અને અજ્ઞાન.

જેવી શક્તિ કોઇને પણ હોવાનો સંભવ નથી તેવીને માટે અજ્ઞાનિઓએ જ્ઞાનિને માન આપેલું છે માત્ર એટલા જ કારણથી કે જે શક્તિ સર્વને સંભવિત છે તેનો ઉપયોગ જ્ઞાનિઓએ જ સારી રીતે કર્યો હોય છે. એક દરવેશની નાની અરેબીઅન વાર્તા આ સિદ્ધાંતની ટીકારૂપે ઠીક પડશે. એક દરવેશ જંગલમાં એકલો મુસાફરી કરતો હતો, તે વખત તેને એકાએક બે વેપારી મળ્યા. તેણે વેપારીઓને કહ્યું " તમારૂં ઉંટ ખોવાયું છે ? " તેમણે ઉત્તર આપ્યો કે " હા ખોવાયું છે. " દરવેશે કહ્યું કે " તે જમણી આંખે કાણું અને ડાબે પગે લંગડું છે નહિ ? " વેપારીઓએ કહ્યું " છે. " અને દરવેશે કહ્યું " તેનો આગલો દાંત પડી ગયો છે નહિ ? " વેપારીઓએ કહ્યું "પડી ગયો છે." ત્યારે દરવેશે કહ્યું " તેની એક પાસ મધ ને બીજી પાસ ઘઉં ભરેલા છે ? " વેપારીઓએ કહ્યું " હા તેમ જ છે; અને તમે જ્યારે તેને હવણાં જ જોયું છે, ને આવી સારી રીતે સરતમાં રાખ્યું છે, ત્યારે તો ઘણું કરીને તમે અમને તેની પાસે પણ લઇ જશો. " દરવેશે કહ્યું. " સાહેબો, મેં તમારૂં ઉંટ જોયું નથી. તેમ તમે તેની વાત કહી તે પહેલાં મેં તે સાંભળી પણ નથી. " પેલા વેપારીઓ કહે કે " વાહ, ઠીક વેશ ભજવો છો ! પણ એ ઉંટ ઉપર જે જવાહીર હતું તે કયાં છે ?" " મેં તમારૂં ઉંટ કે તમારાં જવેર કાંઇ જોયું નથી " દરવેશે કહ્યું. આ ઉપરથી પેલા વેપારીઓએ તેને પકડીને કાજી આગળ આણ્યો, પણ ત્યાં તપાસ કરતાં તથા ઝાડો જોતાં એની પાસેથી કાંઈ નીકળ્યું નહિ એટલું જ નહિ પણ એના ઉપર જુઠું બોલવાનો કે ચોરીનો ગુન્હો સાબીત કરવાનો કશો પૂરાવો

પણ મળ્યો નહિ. આટલું થયા પછી તે લોકો એના ઉપર જાદુગર તરીકે કામ લાવવા જતા હતા તેવામાં દરવેશે બહુ શાન્તિથી આ પ્રમાણે કહ્યું: “ તમને જે આશ્ચર્ય લાગ્યું છે તેથી મને બહુ રમુજ પડી છે, ને હું કબુલ કરૂં છું કે તમને શક પેદા થાય એવા કેટલાંક કારણ પણ છે; પણ વાત એવી છે કે હું ઘણા વખતથી એકાન્તમાં જ રહું છું, ને એક ઉજ્જડ જંગલમાં પણ અવલોકન કરવાની મને ટેવ પડેલી છે. જે રસ્તેથી હું આવતો હતો ત્યાં કોઇ પણ માણસનાં પગલાં સિવાય એકલા ઉટનાં જ પગલાં જોવાથી મેં ધાર્યું કે તે ઉંટ એના ધણી પાસેથી ભુલું પડેલું છે. રસ્તાની એક જ બાજુનાં પાંદડાં કરડેલાં હતાં, તેમ રેતીમાં જે પગલાં હતાં તેમાં એક આછું પડેલુ હતું, તે પરથી મેં તેના કાણા તથા લંગડા હોવા-વિષે અનુમાન કર્યું. વળી જે પાંદડાં કરડેલાં હતાં તેના અગ્રભાગે એક કડકો આખો અણી રહ્યાં કરતો હતો, તે પરથી મને એમ જણાયું કે ઉંટને એકાદ દાંત હશે નહિ. એ ઉંટના ઉપર લાધેલા માલ સંબંધ તો એક તરફના કીડીઓની હારથી ને બીજી તરફની માખોના બમણાટથી મને લાગ્યું કે તેની એક પાસા ઘઉં ને બીજી પાસા મધ હશે. ”

ચતુરાઈ.

મન અથવા તનનો ચતુરાઇશિવાય એવો એક પણ ગુણ નથી કે જે તત્કાલ અને એકદમ પ્રીતિ ઉત્પન્ન કરે. એક અતિ રસિક લેખકે લખ્યું છે કે ચતુરાઈને પરકીયા તરીકે રાખવી બહુ સારી છે; પણ સ્વકીયારૂપે તો બુદ્ધિને જ પસંદ કરી શકાય. સૂર્યનાં સ્થિર કિરણોના પ્રકાશને બદલે વીજળીના ચમકારાના આશરાથી જ ચાલનારની માફક, જે માણુસ સ્વકી-

યાને તજી પરકીયાના આધીનમાં લીન થાય છે તે અનેક ખાડા ખાબોચીયામાં ખરડાય છે. આમ છે એટલે ચતુરાઇનો મન ઉપરનો વિજય રોમન લોકોએ તન ઉપર જે વિજય મેળવેલો તેના જેવો નથી; કેમકે તે વિજય એવો થતો કે જે નય-માત્રથી જ નિયમાતો અને દુરદર્શિતાથી સ્થિર થતો. જેનામાં પ્રીતિ પેદા કરી હોય તેને સુધારતો. ચતુરાઇનો વિજય પારથીઅન લોકના હુમલા જેવો, ભવ્ય પણ ક્ષણિક છે,—વિજય જે માત્ર બાહુબલ કરતાં શરપાતની તીક્ષ્ણતાને લીધે સાધી શકાયો છે, જે પોતાની પાછળ આશ્ચર્ય માત્ર પેદા કરવાથી જ ભવ્ય લાગે છે, અને જે કોઈ એક ટુકડીની સંખ્યા અને ગાઢતાને બદલે માત્ર થોડાકના તડાકામાંથી જ જન્મ પામ્યો છે. તો પણ ચતુરાઇ એ એવી થોડી વસ્તુઓમાંની એક છે કે જેને વર્ણવવા કરતાં ઈનામ આપવાનું વધારે વાર બનેલું છે. એક બીશપે પોતાના ચેપલેનને કહ્યું “ ચતુરાઈ એટલે શું ? ” તેણે ઉત્તર આપ્યો “ બ—ગામનું પાદરીપણું ખાલી થયું છે, તે મને આપો, એ ચતુરાઈ.” “ સાબીત કરો, તો તે તમને મળશે ” એમ બીશપે ફરી કહ્યું. ચેપલેને ઉત્તર દીધો કે “ એ એક સારી વસ્તુને સારે રસ્તે વાપરી ગણાશે. ” ચતુરાઈના એક ચમત્કારથી સેન્ટ જેમ્સમાં રાજ્યના પાદરીઓ માટે તૈયાર થતું ખાણું બંધ પડતાં થોડાક દિવસ અટક્યું હતું. ચાર્લ્સ રાજાએ પોતાના પાદરીઓ સાથે જમવાનો એક દિવસ નક્કી કર્યો હતો; અને એમ માનવામાં આવતું હતું કે આમ કરવાથી થોડામાં થોડી કડવાસથી એ જમવાનુ બંધ પાડી શકાશે. દાક્તર સાઉથને આશિર્વાદ ઉચ્ચાર-વાનો હતો, ને જયારે જયારે રાજા પાદરીઓ પાસે પધારે ત્યારે

બોલવાનો ચાલતો નિયમ એવો હતો કે “ ઇશ્વર રાજાનું રક્ષણ કરો અને ખાણાને આશિષ આપો.” આ ચતુર પાદરીએ આ નિયમમાં જરા ઉલટ પાલટ કરવાની નિર્દોષ ગમ્મત કરી ને બોલ્યો “ઇશ્વર રાજાને આશિષ આપો, ને ખાણાનું રક્ષણ કરો.” આ સાંભળતાં જ રાજા બોલી ઉઠયો “જરૂર, તેનું રક્ષણ થશે જ.”

જોન્સન કહેતો કે ચતુરાઇ છે તે સાધર્મ્ય શોધી કાઢવામાં રહેલી છે, ને બુદ્ધિ વૈધર્મ્ય પરખવામાં સમાયલી છે; અને તે બેનાં કર્તવ્ય આવાં વિરુદ્ધ છે, એટલે એ સ્વાભાવિક જ છે કે એક માણસમાં એ બન્ને વાર્તા સાથે ન સંભવે. જોન્સનની કલમથી જે જે લખાયું છે તેની પેઠે આ સિદ્ધાન્ત પણ એટલો બધો સત્ય ભાસે છે કે સત્યરૂપ જ મનાય, પણ એ એક વાતની સરત ચુકી ગયો હોય એમ લાગે છે, કે વૈધર્મ્ય નક્કી કરવામાં જે શક્તિ આપણે વાપરવી પડે છે તે જ સાધર્મ્ય નક્કી કરવામાં પણ વાપરવી પડે છે. ઉદાહરણ તરીકે જોઇએ તો એક ચિત્રના તાદૃશતારૂપ ગુણની પરીક્ષા કરતાં કોઈ એમ કહે કે બીજી બધી બાબતમાં અતાદૃશ્ છતાં આ એક બાબતમાં મળતાપણાવાળું હોવાથી એ ચિત્ર યથાર્થ છે, તો તે ખોટું કહેવાશે; પણ આવું બોલવું સંભવતું જ નથી. કેમકે જે શક્તિથી આપણે એકાદ અવયવનું મળતાપણું સમજી શકીએ છીએ તેજ શક્તિથી આપણે બીજા બધા અવયવોનું વૈધર્મ્ય પણ પરખી શકીએ છીએ. પણ જોન્સનનું કહેવું ખોટું હતું, તેની પ્રત્યક્ષ સાબીતી આ છે. એક બીજાથી જુદી પડતી વસ્તુઓ શોધી કાઢવામાં જેટલી ચતુરાઈ છે તેટલી જ મળતી આવતી શોધી કાઢવામાં પણ છે. શેરીડને એકવાર એક ભાષણ વિષે એમ અભિપ્રાય આપ્યો હતો કે એમાંની

બધી વાતો નવી છે, ને બધી ચતુરાઇ સ્મરણુશક્તિની છે. આથી વધારે સ્પષ્ટ તેમ ટુંકો પરિચ્છેદ કવચિત્ જ થયો હશે. મી. પીટ, શેરીડનના નિતાંત વિરૂદ્ધભાવને એક પાછળ ખેંચી રાખતી એક અનન્ત સાંકળ સાથે સરખાવતો. તે બધાં ચક્રને અટકાવતી, ગતિ મંદ પાડતી, અને રાજ્યયંત્રના કામને બંધ પાડતી. મી. શેરીડને ઉત્તર આપ્યો કે આ કલ્પિત પાછળ ખેંચતી સાંકળ તેવી ખરી સાંકળથી એક અંશે જુદી પડે છે, ને તે ખરા જરૂરના અંશે, કે આ તો જ્યારે ગાડી ડુંગરના ઢોળાવ હેઠળ ખસી પડવા માંડે છે ત્યારે જ વળગાડવામાં આવે છે. જોન્સન પોતે પણ એક ચતુરાઇથી જ પરાજિત થયો; ને તે ચતુરાઈનો સાર માત્ર એક વૈધર્મ્ય નિરૂપવામાં જ હતો. જે શેરીડન ભેગા રહ્યા હોય તે આવા ઘણા દાખલા યાદ કરી શકશે. મારૂં એવું સદ્ભાગ્ય માત્ર એકજ વાર આવ્યું છે કે જ્યારે એ એક ગ્રહરૂપે પ્રકાશતો હતો ત્યાં હું પણ નાનો ઉપગ્રહ થઈ ભમતો હતો. પોતાના આકર્ષણની અસરથી એણે અમને પ્રાતઃકાલ સુધી છોડ્યા નહિ; અને એનું આનંદરંગપૂર્ણ વદન, અને એની અપ્રતિમ રમુજ કરવાની શક્તિ વિચારતાં, મને એ ચતુરાઈના સિંહાસને, સૂર્યરથમાં ફ્રૈટન જેટલા જાજ્વલ્યમાન તેજથી પ્રકાશે છે તે કરતાં અધિક પ્રકાશતો જણાયો, પણ મારા પ્રકૃત વિષયના એક નમ્ર દૃષ્ટાન્તરૂપે હું એટલું જ ઉમેરવા ઇચ્છુંછું કે જે પ્રથમ કહ્યો તેણે પોતાના માધુર્યનાં કિરણથી, પોતાના પરાક્રમથી, ને ચતુરાઈના ચમકારાથી, રાત્રિને દિવસ કરી નાંખ્યો હતો.

સંસારની રીત.

જે માણસ દુનિયાને ઓળખે છે તે પોતે જે જે જાણતો હોય તેનો ઘણામાં ઘણો ઉપયોગ કરશે એટલું જ નહિ પણ જે

નહિ જાણતો હોય તેવી ઘણી વસ્તુઓનો પણ કરશે, અને પોતાનું અજ્ઞાન છુપાવવાની તાત્કાલિક બુદ્ધિથી, એક પંડિત પોતાની પંડિતાઇ બતાવવાના પ્રયાસથી પ્રાપ્ત કરે તે કરતાં વધારે માન પ્રાપ્ત કરશે. સ્કોટલંડમાં, લોકોની રીતભાતના નિયમે, કાયદાનો શબ્દ "કુરેટર" છે તેનો ઉચ્ચાર "કયુરાટર" જેવો કરી નાંખ્યો છે. લોર્ડ મેન્સીફીલ્ડે કોર્ટમાં આવેલા એક સ્કોચ બારિસ્ટરની પોતાના અંગ્રેજ કાનને જે ઉચ્ચારની ભુલ લાગી તે સુધારતાં કહ્યું કે "કયુરેટર, મહેરબાન." પેલા બારિસ્ટરે તુરત ઉત્તર વાળ્યો " આપ જેવા કુશલ વકતાને મુખેથી મારી ભુલ સુધારવામાં હું મારૂં સદ્ભાગ્ય માનું છું."

યૌવન અને વાર્ધક્ય.

જુવાનો એમ ધારે છે કે આપણી મૂર્ખાઇઓને ઘરડા માણસો સુખરૂપે માને છે; ને ઘરડા માણસો એમ ધારે છે કે જુવાનો આપણા ગંભીરપણાને ડહાપણ ગણે છે. છતાં બન્ને પરસ્પર સંબંધે જે ધારે છે તેમાં ભુલ કરે છે. ખોટી સમજ પરસ્પર છે અને હું તેને સુધારવાનો પ્રયત્ન નહિ કરૂં, કેમકે તેમ થવાથી જે સંતોષ છે તે પણ પરસ્પર લાભકારી છે. પેલા અતિ ચપલ ફ્રેંચમેનની પેઠે હું વૃદ્ધો ઉપર એટલો બધો કરડો થઈ એમ નહિ બોલું કે જો તેમને સારી શીખામણ દેવાની ટેવ પડી છે તો તે તો તે એટલા જ માટે કે તે પોતે अशक्तिमान् भवेत् साधु: એમાંના છે; પણ તેમને પોતાને માટે, તેમ બીજાને માટે પણ હું વૃદ્ધોને ચીડીયાપણાની સખ્તાઇને બદલે પ્રસન્નતા રાખવાની ભલામણ તો કરૂં, એમ જાણીને કે ગંભીરતા ડહાપણનું ચિન્હ હોય છે. પોતાના જીવનના મ્હોટા આધારરૂપે વૃદ્ધોએ પ્રસન્નતાને સમજવી જોઈએ; પ્રસન્નતા વિનાનાં વર્ષ તે સૂર્યવિનાનો

લાપ્લાંડનો શિયાળો હોય તેવાં છે; અને પ્રસન્નતાની વૃત્તિ આપણું યૌવનમાં જ કેળવવી જોઈએ, કે તેનો વૃદ્ધ થતાં ઉપયોગ થઈ શકે. જે દારૂ ખુમારીવાળો હોય તે તો વખત જતાં મીઠો થાય છે, પણ જે તરત જ ઉકળી ઉઠે તેવો હોય તે તો ખાટો થઈ જાય છે.

જ્ઞાનવિનાનો આવેશ.

જો કોઈ કામ સારૂં હોય તો તેના અનુયાયીનો અવિચારી બચાવ તેને જેટલું નુકસાન કરી શકે તેટલું તેના પ્રતિપક્ષીના અતિ ઉગ્ર અભિદ્રવથી તેને થવાનું નથી. મતાંતગામી જુલીઅને પોતાની ચતુરાઈ અને વીર્યથી ચલાવેલા હુમલાથી ક્રીશ્ચીઆનીટીને જેટલું નુકસાન કર્યું હોય તે કરતાં વધારે થીઓડોરેટ અને બીજા જે ગંભીર થઈ જ્ઞાનવિનાના આવેશથી અને રીતિવિનાની શ્રદ્ધાથી સાધુઓના ચમત્કારને ઘટાવવા, અને કોસ્ટેન્ટાઈનના પ્રકાશમય ‘ ક્રોસ ’ ને સાચવવા, મથતા, તેમણે કર્યું છે.

સમાપ્ત.

રૂ. ૫૦૦ માં એક નાની સરખી લાયબ્રેરી બનાવી શકાય તેવાં ચુંટી કાઢેલાં એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપનીમાં મળતાં ઉપયોગી પુસ્તકોનું લીસ્ટઃ—

	રૂ. આ.
સરસ્વતીચન્દ્ર ભાગ ૧, ૨, ૩, ૪ ...	
પ્રેમાનંદ કાવ્ય	૫–૦
શુશ્રુત સંહિતા (મૂલ તથા ગુજરાતી ભાષાંતર	૧૦–૦
નીલમ માણેક ભાગ ૧ થી ૮	૧૦–૦
મધુરી ભાગ ૧–૨ (સચિત્ર નવલકથા)	૩–૮
વૈદક વિજ્ઞાન ચક્ર વોલ્યુમ્સ ૧–૨ ...	૧૫–૦
સંધ્યા અથવા મરાઠી રાજ્યનો સૂર્યાસ્ત	૦–૧૨
સેલ્ફ જાપાનીઝ ટીચર	૨–૦
ગુજરાત સર્વસંગ્રહ	૨–૦
પતિવ્રતા સતીઓ (સચિત્ર) ...	૩–૦
ઝાંશીની રાણી ... (,,) ...	૨–૮
ગુજરાતની જુની વાર્તા (,,) ...	૨–૦

	રૂ. આ.
ભરૂચાકૃત મીલ એન્જીન, બોઇલર ગીયરીંગ	૧૧–૦
એલચીદાણાકૃત મીકેનીકલ એન્જીનીયરનો મદદગાર	૭–૦
કમર્શીયલ કેલેન્ડર યાને હીંદી વેહેપારી પંચાંગ	૨–૮
મુંબઇમાં ચાલતા કાચા પાકા તોલના હીસાબોની ચોપડી	૨–૦
બસો વર્ષનું પંચાંગ	૩–૦
બ્રહ્માનંદ કાવ્ય	૨–૦
પોકેટ ઇંગ્લિશ ગુજરાતી ડીક્ષનેરી	૨–૮
ઇંગ્લિશ ગુજરાતી ડીક્ષનેરી	૪–૦
વહુને શીખામણ	૧–૦

ફીરોઝ માહાલ યાને દોલત (બહુજ રસદાયક નવલકથા કર્તા જરબાઇ એદલજી) ૨-૮
ખુબસુરત મક્કાર ૨-૮
લોર્ડ બેકનના નિબન્ધો ૧-૮
દીલ્હીની સુલતાના રજીયાબેગમ ... ૧-૮
કાયદાનો શિક્ષક ... .
પ્રેકટીકલ સાઇકોલોજી ૩-૮
ગુજરાતી એરેબીયન નાઇટસ ... ૬-૦
વાલ્મિકી રામાયણ ૬-૦
કથાસરિત્સાગર વોલ્યુમ્સ ૧-૨ ... ૫-૦
પ્રેકટીકલ એસ્ટ્રોલોજી (હોમીયાર કૃત) ૩-૮
ગ્રહગણિત ૧-૦
તેજપ્રભા (નવલકથા) ૧-૧૨
કરણઘેલો ૧-૧૨
રજનીકાંત ૧-૮
નવી જીંદગી ૨-૦

ઘેલા ઘાંચીનું કુટુંબ ૧-૪
ઇંગ્લંડનો ઇતિહાસ ૧-૮
વનસ્પતિશાસ્ત્ર ૧૦-૦
ચરક સંહિતા વોલ્યુમ પહેલું ... ૫-૦
પાંચપ્રેમ કથા ૦-૬
બારીસ્ટરની બૈરી ૨-૮
શાંતિપ્રિયા (સચિત્ર નવલકથા) ... ૨-૮
નિરંજની અથવા વરઘેલી વનિતા ... ૨-૮
કુસુમ કલા (નોવેલ) ૨-૮
અનંગ વિષ (સચિત્ર નવલકથા) ૨-૮
વેરની વસુલાત ૩-૪
માનવશાસ્ત્ર અથવા મસ્તકવિદ્યા અને મુખ સામુદ્રિકશાસ્ત્ર ૫-૦
પ્રેકટીકલ સાઇકોલોજી (હોમીઆરકૃત)... ૩-૮
તુલસીકૃત રામાયણ મૂળ તથા ગુજરાતી ૭-૦
મુખલક્ષણ શાસ્ત્ર ૨-૪

હાજીબાબાનાં સાહસ કર્મો	૧-૪
નિર્દોષ હેમકલા (સચિત્ર નવલકથા)...	૧-૮
બહાદુર કલો અને અનાથ તારા ...	૧-૮
બહાદુર કલો અને પ્રમાદ સુંદરી ...	૧-૮
કવિતા પ્રવેશ	૧-૦
કાવ્ય માધુર્ય	
સ્ત્રીઓની મહુત્તા	૧-૮
મણી અને મોહન અથવા ભાગ્યહીન ભાઇ બેહેન	૨-૮
યોગવાસિષ્ઠ મહારામાયણ વોલ્યુમ૧-૨	૧૦-૦
શ્રીમદ્ ભાગવત ભાષાંતર... ...	૧૦-૦
વિવેકાનંદ વિચારમાલા વોલ્યુમ ૧ થી ૫	૧૧-૪
અનંગભદ્રા અથવા વલ્લભીપુરનો વિનાશ	૩-૮
હીરાકંઠી	૦-૮
આશ્વર જીવન	૨-૦
વેહેમી વનિતા	૨-૮
ગુજરાતી ઇનકમટેક્સ એકાઉન્ટસ ...	૧-૪
લાલા લજપતરાય	૧-૪
ચાણક્ય નન્દિની અથવા ચચ્ચ અને સુંહષી	૨-૦
બેટનો બલવો અથવા રાજબા રણસુન્દરી	૧-૮
પાટણની પ્રભુતા	૨-૦
ભારત લોકકથા ભાગ ૧ થી ૯ ...	૧૪-૪
શંકરાનંદી ભગવદગીતા	૨-૮
ગુજરાતી પીનલકોડ	૭-૮
સ્ત્રીશાસ્ત્ર...	૩-૦
સ્નેહાંકુર	૦-૩
વિશુદ્ધ પ્રેમ જ્યોતિ યાને વિલાસી રમણી	૧-૦
પ્રેમપ્રભાવ	૧-૪
કિન્ડર ગાર્ટન	૩-૦
લતા અને લલિતા ભાગ ૧, ૨, ૩, ૪....	૪-૦
નવલગ્રન્થાવલી ભાગ ૨, ૩, ૪	૪-૧૨
કુસુમાવલી	૧-૮
રોનક માહાલ	૨-૦

(૯)

મનુ અને ભાનુ ૧-૮
કાદંબરી... .... ૨-૧૨
નીતિ દર્પણ ૨-૮
કૃષ્ણચરિત્ર ૧-૮
પોર્ટુગીઝ ભાષાનો ભોમીઓ ૨-૮
મૂર્તિદીક્ષા અને સમયસમીક્ષા, ભારત પ્રબોધ૧-૪
ચેસ્ટર ફીલ્ડનો પુત્ર પ્રતિ ઉપદેશ ... ૧-૮
ભોજ અને કાલિદાસ (સચિત્ર) ... ૪-૦
હિન્દુસ્તાનના દેવો ૪-૮
નિવૃત્તિ વિનોદ ૧-૪
અનન્તાનુભૂતિ કિંવા અનન્ત જીવન ૨-૪
રતન લૉજનું રમખાણ ૨-૮
એક પત્થરનો પ્રતાપ ૨-૮
કાવ્યદોહન ભાગ ૧, ૨, ૩, ૭, ૮ .... ૧૪-૮
નર્મકવિતા ૪-૮
વિષવૃક્ષ... .... ૦-૧૨
તુલસીકૃત રામાયણ હીંદીમાં... ... ૧૨-૦

દુઃખી દાદીબા અથવા એક પરીનનો પસ્તાવો ૩-૮
શીરીનની કહાણી અથવા અંજીરબાગની કતલ ૫-૦
સુકન્યા સાવિત્રી નાટક ૧-૮
દુનીયા કે દોજખ ૨-૮
જીવતું દોજખ ૨-૦
પૃથુરાજ ચૌહાણ અને ચંદબરદાઈ (સચિત્ર) ૨-૦
મોતીના પડદા સંગ્રહ ૩-૮
વિવિધ સુખાભાસ ૨-૮
જ્યોતિષ કલ્પતરુ વોલ્યુમ્સ ૧-૨ ... ૭-૦
જાતક પારિજાત ૫-૦
શયતાનનો સાથી ૨-૮
જ્ઞાનચિન્તામણી ૨-૦
મોક્ષ મંદિર ૨-૮
અપવાસ ભાગ ૧-૨ .... ૩-૦
જીવનશક્તિનું બન્ધારણ ૨-૮
સ્ટેન્ડર્ડ ઇંગ્લિશ-ગુજરાતી ડીક્ષનેરી ... ૨૦-૦
શીવપુરાણ ૧૦-૦

ઉપનિષદો મૂલ તથા ગુજરાતી ભાષાંતર	૫-૦
તત્વાનુસંધાન મૂલ તથા ગુજરાતી ભાષાંતર	૨-૮
સંગીત રામાયણ	૨-૦
શ્રીમાન સુરાધીશ અથવા રસગંગા રસતલાવડી	૧-૮
ઓમર પાશા	૫-૮
રાજયોગી ભાગ ૧, ૨ (નવલકથા)	૪-૦
નિરગુણ લક્ષ્મી અને સદગુણ લક્ષ્મી....	૦-૧૦
લંડન રાજ્ય રહસ્ય ભાગ ૧, ૨, ૩, ૪, ૫	૫-૦
યજુર્વેદી આન્હિક સૂત્રાવલી	૨-૮
પ્રવીણ સાગર સટીક. મ્હોટો સચિત્રઅસલી	૧૨-૦
પુરૂષ શાસ્ત્ર	૨-૮
મૂર્તિની આંખનો હિરો	૧-૦
મુશ્કીલ આશાન	૩-૦
હકદારનો હક	૨-૮
હમશીર કે શમશીર	૧-૮
તકલીફીતાજ	૩-૦
જહાંગીરનામું	૨-૦
કીસમતની કીશતી...	૧-૮
ગુણ લક્ષ્મી	૧-૮
માનવ-શયતાન અથવા પિશાચોની પ્રપંચજાલ	૧-૮
વસંત વિહાર	૧-૪
સરસ્વતી (નવલકથા)	૧-૪
પ્રપંચ જાલ (નવલકથા)	૧-૪
શારીર અને વૈદકશાસ્ત્ર	૧૦-૮
શારંગધર સંહિતા....	૬-૦
કોટન કાર્ડીંગ અને સ્પીનીંગ ...	૫-૦
ગંધાતો ગુલાબ (નૉવેલ)	૨-૮
બીખો ભરભરીઓ	૩-૮
ચાલીસ હજારનો ચાનજી ભાગ ૧, ૨...	૫-૮
પારસ્કર ગૃહ્યસૂત્ર (સંસ્કૃત) ...	૬-૮
ઘરવૈદુ	૪-૮
બાલકની માવજત અને સુવાવડ	૨-૮

બ્રહ્મસૂત્ર શાંકર ભાષ્ય વોલ્યુમ્સ ૧, ૨ ... ૧૧–૦
શ્રીભાષ્ય વોલ્યુમ્સ ૧, ૨ .... ૯–૮
કવિતા અને સાહિત્ય ૩–૮
યુરોપીયનોનો પૂર્વ પ્રદેશ આદિ સાથે વ્યાપાર.
વોલ્યુમ્સ ૧, ૨, ૩, ૪, ૫ ... ૧૬–૮
ગુલામગીરીનો ગજબ (સચિત્ર નવલકથા) ૨–૦
મંદારિકા અથવા મદઘેલી મનોરમા ,,.... ૩–૦
સંજોગનો ભોગ (સચિત્ર)... ... ૨–૮
બેદીલ કે બેવફા ૨–૮
ગુજરાતી મટીરીયા મેડીકા ૬–૦
દુ:ખી દીના ૨–૮
બેલાર્ડ પીયરથી બ્રીટન (સચિત્ર) ... ૩–૮
લલિતનાં કાવ્યો ૧–૦
મણીકાંત કાવ્યમાલા (સચિત્ર) ... ૨–૮
ભરત ગુંથણ ૨–૦
કમલાના પત્રો ૨–૦

નવલગંગા (સચિત્ર નવલકથા) ૩–૦
લાલમલાલ અથવા સુરતી સહેલાણી ... ૧–૮
ગુજરાંતી કુરાન ૨૦–૦
ગુજરતી શબ્દકોષ.... ... ... ૨૦–૦
કવિતા કલાપ ૦-૧૪
વ્યાજની જંત્રી ૩–૦
શુક્રીપાશા અને એડ્રીઆનોપલ ... ૧–૦
ભાગલ્યામાલા નંબર ૨ ... ... ૧–૦
ભાગલ્યામાલા નંબર ૩ ... ... ૧–૦
જમશેદની જેહેમતો ૧–૮
કરો તેવું પામો યાને સોનેરી ટોલીનો ઉસતાદ ૧–૪
મોતી ગૌરી ૨–૮
એકસેલસીયર મ્યુઝીક ગાઈડ ... ૨–૦
તકદીરની તકલીફ ૨–૮
દોલતે દુનિયા ૧–૮
શયલા કુમારી ૧–૮
મારી વીસ વાતાઓ (સચિત્ર વાર્તા સંગ્રહ) ૨–૦

બાળકો માટે પુસ્તકો.

	રૂ. આ.
શિશુસદ્‌બોધમાલા. ભાગ. ૧, ૨, ૩.	૧-૨
ભોજ અને કાલીદાસ (સચિત્ર)	૪-૦
બાલકોને આનંદ ભાગ ૧ તથા ૨	૧-૪
ફરજ	૧-૮
બાલસ્વભાવ	૦-૮
ટુંકી કહાણીઓ. ભાગ ૧—૨ ...	૧-૦
રત્નગ્રંથી.	૦-૮
નવી જીંદગી.	૨-૦
નાટય કથા રસ	૦-૧૨
સારી રીત ભાત	૦-૫
કાઊન્ટ ટોલ સ્ટોઈની વાતો	૦-૫
નવરંગી બાલકો	૦-૫
બાલકાવ્ય	૦-૪
બાલ સદ્‌બોધ વાર્તા શતક (છપાય છે.)	
સુશીલ યાને બાલ સદ્‌બોધ.	૦-ળા
બાલ કાદંબરી	૨-૦

ગુજરાતી સાહિત્યમાં નવો વધારો

વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને

અત્યંત ઉપયોગી

કેળવણી ખાતાએ મંજુર કરેલું.

પ્રાણિમાત્રનું વર્ગીકરણ.

ANIMAL KINGDOM

(Classification.)

દરેક જાતનાં પ્રાણીની ટુંક સમજુતીની બુક
તથા નકાશા સાથે. કિમ્મત રૂ. ૦-૬-૦

લખનાર:—સાનુસુખરામ નિર્ગુણરામ મ્હેતા.

કેળવણી ખાતાએ ઇનામ તથા લાઇબ્રેરીઓ
માટે મંજુર કરેલા શાળોપયોગી
ગુજરાતી ગ્રંથો.

કવિ નર્મદાશંકરની-કસાયેલી કલમે લખાયલો છેલ્લો ગ્રંથ ‘ ગુજરાત સર્વસંગ્રહ ” જેમાં ગુજરાતનો જાણવા લાયક

રૂ. આ.

ઇતિહાસ, યાત્રાનાં સ્થળોનું વર્ણન,

વસતિ આદિ બાબતોનો સંગ્રહ છે. ૨-૦

ઇંગ્લંડનો ઇતિહાસ-રા. સા. જમીયતરામ

શાસ્ત્રીકૃત ૧-૮

હીંદના લોકનો ટુંકો ઇતિહાસ-રા. સા.

મહીપતરામ રૂપરામકૃત ... ૦-૭॥

યુરોપનો ઇતિહાસ-રા. સા. મહીપતરામકૃત૦-૫

કોલંબસનો વૃત્તાંત-પ્રાણલાલ મથુરાદાસ.-૦-૫

ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાંની અતિ ઉત્તમ રસપૂર્ણ ચાર નવલકથાઓ.

ગુજરાતની જુની વાર્તાઓ.

આ પુસ્તકમાંની ત્રણ વાર્તાઓનાં જુદી જુદી નાટક કંપનીઓએ નાટક બનાવ્યાં છે. અને તે પણ બહુ જ લોક પ્રીય થઈ પડ્યાં છે. ગુજરાતનાં તમામ દૈનિક, આઠવાડીક અને માસીક વર્તમાન પત્રો અને ચોપાનીઆંએ એકકે આવાજે આ પુસ્તકને વખાણ્યું છે. દરેક લાયબ્રેરીઓ, અને પુસ્તકાલયો "ગુજરાતની જુની વાર્તાઓ" વગરનાં રહેવાં જોઇએ નહિ. આ પુસ્તકમાં નીચેની ચાર અત્યુત્તમ વાર્તાઓ છે:—

૧ શામળીઓ સોડ'	૩ રાજ જોગી.
૨ સરદારબા.	૪ લાલાં વાઘેલી.

સુંદર છપાઈ અને મનોહર બાંધણી કિમ્મત

રૂ. ૨-૦-૦ વી. પી. તથા પોસ્ટેજ જુદુ.

અપૂર્વ રસપૂર્ણ સર્વોત્તમ પુસ્તક

પંચા-મૃત.

સુધા સમાન છે; અનેક પ્રકારના ઉપદેશોથી પરિપૂર્ણ છે. આ પુસ્તક સુપ્રસિદ્ધ કવીશ્વર કે. વી. ભટે અસાધારણ શ્રમથી સંશોધિત કર્યું છે. અને ૨૭૦ વિષયો ઉપર પ્રાચીન અને અર્વાચીન વિશ્વવિખ્યાત કવિઓનાં કાવ્યો ઉપર માર્ગદર્શક વિસ્તૃત, રસપૂર્ણ ટીકા લખીને શોભાપૂર્ણ

બનાવ્યું છે. સંસારનાં સન્મિત્ર સ્વરૂપ, લાયબ્રેરીના શણગારસ્વરૂપ જ્ઞાનના ભંડારસ્વરૂપ, તથા જ્ઞાનના ગુરૂસ્વરૂપ આ પુસ્તકને ખરીદી તેની પંચામૃત પ્રસાદીનો સ્વાદ લ્યો. મનહુર છપાઇ સુંદર, પાકું અને સોનેરી બાઇન્ડીંગ, ઇ. સ. ૧૯૧૩ માં પ્રથમ જ્યારે આ વિષય સુપ્રસિદ્ધ મુંબઇ સમાચારના દર શનિવારના પ્રગટ થતો હતો ત્યારે ઘણા સાહિત્યવિલાસી અને કાવ્યપ્રેમી ગૃહસ્થોએ એને પુસ્તકના આકારમાં પ્રસિદ્ધ કરવાની ઇચ્છા દર્શાવી હતી, તેથી એ પંચામૃતનું મનોહર પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું છે, અને તેની કીંમત માત્ર રૂ. ૧-૮-૦ રાખવામાં આવી છે. વી. પી. તથા પોસ્ટેજ જુદું.

વિવિધ સુખાભાસ.

સંસારની રંગભૂમીપર વિવિધ સુખ માટે તરફડિયાં મારતા માનવીઓનાં ચરિત્રનું નવલકથા રૂપે અદભુત વિવરણ.

(આ પુસ્તક માટે સાક્ષરોએ ઉત્તમ અભિપ્રાય આપ્યા છે.)

મૂલ્ય રૂ.૨-૮-૦

[illegible] तथा केन उपनिषद.

રૂ. આ.

ગુજરાતીમાં સટીક ભાષાંતર કરનાર શાસ્ત્રી જીવરામ લલ્લુભાઇ ૦-૪

રા. રા. ગોવર્ધનરામ માધવરામ ત્રીપાઠીકૃત પુસ્તકો.

સરસ્વતીચંદ્ર ભાગ ૧ થી ૪

ભાગ ૧ લો—બુદ્ધિધનનો કારભાર	૨-૮
ભાગ ૨ જો—ગુણસુંદરીનું કુટુંબજાળ	૧-૮
ભાગ ૩જો—રત્નનગરીનું રાજયતંત્ર	૨-૦
ભાગ ૪ થો—સરસ્વતીનું મનોરાજ્ય અને પૂર્ણાહુતિ	
સ્નેહમુદ્રા (કાવ્યો)	૧-૦
સૌ. લીલાવતીની જીવન કલા... ...	૦-૧૨
Classical Poets of Gujarat ...	0 6
Conflict of Laws between Converts and Non-converts in India...	1 0
Marriage Forms under Ancient Hindu Law.	0 12

વૈષ્ણવોને ખાસ મનન કરવા લાયક

સદ્‌ગત સાક્ષર શ્રી

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી કૃત.

દયારામનો અક્ષરદેહ.

જેમાં વૈષ્ણવ સંપ્રદાયના સિદ્ધાંતોનું બહુ જ સરળ રીતે સ્પષ્ટીકરણ કરાયલું છે. મુલ્ય રૂ. ૧-૪૦

ઘણાજ સુધારા વધારા સાથે.

પોકેટ ગુજરાતી—ઈંગ્રેજી ડીક્ષનેરી.

ડીક્ષનેરી એટલે કોષ-ખજાનો-ભંડાર. એમાં જેટલો સમાવેશ કરીએ એટલો ઓછો, માટે આવા શબ્દકોષો જેટલા થાય તેટલા થોડાજ. આ નવી આવૃત્તિમાં ઘણો જ સુધારો કર્યો છે. છતાં બધાંને લેવાને સવળ પડે તેથી તેની કીંમત માત્ર રૂ. ૨-૦-૦ રાખી છે. દેશાવરવાલાને ટપાલ ખર્ચ તથા વે. પે. ના ૬ આના વધારે પડશે.

ધી પોકેટ પ્રોનાઉન્સીંગ

અંગ્રેજી-ગુજરાતી ડીક્ષનેરી.

આ ડીક્ષનેરી હાલમાંજ તૈયાર થઈ છે. તેમાં તમામ ઉપયોગી અંગ્રેજી શબ્દો (૨૫૦૦૦), તેના ગુજરાતી ઉચ્ચાર, વ્યાકરણ અને બંધબેસ્તા ગુજરાતી અર્થ આપવામાં આવ્યા છે. આવી જાતની કોઈ પણ ડીક્ષનેરી અત્યાર સુધીમાં બ્હાર પડીજ નથી. દરેક વર્તમાન પત્ર કે અંગ્રેજી પુસ્તકો વાંચનારને હમેશાં ઉપયોગમાં આવતાં ફ્રેઝીઝ વગેરેની ઉપયોગી બે પુરવણીઓ પણ આ ડીક્ષનેરીમાં આપવામાં આવી છે. ટુંકમાં દરેક વિદ્યાર્થી, ગૃહસ્થ કે અંગ્રેજી જાણનારે આ ડીક્ષનેરી અવશ્ય રાખવી જોઈએ. ઉંચા કાગળો તથા કપડાનું પુઠું છતાં કિંમત માત્ર રૂ. ૨-૮-૦ વી. પી. તથા પોસ્ટેજ ખર્ચ જુદુ.